વિકાસથી... વિજય
વિજય સહી... વિશ્રામ નહિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અંદાજપત્ર **સને ૨૦૧૩-૨૦૧૪**

Amdavad

૨૦૧૩-૨૦૧૪ ના વર્ષનું અંદાજપત્ર - "એ"

અનુક્રમણિકા

		પાના નંબર
૧	સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ	૧-૪૬
૨	મ્યુનિસિપલ કમિશનરશ્રીની નોંધ	૧-૧૫૬
૩	રેવન્યુ આવક-ખર્ચનું એબ્સ્ટ્રેકટ	A
૪	રેવન્યુ આવકનું એબ્સ્ટ્રેકટ	B
૫	રેવન્યુ આવક	૧–૧૬
૬	રેવન્યુ ખર્ચનું એબ્સ્ટ્રેકટ	C
૭	રેવન્યુ ખર્ચ	૧૭–૬૭
૮	કેપીટલ ખર્ચ	૬૮-૮૧
૯	કેપીટલ આવક	૮૨-૮૫
૧૦	અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ અને આર્થિક તથા સામાજીક પછાતવર્ગો માટે ફાળવેલી રકમ પરિશિષ્ટ	D to J

સને ૨૦૧૩-૨૦૧૪ ડ્રાફ્ટ અંદાજપત્ર ઉપર સ્ટેન્ડીંગ કમિટીનો ઠરાવ નં.૧૬૭૭ તા. ૨-૨-૨૦૧૩

ઠરાવ કર્યો કે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ બી.પી.એમ.સી. એકટની કલમ-૯૫ મુજબ તેઓશ્રીના પત્ર ક્રમાંક CA/MIS/SC/૦૮ તા.૨૧-૧-૨૦૧૩ થી સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના આવક તથા ખર્ચના અંદાજો અને દરખાસ્તો વિગતવાર રજુ કર્યા છે. સ્ટેન્ડીગ કમિટીએ આ અંદાજપત્રની દરખાસ્ત ઉપર ચર્ચા વિચારણા કરી છે.

" વિકાસથી..... વિજય" " વિજય સહી..... વિશ્રામ નહીં "

ભારતીય રાજનીતિનાં ઈતિહાસમાં ૨૦ ડિસેમ્બર ૨૦૧૨નાં રોજ વિકાસ આધારીત રાજનીતિને ગુજરાતની સંસ્કૃતિ પ્રેમી - વિકાસ પ્રેમી જનતાનું સમર્થન સાથેનું સુવર્ણ અક્ષરે લખાયેલ ઈતિહાસનું પાનું ઉમેરાયેલ છે.

ગુજરાત રાજયનાં વિકાસને વૈશ્વિક કક્ષાનું સ્વરૂપ આપનાર આપણાં સૌના લોકલાડીલા મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા એક દાયકા ઉપરાંતથી આરંભેલ વિકાસયજ્ઞને ગુજરાતની પ્રજાએ મતદાનની આહુતીથી વધાવી લઈ પ્રચંડ સમર્થન આપેલ છે. અમદાવાદ મહાનગરને આ ગૌરવશાળી વિકાસશીલ ગુજરાત રાજયની આર્થિક રાજધાની હોવાનું ગૌરવ છે.

ગુજરાતની જનતાએ અનેક અવરોધ - અપ્રચાર અને વિભાજનની રાજનીતિને જાકારો આપી માત્રને માત્ર મુખ્યમંત્રીશ્રીની વિકાસની યાત્રાને વધાવીને સર્મથન આપેલ છે અને આ જ કારણોસર તાજેતરમાં યોજાયેલ વાઈબ્રન્ટ ૨૦૧૩ માં રોકાણકારોની પસંદ અમદાવાદ મહાનગર બન્યું છે.

અમદાવાદ મહાનગરને વૈશ્વિક માળખાકીય સુવિધાઓ સાથેનું અદ્યતન મહાનગરનું સ્વરૂપ આપવામાં ગુજરાત સરકારશ્રીનો સહયોગ સરાહનીય છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંર્તગત શહેરમાં રૂા.૧૦૦૦ કરોડનાં વિકાસ કામો હાથ ધરાયેલ છે.

અમદાવાદ મહાનગર પાલીકાએ પણ અમદાવાદ શહેરને વિકાસની ગતી સાથે માળખાકીય સુવિધાઓ સાથે દેશનું અગ્રેસર મહાનગર બનાવવા અનેક વિધ પ્રોજેકટોનો પ્રારંભ કરેલ છે. જેના ફળ સ્વરૂપે વિશેષ સુવિધા સાથેનુ મહાનગર બની રહયું છે.

અમદાવાદ મહાનગરમાં અમલમાં આવેલ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ, કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ, બી.આર.ટી.એસ.(જનમાર્ગ) પ્રોજેકટ, શહેરી ગરીબ આવાસ યોજના (ઈડબલ્યુએસ), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ, ઈગવર્નન્સ પ્રોજેકટ તથા સ્લમ ફ્રી સીટી પ્રોજેકટ દ્વારા શહેરની આગવી ઓળખ ઉભી થયેલ છે.

શહેરનાં નાગરીકોની પાયાની સુવિધાઓને પૂર્ણ કરવાની સાથે વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધાઓ સાથે મહાનગરની વિકાસયાત્રા મક્કમગતીથી આગળ ધપી રહી છે. આજે મહાનગરમાં ૪૬૬ ચો.કિલોમીટરનો વિસ્તાર અને અંદાજે ૫૦ લાખની જનસંખ્યા માટે પાણી તથા ડ્રેનેજની સુવિધા માટે ૧૪૧ વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તથા ૪૧ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તેમજ ૯ જેટલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક સમસ્યાને હળવી કરવા માટે બી.આર.ટી.એસ. પ્રોજેકટની સાથે શહેરમાં કુલ ૪૫ જેટલાં ફલાય ઓવર, અંડર પાસ, રેલ્વે ઓવરબ્રિજ, રીવરબ્રિજ છે. જે પૈકી ૧૪ જેટલા પુલો માત્ર ૩ વર્ષમાં તૈયાર કરવામાં આવેલ છે. નગરજનોને ઘર આંગણે આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરનાં ૬ ઝોનનાં ૬૪ વોર્ડમાં ૫૮ સ્થળો ઉપર અર્બન હેલ્થ સેન્ટર તથા ચાર જનરલ હોસ્પીટલોમાં નજીવા દરે તબીબી સેવા આપવામાં આવે છે. નાગરિકોની સુવિધા માટે ૫૦ સિવિક સેન્ટર કાર્યરત છે. આ ઉપરાંત નાગરિકોની સેવા માટે ૪૦ કોમ્યુનીટી હોલ, ૬ પાર્ટી પ્લોટ, ૨૦૦ જેટલાં બાગ બગીચા, ૬ ઓડીટોરીયમ તથા ૨૭ સ્વીમીંગ પુલ, ૪ સ્પોર્ટસ કોમ્પલેક્ષ આ ઉપરાંત શહેરમાં વસવાટ કરતા સેવાવસ્તીનાં બાળકો માટે ૨૦૪૨ આંગણવાડીઓ કાર્યરત છે.

ભારતીય જનતાપાર્ટી કહે છે તે કરે છે. ગત સંકલ્પ પત્રમાં રજુ કરેલ સંકલ્પોની પૂર્ણતા કરવા અમો કટીબધ્ધ અને સંકલ્પબધ્ધ છીએ " વિકાસનાં કામમાં વિવાદ નહી " આ સુત્ર સાથે સૌને સાથે રાખી વિકાસયાત્રાને આગળ વધારી રહયા છીએ. શહેરનાં સમતોલ વિકાસને ધ્યાને રાખી શહેરની નવી હદમાં સમાવેશ થયેલ વિસ્તારનાં વિકાસની સાથે પાયાની જરૂરીયાત ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તાનાં કામોને અગ્રીમતા આપેલ છે. પૂર્વ તથા નવા પશ્ચિમ વિસ્તારની ડ્રેનેજ લાઈનની જરૂરીયાત માટે રૂા.૩૧૬ કરોડનાં ખર્ચે ૪૮૮ કીલો મીટર લંબાઈની સુઅરેજ ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી પૈકી ૩૫૯ કીલો મીટર લંબાઈની ડ્રેનેજ લાઈન નાખવાનું કામ પૂર્ણ થયેલ છે. કાંકરીયા લેઈકફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટમાં પ્રતિવર્ષ નીતનવા આકર્ષણ ઉમેરવામાં આવે છે. જેમાં બટર ફલાય પાર્ક તથા આધુનીક એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુરલ પેઈન્ટીંગ નવું નજરાણું છે.

જેએનએનયુઆરએમ યોજના હેઠળ અમદાવાદ મહાનગર પાલીકા અને ઔડાએ તૈયાર કરેલ કુલ રૂા. ૩૩૨૯ કરોડનાં ૩૩ પ્રોજેકટ કામો પૈકી ૨૨ પ્રોજેકટનું કામ પૂર્ણ થયેલ છે. અને ૧૧ પ્રોજેકટનું કામ પ્રગતિમાં છે. મ્યુનિ. તંત્રની વહીવટી કાર્યદક્ષતા અને સત્તાધારીપક્ષની આગવી સુઝને કારણે જેએનએનયુઆરએમ નાં પ્રોજેકટ

સફળતા પૂર્વક આગળ વધી રહયા છે. આ પ્રોજેકટોને ભારત સરકારશ્રી તથા આંતરરાષ્ટ્રિય સંસ્થાઓએ એવોર્ડ આપી આ મહાનગરનું ગૌરવ વધારેલ છે.

વર્ષ દરમ્યાન રૂા.૨૦૦ કરોડના ખર્ચે વિવિધ સોસાયટીઓમાં રસ્તા, પાણીની લાઈન, સ્ટ્રીટલાઈટ તથા ડ્રેનેજ લાઈન લોકભાગીદારી હેઠળ અમલમાં મુકેલ છે. જેને ખુબજ સારો પ્રતિસાદ મળેલ છે. આ ઉપરાંત શહેરનાં રાજમાર્ગને નવી ઓળખ આપવા માટે રૂા.૨૦૦ કરોડનાં ખર્ચે અમલમાં આવેલ મોડેલ રોડ પ્રોજેકટે શહેરનાં રસ્તાઓની નવી ઓળખ ઉભી કરી છે. શહેરી ગરીબો માટે સાચા અર્થમાં " ઘરનું ઘર " બનાવવાના હેતુથી અમદાવાદ મહાનગર પાલીકાએ શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ રૂા.૪૦૦ કરોડનાં ખર્ચે ૧૮,૦૦૦ આવાસ તૈયાર કરેલ છે. સફાઈ સેવકો માટે પણ ૭૦૦ જેટલા આવાસોનું નિર્માણ કરી ફાળવણી કરી છે. વર્ષ દરમ્યાન ૪૫ જેટલા નાઈટ શેલ્ટર કાર્યરત કર્યા છે. આ ઉપરાંત પૂર્વ વિસ્તારમાં નવા ઓડીટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ તથા અર્બન હેલ્થ સેન્ટર, ગાર્ડન લોકાર્પણ કરવામાં આવેલ છે. આઈ. આઈ. એમ. ઓવરબ્રિજ, ગુજરાત કોલેજ એલીવેટેડ કોરીડોર તથા રાણીપ ખાતે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી પ્રગતિમાં છે. શહેરને ૨૪ x ૭ કલાક પાણી આપવા માટે જોધપુર વોર્ડમાં મોડેલ વોર્ડ તરીકે કામગીરી પ્રારંભ કરી છે. નવા પશ્ચિમ વિસ્તારમાં અદ્યતન ફાયર સ્ટેશન, સ્ટોર્મ વોટર લાઈન પ્રોજકેટ, ડ્રેનેજ લાઈન નેટવર્ક, નવા પંપીંગ સ્ટેશન તથા મોડેલ રોડનાં કામો પ્રગતિમાં છે. આ ઉપરાંત દેશમાં સૌ પ્રથમ નાઈટ ઝૂ સફારી પ્રોજેકટ પણ આકાર લઈ રહયો છે. બોડકદેવ ખાતે નવો કોમ્યુનીટી હોલ પૂર્ણતાના આરે છે.

સમગ્ર દેશ અને દુનિયાનાં પરિવહન ક્ષેત્રનાં નિષ્ણાંત લોકોના અભ્યાસ માટે મોડેલ પ્રોજેકટ બનેલ "જનમાર્ગ" બી.આર.ટી.એસ. પ્રોજેકટનો વ્યાપ પ્રતિ વર્ષ વધતો જાય છે. કુલ ત્રણ ફેઝમાં આયોજન થયેલ બી.આર.ટી.એસ. પ્રોજેકટમાં ૧૩૦ કીલોમીટરનાં રૂટનું આયોજન છે. ૬૧ કીલોમીટરનાં રૂટની કામગીરી પૂર્ણ કરી પ્રજાની સેવામાં અર્પણ કરેલ છે. પ્રતિદિન ૧,૫૦,૦૦૦ મુસાફરોનાં પ્રવાસનું માધ્યમ બનતી બી.આર.ટી.એસ. સેવા માટે ચાલુ વર્ષે રૂા.૧૧૦ કરોડનાં ખર્ચે ૨૨૪ નવી અદ્યતન બસો ખરીદવાનું પણ આયોજન કરેલ છે.રૂા.૯૮૧.૪૪ કરોડનાં કુલ ખર્ચથી ફેઝ- ૨ ની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ દ્વારા વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતાં મહાનગરોની હરોળમાં અમદાવાદ શહેરને સ્થાન પ્રાપ્ત થયેલ છે. બંન્ને કિનારાના વિકાસની કામગીરી પૂર્ણ થતાં નદીમાં વોટરબોટ, વોટરગેમ જેવી સુવિધાઓનો પ્રારંભ કરવામાં આવી રહયો છે. કાંકરીયા તળાવની જેમ સહેલાણીઓ માટે આનંદ મેળાનું સ્થાન સાબરમતી રીવરફ્રન્ટ બન્યુ છે. બંન્ને કિનારા ઉપર પ્રાપ્ત થયેલ ખુલ્લી જગ્યામાં નવીન વિકાસ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ શહેરની આગવી ઓળખ બનેલ છે. કાંકરીયા ખાતે પી.પી.પી. ધોરણે અદ્યતન ટેકનોલોજી ધરાવતા એમ્યુઝમેન્ટ પ્રોજેકટને મંજુરી આપેલ છે. અંદાજીત રૂા.૧૦૦ કરોડનાં ખર્ચે (પી.પી.પી. મોડલ)થી વિવિધ પ્રોજેકટ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરનાં વિકાસલક્ષી પ્રોજેકટોની સાથે સાથે શહેરને સ્વચ્છ, હરીયાળું અને સ્લમ ફ્રી સીટી તેમજ પ્રદુષણ મુકત અને બિનપરંપરાગત ઉર્જાસ્ત્રોતનાં ઉપયોગ સાથે નાગરિકોને વિશેષ સુવિધા આપવા અનેક વિધ કામો હાથ ધરવામાં આવેલ છે. શહેરી ગરીબો માટે વધુ ૨૦,૧૬૦ આવાસો તૈયાર કરવાનો પ્રોજેકટ અમલમાં છે. ઘર આંગણે તબીબી સુવિધા માટે ૬૪ અદ્યતન અર્બન હેલ્થ સેન્ટર સેવામાં છે. પ્રતિ વર્ષે ૧૧ લાખ દર્દીઓને આ સેન્ટરો દ્વારા તબીબી સેવા આપવામાં આવી રહી છે.

મ્યુ. સંચાલીત હોસ્પીટલમાં " જનની શીશુ સુરક્ષા " યોજના હેઠળ વિનામૂલ્યે પ્રસુતિની સારવાર આપવામાં આવે છે. તેમજ ૨,૨૨,૬૯૦ નોંધાયેલ બીપીએલ નાગરિકોને સરકારશ્રીની યોજના પ્રમાણે રૂા. ૨ લાખનાં વિમા કવચ હેઠળ વિનામૂલ્યે સારવાર માટે આવરી લેવામાં આવેલ છે.

૫૦ જેટલા સીવીક સેન્ટરો દ્વારા નાગરીકોને ઝડપી સરળ મ્યુ. સેવાઓ પ્રાપ્ત થઈ રહી છે. આ ઉપરાંત શહેરમાં સેવા વસ્તીમાં વસવાટ કરતા નાગરિકોને ૧૦૦ % ખર્ચે શૌચાલયની સુવિધા આપવા હાથ ધરેલ અભિયાનમાં ગુજરાત સરકારનાં સહયોગથી ૩૮૪૦૦ વ્યકિતગત શૌચાલય વિનામૂલ્યે તૈયાર કરેલ છે. ચાલુ વર્ષે પણ ૧૨૦૦૦ નવા વ્યકિતગત શૌચાલય વિનામુલ્યે તૈયાર કરવાનું લક્ષ છે. યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપી રોજગારી માટે મદદરૂપ થતો ઉમીદ્ પ્રોજેકટ પણ આર્શીવાદ રૂપ સાબીત થયો છે. ૨૫૦૦૦ કરતાં વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. નાગરીકોનાં પ્રશ્નોના ઝડપી નિકાલ માટે CCRS (કોમ્પ્રિહેન્સીવ કંમ્પલેઈન રિડ્રેસલ સીસ્ટમ)ને મંજુરી આપેલ છે જેનો પ્રારંભ ટુંક સમયમાં થશે.

બિન પરંપરાગત ઉર્જાનાં સ્ત્રોતનો ઉપયોગ કરવા માટે અમદાવાદ મહાનગર પાલીકાએ આયોજન કરેલ છે. જે પૈકી એનર્જી એફીસીયન્સી સેલની રચના કરી વિજળીનો કરકસરપૂર્ણ ઉપયોગ કરી વિજળીબીલમાં ઘટાડો કરવા પગલાં લેવાઈ રહયા છે. LED (લાઈટ ઈમીટંગ ડાયોડ) સીસ્ટમથી વિજળીમાં ૩૫ % થી ૪૦ % ની બચત કરવા તબકકાવાર સ્ટ્રીટલાઈટનાં પોલની કામગીરી હાથ ધરી છે. વર્ષ દરમ્યાન મહાનગર પાલીકાની પાંચ મુખ્ય કચેરીઓમાં સોલાર પ્રોજેકટ આધારીત વિજળી પ્રાપ્ત કરવા માટે રૂા. ૫ કરોડના ખર્ચે કરવાનું આયોજન ટુંક સમયમાં અમલમાં આવશે. જેમાંથી ૪૬૦ કિલોવોટ સોલાર વિજળી બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતમાંથી પ્રાપ્ત થશે. આ ઉપરાંત શહેરનાં ઓડીટોરીયમ અને સંસ્કારકેન્દ્ર ખાતે પણ સોલાર પ્રોજેકટ દ્વારા ૭૦ કિલોવોટ વિજળી પ્રાપ્ત થશે. સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે બાયોગેસ આધારીત ઈલેકટ્રીકસીટી જનરેટ કરાશે.

અમદાવાદ મહાનગરના દિનપ્રતિદિન વિકાસની સાથે શહેરમાં વધતી જતી ટ્રાફીક સમસ્યા તથા ભવિષ્યમાં ઉભી થનાર ટ્રાફીક સમસ્યાને ખુબજ ગંભીરતાથી લેવામાં આવેલ છે. શહેરમાં ૧૭ લાખ જેટલા વાહનો છે. દિન પ્રતિદિન નવાં વાહનોનો ઉમેરો થતો જાય છે. એક અંદાજ પ્રમાણે પ્રતિવર્ષ શહેરમાં ૩ થી ૪ લાખ વાહનોનો ઉમેરો થાય છે. જેથી ટ્રાફીક સમસ્યા વિકટ બની છે. તેના ઉકેલ માટે સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા સર્વે હાથ ધરી શહેરમાં ૩૪ સ્થાન ઉપર ફલાયઓવરનું તબકકાવાર આયોજન કરેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન

- હેલ્મેટ જંક્શન
- અંજલી ચાર રસ્તા
- બાપુનગર દિનેશ ચેમ્બર
- હાટકેશ્વર સર્કલ
- ઈન્કમટેક્ષ
- શ્યામલ ચાર રસ્તા

ખાતે ફલાય ઓવરની કામગીરી પ્રથમ તબક્કામાં પ્રારંભ થશે. હાલમાં આઈ.આઈ.એમ. સર્કલ તથા ગુજરાત કોલેજથી વિવેકાનંદ બ્રિજ એલીવેટેડ કોરીડોર બ્રિજની કામગીરી ચાલુ છે તેમજ રાણીપ રેલ્વે ક્રોસીગ અને નરોડા રેલ્વે ક્રોસીગ ખાતેની કામગીરી ટૂંક સમયમાં પ્રારંભ થશે. સાથે સાથે શહેરનાં રસ્તાઓને પહોળા કરવા તેમજ મોડેલ રોડ ઉપર વિશેષ પાર્કીગ સુવિધા આપવી તેમજ નવા ટ્રાફીક જંક્શન ઉપર ટ્રાફીક સિગ્નલ તેમજ મલ્ટી સ્ટોરીડ પાર્કીગ કોમ્પ લેક્ષનો પ્રોજેક્ટ અમલમાં છે. કાંકરીયા ખાતે રૂા.૨૮ કરોડના ખર્ચે અદ્યતન મલ્ટી સ્ટોરીડ પાર્કીગ કોમ્પલેક્ષ પૂર્ણતાના આરે છે. શહેરીજનોને પબ્લીક ટ્રાન્સપોર્ટની ઝડપી સેવા મળે તો વ્યકિતગત વાહનોના ઉપયોગમાં ઘટાડો થાય તે ધ્યાને લઈ બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ અને એ.એમ.ટી.એસ માટે વધુ બસો ખરીદવા નિર્ણય કર્યો છે.

અમદાવાદ મહાનગર વિવિધ સુવિધાઓ સાથે વિકાસ કરી રહયુ છે. તેની સાથે ઐતિહાસીક ધરોહરની પણ સાચવણી કરી ભાવિ પેઢી માટે વારસાની જાળવણી કરી રહયુ છે. અમદાવાદ શહેર વર્લ્ડ હેરીટેઝ સીટીનો દરજ્જો પ્રાપ્ત કરવા જઈ રહયુ છે. શહેરમાં આવેલ હેરીટેઝ સ્થાપત્યની જાળવણી તથા મરામત માટે અલાયદુ સેલ કાર્યરત છે. રૂા.૭૫ કરોડના ખર્ચે શહેરની મધ્યમાં આવેલ નગરદેવી ભદ્રકાળી મંદીરના ચોક સાથે ભદ્રના કિલ્લાના વિકાસ માટે નો પ્રોજેક્ટ અમલમાં છે.

અમદાવાદ શહેરની આગવી ઓળખ સમાન પ્રતિવર્ષ આયોજન થતાં ઈવેન્ટ છે.

- રાષ્ટ્રીય પુસ્તક મેળો
- મેરેથોન દોડ
- સાયક્લોથોન
- કાંકરીયા કાર્નિવલ, ફલાવર શો પણ શહેરની ઓળખ બની છે.

આ અંદાજપત્ર માત્ર આંકડાની માયાજાળ નહી પરંતુ ભારતીય જનતા પાર્ટીના સંકલ્પ પત્રની ઘોષણાને પૂર્ણ કરવા માટેનું નક્કર આયોજન છે. ભારતીય જનતા પાર્ટી કહે છે તે કરે છે. અમારા સંકલ્પને નેતૃત્વ પ્રદાન કરનાર ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા પ્રભારી મંત્રીશ્રીમતી આનંદીબહેન પટેલનું સરાહનીય માર્ગદર્શન સાથે જ આ શહેર પ્રગતિના શિખરો સર કરી રહયુ છે.

સૌનાં સાથ અને સહકારથી ઐતિહાસીક વિરાસત ધરાવતું અમદાવાદ મહાનગર વૈશ્વિક કક્ષાની સુવિધા સાથેનું શ્રેષ્ઠ મહાનગરનું સ્વરૂપ ધારણ કરી રહયુ છે.

આ મહાનગરમાં આકાર પામેલ પ્રોજેકટ અને વિશિષ્ટ ગૌરવ લઈ શકાય તેવી વ્યવસ્થા આપણા સૌનું ગૌરવ છે.

આપણું લક્ષ્ય અને પ્રયાસ.....

- ☆ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ
- ☆ આધુનીક ઝડપી - પર્યાવરણ લક્ષી - ટ્રાન્સપોર્ટ સેવા બી.આર.ટી.એસ. જનમાર્ગ
- ☆ કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ
- ☆ અમદાવાદ શહેર " ૦ " વેસ્ટ સીટી તરફ પ્રયાસ .....
- ☆ અમદાવાદ શહેર - વર્લ્ડ હેરીટેઝ સીટી તરફ પ્રયાણ.....
- ☆ અમદાવાદ શહેર - આધુનીક સોલીડવેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ
- ☆ ૨૪ x ૭ પાણી વિતરણ સુવિધા તરફ ....
- ☆ ૧૦૦ % વિસ્તારમાં પાણી - ડ્રેનેજ સુવિધાનું લક્ષ
- ☆ બિન પરમ પરાગત ઉર્જા સ્રોતમાં ઉપયોગમાં પ્રથમ અમદાવાદ
- ☆ શ્રેષ્ઠ " ઈ ગર્વનન્સ પ્રોજેકટ "
- ☆ શહેરી ગરીબો માટે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના પ્રોજેકટ
- ☆ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના
- ☆ અમદાવાદ શહેર "૦ " સ્લમ તરફ સ્લમ ફ્રી સીટી
- ☆ નાગરીક ફરીયાદોનાં નિકાલ માટે CCRS સીસ્ટમ

☆ અદ્યતન ફાયર એન્ડ ઈર્મજન્સી સર્વિસ સાથેનું અમદાવાદ

☆ અધ્યતન ઓટોમેટીક મલ્ટી સ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ સેવા

☆ સાંસ્કૃતીક વારસાની જાળવણી કરતું અમદાવાદ .....

ભારતીય જનતા પાર્ટી ઉપર પ્રજાએ મુકેલ વિશ્વાસને પૂર્ણ કરવા ભા.જ.પ. સતત પ્રયત્નશીલ રહી પૂર્ણ કરે છે. માટે પ્રજાને વિશ્વાસ છે વિકાસ તો ભા.જ.પ. જ કરશે. "સૌનો સાથ સૌનો વિકાસ" સુત્ર પ્રમાણે આ મહાનગરમાં સર્વજન હિતાય - સર્વજન સુખાય તેવા વિકાસ કામો શહેરનાં સમતોલ વિકાસને ધ્યાને રાખી કરવાની પ્રતિબધ્ધ અને અડગ વિશ્વાસ સાથે અમદાવાદ મહાનગર પાલીકાનું સને ૨૦૧૩-૨૦૧૪ નાં વર્ષનું અંદાજપત્ર રજૂ કરેલ છે.

(૧) પ્રોપર્ટી ટેક્ષના દરમાં ફેરફાર :-

ઠરાવ કર્યો કે વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષ માટે મ્યુ. કમિ.શ્રીએ રજુ કરેલ ડ્રાફ્ટ અંદાજપત્રમાં મિલકતવેરામાં રહેઠાણની મિલકતો માટેનો દર પ્રતિ ચો.મી. પ્રતિ વર્ષ રૂા.૨૦/- અને બિનરહેઠાણની મિલકતો માટેનો દર પ્રતિ ચો.મી. પ્રતિ વર્ષ રૂા.૩૨/- લેવાનું સૂચવેલ છે. પરંતુ પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ વિગેરે તમામ જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓમાં સમયાંતરે વધારો થયેલ હોવાથી પ્રવર્તમાન સંજોગોમાં શહેરના નાગરિકો ઉપર ટેક્ષના ભારણમાં રાહત મળે તે હેતુથી રહેઠાણની મિલકતો માટેનો દર પ્રતિ ચો.મી. પ્રતિ વર્ષ મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ રૂા.૨૦/- ના બદલે રૂા.૧૬/- અને બિન રહેઠાણની મિલકતો માટેનો દર પ્રતિ ચો.મી. પ્રતિ વર્ષ મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ રૂા.૩૨/- ના બદલે રૂા.૨૮/- લેવાનું ઠરાવવામાં આવે છે. સદરહું ઘટાડાને કારણે રૂા.૮૭ કરોડની આવકમાં થનાર ઘટાડાને મિલકતવેરાની જુની ફોર્મ્યુલાના બાકી ટેક્ષની વસુલાતની સઘન ઝુંબેશ કરીને સદરહું આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે. હાલમાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્ષ (W.P.I.) આધારીત ફોર્મ્યુલાનો આધાર ન લેતાં અંશતઃ વધારો મંજુર કરેલ છે.

આગામી ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે મિલકતવેરાના વાર્ષિક દર

	હાલના દર	મ્યુ.કમિ.શ્રીએ	સ્ટે.કમિટીએ મંજુર કરેલ
રહેઠાણની મિલકતો માટે	૧૦	૨૦	૧૬
બિન રહેઠાણની મિલકતો માટે	૨૨	૩૨	૨૮

(૨) વ્હીકલ ટેક્ષ (આજીવન વાહન વેરા)ના દરમાં મ્યુ. કમિ.શ્રીએ સૂચવેલ દરમાં ઘટાડો :-

ઠરાવ કર્યો કે વર્ષ ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે મ્યુ.કમિ.શ્રીએ રજુ કરેલ ડ્રાફ્ટ અંદાજપત્રમાં વ્હીકલ ટેક્ષ (આજીવન વાહન વેરા)ના સૂચવેલ દરમાં ઘટાડો કરી વ્હીકલ ટેક્ષ (આજીવન વાહન વેરા)ના દર નીચે દર્શાવેલ વિગતો મુજબ રાખવાનું ઠરાવવામાં આવે છે.

અ. નં.	વાહનનો પ્રકાર	મ્યુ.કમિ.શ્રીએ સૂચવેલ આજીવન કરનો દર	સ્ટે.કમિટીએ નકકી કરેલ આજીવન કરનો દર
૧.	સ્કુટર, મોટર સાયકલ તથા દ્વિચકી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૭૫% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨.	ઓટો રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩.	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪.	મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈસ)		
(એ)	રૂા.૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧%લેખે	બેઝીક પ્રાઈસના ૧% લેખે
(બી)	રૂા.૩,૦૦,૦૦૦ થી રૂા.૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા.૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૦% લેખે
(ડી)	રૂા.૧૦,૦૦,૦૦૦ થી રૂા.૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઈ)	રૂા.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૫% લેખે
૫.	મેટાડોર - મીની બસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬.	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા. ૨૫/-

(૩) મ્યુ. પ્રોપર્ટી ટેક્ષ બિલમાં પ્રથમ કર ભરવાપાત્ર વ્યકિતનું નામ ટ્રાન્સફરની અરજી અંગે જરૂરી ફી (નામ ટ્રાન્સફર ફી) નું ધોરણ નક્કી કરવા

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરી વિસ્તારમાં ઝડપથી થઈ રહેલ વિકાસને ધ્યાને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી જાહેર સુખાકારીની સેવાઓ તેમજ પ્રાથમિક સુવિધાઓ જેમ કે રોડ, પાણી, ગટર તેમજ લાઈટની જરૂરીયાતને ધ્યાને લઈ પૂરી પાડવામાં આવેલ સવલતો અંગેના ખર્ચને તેમજ આવી સવલતોના નિભાવ ખર્ચને ધ્યાને લઈને આવકના સ્રોતમાં વધારો કરવો અનિવાર્ય જણાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of Owner Name (TSF) થી વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મ ભરી, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સર્ટિફાઈડ કરી, પૂરેપૂરો ટેક્સ ભરપાઈ કરી અરજી કરવામાં આવે છે અને આવી અરજીઓ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપર સ્વીકારવામાં આવે છે. આવી નામ ટ્રાન્સફર અરજીઓ જે તે ઝોનના વોર્ડ ઈન્સ્પેકટરો દ્વારા સ્થળ તપાસ કરી, સામેલ પૂરાવાઓની ચકાસણી કરી, સક્ષમ સત્તાની મંજુરી મેળવી અરજીઓનો નિકાલ સમયમર્યાદામાં કરવામાં આવે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ મિલકતોના ટેક્ષ બીલમાં મિલકતના નામમાં ફેરફાર અંગેની નીતિ અનુસાર મિલકતમાં પ્રથમ કર ભરવાપાત્ર વ્યકિતનું નામ નિયત કરેલ અરજી સાથેના આનુષાંગિક પૂરાવાઓ જેમ કે વેચાણ દસ્તાવેજ, સીટી સર્વે રેકર્ડ, વારસાઈ હક્ક વિગેરે રજુ કરવામાં આવે તો નામ દાખલ કરવાની નિતી હાલમાં અમલમાં છે.

સરકારશ્રીની સ્ટેમ્પ ડયુટી વિભાગ દ્વારા મિલકતના તબદીલી અંગે વેચાણ દસ્તાવેજ અંગેનો ચાર્જ સ્ટેમ્પ ડયુટી (૪.૯૫%) ના દરે વેચાણ દસ્તાવેજથી મિલકતના માલિક થતા હોય છે.

આવી નામ ટ્રાન્સફર માટે આવતી અરજીઓ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાપાત્ર વ્યકિતનું નામ ટ્રાન્સફરની અરજી અંગે જરૂરી ફી (નામ ટ્રાન્સફર ફી) નું ધોરણ નક્કી કરવા અંગેની નિતી કરવા અંગેની જરૂરી દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ લાવવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને વિનંતી કરવામાં આવે છે.

(૪) ૨૦૦ ફુટ રીંગ રોડ ઉપર કોસરોડ - નવા પાંચ ફલાય ઓવરબ્રિજ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના ૪૬૬ ચો.કી.મી વિસ્તારમાં હાલ ૬૫ લાખની વસ્તી થવા પામેલ છે. શહેરમાં ૧૭ લાખ જેટલા વાહનો છે. પ્રતિ વર્ષ અંદાજીત ૩ થી ૪ લાખ જેટલા વાહનો નવા ઉમેરાય છે. શહેરનાં રસ્તા ઉપર અવિરત વધતાં આ ટ્રાફિક ભારણને કારણે જંકશન ઉપર મોટા પ્રમાણમાં ટ્રાફિક જામ થાય છે. સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ-ન્યુ દિલ્હી ભારત સરકારની સંસ્થા (CRRI) દ્વારા અમદાવાદ શહેરના ટ્રાફિકની લાક્ષણિકતા અને ટ્રાફિકના પ્રશ્નોનો અભ્યાસ કરી શહેરમાં વિવિધ જગ્યાએ ફલાય ઓવર, અંડરપાસ, રેલ્વે ઓવરબ્રિજ સૂચવેલ છે. ગત વર્ષો દરમ્યાન ૧૭ જેટલા ફલાય ઓવર, અંડરપાસ, રેલ્વે ઓવરબ્રિજ તૈયાર કરેલ છે. તેમજ ગુજરાત કોલેજ ઓવરબ્રિજ, આઈ.આઈ.એમ. ઓવરબ્રિજ તથા રાણીપ ખાતે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

મ્યુ. કમિશનરશ્રીએ સને ૨૦૧૩-૨૦૧૪ નાં અંદાજપત્રમાં નવા ૬ બ્રિજ સૂચવેલ છે.

(૧) હેલ્મેટ જંકશન (૨) હાટકેશ્વર સર્કલ (૩) શ્યામલ ચારરસ્તા

(૪) અંજલી ચારરસ્તા (૫) ઈન્કમટેક્ષ સર્કલ (૬) દિનેશ ચેમ્બર પાસે

આ ઉપરાંત શહેરનાં ૨૦૦ ફુટ રીંગ રોડ ઉપર ટ્રાફિકની વિકટ સમસ્યાને ધ્યાને લઈ ૨૦૦ ફુટ રીંગ રોડ ઉપર ૮૦ ફુટથી ૧૦૦ ફુટ સુધીનાં જોડાતાં ક્રોસ રોડ ઉપર પાંચ નવા ફલાય ઓવર બ્રિજ તૈયાર કરવા માટે અંદાજપત્રમાં પ્રારંભિક તબકકે રૂા. ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૫) ગોતા ગોધાવી કેનાલ ડેવલપમેન્ટ રૂા. ૫ કરોડ :-

ઠરાવ કર્યો કે શહેરનાં નવા પશ્ચિમ વિસ્તારમાં ગોતા વોર્ડમાંથી રાજ્ય સરકારના સિંચાઇ વિભાગની કેનાલ પસાર થાય છે. સદર કેનાલને ખારીકટ કેનાલને જે પ્રકારે સ્પેશીયલ ડીઝાઇનથી ડેવલપ કરેલ છે તે પ્રકારે કેનાલની બંને તરફ પાકા રસ્તા, ડેકોરેટીવ સ્ટ્રીટ લાઇટ, ફાઉન્ટેન તથા રસ્તાની બંને બાજુ પ્લાન્ટેશનના આયોજન માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરી વિકસાવવાનું ઠરાવવામાં આવે છે આ માટે અંદાજપત્રમાં રૂા.૫ કરોડ ફાળવવામાં આવે છે.

(૬) મલ્ટીસ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ :-

ઠરાવ કર્યો કે શહેરમાં દિન-પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થતો જાય છે. શહેરનાં વિસ્તાર અને વસ્તીમાં થતાં વધારાને કારણે ટ્રાફિક જામ થવાની સમસ્યા ઉભી થાય છે. શહેરમાં ગીચ વસ્તી ધરાવતા વિસ્તારમાં રસ્તાની પહોળાઈ ઓછી છે અને ટ્રાફિકનું ભારણ વધારે છે અને પાર્કીંગ કોમ્પલેક્ષની સુવિધા ન હોવાથી નાગરિકો રસ્તા ઉપર વાહનો પાર્ક કરે છે. જે ધ્યાને લઈ શહેરમાં બી.ઓ.ટી. ધોરણે મલ્ટીસ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ તૈયાર કરવા તથા શહેરની મધ્યમાં આવેલ રીલીફ રોડ વિસ્તારમાં આવેલ સ્વ.શ્રી મકરંદભાઈ દેસાઈ પાર્કીંગ સંકુલની હયાત ક્ષમતા વધારવા માટે સદરહું કોમ્પલેક્ષ ઉપર વધારાનાં માળનું બાંધકામ કરવા તથા મ્યુ. કોર્પોરેશનનાં વિવિધ હેતુ માટેનાં ખુલ્લા મ્યુ. પ્લોટો તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક ટ્રાયેન્ગલની જગ્યામાં "પે એન્ડ પાર્ક "ની સુવિધા મોટા પ્રમાણમાં ઉભી કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં પ્રારંભિક તબકકે રૂા. ૧ કરોડ ફાળવવામાં આવે છે.

(૭) મ્યુ.કોર્પોરેશનનાં હયાત બિલ્ડીંગમાં વધારાના માળનું બાંધકામ કરી સુવિધા વધારવા :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વોર્ડ કેન્દ્ર ઉપર પ્રાથમિક સુવિધા આપવાનાં અભિગમથી પ્રત્યેક વોર્ડમાં સીટી સીવીક સેન્ટર, વોર્ડ ઓફિસ, લાઈબ્રેરી, રીડીંગ રૂમ, અર્બન હેલ્થ સેન્ટર, હેલ્થ કલબ, આંગણવાડીઓ જેવી સુવિધાઓ દરેક વોર્ડમાં આપવામાં આવે છે. વોર્ડમાં મ્યુ. પ્લોટો ઓછા હોવાથી વધુ સારી સુવિધા વોર્ડ કેન્દ્ર ઉપર ફાળવવાના હેતુથી જે તે હયાત મ્યુ. બિલ્ડીંગમાં વધારાનું બાંધકામ કરી નવી સુવિધા આપવા માટે જરૂરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા. ૩ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૮) ઐતિહાસિક ચોક "સ્વ.જયપ્રકાશ નારાયણ ચોકનો "સીટી સ્કવેર" તરીકે વિકાસ" :-

ઠરાવ કર્યો કે શહેરનાં મધ્યઝોનનાં ખાનપુર વિસ્તારમાં ગુજરાત સમાચાર પ્રેસની સામે આવેલ ચાર રસ્તાના ચોકને "સ્વ. જયપ્રકાશ નારાયણ ચોક" તરીકે નામાભિકરણ કરવામાં આવેલ છે. સદરહું જે.પી. ચોક ઐતિહાસિક ઘટનાઓનું કેન્દ્ર બિન્દુ છે. જેને "સીટી સ્કવેર" તરીકે ખાસ પ્રકારની ડિઝાઈન કરી ડેવલપ કરવા સારૂ જરૂરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જેની સાથે કામા મોટર્સથી ગુજરાત સમાચાર સુધીનો માર્ગ, લકી રેસ્ટોરન્ટથી પારસી બિલ્ડીંગ તરફનાં માર્ગને સાંકળી, આર.સી.સી. રોડ, પેવર બ્લોક, ફુટપાથ, ડેકોરેટીવ સ્ટ્રીટલાઈટ, મીની ફાઉન્ટેન, સાઈનેઝ સીસ્ટમ, સ્ટ્રીટ ફર્નિચર તેમજ પ્લાન્ટેશન સાથે વિકસાવવા માટે આર્કીટેકટ, કન્સલ્ટન્ટની નિમણુંક કરી "સ્વ. જે.પી. ચોક" ને સીટી સ્કવેર તરીકે વિકસાવવા અંદાજપત્રમાં રૂા. ૨ કરોડની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૯) કોમ્યુનીટી સેન્ટર, પાર્ટી પ્લોટ તથા કોમ્યુનીટી હોલ :-

ઠરાવ કર્યો કે ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક કાર્યક્રમોનાં આયોજન માટે સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી શહેરનાં વિવિધ વિસ્તારમાં પાર્ટી પ્લોટ, કોમ્યુનીટી હોલની સુવિધા કરવામાં આવેલ છે. જેમાં વધારો કરવા શહેરમાં પાંચ સ્થાન ઉપર નવા પાર્ટી પ્લોટ તથા કોમ્યુનીટી હોલ તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ સામાન્ય પરિવારનાં લોકોને પ્રસંગ કરવા માટે ખુબજ નજીવા દરે સુવિધા પૂર્ણ કોમ્યુનીટી સેન્ટરની સુવિધા ફાળવવાનાં હેતુથી પાંચ (૫) સ્થાન ઉપર નાના મ્યુનિ. પ્લોટમાં કંમ્પાઉન્ડ વોલ, રસોઈ ઘર, રૂમ તથા લાઈટની સગવડતાવાળા કોમ્યુનીટી સેન્ટર તૈયાર કરવા રૂા.૫ કરોડ તથા હયાત સ્વ.શ્રી ડી.કે.પટેલ હોલ રૂા.૩ કરોડ , સ્વ.શ્રી લાલાકાકા હોલ રૂા.૧ કરોડ તેમજ સ્વ.શ્રી લીલાધર ભટ્ટ કોમ્યુનીટી હોલ માટે રૂા.૮૫ લાખ એમ મળી કુલ રૂા.૯.૮૫ કરોડના ખર્ચે નવા હોલ કોમ્યુનીટી સેન્ટર, પાર્ટી પ્લોટ તેમજ હોલ નવિનીકરણ માટે જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૦) અદ્યતન શાક માર્કેટ - ફ્રુટ માર્કેટ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં શાકભાજી તથા ફ્રુટનાં વેચાણ માટે વ્યવસ્થિત માર્કેટની સુવિધા પ્રમાણમાં ઓછી છે. છુટક તથા જથ્થાબંધ શાકભાજીનાં વેચાણ માટે એ.પી.એમ.સી. સંચાલીત શાક માર્કેટ જમાલપુર તથા માણેકચોક ખાતે ઉપલબ્ધ છે, તે જ પ્રકારે શહેરનાં નવા પશ્ચિમ વિસ્તાર તથા પૂર્વ વિસ્તારમાં એ.પી.એમ.સી. જેવી સંસ્થાનાં સહયોગથી અદ્યતન શાક માર્કેટ તથા ફ્રુટ માર્કેટ બનાવવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે રૂા. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૧) રેલ્વે ક્રોસીંગને પહોળા કરવા આયોજન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી રેલ્વે લાઇન ઉપર આવેલ સાંકડા રેલ્વે ક્રોસીંગને કારણે અનેક સ્થાનોએ ટ્રાફિક જામ થવાના પ્રશ્નો થાય છે, કેટલાંક ક્રોસીંગ તરફના ટી.પી. રોડ ખુબ જ પહોળા છે પરંતુ રેલ્વે ક્રોસીંગ સાંકડા હોવાથી ટ્રાફીકની સમસ્યા ઉભી થાય છે. તે ધ્યાને લઇ હયાત રેલ્વે ક્રોસીંગો પૈકી (૧) સરદાર ગ્રામ (૨) પાલડી જલારામ મંદિર (૩) કેડીલા લેબોરેટરીની આગળ જગદીશ સોસાયટી પાસે (૪) નારણપુરા રેલ્વે ક્રોસીંગને પહોળા કરવા અંદાજપત્રમાં રૂા.૩ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૧૨) ગામતળના વિકાસ માટે નાણાં ફાળવણી :-

ઠરાવ કર્યો કે શહેરના વિસ્તાર - હદમાં વધારો થવાથી આસપાસની નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોના વિસ્તારનો શહેરની હદમાં સમાવિષ્ટ થયેલ છે.આ નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારનાં લોકો અમદાવાદ શહેરમાં થયેલ વિરાટ ભૌતિક વિકાસની સાથે તાલ મિલાવી શકે અને આ નાગરિકોને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ ગ્રામ પંચાયત સમયના આયોજનને નવું સ્વરૂપ આપી ગામડાંઓને શહેરી વિસ્તારની જેમ જ સુવિધા આપવા ગામતળમાં આર.સી.સી. રોડ, સોડિયમ સ્ટ્રીટ લાઇટ, પીવાના પાણી માટે પીવીસી લાઇનને બદલે કાસ્ટ આયર્ન પાઇપ લાઇન, નીક વાળી ખુલ્લી ગટરને બદલે સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઇન, પીવાનું શુદ્ધ પાણી તથા પંચાયત સમયના જુનાપુરાણા મકાનોનું નવિનીકરણ કરવા સાથે અમદાવાદ શહેરમાં નવા સમાવેશ થયેલ નવા પશ્ચિમ વિસ્તારમાં થલતેજ ગામતળ, શીલજ, હેબતપુર, બોડકદેવ ગામતળ-મેમનગર, જોધપુર, વસ્ત્રાપુર, મકરબા, સરખેજ, વણઝર, બાકરોલ, બાબરાબાદ, નરીમાનપુરા, વેજલપુર, ગોતા, સોલા, ઓગણજ, છારોડી, ભાડજ, જગતપુર, ત્રાગડ, ઘાટલોડીયા, કાળીગામ, ચેનપુર, રાણીપ, ચાંદલોડીયા, નિકોલ તથા પૂર્વ વિસ્તારમાં નિકોલ ગામતળ અને રામોલ-હાથીજણ વોર્ડમાં આવેલ રામોલ, વિઝોંલ અને હાથીજણ ગામતળ સહિત ગ્રામ્ય વિસ્તારના "ગામતળ"નો મોટા પ્રમાણમાં સમાવેશ થયેલ છે. આ ગામતળ વિસ્તારમાં ઉપરોક્ત સુવિધાઓ આપવા તેમજ ચોરા તથા ગામ ચબુતરાઓનો વિકાસ કરવા માટે અંદાજપત્રમાં રૂા.૧૫ કરોડ ફાળવવામાં આવે છે.

(૧૩) નાના તળાવોનો વિકાસ :-

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ મોટા તળાવોને તબક્કાવાર વિકસાવવામાં આવી રહયા છે. પરંતુ ખાસ કરીને નવા પશ્ચિમ તથા નવા પૂર્વ વિસ્તારમાં અનેક નાના નાના તળાવો આવેલ છે. જયાં ચોમાસા દરમ્યાન કુદરતી રીતે પાણીનો સંગ્રહ થાય છે તેવા તળાવોની ફરતે પાકી પાળ બાંધી આસપાસ પેવીંગ કરી વિકસાવવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૭ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૪) ડસ્ટ ફ્રી સીટી અભિયાન :-

ઠરાવ કર્યો કે શહેરના ડસ્ટ ફ્રી અભિયાન અન્વયે અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા સ્વર્ણિમ યોજના અંતર્ગત રાજ્ય સરકાર તરફથી રૂા.૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. હાલમાં મ્યુ.કોર્પો.ની પ્રવર્તમાન ૬૦:૪૦ ની સબસીડી સહીતની તમામ યોજનાના સ્થાને ૮૦:૨૦ સ્કીમથી આજ અભિયાન- યોજનાના નિતી નિયમો અનુસાર શહેરમાં આવેલ તમામ ખાનગી સોસાયટીઓ, ખાનગી રસ્તાઓ, હાઉસીંગ વસાહતો અને ફલેટના રહીશોને પાણી, ડ્રેનેજ, રસ્તા, કોમન પ્લોટમાં પથ્થર પેવીંગ - ઈન્ટરલોકીંગ, સ્ટ્રીટ લાઈટ,કોમન પ્લોટ ન ધરાવતા આકાશ નીચેના ખુલ્લા ભાગનાં કાર્પેટ વિસ્તારમાં પેવીંગ જેવી સુવિધા-સગવડ આપવાના કામો કરવા અંગે બજેટમાં રૂા. ૨૫ કરોડ ની જોગવાઈ કરવામાં આવે છે. સદર કામો અંગે રાજ્ય સરકારના નિતી નિયમ મુજબ ધારાસભ્યશ્રી અને મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીનું બજેટ પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાળા પેટે ફાળવી શકશે.

(૧૫) મીની પાવર પ્લાન્ટ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટ લાઈટ, હાઈ માસ્ક, વોટર પંપીગ સ્ટેશન, ડ્રેનેજ પંપીગ સ્ટેશનમાં, વોર્ડ ઓફીસોમાં તથા ઝોનલ ઓફીસોમાં દિન-પ્રતિદિન વિજળીનો વપરાશ વધતો જાય છે જેને કારણે પ્રતિવર્ષ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિજળી ખર્ચમાં પણ ધરખમ વધારો થાય છે જે ધ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિજળીની જરૂરીયાત માટે શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલીકીનો મીની પાવર પ્લાન્ટ તૈયાર કરવા અંગેની વિસ્તૃત દરખાસ્ત સ્ટેન્ડીગ કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે પ્રાથમિક તબક્કા માટે રૂા.૨.૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૬) સીટી બ્યુટીફીકેશન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર આંતરરાષ્ટ્રીય કક્ષાની માળખાકીય સુવિધા ધરાવતું મહાનગર બની રહયું છે. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ, કાંકરીયા લેઈકફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ તથા બીઆરટીએસ(જનમાર્ગ) પ્રોજેકટને કારણે શહેર સુવિધાપૂર્ણ બન્યુ છે. શહેરને વધુ સુંદર શહેર બનાવવા માટે બ્યુટીફીકેશન કમિટીની રચના કરી શહેરને સુવિધાપૂર્ણ તેમજ વધુ સુંદર બનાવવા જરૂરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જેમાં :-

- ☆ શહેરનાં મુખ્ય પ્રવેશ માર્ગ ઉપર સીટી એન્ટ્રી
- ☆ શહેરનાં મુખ્યમાર્ગમાં સેન્ટ્રલવર્જ, સાઈનેજ સીસ્ટમ
- ☆ સર્કલ ડેવલપમેન્ટ
- ☆ સ્કવેર, કોર્નર ડેવલપમેન્ટ
- ☆ સ્પેશીયલ ડિઝાઈન ટ્રી ગાર્ડ - પ્લાન્ટેશન

- ☆ ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ
- ☆ શહેરનાં તમામ બ્રીજ, અંડરપાસ બ્યુટીફીકેશન
- ☆ મ્યુ. કોર્પોરેશન બિલ્ડીંગ - પ્રોપર્ટીને વિશિષ્ટ કલર કોડ સાથે જાળવણી
- ☆ પી.પી.પી. ધોરણે શહેરની સુંદરતામાં વધારો થાય તેવા સર્કલ, ટ્રાફીક બુથ, ફાઉન્ટેઈન, મહાપુરૂષોની પ્રતિમા ધરાવતા સર્કલ વિગેરેનો વિકાસ કરવાનું આયોજન
- ☆ શહેરમાં આવેલ હેરીટેજ સ્થાપત્યની આસપાસ બ્યુટીફીકેશન તથા વિવિધ કલરની એલ.ઈ.ડી. લાઈટથી સુશોભન કરવું જેવા આયોજનો અંગે વિચારણા કરી તેને અમલમાં મુકવા માટે અંદાજપત્રમાં રૂા.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૧૭) સીનીયર સીટીઝનો માટે નગર દર્શન યાત્રાનું આયોજન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર છેલ્લા દાયકા દરમ્યાન વૈશ્વિક કક્ષાની માળખાકીય તેમજ અન્ય સુવિધાઓ સહિત વિકસીત થયેલ છે. શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટ તરીકે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપ મેન્ટ પ્રોજેક્ટ, કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, જનમાર્ગ પ્રોજેક્ટ (બી.આર.ટી.એસ.) અને શહેરના ઐતિહાસીક મૂલ્ય ધરાવતાં હેરીટેજ સ્થળો અને વિવિધ ધાર્મિક સ્થાનોની મુલાકાતે દેશ વિદેશના પર્યટકો મોટી સંખ્યામાં આવે છે. શહેરમાં વસવાટ કરતાં વરિષ્ઠ નાગરીકો એ શહેર અને સમાજનું ગૌરવ છે. આ વરિષ્ઠ નાગરીકોએ શહેરના વિકાસ અને સમૃધ્ધિમાં આપેલ યોગદાન બદલ તેમજ તેઓ પ્રત્યેના સામાજીક ઋણ સ્વીકારરૂપે તથા તેઓ પ્રત્યેના સન્માનના ભાગરૂપે ઝોનવાઈઝ વરિષ્ઠ નાગરીકોને શહેરના ગૌરવવંતા પ્રોજેક્ટસ જેવા કે (૧) સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (૨) કાંકરીયા લેઈક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (૩) જનમાર્ગ પ્રોજેક્ટ (બી.આર. ટી.એસ.) તેમજ શહેરના હેરીટેજ વેલ્યુ ધરાવતાં ઐતિહાસીક સ્થળો અને વિવિધ ધાર્મિક સ્થાનોની મુલાકાતનું આયોજન " સીનીયર સીટીઝન નગર દર્શન યાત્રા " અન્વયે કરવાનું તેમજ આ માટે જરૂરી તજવીજ કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૧૦ લાખની ફાળવણી કરવામાં આવે છે.

(૧૮) ટાઉન પ્લાનીંગ સ્કીમ અમલીકરણ સેલ :-

ઠરાવ કર્યો કે શહેરની વિકાસયાત્રાને વધુ ઝડપી બનાવવા માટે ટાઉનપ્લાનીંગ સ્કીમનો ઝડપી અમલ જરૂરી છે. હાલમાં ફાયનલ થયેલ ટી.પી.સ્કીમોનો અમલ ઝોન કક્ષાએથી થાય છે. ઝોનના અધિકારીઓ ઉપર ટાઉન પ્લાનીંગ ખાતાની અન્ય કામગીરીનું પણ ભારણ હોય છે. જેને કારણે મંજુર થયેલ ટાઉન પ્લાનીંગ સ્કીમોનાં રસ્તા ખુલ્લા કરવા વિગેરે કામગીરીમાં વિલંબ થાય છે. જે ધ્યાને લઈ ટાઉન પ્લાનીંગ સ્કીમનાં ઝડપી અમલીકરણ માટે અલાયદા સેલની રચના કરી જરૂરી સાધનો, સ્ટાફ તથા બિલ્ડીગની જરૂરીયાત ચકાસી વિસ્તૃત દરખાસ્ત સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૯) શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ ખાતે Stem Cell Therapy માટે નવું સેન્ટર :-

ઠરાવ કર્યો કે વિશ્વ આરોગ્યક્ષેત્રે રોજે રોજ નવા સંશોધનો થઈ રહેલ છે. જેમાં હાલમાં Stem Cell Therapy ખૂબ જ પ્રચલિત થયેલ છે. વિકસિત દેશોમાં આ થેરાપીનો લાભ દર્દીઓને મળી રહ્યો છે જ્યારે વિકાસશીલ દેશોમાં હજુ સુધી આ બાબતથી દર્દીઓ વંચિત છે.

ભારત દેશમાં પણ આ Stem Cell Therapy ની સેવાઓ દર્દીઓને મળી રહી તે હેતુથી અન્ય શહેરોની હોસ્પિટલો જેવી કે એઈમ્સ - દિલ્હી તથા સીએમસી - વેલ્લોરમાં આ સુવિધા ઉભી કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. ચામડીના રોગો, હાડકાના રોગો, એલર્જી, ટ્રાન્સપ્લાન્ટેશન, સર્જરી, લકવા,જ્ઞાનતંતુના રોગો, ઈન્ફર્ટીલીટી માટે આ સ્ટેમ્સ સેલ થેરાપી અકસીર ઈલાજ છે.અમદાવાદ શહેર તેમજ ગુજરાત રાજયના અન્ય શહેરોમાંથી અત્રેની મ્યુ. કોર્પોરેશનની હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને Stem Cell Therapy ની સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી હોસ્પિટલમાં Stem Cell Therapy ની સારવાર માટે તબીબી સુવિધાઓ ઉભી કરવી જરૂરી છે. હોસ્પિટલમાં ટીસ્યુટાઈપીંગ લેબ અને ઈમ્યુનો લેબ તૈયાર કરવી જરૂરી છે અને જેના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ વી.એસ. હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે નવા તૈયાર થનાર મલ્ટી સ્પેશ્યાલીટી બિલ્ડીંગ ખાતે આ અંગે "ડિપાર્ટમેન્ટ ઓફ મોલેકયુલર બાયોલોજી" અલાયદો વિભાગ ઉભો કરી તેમાં આ Stem Cell Therapy માટે લેબોરેટરી ઉભી કરવી અને જે અંગે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા જરૂરી સાધનો માટે પ્રારંભિક રૂપે રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૦) એલ. જી. હોસ્પિટલ તથા શા.ચી.લા. હોસ્પિટલ ખાતે ટ્રોમા વોર્ડનું નવીનીકરણ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર તથા આસપાસનાં ગ્રામ્ય વિસ્તારનાં નાગરિકો દ્વારા અ.મ્યુ.કો. સંચાલિત જનરલ હોસ્પિટલની સેવાઓનો લાભ લેવામાં આવે છે. શેઠ વા.સા. જન. હોસ્પિટલ ખાતે પ્રારંભ કરેલ અદ્યતન ટ્રોમા વોર્ડનાં કારણે ઈમરજન્સી સમયમાં ઝડપી તબીબી સારવારનાં ખુબજ સારા પરિણામ મળેલ છે. શેઠ વા.સા. જન. હોસ્પિટલ ખાતેનો અદ્યતન ટ્રોમા વોર્ડ દર્દીઓ માટે ખુબજ આશીર્વાદ રૂપ સાબીત થયેલ છે. જે ધ્યાને લઈ શહેરનાં પૂર્વ વિસ્તારમાં આવેલ એલ.જી. હોસ્પિટલ તથા શ્રીમતી શા.ચી.લા. જન. હોસ્પિટલ ખાતેનાં ટ્રોમા સેન્ટરને અદ્યતન બનાવવા તથા શેઠ એલ.જી. જન. હોસ્પિટલ તથા શ્રીમતી શા.ચી.લા. જન. હોસ્પિટલ ખાતે દર્દીઓનાં સગા માટે કેન્ટીન સુવિધા તથા બેઠક માટે શેડની સુવિધા અને દર્દીઓ તથા સ્ટાફની સુવિધા માટે વિવિધ બેંકનાં એ.ટી.એમ. મશીનની સગવડ કરવા તેમજ હોસ્પિટલનાં જરૂરી અગત્યના દસ્તાવેજી રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટે અંદાજપત્રમાં રૂા. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે. વધુમાં મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓ, અધિકારશ્રીઓ તથા કર્મચારીગણ તથા નિવૃત કર્મચારીઓને મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં આપવામાં આવતી તબીબી સારવાર અને દવાઓ અંગે હાલમાં અમલી મેડીકલ રીઈમ્બર્સમેન્ટ સ્કીમને વધુ સરળ બનાવવાના ભાગરૂપે કેશલેશ સીસ્ટમની નીતિ તૈયાર કરી સ્ટે. કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૧) મોડેલ અર્બન હેલ્થ સેન્ટર :-

ઠરાવ કર્યો કે શહેરમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૭ અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત છે. નવી વોર્ડ રચના પ્રમાણે કુલ ૬૪ અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરવાનું આયોજન છે. પ્રતિ વર્ષ ૧૧ લાખ જેટલા દર્દીઓને ઓ.પી.ડી. સારવાર આપવામાં આવે છે. ખાસ કરીને શહેરનાં શ્રમજીવી વસ્તી ધરાવતા વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટરમાં નાગરીકો આ સેવાનો વધારે લાભ લઈ રહયા છે. આ નાગરિકોને વધુ સારી તબીબી સેવા ઘર આંગણે પ્રાપ્ત થાય તે હેતુથી અર્બન હેલ્થ સેન્ટરોને અદ્યતન મેડીકલ તબીબી સાધનો જેવા કે એક્ષ-રે મશીન, બ્લડ એનેલાઈઝર મશીન, સોનોગ્રાફી મશીન તેમજ મીની ઓપરેશન થીયેટર જેવી સુવિધાઓથી સજ્જ કરી ૬ સ્થાન ઉપર "મોડેલ અર્બન હેલ્થ સેન્ટર " તૈયાર કરવા માટે પ્રારંભિક ધોરણે અંદાજપત્રમાં રૂા. ૪ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૨) હોસ્પિટલ વોર્ડ દત્તક યોજના (લોકભાગીદારી) :-

ઠરાવ કર્યો કે અ.મ્યુ.કો. સંચાલિત હોસ્પિટલોમાં મોટા પ્રમાણમાં ગરીબ અને મધ્યમવર્ગનાં દર્દીઓ સેવાનો લાભ લે છે. આ દર્દીઓને અન્ય ખાનગી સંસ્થાઓમાં જે પ્રકારે તબીબી સેવાઓ પ્રાપ્ત થાય છે તે પ્રકારની સુવિધા મળી રહે તે માટે મ્યુ. કોર્પોરેશન સતત પ્રયત્નશીલ છે. આ સેવાઓને વધુ સારી બનાવવા માટે મ્યુ. હોસ્પિટલમાં આવેલ વિવિધ વોર્ડ જેવા કે ચિલ્ડ્રન વોર્ડ, ઓર્થોપેડીક વોર્ડ, બર્ન્સ વોર્ડ વિગેરે સુવિધાપૂર્ણ બનાવવા માટે ખાનગી સંસ્થા, સામાજીક ટ્રસ્ટો, ધાર્મિક સેવાભાવી ટ્રસ્ટની સંસ્થાઓની હોસ્પિટલ સેવામાં લોકભાગીદારી થાય તે માટે "હોસ્પિટલ વોર્ડ દત્તક યોજના" અમલમાં મુકવાનુ ઠરાવવામાં આવે છે.

(૨૩) આંગણવાડીઓના મકાન માટે રૂા.૫ કરોડની ફાળવણી :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરની સેવા વસ્તીઓમાં અગાઉનાં વર્ષમાં ૧૧૫૬ આંગણવાડીઓ કાર્યરત હતી, મ્યુનિ. કોર્પોરેશનમાં નવા વિસ્તારનો સમાવેશ થતાં અમુક બાલવાડીઓને આંગણવાડીઓ તરીકે રૂપાંતરીત કરતાં શહેરમાં કુલ ૨૦૩૨ આંગણવાડીઓનું આઈ.સી.ડી.એસ. વિભાગના ૧૦ ઘટકો દ્વારા સંચાલન કરવામાં આવે છે. જે પૈકી કેટલીક આંગણવાડીઓ ભાડાના મકાનોમાં પણ ચાલે છે, આ આંગણવાડીના બાળકોને આરોગ્યમય વાતાવરણ મળી રહે તે હેતુસર આંગણવાડીના પાકા મકાનોનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે શહેરમાં આવેલ તમામ આંગણવાડીઓનો સર્વે કરાવી ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરાવવો તથા આંગણવાડીની હયાત જગ્યાની આસપાસ આવેલ મ્યુ. શાળાના મકાનોના બિનવપરાશી વર્ગખંડોનો ઉપયોગ કરવા સહિત જરૂરી વ્યવસ્થા ગોઠવવા માટે અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૪) પાંચ સ્પેશ્યલ ડીઝાઈનની ડેડબોડી વાન :-

ઠરાવ કર્યો કે શહેરનો વિસ્તાર ૪૬૬ ચોરસ કીલોમીટરનો છે. તેમજ આસપાસનાં વિસ્તારમાં પણ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસ દ્વારા સુવિધા આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન નવા ફાયર સ્ટેશન તૈયાર કરવામાં આવેલ છે તેમજ અંદાજપત્રમાં પણ નવા ફાયર સ્ટેશનનું આયોજન છે. નાગરિકોને ઝડપી સેવા પ્રાપ્ત થાય તે હેતુથી પાંચ નવી સ્પેશ્યલ ડીઝાઈન સાથેની ડેડબોડી વાન ખરીદવા અંદાજપત્રમાં રૂા. ૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૨૫) સ્મશાનગૃહો :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ જુદા જુદા મુકિતધામોને સુવિધાઓથી સજ્જ કરી નવિનીકરણ કરવા તેમજ અમદાવાદ શહેરની નવી હદમાં સમાવેશ કરેલ ગ્રામ પંચાયતો તેમજ નગરપાલિકાઓનાં સ્મશાનોમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ લાઈટ, પાણી, ડ્રેનેજ, ડાઘુઓને સ્નાન માટેની વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા શૌચાલયની સુવિધાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડ ફાળવવામાં આવે છે.

(૨૬) ગ્રીન મોબાઈલ ટોઈલેટવાન :-

ઠરાવ કર્યો કે શહેરમાં યોજાતા વિવિધ સામાજીક, ધાર્મિક તેમજ રાજકીય સંમેલન, સમુહલગ્નો વિગેરે પ્રસંગે ખુબજ નજીવા દરે સ્વચ્છતાનાં ઉંચા ધોરણની જાળવણી માટે મોબાઈલ ટોયલેટવાનની સુવિધા આપવામાં આવે છે. હાલમાં ૨૦ મોબાઈલ ટોયલેટવાન ઉપયોગમાં લેવાઈ રહી છે. આ સુવિધામાં વધારો કરવા તેમજ મોબાઈલ ટોયલેટવાનને વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે "ગ્રીન મોબાઈલ ટોઈલેટવાન" નો પ્રયોગ કરવાનું આયોજન કરી ૧૦ નંગ નવી ગ્રીન મોબાઈલ ટોયલેટવાન ખરીદવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૭) ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર :-

ઠરાવ કર્યો કે શહેરનાં નવા સમાવેશ થયેલ નવા પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારમાં ઝડપથી થઈ રહેલા વિકાસને ધ્યાને લઈ નવા ડેવલપ થઈ રહેલા વિસ્તારોમાં પાણી તથા ડ્રેનેજની સુવિધાઓ ફાળવવા માટે મ્યુ. કમિશનરશ્રીએ ફાળવેલ નાણાં ઉપરાંત વધુ રૂા.૧૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે. જે પૈકી અગ્રીમતાનાં ધોરણે જરૂરીયાતવાળા વિસ્તારોમાં ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા વોટર પંપીંગ સ્ટેશનનું આયોજન હાથ ધરાશે.

(૨૮) ડ્રેનેજ ડીસીલ્ટીંગ માટે રોબટ ટાઈપ સુપર કલીનર - સુપર સકર મશીન તથા ખાળકુવા માટે ગલી એમ્પ્ટીયર ખરીદવા માટે રૂા.૨ કરોડ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં ડ્રેનેજ નેટવર્ક વિશાળ છે. કેટલીક ડ્રેનેજ લાઈનો ૫૦ વર્ષ કરતાં પણ વધુ જુની છે જેને કારણે પાણીની વહન ક્ષમતામાં ઘટાડો થાય છે. જેથી ડ્રેનેજ બેકીંગનાં પ્રશ્નો ઉભાં થાય છે. તે ધ્યાને લઈ ડ્રેનેજ લાઈન ડીસીલ્ટીંગ માટે રોબટ ટાઈપ સુપર કલીનર ખરીદવા તથા ખાળકુવા માટે ગલી એમ્પ્ટીયર ખરીદવા અંદાજપત્રમાં રૂા. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૯) ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ બોર્ડની વસાહતોમાં સુવિધા :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ સ્લમ કલીયરન્સ બોર્ડ તેમજ હાઉસીંગ બોર્ડની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા, ફૂટપાથ, ગાર્ડન વગેરેની જવાબદારી સરકારશ્રી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપેલ છે.સ્લમ વગેરેની જવાબદારી સરકારશ્રી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપેલ છે. સ્લમ કલીયરન્સ તેમજ હાઉસીંગ બોર્ડની વસાહતોમાં સુવિધાઓના કાર્યો માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ નાણાંકીય જોગવાઈ ઉપરાંત અંદાજપત્રમાં વધુ રૂા.૨૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૩૦) વધુ ક્ષેત્રફળ ધરાવતા વોર્ડ માટે વધુ બજેટ ફાળવણી :-

ઠરાવ કર્યો કે શહેરનાં નવા સીમાંકનમાં મતદારોની સંખ્યાને ધ્યાનમાં લઈ વોર્ડ રચના કરવામાં આવેલ છે. જેમાં કેટલાક વોર્ડમાં વસ્તીની ગીચતા વધારે હોવાથી વોર્ડનું કુલ ક્ષેત્રફળ માત્ર ૨ થી ૪ ચો. કીલોમીટરનું છે. જયારે કેટલાક વોર્ડ ખુબ જ મોટુ ક્ષેત્રફળ ધરાવે છે. આ પ્રકારના વિશાળ ક્ષેત્રફળ ધરાવતા વોર્ડોમાં રસ્તા, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈનની જરૂરિયાત સામાન્ય ક્ષેત્રફળ ધરાવતા વોર્ડ કરતાં વિશેષ હોય છે. શહેરના તમામ વોર્ડના સમતોલ વિકાસને ધ્યાને લઈ નીચે દર્શાવેલ વોર્ડ માટે રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટનાં કામો માટે વધુ નાણાંકીય જોગવાઈ કરવામાં આવે છે.

અ. નં.	ઝોન	વોર્ડનું નામ	વોર્ડ ચો.કી.મીટર વિસ્તાર	વધુ નાણાંકીય જોગવાઈ (રૂા. કરોડમાં)
૧	પૂર્વ ઝોન	રામોલ, હાથીજણ વોર્ડ	૨૭.૪૧	૨.૦૦
૨	પૂર્વ ઝોન	નિકોલ વોર્ડ	૧૩.૭૪	૧.૦૦
૩	પૂર્વ ઝોન	વસ્ત્રાલ વોર્ડ	૧૫.૫૦	૧.૦૦
૪	નવા પશ્ચિમ ઝોન	ગોતા વોર્ડ	૫૨.૧૦	૨.૫૦
૫	નવા પશ્ચિમ ઝોન	થલતેજ વોર્ડ	૨૧.૭૨	૧.૫૦
૬	નવા પશ્ચિમ ઝોન	બોડકદેવ વોર્ડ	૧૪.૪૦	૧.૦૦

અ. નં.	ઝોન	વોર્ડનું નામ	વોર્ડ ચો.કી.મીટર વિસ્તાર	વધુ નાણાંકીય જોગવાઈ (રૂા. કરોડમાં)
૭	નવા પશ્ચિમ ઝોન	સરખેજ વોર્ડ	૩૭.૮૦	૨.૦૦
૮	નવા પશ્ચિમ ઝોન	જોધપુર વોર્ડ	૨૩.૨૪	૧.૫૦
૯	પશ્ચિમ ઝોન	ચાંદખેડા-મોટેરા વોર્ડ	૧૬.૦૦	૧.૦૦
૧૦	ઉત્તર ઝોન	નોબલનગર વોર્ડ	૧૬.૩૩	૧.૦૦
૧૧	દક્ષિણ ઝોન	લાંભા વોર્ડ	૫૭.૩૭	૪.૫૦

અંદાજ પત્રમાં કુલ રૂા. ૧૯ કરોડ વધુ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૩૧) ઝોનલ બજેટમાં રૂા.૧૨.૫૦ કરોડની વધુ ફાળવણી :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની વહીવટી વ્યવસ્થા પ્રમાણે કુલ ૪૬૬ ચો. કીલોમીટરના વિસ્તારને ૬ ઝોનમાં વિભાજન કરેલ છે. જે પૈકી પ્રત્યેક ઝોનનાં ચોરસ કિલોમીટરનાં વિસ્તારને ધ્યાને લઈ વધુ રકમની ફાળવણી કરી શહેરનાં સમતોલ વિકાસનાં અભિગમને ધ્યાને રાખેલ છે. જે અનુસાર ઝોનલ બજેટમાંથી વોર્ડનાં વિવિધ પ્રાથમિક સુવિધાનાં કામો જેવા કે રોડ, પાણી, ડ્રેનેજ, લાઈટ, બિલ્ડીંગ વિગેરે હાથ ધરાશે.

અ. નં.	ઝોનનું નામ	સમાવેશ વોર્ડની સંખ્યા	ચોરસ કિ.મી	વધુ બજેટ ફાળવણી (રૂા. કરોડમાં)
૧	મધ્ય ઝોન	૯	૧૬.૧૬	૦.૫૦
૨	પૂર્વ ઝોન	૧૩	૭૮.૫૨	૩.૦૦
૩	પશ્ચિમ ઝોન	૧૦	૫૬.૫૩	૧.૦૦
૪	નવો પશ્ચિમ ઝોન	૧૦	૧૭૮.૭૬	૫.૦૦
૫	દક્ષિણ ઝોન	૧૦	૯૨.૦૫	૨.૦૦
૬	ઉત્તર ઝોન	૧૨	૪૧.૫૪	૧.૦૦
			કુલ.....	૧૨.૫૦

અંદાજપત્રમાં ઝોનલ બજેટમાં વધુ રૂા.૧૨.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૨) મેયરશ્રી - ડેપ્યુટી મેયરશ્રી તથા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી બજેટમાં વધારો :-

ઠરાવ કર્યો કે શહેરના વિવિધ વોર્ડમાં વિકાસ કામો માટે સામાન્ય બજેટ તથા મ્યુ.કાઉન્સીલર બજેટની ફાળવણી કરવામાં આવે છે. તેજ પ્રકારે પ્રાયોરીટીનાં તાકીદના કામો માટે શહેરનાં વિવિધ વોર્ડનાં વિકાસ કામો માટે જરૂરીયાત પ્રમાણે અગ્રીમતાથી વિકાસ બજેટ ફાળવણી કરવા માટે હાલમાં મેયરશ્રી બજેટ માટે રૂા.૨ કરોડ , ડેપ્યુટી મેયરશ્રી બજેટ માટે રૂા.૧ કરોડ અને સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી બજેટ માટે રૂા.૧ કરોડની જોગવાઈ છે. જે પ્રત્યેક બજેટમાં વધુ રૂા.૫૦ લાખની ફાળવણી કરી,

મેયરશ્રી બજેટ રૂા.૨.૫૦ કરોડ , ડેપ્યુટી મેયરશ્રી બજેટ રૂા.૧.૫૦ કરોડ તથા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી બજેટ રૂા.૧.૫૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે જે માટે અંદાજપત્રમાં વધુ રૂા.૧.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવે છે.

(૩૩) સરદાર પટેલ રીંગ રોડને જોડતા મુખ્ય રસ્તાઓનો વિકાસ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરની હદમાં સમયાંતરે વધારો થવાથી હાલમાં શહેર ૪૬૬ ચો.કિ.મી.નો વિશાળ વિસ્તાર ધરાવતું વિરાટ મહાનગર બન્યું છે. ઔડા વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ ૨૦૦ ફૂટ પહોળાઇ ધરાવતો અને ૭૬ કિલોમીટરની લંબાઈનો સરદાર પટેલ રીંગ રોડ અમદાવાદ શહેરની હદમાં આવેલ હોવાથી આ રીંગ રોડને જોડતા ટી.પી.રસ્તા પહોળા કરી રીસરફેસ કરવાથી શહેરની ટ્રાફીક સમસ્યા હળવી થશે તેમજ રીંગરોડની ઉપયોગીતામાં વધારો થશે તે ધ્યાનમાં લઈ સરદાર પટેલ રીંગ રોડને જોડતા ટી.પી.રસ્તાને વિકસાવવા માટે અંદાજપત્રમાં રૂા.૫ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૪) "વુમન એક્ષ્પો-૨૦૧૩" :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષે આયોજન કરવામાં આવતાં રાષ્ટ્રીય પુસ્તક મેળા, મેરેથોન દોડ, સાયકલોથોન, ફલાવર શો ની જેમ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે રાજયકક્ષાના "વુમન એક્ષ્પો-૨૦૧૩ " નું આયોજન કરવાનું અને તેમાં શ્રમજીવી મહિલા મંડળીઓ, મહિલાઓ સંચાલીત સખી મંડળો તથા મહિલા મંડળીઓ દ્વારા વિવિધ પ્રોજેકટોનું પ્રદર્શન અને તેઓના દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્તકલા તથા ગૃહ ઉદ્યોગની ચીજ વસ્તુઓના વેચાણ માટેનાં સ્ટોલની સાથે સરકારશ્રીની વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી પ્રાપ્ત થાય તેવા આયોજન સાથે " અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વુમન એક્ષ્પો-૨૦૧૩ "નું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા. ૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૫) મેયરશ્રી નગર રત્ન એવોર્ડ તથા "સંસ્કાર ચોરો" :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરની કલા અને સંસ્કૃતિનાં સન્માનની ઉત્તમ પરંપરાનો "સંસ્કાર ચોરો" નાં માધ્યમથી પ્રારંભ થયેલ છે. પ્રતિ વર્ષ કલાક્ષેત્રે અને વિશેષ વ્યકિત્વ ધરાવતા મહાનુભાવોનું સન્માન કરવામાં આવે છે, તે જ પ્રકારે વર્ષ દરમ્યાન વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપનાર નગરજનોને "મેયરશ્રી નગરરત્ન એવોર્ડ" અર્પણ કરવા અન્વયે શિક્ષણક્ષેત્ર, કલાક્ષેત્ર, સંગીતક્ષેત્ર, સામાજીક સેવા, મહિલા વિકાસ પ્રવૃતિ તથા ખેલકુદ - યુવા પ્રવૃત્તિમાં વિશેષ કૌશલ્ય ધરાવતાં નગરજનોને "મેયરશ્રી નગરરત્ન એવોર્ડ"થી સન્માનિત કરવાનું ઠરાવવામાં આવે છે.

તેમજ મ્યુનિ.કાઉન્સીલરશ્રીઓ તથા અધિકારીગણ માટે કલ્ચરલ કલબની રચના કરી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૬) સને ૨૦૧૩-૨૦૧૪ નું વર્ષ સ્વામી વિવેકાનંદજી સાર્ધશતી વર્ષ (૧૫૦મી જન્મ જયંતિ) પ્રસંગે "યુવા જાગૃતિ વર્ષ" :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સને ૨૦૧૩-૨૦૧૪ નાં વર્ષને સ્વામી વિવેકાનંદજી સાર્ધશતી વર્ષને યુવા જાગૃતિ વર્ષ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામા આવેલ છે જેનાં ભાગરૂપે વર્ષ દરમ્યાન યુવા જાગૃતિ અને યુવા વિકાસને લગતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા તેમજ વિશેષરૂપે યુથને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો જેવા કે યુવા સેમીનાર, યુવા વર્કશોપ, યુવા વાર્તાલાપનું આયોજન કરવામાં આવશે તેમજ યુવા પુરસ્કાર આપવામાં આવશે. મહાનગરપાલિકા સંચાલીત હેલ્થ કલબ તથા સ્વીમીંગ પુલ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાનું આયોજન તેમજ વ્યસન મુકિત અભિયાન જેવા કાર્યક્રમ હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે આ માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૭) મ્યુ. કોર્પોરેશનમાં ફિલ્ડ ડયુટી કરતા કર્મચારી / અધિકારીઓ માટે ડ્રેસ કોડ :-

ઠરાવ કર્યો કે મ્યુ. કોર્પોરેશનનાં વિવિધ ખાતામાં ફિલ્ડ ડયુટી બજાવતા મ્યુનિ. કર્મચારીઓ તથા અધિકારી ગણ માટે ડ્રેસ કોડ તૈયાર કરવા, જેમાં વિશેષ કરીને હેલ્થ વિભાગ, એસ્ટેટ દબાણ વિભાગ, સી.એન.સી.ડી. વિભાગનાં સ્ટાફને ફિલ્ડ ડયુટી હોય છે. તેઓની અલગ ઓળખ ઉભી થાય તે હેતુથી તબકકાવાર ડ્રેસ કોડ અમલમાં મુકવા તથા મ્યુ. કોર્પોરેશન સંચાલીત હોસ્પીટલનાં કર્મચારીગણ માટે નવી ડિઝાઈનનાં ડ્રેસકોડ તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે. જે માટે રૂા. ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૩૮) ગાર્ડન માટે રીસાઈકલ વોટરનો ઉપયોગ :-
ડીસેન્ટ્રલાઈઝડ મીની સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં મ્યુ. કોર્પોરેશન સંચાલીત ૨૦૦ કરતાં વધારે બગીચાઓ આવેલ છે. આ બગીચાઓની જાળવણી માટે પ્રતિદિન લાખો લીટર ચોખ્ખું પાણી બોર તથા પાઈપ લાઈન નેટવર્ક દ્વારા વપરાય છે. પાણીનાં કરકસરપૂર્ણ ઉપયોગ તથા પર્યાવરણની જાળવણીને ધ્યાને લઈ બગીચાઓમાં છંટકાવ માટે પાણીનો જથ્થો બગીચાઓની નજીકથી પસાર થતી ડ્રેનેજ લાઈન ઉપર મીની સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવીને રીસાઈકલ કરેલ પાણીનો જથ્થો બગીચાઓની જાળવણી માટે ઉપયોગમાં લેવા પ્રાયોગીક ધોરણે વિશાળ ક્ષેત્રફળ ધરાવતા બગીચાઓ ખાતે મીની સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મુકવા અંદાજપત્રમાં રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૯) લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ડેવલપમેન્ટ :-

ઠરાવ કર્યો કે શહેરનાં પૂર્વ વિસ્તારમાં આવેલ લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમની જગ્યામાં હાલમાં વરસાદી પાણીની સ્ટોર્મ વોટર લાઈન દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરી તળાવ તરીકે વિકસાવવામાં આવી રહેલ છે. આ તળાવ ફરતે ગાર્ડન, વોકીંગ ટ્રેક, સ્ટ્રીટ લાઈટ, ટ્રી પ્લાન્ટેશન વિગેરે કામગીરી માટે અંદાજપત્રમાં રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૪૦) ગાર્ડન ડેવલપમેન્ટ :-

ઠરાવ કર્યો કે શહેરમાં ૨૦૦ કરતા વધુ બાગ-બગીચાઓ આવેલા છે. નવા વિસ્તારમાં પણ આ અંદાજપત્રમાં નવીન થીમબેઝ ગાર્ડન વિકસાવવાનું આયોજન કરેલ છે. તેમજ શહેરમાં વૃક્ષારોપણ અભિયાન દ્વારા શહેરને હરિયાળું બનાવવાના ઉદ્દેશથી મ્યુનિ. કમિશનરશ્રીએ ગાર્ડન ડેવલપમેન્ટ તથા નવા ગાર્ડન વિકસાવવા માટે ફાળવેલ બજેટ ઉપરાંત અંદાજપત્રમાં વધુ રૂા.૧ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૪૧) મણીનગર ફીડર કેનાલ ગાર્ડન - નવીનીકરણ :-

ઠરાવ કર્યો કે મણીનગર વિસ્તારમાં ઘોડાસરથી ચંડોળા તળાવ સુધીની ફીડર કેનાલ ઉપર ૧ કીલોમીટર લંબાઈનો ગાર્ડન તૈયાર કરવામાં આવેલ છે. આ ગાર્ડનનાં નવીનીકરણ તથા ગાર્ડનમાં પોર્ટેબલ લાયબ્રેરી, મીની પાર્ટીપ્લોટ, રમત ગમતના સાધનો, ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ, લેન્ડ સ્કેપીંગ, સ્પે. ડિઝાઈન બેન્ચીસ, મીની ફાઉન્ટેન તથા પાર્કીંગ સ્પેસ તેમજ વોટર કુલર અને શૌચાલયની સુવિધાઓ સહિત વિકસાવવા સારૂ અંદાજપત્રમાં રૂા. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૨) જાહેરાત - હોર્ડીંગ્સની નવી પોલીસી (બારકોડ ટેગીંગ સીસ્ટમ સાથે) :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર ૪૬૬ ચોરસ કીલોમીટરનો વિરાટ વિસ્તાર ધરાવે છે. વેપાર - વાણિજયની દ્રષ્ટીએ અમદાવાદ મહાનગર ગુજરાત રાજયની આર્થિક રાજધાની ગણાય છે. વિવિધ સ્થાનિક તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા પ્રોડકટનાં વિજ્ઞાપન માટે શહેરમાં ઉપલબ્ધ જાહેરાતનાં વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. વર્તમાન હોર્ડીંગ્સ પોલીસીની સાથે વિજ્ઞાપનના નવિન માધ્યમો તથા સ્થાનની ઓળખ કરી અમદાવાદ શહેર માટે નવી જાહેરાત હોર્ડીંગ્સ પોલીસી તૈયાર કરી નાણાંકીય આવક-ખર્ચના અંદાજના આયોજન સાથે સ્ટેન્ડીંગ કમિટીમાં દરખાસ્ત રજુ કરવા મ્યુ. કમિશનરશ્રીને અનુરોધ કરવામાં આવે છે. આવકનાં સદરહું સ્ત્રોતનાં આયોજનથી નાણાંકીય આવકમાં વધારો થશે તેમજ શહેરની સુંદરતામાં પણ વધારો થશે.

(૪૩) થીયેટરો શૉ ટેક્ષમાં સુધારો :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલ થીયેટરો ઉપર શૉ ટેક્ષના દરમાં છેલ્લાં ઘણાં વર્ષોથી કોઈ સુધારો કરવામાં આવેલ નથી. હાલમાં શહેરમાં મોટી સંખ્યામાં મલ્ટીપ્લેક્ષ થીયેટરો ચાલે છે અને તેના ટીકીટ દરોમાં ઘણો વધારો થવા પામેલ છે. આ વિગતો અને સાંપ્રત સંજોગોને ધ્યાને લેતાં થીયેટરો ઉપર શૉ ટેક્ષના દરમાં સુધારો કરવાની જરૂરીયાત જોતાં તાજેતરમાં સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૨૦૧૩ ની મંજુરી અનુસાર થીયેટર શૉ ટેક્ષ શૉ દીઠ રૂા.૫૦/- ને બદલે રૂા.૭૫/- (અંકે રૂપિયા પંચોતેર પૂરા) તથા વિડીયો શો માટેના શો દીઠ રૂા.૨૫/- થિયેટર ટેક્ષ વસુલ કરવાનો અને તેનો અમલ તા.૦૧-૦૪-૨૦૧૩ થી કરવાનું ઠરાવવામાં આવે છે. સદરહું આંશિક વધારાને કારણે અંદાજેલ આવકમાં રૂા.૨૦ લાખનો ઘટાડો થશે.

(૪૪) શેઠ વા.સા.જન.હોસ્પિટલને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે શેઠ શ્રી વા.સા.જનરલ હોસ્પિટલ વ્યવસ્થાપક મંડળે સામાન્ય ખર્ચ માટે રૂા.૧૨૨.૯૨ કરોડ અને અસામાન્ય ખર્ચ માટે રૂા.૧૦.૦૭ કરોડ મળી કુલ ખર્ચ રૂા.૧૩૨.૯૯ કરોડમાંથી આવક રૂા.૧૦.૦૪ કરોડ બાદ થતાં રૂા.૧૨૨.૯૫ કરોડ પૈકી રૂા.૨.૦૦ કરોડ રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ તરીકે મેળવવાની રકમ બાદ થતાં રૂા.૧૨૦.૯૫ કરોડ ગ્રાન્ટ પેટે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ સામાન્ય ખર્ચ અને અસામાન્ય ખર્ચ પેટે કુલ રૂા.૮૪.૦૦ કરોડ ગ્રાન્ટ તરીકે આપવા અંદાજપત્રમાં જોગવાઇ કરેલ છે. પરંતુ વ્યવસ્થાપક મંડળના ઠરાવ મુજબ હોસ્પિટલના જુદા જુદા કાર્યો હાથ ધરવા, નવા અદ્યતન સાધનોની ખરીદી, તબીબી સેવા અદ્યતન અને અસરકારક બનાવવા તેમજ હોસ્પિટલના વિકાસ કાર્યને આગળ ધપાવવા ગ્રાન્ટની રકમ અપૂરતી હોઇ આ માટે ખૂટતી રકમ સામાન્ય ખર્ચ પેટે તેમજ અસામાન્ય ખર્ચમાં મળી વધુ રકમ રૂા.૩૬.૯૫ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૪૫) શેઠ મા.જે.પુસ્તકાલયને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના વ્યવસ્થાપક મંડળે રૂા.૮.૨૦ કરોડ ગ્રાન્ટ તરીકે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પો.ના અંદાજપત્રમાં રૂા.૪.૦૦ કરોડની જોગવાઇ કરી છે પરંતુ શહેરના સુજ્ઞ નાગરિકોની વાંચન ભૂખને સંતોષવા વધુ સારી સુવિધાઓ ઉભી કરી શકાય અને નવી પેઢીને સંસ્કાર ઘડતર, સાહિત્ય પ્રત્યે રસ જાગે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા તેમજ નવીન આધુનિક આયોજનો માટે ગ્રાન્ટ અપૂરતી હોઇ, આ માટે બજેટમાં વધુ રૂા.૪.૨૦ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૪૬) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પ્રાયમરી એજયુકેશન ફંડનું રૂા.૬૫૧ કરોડનું અંદાજપત્ર મંજુર કરેલ છે. જેમાં રાજય સરકારશ્રીની ગ્રાન્ટ કુલ રૂા.૪૭૪.૯૦ કરોડ અંદાજેલ છે તથા પૂર્વ પ્રાથમિક વર્ગની ફી તથા અન્ય પરચુરણ આવક રૂા.૦.૩૦ કરોડ મળી એકંદરે કુલ રૂા.૪૭૫.૨૦ કરોડની આવક અંદાજેલ છે. તેની સામે મ્યુ.કમિશનરશ્રીએ કોર્પોરેશનના અંદાજપત્રમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સરકારી અનુદાન સાથે કુલ રૂા.૩૬૦ કરોડની જોગવાઈ કરેલ છે. પરંતુ પ્રવર્તમાન આધુનિક સમયને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોનો વધુ સર્વાંગી વિકાસ થઈ શકે તે હેતુસર સ્કુલબોર્ડના ઠરાવ મુજબ રાજય સરકારશ્રીની પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ રૂા.૧૮૮.૫૦ કરોડનો વધારો અંદાજી પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ રૂા.૨૯૧ કરોડ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૪૭) પ્રોપર્ટી ટેક્ષની જુની તથા નવી ફોર્મ્યુલાના બાકી ટેક્ષની સઘન વસુલાત :-

ઠરાવ કર્યો કે મ્યુ. કોર્પો.ના પ્રોપર્ટી ટેક્ષની જુની તથા નવી ફોર્મ્યુલાના બાકી ટેક્ષની વસુલાત સઘનપણે હાથ ધરીને વધુ રૂા.૧૦ કરોડની આવક મેળવવાનું તેમજ વ્યવસાય વેરાની વસુલાત સઘનપણે હાથ ધરીને વધુ રૂા.૫ કરોડની આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

(૪૮) ટેક્ષ ફ્રી બોન્ડસ :-

ઠરાવ કર્યો કે શહેરનો સર્વાંગી વિકાસ ઝડપથી થાય તે માટે નાણાંકીય આયોજનના ભાગરૂપે વધુ રૂા.૧૦૦ કરોડ ટેક્ષ ફ્રી બોન્ડ / કોમર્શીયલ બોરોઈંગ મારફતે મેળવવા માટે આનુષાંગિક કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૪૯) પ્લોટના વેચાણ, પ્રિમીયમની તથા એફ.એસ.આઈ.વાપરવા અંગેની ફી માં વધારાની આવક :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં જૂની તથા નવી કુલ-૧૦૦ ઉપરાંત ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવામાં આવેલ છે. જે સ્કીમોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વિકાસના કામો માટે ૧૦ ટકા થી ૧૫ ટકા જમીન કપાતમાં લેવામાં આવી છે. આ પ્રકારના પ્લોટોને જે તે હેતુ માટે વેચાણ કરી વિકાસના હેતુ માટે નાણાં ઉભા કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રકારના પ્લોટના વેચાણથી વધારાની રૂા.૮૦ કરોડની આવક અંદાજવામાં આવે છે તેમજ પ્રિમિયમની આવકમાં રૂા.૨૦ કરોડ તથા વધારાની એફ.એસ.આઈ. વાપરવા અંગેની ફી માં રૂા.૭૫ કરોડનો વધારો અંદાજવામાં આવે છે.

પરિશિષ્ટ - ૧

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે તેમજ તે અન્વયે નકકી કરેલ નિયમો ધ્યાને લેતા મિલકતવેરો નીચે મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ઉઘરાવવામાં આવશે.

સામાન્ય વેરો = વાર્ષિક દર x મિલકતનું ક્ષેત્રફળ x (ફેકટર-૧ x ફેકટર-૨ x ફેકટર-૩ x ફેકટર-૪)

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ :

મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના સિવાયનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે સૂચિત વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ	૧૬
બિન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ	૨૮

ફેક્ટરના પ્રકાર અને ફેક્ટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેક્ટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેક્ટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેક્ટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે.

	રહેઠાણની મિલકતો માટે	અવયવ
(અ)	સમૃદ્ધ વિસ્તાર	૧.૬૦
(બ)	સારો વિસ્તાર	૧.૧૦
(ક)	મધ્યમ વિસ્તાર	૦.૯૦
(ડ)	નબળો વિસ્તાર	૦.૬૦

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

	બિન રહેઠાણની મિલકતો માટે	અવયવ
(અ)	ખૂબ જ સારી	૧.૬૦
(બ)	સારી	૧.૧૦
(ક)	મધ્યમ	૦.૯૦
(ડ)	નબળી	૦.૬૦

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેક્ટર

આ ફેક્ટર મિલકતના બાંધકામ વર્ષ ઉપર આધાર રાખે છે અને તેને અનુરૂપ ટેકસમાં રાહત આપવામાં આવશે. મિલકતના બાંધકામના વર્ષને ધ્યાનમાં લઈને પાંચ વિભાગ પાડવામાં આવેલ છે. તેને અનુરૂપ ફેક્ટરના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીશ વર્ષ સુધી	૦.૮૫
૩	વીશ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડાં (૨) ચાલી (૩) પોળ અને ગામતળના હેઠાણવાળા મકાનો

(૪) ફલેટ (૫) રો-હાઉસ - ટેનામેન્ટ (૬) સ્વતંત્ર બંગલા

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

	મિલકતોનો પ્રકાર	અવયવનો દર
(૧)	ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા)	૦.૫૦
(૨)	પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો	૦.૭૦
(૩)	ફલેટ	૦.૭૦
(૪)	રો-હાઉસ - ટેનામેન્ટ	૧.૦૦
(૫)	સ્વતંત્ર બંગલા	૧.૫૦

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક) ૧ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૭.૦૦

વાણિજ્યિક હેતુઓ :

બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કિલનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી, સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔઘોગિક એકમોની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઈ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઈમારતો

-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧થી મંજૂરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી

મ્યુ. કોર્પોરેશન બિલ્ડીગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલાના મિલકતવેરામા રીબેટ

જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ

જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે

અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૧૨ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

૨. નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૬.૦

દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ,મનોરંજનના સ્થળો વગેરેઃ-

દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેર-હાઉસીસ.

૩ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦

ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-

વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ લ્રોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામિક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમિકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એક્ર,લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ , ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્કીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ , સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ

-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજૂરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ તા.૧-૪-૨૦૦૯ થી કરવામાં આવેલ છે.

જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ

-૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા, અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ

૪ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ- **૨.૦**

ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામૂંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ.

(ખ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ-

પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય.

(ગ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર ,૦.૦ વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.

મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ

ફેકટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેકટર

	મિલકતોનો ભોગવટા પરિબળ	અવયવનો દર
(૧)	માલિક ભોગવટાવાળી મિલકતો	૧.૦૦
(૨)	ભાડુઆત ભોગવટાવાળી મિલકતનો	૨.૦૦

કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોનાં સામાન્યવેરામાં ૨૦% રિબેટ આપવામાં આવશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

(અ) રહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	ઝૂંપડા	—-	૮૪.૦૦
૨	ચાલી	૨૫ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૩	અન્ય	૩૦ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૪	અન્ય	૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના	૩૦૦.૦૦
૫	અન્ય	૫૦ ચો.મી. થી વધુ	૩૩૦.૦૦

ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૨૬૪/- રહેશે.

(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી નાના	૫૪૦.૦૦
૨	બિનરહેણાંક	૧૫ થી ૩૦ ચો.મી. સુધીના	૬૬૦.૦૦
૩	બિનરહેણાંક	૩૦ ચો.મી. થી વધુ	૭૮૦.૦૦

૪ નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક ૯૦૦.૦૦

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરામિક, કલે મેન્યુફેકચરીંગ, કેમિકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઇલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઇંગ, ડાઇંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઇસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી બી, ફેકટરી સી, હમામખાના, મીલ્ક-કર્ડ-શોપ, ઢોર માર્કેટ, મીલ્ક-કેટલ સ્ટેબલ

વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સી ટેક્ષ

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ પાણીનો કર વસુલ કરવાનો રહેશે.
- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(b) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ હલાલખોર કર વસુલ કરવાનો રહેશે.

	પ્રવર્તમાન વોટર ટેક્ષનાં દર	**પ્રવર્તમાન કોન્ઝરવન્સી ટેક્ષનાં દર**
રહેઠાણની મિલકતોના ફેક્ટરના દર	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બિન રહેઠાણની મિલકતોના વપરાશ અંગેના ફેક્ટર		
ફેક્ટર-૭	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેક્ટર-૬	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેક્ટર-૨	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેક્ટર-૧	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%

વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સી ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૩-૧૪માં કોઇ વધારો સુચવવામાં આવેલ નથી .

વાહન વેરો

- ગુજરાત રાજ્ય સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૫-૦૮થી મળેલ મંજુરી અનુસાર નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન કર લેવામાં આવે છે.

- સ્ટે.ક.ઠ.નં.૧૦૦ તા.૨૧-૪-૨૦૧૧ તથા મ્યુ. કોર્પો. જનરલ બોર્ડ ઠ.નં.૧૬૩ તા.૧૩-૫-૨૦૧૧થી મળેલ મંજુરી અનુસાર આજીવન વાહનવેરાના દર વાહનના પ્રકાર પ્રમાણે વસુલ કરવાને બદલે વાહનની મૂળ કિંમત ઉપર નીચે દર્શાવેલ દર મુજબ વસુલ કરવામાં આવશે.

અ. નં.	વાહનનો પ્રકાર	મ્યુ.કમિ.શ્રીએ સૂચવેલ આજીવન કરનો દર	સ્ટે.કમિટીએ નકકી કરેલ આજીવન કરનો દર
૧.	સ્કુટર, મોટર સાયકલ તથા દ્વિચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૭૫ % લેખે	બેઝીક પ્રાઈસના ૨.૫૦ % લેખે
૨.	ઓટો રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩.	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪.	મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈસ)		
(એ)	રૂા. ૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧% લેખે	બેઝીક પ્રાઈસના ૧% લેખે
(બી)	રૂા.૩,૦૦,૦૦૦ થી રૂા.૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા.૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૦% લેખે
(ડી)	રૂા.૧૦,૦૦,૦૦૦ થી રૂા.૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઈ)	રૂા.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫% લેખે	બેઝીક પ્રાઈસના ૨.૫% લેખે
૫.	મેટાડોર - મીની બસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬.	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા. ૨૫/-

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ.સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૨૦૦૧ ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૨૦૦૧૩ ની મંજુરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી શો દીઠ રૂા.૭૫ વસુલ લેવાનું ઠરાવવામાં આવેલ છે તથા વિડીયો શો માટેના શો દીઠ રૂા.૨૫/- થિયેટર ટેક્ષ તા.૧-૪-૨૦૧૩થી વસુલ લેવામાં આવશે

ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકન્ટ લેન્ડ ટેક્ષ) :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : અમન-૮૦૨૦૦૮-૨૨૪૫-પી તા.૧૩-૦૭-૨૦૧૧ મુજબ.

એનેક્ષર-એ

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે કારપેટ એરિયા બેઈઝ, ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ-૧૪૧બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડ્યુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ-૮(જ) નો ઉમેરો.

૮(જ) શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્યવેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમો

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓમાં ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો/જમીનોના વેકન્ડ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ/જમીન ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેલો મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુ-બાજુના વપરાશકર્તાઓને કોઇ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

મ્યુનિ. કમિશનરશ્રીએ રજૂ કરેલ સને ૨૦૧૩-૨૦૧૪ ના અંદાજપત્રમાં સ્ટેન્ડીંગ કમિટીએ ઉપર જણાવ્યા મુજબ સુધારા - વધારા કરી એકટની કલમ -૯૬ મુજબ તૈયાર કરેલ અંદાજપત્ર "એ" તથા એકટની કલમ-૯૯ માં જણાવ્યા અનુસાર ટેક્ષેસન પ્રપોઝલ મંજૂર કરવા તથા અંદાજપત્ર તા.૧૦ મી ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં રજુ કરવામાં જે વિલંબ થયો છે તે તથા સ્ટેન્ડીંગ કમિટીને પણ અંદાજપત્ર તૈયાર કરવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનને ભલામણ કરવામાં આવે છે.

રેવન્યુ આવકમાં વધારો

(રૂા. કરોડમાં)

અ. નં.	વિગત	આવકમાં વધારો
૧.	સામાન્ય વેરાની આવક (જુની બાકી પેટે)	૮૮.૭૦
૨.	વેકેન્ટ લેન્ડ ટેક્ષ	૧૦.૦૦
૩.	કોમર્શીયલ ડેવલપમેન્ટની આવક	૮૦.૦૦
૪.	પ્રિમીયમની આવકમાં વધારો	૨૦.૦૦
૫.	વધારાની એફએસઆઈ વાપરવા અંગેની ફી	૭૫.૦૦
૬.	પ્રાથમિક કેળવણી માટે મળતી	
	રાજય સરકારશ્રીની ગ્રાન્ટમાં વધારા	૧૮૮.૫૦
૭.	વ્યવસાય વેરો	૫.૦૦
	કુલ :-	૪૬૭.૨૦

રેવન્યુ આવકમાં ઘટાડો

(રૂા. કરોડમાં)

અ. નં.	વિગત	આવકમાં ઘટાડો
૧.	સામાન્ય વેરાની આવક (અંશતઃ વધારો મંજુર કરતા)	૮૭.૦૦
૨.	વાહન વેરો (અંશતઃ વધારો મંજુર કરતા)	૧.૫૦
૩.	થીયેટર ટેક્ષ (અંશતઃ વધારો મંજુર કરતા)	૦.૨૦
	કુલ :-	૮૮.૭૦

રેવન્યુ ખર્ચમાં વધારો

(રૂા. કરોડમાં)

અ. નં.	વિગત	ખર્ચમાં વધારો
૧.	પ્રા.શિક્ષણ સમિતિની ગ્રાન્ટમાં વધારો	૨૯૧.૦૦
૨.	શેઠ મા.જે.પુસ્તકાલયની ગ્રાન્ટમાં વધારો	૪.૨૦
૩.	શેઠ વા.સા.હોસ્પિ.ની ગ્રાન્ટમાં વધારો	૩૬.૯૫
૪.	મેયરશ્રી, ડે.મેયરશ્રી, સ્ટે.કમિટી ચેરમેનશ્રીના બજેટમાં વધારો	૧.૫૦
૫.	વુમન એક્ષ્પો - ૨૦૧૩નું આયોજન	૧.૦૦
૬.	યુવા જાગૃતિ વર્ષ	૧.૦૦
૭.	મેયરશ્રી નગરરત્ન એવોર્ડ - સંસ્કાર ચોરો	૧.૦૦
૮.	કર્મચારી ડ્રેસ કોડ	૦.૪૦
૯.	સીનીયર સીટીઝન નગર દર્શન યાત્રા	૦.૧૦
	કુલ :	૩૩૭.૧૫

ઉપર જણાવ્યા પ્રમાણે રેવન્યુ ખર્ચમાં રૂા. ૩૩૭.૧૫ કરોડનો વધારો થવા પામેલ છે. જેની સામે કુલ રેવન્યુ આવકમાં નેટ રૂા.૩૭૮.૫૦ કરોડનો વધારો થવા પામેલ છે તથા રૂા. ૧૦૭૩.૫૦ કરોડ વિકાસ કામો માટે ટ્રાન્સફર કરતાં આખરી સિલક રૂા. ૦.૩૦ કરોડ રહેવા પામે છે.

રેવન્યુ એકાઉન્ટ જમા બાજુ (રૂા. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૩-૧૪ મ્યુ. કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ	સ્ટે. કમિટી તરફથી સૂચિત વધારો-ઘટાડો	સને ૨૦૧૩-૧૪ કમિટીએ તૈયાર કરેલ અંદાજ
	ઉઘડતી સિલક...	૦.૧૪	૦.૦૦	૦.૧૪
૧	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૯૦૯.૩૭	૦૦.૦૦	૯૦૯.૩૭
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર			
	(અ) જનરલ ટેક્ષ	૪૯૦.૦૦	૧૦.૦૦	૫૦૦.૦૦
	(બ) વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૨૧૦.૦૦	૦૦.૦૦	૨૧૦.૦૦
૩	વ્યવસાય વેરો	૧૧૦.૦૦	૫.૦૦	૧૧૫.૦૦
૪	નોન ટેક્ષ રેવન્યુ આવક	૬૫૦.૦૦	૧૫૫.૦૦	૮૦૫.૦૦
૫	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૫૦.૦૦	૧૮૮.૫૦	૬૩૮.૫૦
૬	બીજી આવક	૧૬૭.૯૪	૨૦.૦૦	૧૮૭.૯૪
	રેવન્યુ આવકનું કુલ...	૨૯૮૭.૩૧	૩૭૮.૫૦	૩૩૬૫.૮૧
	એકંદરે કુલ...	૨૯૮૭.૪૫		૩૩૬૫.૯૫

રેવન્યુ એકાઉન્ટ ખર્ચ બાજુ (રૂ.કરોડમાં)

અ. નં.	બજેટહેડના નામ	સને ૨૦૧૩-૧૪ મ્યુ.કમિ.શ્રી તરફથી સૂચવેલ અંદાજ	સ્ટે.કમિટીનો વધારો-ઘટાડો	સને ૨૦૧૩-૧૪નો સ્ટે.કમિટીએ તૈયાર કરેલ અંદાજ
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૮૧૮.૪૧	૦.૦૦	૮૧૮.૪૧
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૬૦.૦૦	૧.૫૦	૬૧.૫૦
૩	મરામત અને નિભાવ	૧૬૬.૧૫	૦.૦૦	૧૬૬.૧૫
૪	પાવર અને બળતણ	૧૭૧.૭૫	૦.૦૦	૧૭૧.૭૫
૫	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૨૨૩.૬૪	૩.૫૦	૨૨૭.૧૪
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૬૩.૦૦	૩૩૨.૧૫	૭૯૫.૧૫
૭	લોન ચાર્જીસ	૪૪.૦૫	૦.૦૦	૪૪.૦૫
૮	અન્ય ખર્ચ	૮.૦૦	૦.૦૦	૮.૦૦
(અ)	**રેવન્યુ ખર્ચનું કુલ**	**૧૯૫૫.૦૦**	**૩૩૭.૧૫**	**૨૨૯૨.૧૫**
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	**૧૦૩૨.૨૫**		**૧૦૭૩.૫૦**
	આખરી સિલક	**૦.૨૦**		**૦.૩૦**
	એકંદરે કુલ.....	**૨૯૮૭.૪૫**		**૩૩૬૫.૯૫**

: સ્ટેન્ડીંગ કમિટીએ સૂચવેલ વિકાસ કાર્યો :

(રૂા. કરોડમાં)

(૧)	૨૦૦ ફુટ રીંગરોડ ક્રોસ ઓવરબ્રિજ - ફલાય ઓવરબ્રિજ	૧૦.૦૦
(૨)	ગોતા-ગોધાવી કેનાલ ડેવલપમેન્ટ	૫.૦૦
(૩)	મલ્ટીસ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ	૧.૦૦
(૪)	મ્યુ. કોર્પોરેશનના હયાત બિલ્ડીંગમાં વધારાના માળનું બાંધકામ કરી સુવિધા વધારવા	૩.૦૦
(૫)	ઐતિહાસિક ચોક "સ્વ. જયપ્રકાશ નારાયણ ચોકનો સીટી સ્કવેર તરીકે વિકાસ"	૨.૦૦
(૬)	કોમ્યુનીટી સેન્ટર, પાર્ટી પ્લોટ તથા કોમ્યુનીટી હોલ	૯.૮૫
(૭)	અદ્યતન શાક માર્કેટ - ફુટ માર્કેટ	૧.૦૦
(૮)	રેલ્વે ક્રોસીંગ પહોળા કરવા આયોજન	૩.૦૦
(૯)	ગામતળના વિકાસ માટે નાણાં ફાળવણી	૧૫.૦૦
(૧૦)	નાના તળાવોનો વિકાસ	૭.૦૦
(૧૧)	ડસ્ટ ફ્રી સીટી અભિયાન	૨૫.૦૦
(૧૨)	મીની પાવર પ્લાન્ટ	૨.૫૦
(૧૩)	સીટી બ્યુટીફીકેશન	૧૦.૦૦
(૧૪)	સ્ટેમ સેલ થેરાપી સેન્ટર	૫.૦૦
(૧૫)	એલ.જી. હોસ્પિટલ તથા શા.ચી.લા. હોસ્પિટલ ખાતે ટ્રોમા વોર્ડનું નવીનીકરણ	૫.૦૦

(૧૬)	૬ મોડેલ અર્બન હેલ્થ સેન્ટર	૪.૦૦
(૧૭)	આંગણવાડીનાં મકાનો	૫.૦૦
(૧૮)	પાંચ સ્પેશ્યલ ડીઝાઈનની ડેડબોડી વાન	૧.૦૦
(૧૯)	સ્મશાનગૃહો સુધારણા	૧.૦૦
(૨૦)	ગ્રીન મોબાઈલ ટોઈલેટવાન	૧.૦૦
(૨૧)	ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર	૧૦.૦૦
(૨૨)	ડ્રેનેજ ડીસીલ્ટીંગ માટે રોબટ ટાઈપ સુપર કલીનર, સુપર સકર મશીન તથા ખાળકુવા માટે ગલી એમ્પ્ટીયર ખરીદવા	૨.૦૦
(૨૩)	ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ બોર્ડની વસાહતોમાં સુવિધા માટે	૨૦.૦૦
(૨૪)	વધુ ક્ષેત્રફળ ધરાવતા વોર્ડ માટે વધુ બજેટ ફાળવણી	૧૯.૦૦
(૨૫)	ઝોનલ બજેટમાં વધુ ફાળવણી	૧૨.૫૦
(૨૬)	સરદાર પટેલ રીંગરોડને જોડતા મુખ્ય રસ્તાઓનો વિકાસ	૫.૦૦
(૨૭)	ગાર્ડન માટે રીસાઈકલ વોટરનો ઉપયોગ ડિસેન્ટ્રલાઈઝડ મીની સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૧.૦૦
(૨૮)	લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ (તળાવ) ડેવલપમેન્ટ	૧.૦૦
(૨૯)	ગાર્ડન ડેવલપમેન્ટ	૧.૦૦
(૩૦)	મણીનગર ફીડર કેનાલ ગાર્ડન - નવીનીકરણ	૧.૦૦
	કુલ :-	૧૮૮.૮૫

સને ૨૦૧૩-૨૦૧૪ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન

સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષમાં રૂા.૨૬૫૮.૮૫ કરોડના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

(રૂા.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૩-૧૪ ના વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજી આવક
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૦૭૩.૫૦
૨.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૬૦.૩૭
૩.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન)	૩૦૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૨૧૮.૩૬
૬.	સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ	૧૨.૦૦
૭.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૮.૭૫
૮.	ફાયર ટેક્ષની આવક	૧૩.૦૦
૯.	અન્ય	૧૨.૮૭
૧૦.	EWS - યોજના અન્વયે લાભાર્થીનો ફાળો	૬૦.૦૦
૧૧.	હુડકો લોન (ગેપ ફંડ)	૨૦૦.૦૦
૧૨.	JnNURM અંતર્ગત વધારાના કામો અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૦૦.૦૦
	કુલ ...	**૨૬૫૮.૮૫**

સને ૨૦૧૩-૨૦૧૪ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ વિકાસના કામોમાં રૂા. ૧૮૮.૮૫ કરોડનો વધારો કરીને રૂા. ૨૬૫૮.૮૫ કરોડનાં વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂા. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં વિકાસ ખર્ચના મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજે	૨૦૧૩-૧૪નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૫૨.૦૦	૩૭૭.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૫૦.૦૦	૮૮.૦૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૬૫.૦૦	૭૫.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૧૦૦.૦૦	૧૧૩.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૦૦.૦૦	૧૧૪.૦૦
૬.	મકાન	૧૦.૦૦	૪૪.૩૫
૭.	જાહેર સ્થળો	૧૨.૧૫	૨૬.૬૫
૮.	સ્ટ્રીટ લાઈટ	૫.૦૦	૧૮.૫૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૩૭.૮૫	૪૪.૩૫
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૫.૦૦	૧૫.૦૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૬.૦૦	૬.૦૦
૧૨.	જમીન સંપાદન	૧૦.૦૦	૧૦.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૨૦.૦૦	૪૦.૦૦
૧૪.	અન્ય	૨.૦૦	૨.૦૦
	(ક) નું કુલ	**૭૮૫.૦૦**	**૯૭૩.૮૫**
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૯૦.૦૦	૧૯૦.૦૦
(ગ)	સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૨૫.૦૦	૨૨૫.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૧૨.૦૦	૧૨.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ (AJL)	૩.૦૦	૩.૦૦

અ.નં.	વિગત	૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં વિકાસ ખર્ચના મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજે	૨૦૧૩-૧૪નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ
(છ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૫.૦૦	૫.૦૦
(જ)	**JnNURM ના કામો**		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ (ઈન્ફ્રાસ્ટ્રકચર)	૧૨૦.૦૦	૧૨૦.૦૦
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ (બસ)	૧૧૦.૦૦	૧૧૦.૦૦
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૨.૦૦	૨.૦૦
૪.	EWS હાઉસીંગ	૫૧.૦૦	૫૧.૦૦
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૧.૦૦	૧.૦૦
૬.	ડ્રેનેજ પ્રોજક્ટ	૪૦.૦૦	૪૦.૦૦
૭.	વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન	૧.૦૦	૧.૦૦
૮.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૨૦.૦૦	૨૦.૦૦
૯.	હેરીટેજ પ્રોજેક્ટ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૨૦.૦૦	૨૦.૦૦
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૦.૦૦	૧૦.૦૦
	(જ) નું કુલ	**૩૭૫.૦૦**	**૩૭૫.૦૦**
(ઝ)	**JnNURM અંતર્ગત વધારાના કામો**	**૨૦૦.૦૦**	**૨૦૦.૦૦**
(ટ)	**ગ્રાન્ટના કામો**		
૧.	મુખ્યમંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૬.૭૭	૬.૭૭
૩.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૮.૦૦	૮.૦૦
૪.	સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૨.૫૦	૧૨.૫૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૨૦.૫૦	૨૦.૫૦
૬.	અન્ય ગ્રાન્ટ	૧.૦૦	૧.૦૦
૭.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો	૨૬.૨૩	૨૬.૨૩
	(ટ) નું કુલ	**૬૭૫.૦૦**	**૬૭૫.૦૦**
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	**૨૪૭૦.૦૦**	**૨૬૫૮.૮૫**

અંદાજપત્ર - સને ૨૦૧૩-૨૦૧૪

(રૂા. કરોડમાં)

વિગત	મ્યુ.કમિશનરશ્રીની દરખાસ્ત	વધારો	સ્ટે. કમિટીએ તૈયાર કરેલ અંદાજપત્ર
રેવન્યુ ખર્ચ	૧૯૫૫.૦૦	૩૩૭.૧૫	૨૨૯૨.૧૫
વિકાસના કામો	૨૪૭૦.૦૦	૧૮૮.૮૫	૨૬૫૮.૮૫
કુલ બજેટ	**૪૪૨૫.૦૦**	**૫૨૬.૦૦**	**૪૯૫૧.૦૦**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અંદાજપત્ર : સને ૨૦૧૩-૨૦૧૪

રૂપિયા ક્યાંથી આવશે ?

૧	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૨૭ પૈસા
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર	
	(અ) જનરલ ટેક્ષ	૧૫ પૈસા
	(બ) વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૦૬ પૈસા
૩	પ્રોફેશનલ ટેક્ષ	૦૩ પૈસા
૪	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૪ પૈસા
૫	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૯ પૈસા
૬	અન્ય આવક	૦૬ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

રૂપિયા ક્યાં જશે ?

૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૪ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૦૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૦૫ પૈસા
૪	વિજળી અને બળતણ	૦૫ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૦૭ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૨૪ પૈસા
૭	લોન ચાર્જીસ	૦૧ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૨ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

☞ **<u>પ્રસ્તાવના</u> :**

ગ્લોબલાઇઝેશન, ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીના આ યુગમાં નાના બનતા જતા વિશ્વમાં અમદાવાદ શહેરે દેશ-વિદેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત ફ્રી ઇકોનોમી અને ગ્લોબલાઇઝેશનનો સંપૂર્ણપણે લાભ ઉઠાવી શકાય તે હેતુથી અમદાવાદ શહેરની માળખાકીય સુવિધાઓ વૈશ્વિક સ્તરની તેમજ પર્યાપ્ત માત્રામાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રાપ્ત થાય તેવા ઉદેશ્યને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેરનું આગામી વર્ષ માટે તથા આવનારા ૨૦૩૧ સુધીના વર્ષને ધ્યાનમાં રાખીને અમદાવાદને સ્લમ ફ્રી સીટી બને અને શહેરોમાં 'નિર્મળ જમીન', 'નિર્મળ વાયુ' અને 'નિર્મળ જળ' ઉપલબ્ધ થાય તે મુજબની કામગીરી કરવાનું વ્યુહાત્મક આયોજન કરવામાં આવેલ છે.

સુગઠિત અને સુઆયોજીત માળખાગત સુવિધાઓ અને તેના સુનિયોજીત વિસ્તાર અને વિકાસના કારણે આપણું અમદાવાદ શહેર રોકાણકારો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને નિવેશકોની યાદીમાં મોખરાનું સ્થાન પામે છે. જે શહેરમાં આર્થિક વિકાસ માટે રહેલી વિપુલ તકોની ખાતરી આપે છે. આ આધારે જ છેલ્લા વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ માં અમદાવાદ શહેર ઉદ્યોગપતિઓ, મોટા વેપારીઓ, નિવેશકો અને રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું શહેર બનેલ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના :

દેશ અને વિદેશમાં અમદાવાદ શહેરની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવા રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પ્રોજેકટને પરિપુર્ણ કરવા અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં રોડ, બ્રીજ,ફલાયઓવર, જળ વિતરણ વ્યવસ્થા, ગટર યોજના, શાળાઓનું આધુનિકરણ, સ્પોર્ટસ કોમ્પલેક્ષનો વિકાસ, અર્બન હેલ્થ સેન્ટરોનું નવિનીકરણ વિગેરે પ્રોજેકટની મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કરવામાં આવેલ રૂા.૬૩૬.૦૦ કરોડના અંદાજીત રકમના ૭૯૬ કામોની દરખાસ્ત મંજુર થયેલ છે. જેની સામે રૂા.૬૩૬.૦૦ કરોડની ગ્રાન્ટના કામો ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ અને ત્યારપછીના આવનારા વર્ષો માટે ફેઝ-૨ માં રૂા.૧૦૦૦.૦૦ કરોડના કામો કરવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં અર્બન મોબિલીટી, બેઝિક સીવીક એમીનીટીઝ, એફોર્ડેબલ હાઉસીગ, સોશ્યલ ઇન્ફ્રા એમીનીટીઝ, ઇ-ગવર્નન્સ તથા સ્કીલ ડેવલપમેન્ટ જેવા પ્રોજેકટસનો સમાવેશ કરવામાં આવેલ છે. જે પૈકી સને ૨૦૧૨-૧૩માં રૂા.૪૫૮.૦૦ કરોડ તથા સને ૨૦૧૩-૧૪ માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે રૂા.૬૦૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➢ **નવા રાણીપથી જૂના રાણીપને જોડતો રેલ્વે ઓવરબ્રીજ :**

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નવા રાણીપથી જુના રાણીપને જોડતો રેલ્વે ઓવરબ્રીજ બનાવવા અને નરોડા પાસે રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું આયોજન છે.

➢ **મોડલ રોડ :**

રૂા.૧૬૧.૦૦ કરોડના ખર્ચે ૩૭.૪૦ કિ.મી.ના કુલ ૧૯ રસ્તાઓને મોડેલ રોડ ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ **આર.સી.સી. રોડ :**

શહેરના રસ્તાઓની લાઈફ વધારવા તથા સમયાતંરે મરામત નિભાવનો ખર્ચ ઘટાડવા માટે શહેરમાં ૨૪ મીટરથી વધુ પહોળાઈના ૨૦ કીમી જેટલા રસ્તાઓને બે લેનના આર.સી.સી. રોડ રૂા.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.

➢ **ગ્રીન સસ્ટેનેબલ મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીંગ :**

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વી.એસ. સંકુલમાં ૭૦ મીટર ઉંચાઈનું ગ્રીન સસ્ટેનેબલ મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીગ બનાવવામાં આવશે. જેમાં ૧૩૫૦ જનરલ અને ૩૦૦ પેઈડ બેડની સગવડતા મળશે.

➢ **એલ.જી. હોસ્પીટલ ખાતે ઓડીટોરીયમ અને હોસ્ટેલ :**

નવી બનેલ એલ.જી. હોસ્પીટલ ખાતે ઓડીટોરીયમ અને હોસ્ટેલની સવલત પૂરી પાડવા નવી ૧૪ માળની યુ.જી. હોસ્ટેલ બિલ્ડીગ રૂા.૬૮.૨૦ કરોડના ખર્ચે કરવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

જેએનએનયુઆરએમ યોજના :

જેએનએનયુઆરએમ યોજના હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂા.૨૬૭૩.૯૪ કરોડના ૨૩ પ્રોજેક્ટો તથા ઔડાના રૂા.૫૫૫.૧૧ કરોડના ૧૦ પ્રોજેક્ટો મળીને અમદાવાદ શહેર માટે રૂા.૩૨૨૯.૦૫ કરોડના ૩૩ પ્રોજેક્ટો મંજુર થયેલ છે. જેએનએનયુઆરએમ યોજના હેઠળ મંજૂર થયેલ ૩૩ પ્રોજેક્ટ પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલીકરણ કરવામાં આવતાં ૨૩ પ્રોજેક્ટ પૈકી ૧૨ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. જ્યારે ઔડા દ્વારા અમલીકરણ કરવામાં આવતાં ૧૦ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. આમ ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં મંજૂર થયેલ ૩૩ પ્રોજેક્ટ પૈકી ૨૨ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે.

➢ **બી.આર.ટી.એસ. કોરીડોર :**

જેએનએનયુઆરએમ અંતર્ગત અમદાવાદ શહેરના નાગરિકોને વિશ્વસનીય, કાર્યક્ષમ, ઝડપી તથા વિશ્વના અન્ય શહેરોની જાહેર પરીવહન સેવા સાથે સરખામણી થઈ શકે તે પ્રકારની જાહેર પરિવહન સેવા માટે તથા શહેરમાં પ્રદૂષણની

માત્રામાં ઘટાડો કરવા રૂા.૯૮૧.૪૪ કરોડના ૮૮.૮ કિ.મી. લંબાઈના કોરીડોરની બસ રેપીડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમ (બી.આર.ટી.એસ.) યોજનામાં ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં ૬૧ કીમી લંબાઇના બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વત કરવામાં આવેલ છે.

- **માર્ચ-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન :**

હાલમાં બાકીના કોરીડોરની કામગીરી ચાલુ છે તે પૈકી ઈસ્કોન થી બોપલ, એલિસબ્રીજ થી કાલુપુર, નહેરૂનગર થી એલ.ડી. એન્જીનીયરીંગ સુધીના કોરીડોરની કામગીરી માર્ચ-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરીને કાર્યવન્ત કરવામાં આવશે.

- **આગામી વર્ષ ૨૦૧૩-૧૪ :**

ફેઝ-૨ ના બાકીના બી.આર.ટી.એસ. કોરીડોર એલ.ડી. એન્જીનીયરીંગ થી એલિસબ્રીજ, વિસત થી એસ.પી. રીંગ રોડ, કાલુપુર થી દિલ્હી દરવાજા, કાલુપુર થી નરોડા અને શાહઆલમ થી એલિસબ્રીજ સુધીના કોરીડોરની કામગીરી આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં પૂર્ણ કરવામાં આવશે. સને ૨૦૧૨-૧૩ માં રૂા.૧૭૯.૮૨ કરોડ તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૨૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

વધુમાં બી.આર.ટી.એસ. માટે ૨૨૪ હાઈ ક્વોલિટીની બસની ખરીદી માટે સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૧૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➢ **જેએનએનયુઆરએમ ફેઝ-૨ બી.આર.ટી.એસ. ફેઝ-૩ :**

શહેરના સરદાર પટેલ રીંગ રોડ, નારોલ - વટવા - નરોડા જી.આઈ.ડી.સી. સાથે તેમજ સાયન્સ સીટી તેમજ પૂર્વ અને પશ્ચિમના નવા વિસ્તારોને બી.આર.ટી.એસ. નેટવર્ક સાથે જોડવા જેએનએનયુઆરએમ ફેઝ -૨ બી.આર.ટી.એસ. ફેઝ-૩ અંતર્ગત ૪૦ કીમી લંબાઇની બી.આર.ટી.એસ. કોરીડોર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેની સાથે બી.આર.ટી.એસ.નું કુલ નેટવર્ક ૧૩૦ કિ.મી. જેટલું થશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦૦.૦૦ કરોડનુ બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ **EWS હાઉસીંગ :**

શહેરી ગરીબો માટે બનાવવામાં આવતાં ૨૦૧૬૦ આવાસો પૈકી ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં ૧૬૬૭૨ આવાસો બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના આવાસો બનાવવાની કામગીરી ચાલુ છે. જે માટે આગામી નાણાંકીય વર્ષમાં ૨૦૧૩-૧૪ માં રૂા.૫૧.૦૦ કરોડની ફાળણી કરવામાં આવેલ છે.

➢ **રાજીવ ગાંધી આવાસ યોજના (RAY) :**

સ્લમ ફ્રી સીટી બનાવવા માટે રાજીવ ગાંધી આવાસ યોજના (RAY) અંતર્ગત રૂા.૨૫૨.૬૬ કરોડનો ડી.પી.આર. કેન્દ્ર સરકારમાં મંજૂરી અર્થે મોકલવામાં આવેલ છે. જેમાં ૩૩૯૨ નવા આવાસો બનાવવા માટે રૂા.૧૪૩.૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં ૩૫૯૦ જૂના આવાસોનું રિડેવલપમેન્ટ તથા ઈન્ફ્રાસ્ટ્રકચરલ સુવિધા પૂરી પાડવાનું આયોજન કરેલ છે.

➢ **ભૂગર્ભ ગટર યોજના (સુઅરેજ નેટવર્ક) :**

જેએનએનયુઆરએમ અંતર્ગત શહેરની ૧૦૦% વસ્તીને ભુગર્ભ ગટર યોજના હેઠળ આવરી લેવા માટે નવા સમાવીષ્ટ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં રૂા.૩૧૩.૦૬ કરોડનાં ખર્ચે ૪૮૮ કીમી લંબાઈનું સુઅરેજ નેટવર્ક નાખવામાં આવી રહેલ છે. અત્યાર સુધીમાં ૩૫૯ કીમી લંબાઈની સુએજ નેટવર્ક લાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં બાકીની સુઅરેજ લાઈનની કામગીરી રૂા.૧૦૦.૦૦ કરોડનાં ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે. જે માટે ચાલુ નાણાંકીય વર્ષમાં રૂા.૪૬.૦૦ કરોડ તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૪૧.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

વોટર પ્રોજેક્ટ :

➢ **એકશન પ્લાન - પ્રિ-ફિઝીબિલિટી રિપોર્ટ - વોટર સપ્લાય ૨૪x૭ :**

એક જ સમયે બે કલાક માટે તમામ વિસ્તારને પાણી પુરૂ પાડવાની નીતી હોઇ, કેટલાક છેવાડાના વિસ્તારમાં પાણીના પ્રેશર તથા ઇક્વીટેબલ વોટર ડીસ્ટ્રીબ્યુશનના પ્રશ્નો રહે છે. વિશ્વના વિકાસશીલ દેશોના અનુભવને આધારે ૨૪ કલાક સતત પાણી સપ્લાય કરવામાં આવે તો સ્થાનિક સ્તરે પાણી સંગ્રહ કરવાની અને તેનો બગાડ થવાની શક્યતાઓ નહિવત રહે છે. શહેરના નાગરિકોને આખો દિવસ પાણી પુરુ પાડી શકાય તે માટે શહેરમાં તબક્કાવાર ૨૪x૭ વોટર સપ્લાય સ્કીમ અમલમાં મુકવામાં આવશે. ૨૪x૭ વોટર સપ્લાય સ્કીમનો અમલ થવાથી વોટર કન્ટામીનેશન થવાની શક્યતા રહેતી નથી,પાણીમાં અશુધ્ધી ન ભળવાને કારણે પાણી જન્ય રોગો થવાની શક્યતા રહેતી નથી, સમગ્ર શહેરમાં ઈક્વિટેબલ પ્રેશરથી પાણી મળે તથા નોન રેવન્યુ વોટર ન્યુનત્તમ રહે તેવા ફાયદાઓ થાય છે. પ્રથમ તબક્કામાં કન્સલટન્ટની નિમણુક કરી તેઓ દ્વારા હયાત પાણીના ઈન્ફ્રાસ્ટ્રકચરનો અભ્યાસ કરવામાં આવશે. જેના દ્વારા સ્ટોરેજ ક્ષમતા, પંપીગ ક્ષમતા, પાણીની લાઈનની વહન ક્ષમતા તેમજ ગ્રાઉન્ડ લેવલે કન્ટુર સર્વેક્ષણ તેમજ નોન રેવન્યુ વોટરનો અભ્યાસ કરી હાઈડ્રોલીક મોડેલ તૈયાર કરી પાણીના DMA તૈયાર કરવામાં આવશે. જેથી શહેરીજનોને પુરતા પ્રેશરથી પુરતા જથ્થામાં પાણીનો જથ્થો ૨૪ કલાક, ૭ દિવસ એમ આખુ વર્ષ આપી શકાશે.

➢ **પાયલોટ પ્રોજેક્ટ :**

પ્રથમ તબક્કામાં સર્વેક્ષણની કામગીરી સાથે સાથે નવા પશ્ચિમ ઝોનના છારોડી તથા જોધપુર વોર્ડમાં પાયલોટ પ્રોજેક્ટ અમલીકરણ કરવાનું આયોજન માટે સને ૨૦૧૩-૧૪માં રૂા.૧૫.૦૦ કરોડની જોગવાઈ કરેલ છે.

➢ **૨૪X૭ મીટરીંગ સિસ્ટમ :**

૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ માટે મીટરીંગ સિસ્ટમ હોવી જરૂરી હોવાથી શહેરમાં નવી બંધાતી મિલકતોમાં તા.૦૧-૦૪-૨૦૧૩ પછી ફરજીયાત ધોરણે બી.યુ. પરમીશન વખતે જ મ્યુનિસિપલ કોર્પોરેશને નક્કી કરેલ વોટર મીટર મુકવાની નીતિ બનાવવામાં આવેલ છે.

➢ **ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ માટે ટર્સરી ટ્રીટમેન્ટ દ્વારા રિસાઈકલીંગ :**

અમદાવાદ શહેરના નરોડા, વટવા, ઓઢવ, નારોલ, દાણીલીમડા તથા અન્ય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના તમામ યુનિટ દ્વારા જી.આઈ.ડી.સી તથા પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા બનાવવામાં આવેલ બોરવેલમાંથી અંદાજીત ૨૦૦ MLD ભૂગર્ભ જળનો વપરાશ પીવા માટે તથા ઉત્પાદન માટે કરવામાં આવે છે. બોરવેલનાં સતત વપરાશને કારણે જમીનમાં પાણીનું સ્તર નીચે ઉતરતું જાય છે જેથી તમામ બોરવેલનો ઉપયોગ બંધ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદા-જુદા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ માટે પીવા માટે જરૂરી ૩૭.૫ એમ.એલ.ડી. પોટેબલ વોટર કોતરપુર વોટર વર્કસ/રાસ્કામાંથી તથા પ્રોડકશન માટે જરૂરી અંદાજીત ૧૭૧ એમ.એલ.ડી. ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનું પાણી એસ.ટી.પી.માંથી ટર્સરી ટ્રીટમેન્ટ કરી રિસાયકલ કરી ઉદ્યોગોને વેચાતા દરે પરત આપવા આયોજન હાથ ધરેલ છે.આ અંગે તમામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં હયાત બોરવેલ તથા જુદી-જુદી ઈન્ડસ્ટ્રીઝ માટે પોટેબલ/ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડના પાણીની કુલ જરૂરીયાત અંગે સર્વે કરવાની કામગીરી અર્બન મેનેજમેન્ટ સેન્ટરને સોંપવામાં આવેલ છે. એક વખત અમ્યુકો દ્વારા આ તમામ ઔદ્યોગીક એકમોને તેમની જરૂરીયાત મુજબના પાણીનો જથ્થો આપવાની વ્યવસ્થા ઉભી થાય ત્યારબાદ તમામ પાણીના બોર સીલ કરવામાં આવશે.

ડ્રેનેજ-સ્ટોર્મ વોટર ડ્રેઈન પ્રોજેક્ટ :

એસ.ટી.પી. ખાતાના જુદા જુદા સુઅરેજ પંપીંગ સ્ટેશનોના એનર્જી ઓડીટ રીપોર્ટ મુજબ અપગ્રેડેશનની કામગીરી અન્વયે ઓછી ક્ષમતાના પંપની જગ્યાએ વધુ ક્ષમતાવાળા પંપ રીપ્લેસમેન્ટની કામગીરી, સુએજના પાણી સાથે આવતા ઘનકચરાને રોકવા ઓટોમેટીક ઈમ્પોર્ટેડ સ્ક્રિન્સ, બોક્ષ ટાઈપ સ્ક્રિન્સ, કુવાનું લેવલ દર્શાવતાં લેવલ ઈન્ડિકેટર્સ, વરસાદી પાણીના નિકાલ માટેનાં પંપની ખરીદી તેમજ સુઅરેજ પંપીગ સ્ટેશનો ખાતે ઈન્ટરનલ અને એક્ષટર્નલ લાઈટીંગની કામગીરી માટે આયોજન કરવામાં આવેલ છે. ૫૦૦ MLD સેકન્ડરી ટ્રીટેડ સુઅરેજ નો જથ્થો પશ્ચિમ ભાગમાં વાસણા ખાતે પર્યાપ્ત છે. જે ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા અ.મ્યુ.કો. ને સદર જથ્થો ધોલેરા એસ.આઈ.આર માટે ફાળવવા જણાવવામાં આવેલ છે.

બિલ્ડીંગ્સ :

➢ **નવા પશ્ચિમ ઝોનમાં બોડકદેવ ખાતે ઓડીટોરીયમ :**

નવા પશ્ચિમઝોનમાં હાલમાં એક પણ ઓડીટોરીયમ બિલ્ડીંગ બનાવવામાં આવેલ નથી તથા વિસ્તારના લોકોની પણ ઘણાં સમયથી માંગણી હોઈ આ પ્રકારનાં ઓડીટોરીયમ માટેની જગ્યા શોધી તેની પર અત્યાધુનિક ઓડીટોરીયમ અંદાજે

રૂા.૩૯૯૨.૦૭ લાખના ખર્ચે બનાવવાનુ નક્કી કરવામાં આવેલ હતું. જે અન્વયે નવા પશ્ચિમ ઝોન બોડકદેવ વોર્ડમાં ટી.પી.૫૦ એફ.પી.૩૮૨ રાજપથ ક્લબની પાછળ કેન્સવીલા ગોલ્ફ ક્લબની સામેનો પ્લોટ આશરે ૭૨૦૨.૦૦ ચો.મી. નો મળેલ હતો. આ સ્થળે ઓડીટોરીયમ બિલ્ડીંગમાં પાર્કિંગ, શો-રૂમ, દુકાન, અત્યાધુનિક ઓડીટોરીય હોલ તથા રેન્સ્ટોરન્ટ (ફુડ કોર્ટ) વિગેરે સુવિધાઓ રાખવાનુ આયોજન કરેલ છે. આ ઓડીટોરીયમમાં ૧૦૦૦ બેઠકની કેપેસીટી રહેશે.

➢ **નવા પશ્ચિમ ઝોનમાં બોડકદેવ ખાતે કોમ્યુનિટી હોલ :**

બોડકદેવ તથા તેની આસપાસનાં વિસ્તારનાં મધ્યમ વર્ગનાં લોકોને પોષાય તેવો હોલ સમાજ ઉપયોગી પ્રસંગો / કાર્યક્રમો માટે બોડકદેવમાં જ હાલમાં નાનો કોમ્યુનીટી હોલ બનાવવાનું ચાલુ છે જે વર્ષના અંત સુધીમાં જાહેર જનતા માટે ખુલ્લો મુકી શકાશે તેમજ જરૂરીઆત મુજબ દુકાનોમાં ઈન્ટરનલ ફેરફાર કરી શકાય તે મુજબનુ પણ આયોજન કરવામાં આવેલ છે.

નવા પશ્ચિમ ઝોનના ઓડીટોરીયમ તથા કોમ્યુનિટી હોલ માટે સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ **નાઈટ શેલ્ટર્સ :**

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન અનુસંધાને શહેરમાં કુલ ૪૫ જગ્યાએ નાઈટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. જે જુદા-જુદા એન.જી.ઓ. દ્વારા કાર્યરત છે. નાઈટ શેલ્ટર્સમાં રસ્તા ઉપર સૂતા લોકોને રાત્રિ આશ્રય આપવામાં આવે છે. નાઈટ શેલ્ટર્સમાં ગાદલા-ઓશીકું, ધાબળા, ચાદર વગેરેની સગવડ પૂરી પાડવામાં આવેલ છે તેમજ કોઈપણ પ્રકારના ચાર્જ લેવામાં આવતો નથી. નાઈટ શેલ્ટર્સમાં સૂવા માટેની તેમજ શૌચાલયની સુવિધા આપવામાં આવેલ છે. શહેરમાં બીજા કુલ ૯ નાઈટ શેલ્ટર્સ બનાવવામાં આવનાર છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૨.૬૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૬.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ **આંગણવાડી :**

શહેરમાં જુદા જુદા ઝોનમાં જુદી જુદી ૫૦ જગાઓએ નાના બાળકો માટે રાજય સરકારની યોજના અન્વયે આંગણવાડી બનાવવાની થાય છે અને તે માટે રાજય સરકાર દ્વારા નિશ્ચિત થયેલ ડિઝાઈનની આંગણવાડીના મકાન રૂા.૨.૬૪ કરોડના ખર્ચે પ્રિ-કાસ્ટ આર.સી.સી. પ્રકારનું બાંધકામ કરી બનાવવા સેન્ટ્રલાઈઝડ ટેન્ડર હાઉસીગ પ્રોજેકટ મારફતે મંગાવી મંજુર કરાવેલ છે અને દરેક ઝોન દ્વારા કામગીરી કરવામાં આવનાર છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૪.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫.૧૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

થડા (ઓટલા) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જમાલપુર એ.પી.એમ.સી. માર્કેટની બહારના રોડ પર શાકભાજી વેચનાર ફેરિયાઓને કારણે રોડ ઉપર થતા દબાણ તેમજ ગંદકીના નિકાલ અર્થે એ.પી.એમ.સી. માર્કેટની સામે આવેલ સ્વર્ગસ્થ અશોકભાઈ ભટ્ટ ફલાય ઓવર બ્રીજની નીચેના ભાગે ૧.૫ ફુટ ઉંચા થડા (ઓટલા) બનાવી ત્યાં શાકભાજી વેચનાર ફેરિયા બેસી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટેની કામગીરી છે. જે થવાથી હાલમાં રોડ ઉપર થતું દબાણ તેમજ ગંદકી દુર કરી શકાશે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

જાહેર સ્થળો :

➢ હેરીટેજ સ્થળોનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ :

અમદાવાદ શહેરમાં આવી પ્રવાસીઓને આકર્ષીત કરે તેવી જગ્યાઓની આજુબાજુ તે જગ્યાઓના લેન્ડસ્કેપ તેમજ તે વિસ્તારમાં પબ્લીક યુટીલીટી પ્રવાસીઓની જરૂરિયાતો અનુરૂપ ડેવલપ કરવી જરૂરી છે, જેથી વધારે અને વધારે પ્રવાસીઓ જગ્યાની મુલાકાત લે.આ માટે ગુજરાત ટુરીઝમ ડીપાર્ટમેન્ટ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. રૂા.૫૫.૬૯ કરોડના પ્રાથમિક અંદાજમાં ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન શહેરના હેરીટેજના સ્થળોનો વિકાસ કરવા માટે ૫૦% ખર્ચ પેટે ફાળો આપશે તે અનુસંધાને આગામી બે વર્ષમાં લૉ ગાર્ડન, સિદ્દી સૈયદની જાળી, હઠીસીંગનું મંદિર, સરખેજ રોઝા તેમજ ઝુલતા મીનારા એમ પાંચ જગ્યાઓ ડેવલપ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ડેવલપમેન્ટનું પ્લાનીંગ સેપ્ટ સંસ્થાને સોંપવામાં આવેલ છે ઈમારતોની આજુ-બાજુ લેન્ડ સ્કેપીંગ માટે જે જગ્યાએ જરૂર હોય ત્યાં જરૂરી મંજુરી એ.એસ.આઇ. ડીપાર્ટમેન્ટની લઇને કરવામાં આવશે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૦.૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ કાંકરીયા લેક ફ્રન્ટ :

કાંકરીયા લેક ફ્રન્ટ અમદાવાદ શહેરની આગવી ઓળખ બની ગયેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વાર્ષિક મહોત્સવ તરીકે દર વર્ષે કાંકરિયા કાર્નિવલ ઉજવવામાં આવે છે. જેમાં, મુખ્ય આકર્ષણોમાં ચિલ્ડ્રન બુક ફેસ્ટિવલ, ચિલ્ડ્રન ટોય ફેસ્ટિવલ, ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ, આર્મ એક્ઝિબિશન, બોન્સાઈ ટ્રી એક્ઝિબિશન, વોલ પેઈન્ટીંગ, કોઈન એક્ઝિબિશન, ઈસ્ટમેન ફોટોગ્રાફી - કટઆઉટ, મોબાઈલ ફિલ્મ કોમ્પિટીશન, બાયોસ્કોપ, અમદાવાદ મેરેથોન, પ્રોશેસન, ભારત ભક્તિ, રોક બેન્ડ્સ, એક્ટિવીટી બેઈઝ્ડ લર્નિંગ, સ્કુબા ડાઈવિંગ, સેગ-વે પોલો, પેરા સેઈલીંગ, થીમ પેવેલીયન, યોગા, સૂર્યનમસ્કાર, વિવિધ સાંસ્કૃતિક અને સંગીત કાર્યક્રમો, કાંકરિયા તળાવની પાળે રંગોળી નિદર્શન, આતશબાજી, થીમ લાઈટીંગ, મલ્ટી કલર લેઝર શો વિગેરેનો સમાવેશ થાય છે.

બાળકો તથા યુવાનો માટે તેમજ રૂા.૬.૦૦ કરોડનાં ખર્ચે પબ્લીક પ્રાઈવેટ ધોરણે કાંકરીયામાં વન ટ્રી હીલ ગાર્ડન ખાતે ટાર્ગેટ આર્ચરી, એડવેન્ચર મિનિએચર ગોલ્ફ, મેરર મેઝ તથા બટર ફલાય પાર્ક કાંકરીયા લેક ખાતે એકવા કાર્ટિંગ, સેગ-વે,

બલુન સફારી પ્રોજેકટની બાજુમાં એડવેન્ચર ટ્રી વોકનું ઉદઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ડિસેમ્બર-૨૦૧૨ માં કરવામાં આવેલ છે તેમજ રૂા.૬૨.૦૦ કરોડનાં ખર્ચે પબ્લીક પ્રાઇવેટ ધોરણે બાલવાટિકા ખાતે એમ્યુઝમેન્ટ પાર્ક-૧ અને પાર્ક-૨ નું ખાતે મુહુર્ત ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ડિસેમ્બર-૨૦૧૨ માં કરવામાં આવેલ છે.

➢ ટાગોર હોલ રિનોવેશન :

પશ્ચિમ ઝોનના પાલડી વોર્ડમા આવેલ ટાગોર હોલ જે અમદાવાદ શહેરનો મુખ્ય સાંસ્કૃતિ હોલ છે. આ હોલ આશરે ૫૦ વર્ષ જુનો હોલ છે. આ હોલમાં કોઈ મોટું સ્ટ્રકચરલ રીપેરીંગ કરેલ નથી. આ હોલમાં કોલેજ-સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાને લગતા કાર્યક્રમો કરવામાં આવે તથા અન્ય કલાકારોના સાંસ્કૃતિ કાર્યક્રમ થાય છે. તેમજ સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓના કાર્યક્રમ પણ આ હોલમાં થાય છે. જેથી આ હોલને વ્યવસ્થિત કરવા રીપેરીંગ-રીનોવેશન કરવું જરૂરી છે. હોલને રીપેરીંગ, રીનોવેશન તેમજ બ્યુટીફીકેશન કરવા માટે સને ૨૦૧૩-૧૪ ના બજેટમાં રૂા.૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

➢ હેરીટેજ ઈન અમદાવાદ :

અમદાવાદ શહેર વર્લ્ડ હેરીટેજનો દરજ્જો મેળવવા આગળ વધી રહેલ છે. ૬૦૦ વર્ષ જુનું અમદાવાદ શહેર ઐતિહાસિક શહેર છે. ૬૦૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં શિલ્પ અને સ્થાપત્ય કલાની નમુનારૂપ અદભૂત ઈમારતો તેમજ જગ્યાઓ ડેવલપ થયેલ છે, તેમજ લોકોના રીકીએશન માટે અમદાવાદ શહેરમાં પણ અમુક વિસ્તાર જેવા કે લો ગાર્ડન, કાંકરીયા તળાવ ડેવલપ થયેલ છે. વળી ભદ્રના કિલ્લાનું રીનોવેશન પણ ચાલુ છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૧૧.૦૯ કરોડ તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૨૧.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➢ હરીયાળુ અમદાવાદ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું તથા સુંદર બનાવવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શહેરના જુદા-જુદા મોડેલ રોડ પર સેન્ટ્રલ વર્જમાં કરેલ તથા બોગનવેલ પ્લાન્ટ લગાવીને શહેરની સુંદરતામાં વધારો કરેલ છે. ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજે ૨,૮૩,૦૦૦ રોપાઓનું બગીચા ખાતા દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ માં બગીચા વિભાગ દ્વારા જુદા જુદા ઝોનમાં ૧૭ નવા બગીચાઓ બનાવવા, જુદા જુદા ઝોનમાં ૯ બગીચાઓ રી-ડેવલપમેન્ટ, જુદા જુદા ઝોનમાં ૪ નવી સેન્ટ્રલ વર્જ ડેવલોપમેન્ટ, જુદા જુદા ઝોનમાં ૭ મોડલ રોડ પરની સેન્ટ્રલ વર્જનાં ડેવલોપમેન્ટ, જુદા જુદા ઝોનમાં ૩ સેન્ટ્રલ વર્જ રી-ડેવલોપમેન્ટ, બગીચાઓની કામગીરી માટે આધુનિક યાંત્રીક સાધનોની ખરીદી, વૃક્ષને પાણી આપવા તમામ ઝોનમાં અલાયદી નવી વોટર ટેન્કરની ખરીદી, બગીચાઓમાં બાળકોનાં મનોરંજન માટે અદ્યતન રમત-ગમતનાં સાધનોની ખરીદી, રોડ સાઇડ પર વૃક્ષોનાં રક્ષણ માટે નવા ટ્રી-ગાર્ડની ખરીદી, જાહેર બગીચાઓમાં સ્વચ્છતા જાળવવા આધુનિક ડસ્ટબીન મુકવા, ઈન-હાઉસ વૃક્ષ ઉછેર માટે દરેક ઝોનમાં નર્સરી ઉભી કરવી, શહેરમાં આવનારા ચોમાસા દરમ્યાન ૩,૬૫,૦૦૦ રોપાઓનું બગીચા ખાતા દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવશે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦.૬૧ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➢ તળાવો :

અમદાવાદ શહેરમાં આવેલ તળાવોમાંના ઘણા તળાવો કુદરતી સ્વરૂપે હોઇ તેનો વિકાસ કરવો અત્યંત જરૂરી જણાય છે. હાલની પરિસ્થિતી મુજબ તળાવની અંદર તથા આજુબાજુની જગ્યાઓ પર ગેરકાયદેસર બાંધકામો થયેલ છે. તળાવો વિકસાવવાથી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે તથા રસ્તાઓ, વિસ્તારોમાં પાણી ભરાવાનાં પ્રશ્નો હલ કરી શકાશે. વરસાદી પાણી સંગ્રહ થવાથી ભુગર્ભનાં પાણીના સ્તર રીચાર્જ થવાથી ભુગર્ભ પાણીનાં સ્તર ઉંચા આવી શકે છે. આ તળાવોના વિકાસની કામગીરીમાં તળાવોને ઉંડા કરી, કમ્પાઉન્ડવોલ / ફેન્સીંગ ઉભી કરી, તળાવ ફરતે રસ્તા / જોગીંગ માટે વૉક-વે, બાગબગીચા તથા લાઈટીંગની વ્યવસ્થા કરી આરામથી બેસી શકાય તેવી બેઠક વ્યવસ્થા, વરસાદી પાણી ભરવા માટે સ્ટૉર્મવોટર લાઈનના ઈનલેટ અને આઉટલેટો ઉભા કરવા, પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા, રીચાર્જ કુવા બનાવવા વિગેરે કામગીરી આવરી લેવામાં આવશે. ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગ તરફથી વટવા, લાંભા, ચંડોળા તથા શીલજ વિસ્તારોના તળાવોનો સમાવેશ કરવામાં આવેલ છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૧૧.૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૩૫.૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ પે એન્ડ યુઝ ટોયલેટ :

જે સ્લમ વિસ્તારમાં જગ્યાના અભાવે વ્યક્તિગત શૌચાલય બનાવી શકાય તેમ ન હોય તેવી જગ્યાએ સામૂહિક શૌચાલય (પે એન્ડ યુઝ) બનાવવાની કામગીરીનું આયોજન છે. જેમાં મહિલાઓ તેમજ બાળકો પાસેથી કોઈ ચાર્જ વસુલ કરવામાં આવતો નથી. આમ, શહેરને સંપૂર્ણ ઓપન ડેફિકેશન થી મુક્ત કરી શહેરની પ્રજાને સ્વચ્છ વાતાવરણ પૂરૂ પાડવાનું આયોજન છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૨.૦૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫.૩૩ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ વ્યક્તિગત શૌચાલય :

શહેરને ઓપન ડેફિકેશનથી સંપૂર્ણ રીતે મુક્ત કરવાના આયોજન પૈકી નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં જી.એમ.એફ.બી. (ગુજરાત સરકાર) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી વિના મૂલ્યે વ્યક્તિગત શૌચાલય બનાવી આપવામાં આવે છે આ અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ ૩૮૪૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪ માં આશરે ૧૨૦૦૦ જેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવાના છે. જેમાં લાભાર્થીને કોઈપણ પ્રકારનો ફાળો આપવાનો ના થાય તે માટે રાજ્ય સરકારશ્રીની સ્કીમ મુજબ લાભાર્થીનો ફાળો મ્યુનિસિપલ કોર્પોરેશન ભોગવશે અને વ્યક્તિગત શૌચાલય વિના મૂલ્યે બનાવી આપશે જે માટે ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૪.૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૩-૧૪ રૂા.૩.૦૦ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.

ઈ-ગવર્નન્સ :

➢ સિટી સિવીક સેન્ટર :

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી સુધારણાના ભાગરૂપે અને હયાત માળખામાં જુદા-જુદા ઝોનમાં કુલ ૫૦ જેટલા સીવિક સેન્ટરો કાર્યરત છે આગામી વર્ષ ૨૦૧૩ ના અંત સુધીમાં બીજા ૧૪ જેટલા સેન્ટરો નવા શરૂ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

➢ સી.સી. ટી.વી. કેમેરાની સર્વેલન્સ સિસ્ટમ :

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પિટલોમાં, બી.આર.ટી.એસ., એ.એમ.ટી.એસ., બ્રીજ તથા બગીચામાં નાગરિક સુવિધા અને સલામતી ખાતર પોલીસ વિભાગના પરામર્શમાં રહી સિકયુરીટીની વ્યવસ્થા સુદ્રઢ કરવા સીસીટીવી કેમેરાની સર્વેલન્સ સીસ્ટમ કાર્યાન્વિત કરવાનું આયોજન કરેલ છે. જે સને ૨૦૧૩-૧૪ માં કાર્યાન્વિત થશે.

➢ સોફ્ટવેર ડેવલપમેન્ટ :

વર્ષ ૨૦૧૨માં ઈજનેર ખાતાના તમામ કામોના અંદાજથી લઈ તેના ભૌતિક અને નાંણાકીય પ્રોગેસની તમામ વિગતો એન્જીનીયરીંગ મોડયુલમાં આવરી લીધેલ છે જેનું આંશિક અમલીકરણ શરૂ કરેલ છે અને અંદાજે ૧૩૦૦ જેટલી ફાઈલો પ્રોસેસ કરવામાં આવેલ છે જેનું પૂર્ણ સ્વરૂપે અમલીકરણ સને ૨૦૧૩-૧૪ માં થશે. મ્યુનિસિપલ કર્મચારીઓના પે-રોલ તથા પર્સનલ ઈન્ફોર્મેશન સિસ્ટમ અંગેના સોફટવેર બનાવવાની કામગીરી હાથ ધરી સંપૂર્ણ ઓનલાઈન માહિતી મળી રહે તે પ્રકારના સોફટવેર વર્ષ ૨૦૧૩ માં કાર્યાન્વિત થશે.

➢ કોમ્પ્રિહેન્સીવ કમ્પલેઈન રીડ્રેસલ સિસ્ટમ (CCRS) :

નાગરિક ફરિયાદ નિવારણ માટે વોર્ડ દીઠ ઓનલાઇન નવી કોમ્પ્રીહેન્સસીવ કમ્પલેઈન રીડ્રેસલ સીસ્ટમ (CCRS) નું અમલીકરણ આગામી વર્ષમાં સંપૂર્ણ કાર્યરત કરવાનું આયોજન હાથ ધરેલ છે. જેમાં તમામ પ્રકારની વિભાગ/ખાતાઓની ફરિયાદનો યુનિક આઈ.ડી. સ્વરૂપે જનરેટ થશે તથા તેના નિકાલની નાગરિકોને જાણ થાય તે પ્રકારનું આયોજન કરેલ છે. દરેક ફરિયાદનું સંલગ્ન અધિકારી લેવલે નિકાલ થાય તથા મોનીટરીંગ થાય તેવું આયોજન હાથ ધરેલ છે. આ માટે અલાયદો અદ્યતન સુવિધા સભર કોલ સેન્ટર પણ કાર્યરત કરવામાં આવશે.

➢ જીઓગ્રાફિકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ (GIS) :

આગામી નાણાંકીય વર્ષમાં જીઓગ્રાફીકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ ટેકનોલોજી દ્વારા અમદાવાદ શહેરનો જીઆઈએસ મેપ મેળવી તમામ મિલકતોનો સર્વે કરી તેનું જીઆઈએસ મેપીંગ કરવામાં આવશે. જેથી તમામ પ્રકારની મિલકતની માહિતી

લોકેશન આધારીત ઉપલબ્ધ થશે અને પ્રોપર્ટી ટેક્ષની વિભાગની તમામ માહિતી જીઆઈએસ આધારીત ઉપલબ્ધ બનશે જેનાથી પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનની આવક વધારવાનાં પ્રયત્ન કરવામાં આવશે. સદરહુ કામગીરી માટે ટેન્ડર પ્રકીયા દ્વારા વેન્ડર સિલેકટ કરી હાર્ડવેર/સોફટવેર તથા દરેક મિલકતોનો સર્વે કરવામાં આવશે. ભવિષ્યમાં તમામ પ્રકારની અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી જેવી કે પાણી, ગટર તથા સ્ટોર્મ વોટર લાઈન, સ્ટ્રીટ લાઈટસ તથા બિલ્ડીંગ પ્લાન પરમીશનની જેવી તમામ વિગતો જીઆઈએસ ટેકનોલોજીની મદદથી મેપીંગ કરવામાં આવશે અને અલાયદો ડેટાબેઝ જનરેટ કરી ભવિષ્યનું તમામ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવશે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૦.૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ઈ-ગવર્નન્સના ઉપર જણાવેલ વિવિધ પ્રોજેક્ટ માટે સને ૨૦૧૩-૧૪ ના બજેટમાં રૂા.૨૪.૮૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

ઉમ્મીદ :

રાજય સરકારશ્રીએ શહેરી ગરીબોના આર્થિક ઉત્થાન તેમજ તેઓનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અંતગર્ત "ઉમ્મીદ" તાલીમ રોજગાર કાર્યક્રમ હેઠળ શહેરી ગરીબ કુટુંબોના યુવાનો કે જેઓ કોઈપણ કારણસર અભ્યાસ પૂરો કરી શકેલ નથી. તેવા યુવાન યુવક / યુવતીઓને તુર્ત જ રોજગાર ઉપલબ્ધ થાય તેવા પ્રકારના જુદા જુદા તાલીમવર્ગો ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ હાથ ધરવામાં આવેલ છે. જે અનુસંધાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં જુદા જુદા વોર્ડ વિસ્તારમાં સ્થાનિક શહેરી ગરીબ કુટુંબના યુવાનોને આ પ્રકારની તાલીમ રાજય સરકાર ધ્વારા નક્કી થયેલ ધોરણો મુજબ ૪ સંસ્થા મારફત હાથ ધરવામાં આવે છે.

સદરહુ યોજના અંતર્ગત ઓગષ્ટ-૨૦૧૦ સુધીમાં આ કાર્યક્રમ હેઠળ કુલ ૧૮૮૮૮ તાલીમાર્થીઓ એનરોલ્ડ થયેલ તે પૈકી ૧૫૯૬૩ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ અને ૧૨૫૨૮ તાલીમાર્થીઓનું પ્લેસમેન્ટ થયેલ છે. વર્ષ ૨૦૧૦ થી ઉપરોકત યોજનાનું વિકેન્દ્રિકરણ થતાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં જીયુડીએમ ધ્વારા પેનલ થયેલ ૬ સંસ્થાઓ મારફત નવેમ્બર-૨૦૧૦થી જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન ઉમ્મીદ તાલીમ કાર્યક્રમ હેઠળ ૬૫૮૦ તાલીમાર્થીઓ એનરોલ્ડ થયેલ તે પૈકી ૬૩૬૯ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ અને ૪૬૫૩ તાલીમાર્થીઓનુ પ્લેસમેન્ટ થયેલ છે.

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ડિસેમ્બર-૧૨ સુધી સદર યોજના હેઠળ ૨૦૨૨ તાલીમાર્થીઓ એનરોલ્ડ થયેલ છે તે પૈકી ૧૫૯૪ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ છે. ૨૦૧૨-૧૩માં આ યોજના હેઠળ ૧૧૦૦૦ તાલીમાર્થીઓને એનરોલ્ડ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી ૧૦ પસંદ થયેલ સંસ્થાઓ મારફત નવા ૨૧ ઉમ્મીદ તાલીમ (યુવા કૌશલ્ય) કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૦.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૦.૧૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. તેમજ સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના અન્વયેની વિવિધ કામગીરી માટે ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૨.૦૦ કરોડની તથા વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

એનર્જી સેવીંગ્સ એન્ડ કન્ઝર્વેશન :

➢ એનર્જી એફિસીયન્સી સેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એનર્જી એફિસીયન્સી સેલની રચના કરવામાં આવી છે. આ સેલનું મુખ્ય કામ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ કામગીરીમાં વીજળીના અસરકારક ઉપયોગ તથા વીજળીની બચત દ્વારા વીજ બીલમાં ઘટાડાનું રહેશે. જેથી અસરકારક રીતે પર્યાવરણની જાળવણી કરી શકાય.

➢ લાઈટ ઈમીટીંગ ડાયોડ (એલ.ઈ.ડી.) :

- ચાલુ નાણાંકીય વર્ષમાં શહેરના તમામ ઝોનમાં સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ઉપર આધુનિક પ્રકારના ૧૨૦૦ એલ.ઈ.ડી. લાઇટ તથા ૪૦૦૦ T-5 માર્ચ-૨૦૧૩ સુધીમાં લગાવવાનું આયોજન છે. જેના લીધે સદર સ્ટ્રીટલાઈટોના વીજ બીલમાં અંદાજે ૩૫% થી ૪૦% જેટલી બચત થશે.

- અમદાવાદ શહેરમાં વધતાં જતાં સ્ટ્રીટ લાઈટના વીજ વપરાશના બીલમાં વીજ બચત કરવાના હેતુસર સને ૨૦૧૩-૧૪ માં પૂર્વ તથા ઉત્તર ઝોનમાં આવેલ જુદી-જુદી પહોળાઈના રસ્તા પર કરવામાં આવેલ સ્ટ્રીટલાઈટોમાં હયાત ૭૦ વોટ, ૧૫૦ વોટ, ૨૫૦ વોટ તથા ૪૦૦ વોટના હાઈ પ્રેશર સોડિયમ વેપર લેમ્પ ધરાવતાં સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સની જગ્યાએ આધુનિક પ્રકારના ૩૫ વોટ, ૬૦ વોટ, ૯૦ વોટ તથા ૧૩૫ વોટના લાઈટ એમીટીંગ ડાયોડ (એલ.ઈ.ડી.) ધરાવતાં સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સ લગાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. બન્ને ઝોનમાં મળીને કુલ ૧૦૦૦૦ થાંભલાઓમાં એલ.ઈ.ડી. લાઇટ લગાવવામાં આવશે. જેના લીધે સદર સ્ટ્રીટલાઈટોના વીજ બીલમાં અંદાજે ૩૫% થી ૪૦% જેટલી બચત થશે.

➢ ટી-૫ ટ્યુબલાઈટ :

અમદાવાદ શહેરનાં પૂર્વ તથા ઉત્તર ઝોનમાં આવેલ સ્ટ્રીટલાઈટોમાં હયાત ૪૦ વોટ ફ્લુરોસન્ટ ટ્યુબલાઈટ ધરાવતાં સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સની જગ્યાએ આધુનિક પ્રકારના ૨૮ વોટ ટી-૫ પ્રકારની ટ્યુબલાઈટ ધરાવતાં ૨૦૦૦ સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સ લગાવવાનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે. જેના લીધે સદર સ્ટ્રીટલાઈટોના વીજ બીલમાં અંદાજે ૨૫% થી ૩૦% જેટલી બચત થશે. ઉપરોક્ત કામગીરી માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂ.૨૦.૦૦ કરોડનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

➢ સોલર સિસ્ટમ :

અમદાવાદ શહેરમાં વધતા જતા વીજ વપરાશના બીલમાં વીજ બચત કરવાના હેતુસર બીન પરંપરાગત ઉર્જા સ્ત્રોતનો ઉપયોગ કરવાના હેતુસર લાઇટ ખાતા દ્વારા આગામી વર્ષના બજેટમાં નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો. ની દાણાપીઠ ખાતે આવેલ મુખ્ય કચેરી તેમજ અ.મ્યુ.કો. ની ઉસ્માનપુરા તથા મણીનગર ખાતે આવેલ ઝોનલ કચેરીમાં સૌર ઉર્જા આધારિત વીજ ઉત્પાદન કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે માટે નીચે મુજબની વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતાં પ્લાન્ટ લગાવવાનું આયોજન હાથ ધરેલ છે. જે ૩૧ માર્ચ-૨૦૧૩ સુધીમાં પુરુ કરવામાં આવશે.

૧. અ.મ્યુ.કો. ની મુખ્ય કચેરી, દાણાપીઠ	-	૨૫ કિ.વો. રૂા.૨૨ લાખના ખર્ચે
૨. અ.મ્યુ.કો. ની ઝોનલ કચેરી, મણીનગર	-	૨૦. કિ.વો. રૂા.૧૮ લાખના ખર્ચે
૩. અ.મ્યુ.કો. ની ઝોનલ કચેરી, ઉસ્માનપુરા	-	૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૪. મેમ્કો સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ઉત્તરઝોન	-	૨૦૦ કિ.વો. રૂા.૨.૫ કરોડના ખર્ચે
૫. સરદાર પટેલ સ્ટેડીયમ, પશ્ચિમ ઝોન	-	૨૦૦ કિ.વો. રૂા.૨.૫ કરોડના ખર્ચે

આગામી વર્ષે,

૧. કોતરપુર પંપીગ સ્ટેશન પ્લાન્ટમાં	-	૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૨. ટાગોર મેમોરીયલ હોલ, પાલડી ખાતે	-	૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૩. શેઠ મંગળદાસ ટાઉન હોલ, એલીસબ્રીજ ખાતે	-	૧૦ કિ.વો. રૂા.૧૧ લાખના ખર્ચે
૪. નવાપશ્ચિમ ઝોન, ઝોનલ ઓફિસ ખાતે	-	૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૫. સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે	-	૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે

સોલર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવાનું આયોજન છે. જેના દ્વારા વીજ બીલમાં ૭૦% સુધીની બચત થવાની સંભાવના છે.

➢ એન્વાયરમેન્ટલ ઓડીટ સેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એન્વાયરમેન્ટલ સેલની રચના કરવામાં આવી છે તેનું કામ કોઈપણ પ્રોજેક્ટ અમલીકરણ કરતા પહેલાં વાતાવરણને સંલગ્ન તમામ યાંત્રીક પાસાઓની ચકાસણી કરવાની રહેશે.

➢ વીજ ઉત્પાદન તથા કોમ્પ્રેસ બાયોગેસનું બોટલીંગ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક્ટીવેટેડ સ્લજ પ્રોસેસ ટેકનોલોજી આધારિત બનાવેલ નવા ૫ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ બાય પ્રોડક્ટ તરીકે સ્લજ ઉત્પન્ન થાય છે. હાલમાં સદર સ્લજમાંથી ઉત્પન્ન થતા ગેસને સંબધીત ગેસ હોલ્ડરમાં લઇ હવામાં ફ્લેર કરવામાં આવે છે. આ સ્લજમાંથી છુટા પડતા બાયોગેસનો વિવિધ પ્રકારે ઉપયોગ કરી તેમાંથી વીજ ઉત્પાદન કરી શકાય છે તથા તેનો બળતણ તરીકે પણ ઉપયોગ થઇ શકે છે. આ ઉપરાંત બાયોગેસને કોમ્પ્રેસ કરી તેને બોટલમાં ભરી શકાય છે. જેથી તે સી.એન.જી. અને એલ.પી.જી.ની સમકક્ષ ગણાય છે. આ કોમ્પ્રેસ બાયોગેસ વાહનોમાં બળતણ તરીકે વાપરી શકાય છે આથી આ બાયોગેસની બોટલીંગ કરવાનું તથા ઈલેક્ટ્રીસીટી ઉત્પન્ન કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- **વીજ ઉત્પાદન :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક પીરાણા ખાતેના ૧૦૬ એમ.એલ.ડી. તેમજ ૧૮૦ એમ.એલ.ડી. ખાતે હાલમાં આશરે ૨૪,૦૦૦ ઘન મીટર પ્રતિ દિવસ જેટલો ગેસ જનરેટ થાય છે પીરાણા ખાતેના આ ઈલેક્ટ્રિસીટી ઉત્પન્ન કરવા ૧૦૬ એમ.એલ.ડી. પ્લાન્ટ ખાતે ૫૦૦ કિ.વોટ તેમજ ૧૮૦ એમ.એલ.ડી. ખાતે ૧૨૦૦ કિ.વોટના ગેસ જનરેટર મુકવાનું આયોજન કરેલ છે. આ ઉપરાંત એન્જીનમાંથી ઉત્પન્ન થતી ગરમીને રીકવર કરી પ્લાન્ટસમાં જુદી જુદી જગ્યાએ વાપરી શકાય છે. માઈક્રો ટર્બાઈનના ઉપયોગ દ્વારા બાયોગેસમાંથી વધુ અસરકારક રીતે ઈલેક્ટ્રિકસીટી ઉત્પન્ન કરી શકાય છે. જેમાંથી અંદાજીત વાર્ષિક ૧.૪૪ કરોડ યુનિટ ઈલેક્ટ્રિસીટી ઉત્પન્ન કરી શકાય. હાલના પ્રવર્તમાન પ્રતિ વીજ યુનિટના રૂા.૬.૦૦ મુજબ અંદાજીત કુલ રૂા.૮.૬૪ કરોડનું વીજ ઉત્પાદન થશે.

- **કોમ્પ્રેસ બાયોગેસનું બોટલીંગ :**

નવા બનાવવામાં આવેલ ૪૦૫ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી. સંપુર્ણ કાર્યરત થવાથી, તેમાં પણ આ પ્રકારના જનરેટર લગાવી અંદાજીત વાર્ષિક ૧.૭૭ લાખ યુનિટ ઈલેક્ટ્રિસીટી જનરેટ કરવાનું આયોજન કરવામાં આવશે. પીરાણા ખાતે ૬૦ એમ.એલ.ડી. ક્ષમતાના તથા વાસણા ખાતેના ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઉત્પાદીત સ્લજ માંથી કરવામાં આશરે વાર્ષિક ૨૨.૫૦ લાખ ઘનમીટર ગેસનો જથ્થો ઉત્પાદીત થશે. સદર ગેસને કોમ્પ્રેસીંગ અને બોટલીંગ કરી વેચાણ કરવાનું આયોજન છે. જેના દ્વારા અંદાજે ૧.૨૫ કરોડની આવક ઉભી થઈ શકે તેમ છે. તેમજ સદર કોમ્પ્રેસ બાયોગેસ વાહનોમાં બળતણ તરીકે તથા રસોઈ બનાવવામાં પણ વાપરી શકાશે.

પબ્લીક હેલ્થ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે તથા શહેરી ગરીબોને આરોગ્યલક્ષી સેવાઓ ઘરની નજીક મળે તે મુજબનું આયોજન આગામી વર્ષમાં કરવામાં આવેલ છે.

➢ **અર્બન હેલ્થ સેન્ટર :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ખાતા હસ્તક હાલમાં ૫૭-અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. નવા ઈલેકશન વોર્ડ મુજબ દરેક વોર્ડમાં એક મુજબ કુલ ૬૪ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત કરવાનું આયોજન છે. દર વર્ષે આશરે ૧૧ લાખ જેટલા દર્દીઓને ઓ.પી.ડી. સેવાઓ આપવામાં આવે છે. જોધપુર, ઘાટલોડીયા વોર્ડનું નવીનીકરણ કરી નવા મકાનમાં અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. રાણીપ, વેજલપુર, નોબલનગર, બહેરામપુરા, ઈસનપુર, દાણીલીમડા વોર્ડનું નવીનીકરણ સાથેનું નવુ મકાનનું બાંધકામ હાલ ચાલુ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૬.૪૬ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ જનની-શીશુ સુરક્ષા યોજના :

જનની-શીશુ સુરક્ષા યોજના તા.૧૫-૯-૨૦૧૨થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત મ્યુનિ. કોર્પોરેશનની તમામ હોસ્પિટલો., પ્રસુતિગૃહો તથા સામુહીક આરોગ્ય કેન્દ્રો દ્વારા સામાન્ય પ્રસુતિઓ તથા સીઝેરીયન વિગેરે તમામ સેવાઓ નિઃશુલ્ક કરવામાં આવેલ છે. આ અંગે રાજય સરકાર દ્વારા એન.આર.એચ.એમ. અંતર્ગત રૂા.૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

➢ મુખ્યમંત્રી અમૃત્તમ યોજના :

''મુખ્યમંત્રી અમૃત્તમ યોજના'' અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને તબીબી સારવાર પાછળ, પોતાની આવકનો મોટો ભાગ ખર્ચતા હોઇ છે, તેઓને ગંભીર બિમારીઓ જેવી કે હદય, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઇજાઓ તેમજ નવજાત શિશુઓના રોગોની સારવાર લેવાની જરૂર પડે ત્યારે બી.પી.એલ.લાભાર્થીઓને ઓચિંતાનું ખર્ચ કરવાની જરૂરીયાત પડતી હોય છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,ગુજરાત રાજય દ્વારા માનનિય ''મુખ્યમંત્રી અમૃત્તમ યોજના'' અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના (પાંચ વ્યકિતઓ)ને મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂા.૨.૦૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરવાની યોજના છે. શહેરમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના બી.પી.એલ.લાભાર્થીઓ તરીકે નોંધાયેલ કુલ ૨,૨૨,૬૯૦ લોકો આ યોજનાનો લાભ મેળવી શકશે. આ અંગે નકકી થયેલ એજન્સીઓ દ્વારા શહેરના સિટી સિવીક સેન્ટરો ખાતેથી નવા કાર્ડ ઇસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

➢ થેલેસેમીયા નિયંત્રણ :

થેલેસેમીયા રોગ એ નવા જન્મેલા બાળકોને થતો આનુવંશિક તથા ઘાતક રોગ છે. ગુજરાત રાજયમાં દર વર્ષે આશરે એક હજાર જેટલા થેલેસેમીયા મેજર તરીકે બાળકો નવા જન્મે છે. અમદાવાદમાં હાલ કુલ ૧૨૦૦ જેટલા બાળકો થેલેસેમીયાગ્રસ્ત છે અને દર વર્ષે આશરે ૧૦૦ બાળકો ઉમેરાય છે. થેલેસેમીયા મેજર બાળકને વર્ષે આશરે ૧૦ થી ૧૨ જેટલા બ્લડ ટ્રાન્સફયુઝન આપવા પડે છે. મ્યુનિ.કોર્પોરેશન દ્વારા જરૂરી પ્રયત્નો હાથ ધરી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત બ્રાન્ચના સહયોગથી માહે-જુન-૨૦૧૧થી દરેક અર્બન હેલ્થ સેન્ટરમાં નોંધાતી સગર્ભા માતાઓના વિના મુલ્યે થેલેસેમીયા ટેસ્ટની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધીમાં ૨૪ હજાર માતાઓના બ્લડ ટેસ્ટ કરવામાં આવેલ છે. જેમાંથી ૯૦૦ જેટલી માતાઓ થેલેસેમીયા માઇનર પોઝીટીવ આવેલ છે. તેઓના પતિઓનું પણ ટેસ્ટીંગ કરવામાં આવતા કુલ ૬૪ જેટલા પતિઓ થેલેસેમીયા માઇનર પોઝીટીવ આવેલ. આ ૬૪ માતાઓના ગર્ભનું પરીક્ષણ કરતાં તેમાંથી ૧૮ જેટલા બાળકો થેલેસેમીયા મેજર પોઝીટીવ આવેલ. આ પ્રોજેકટથી થોડા જ સમયમાં ૧૮ જેટલા થેલેસેમીયા મેજર બાળકોનો જન્મ થતો અટકાવવામાં

સફળતા મેળવેલ છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનની મળેલ મંજૂરી અનુસાર સ્કુલ બોર્ડમાં અભ્યાસ કરતા સમાજના ગરીબ વર્ગના આશરે ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓને થેલેસેમીયા સીકલસેલ એનેમીયા તેમજ અન્ય હીમોગ્લોબીનોપથી ટેસ્ટીગ કરવાનો ઠરાવ કરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ **મેલેરીયા નિયંત્રણ :**

- **મલ્ટી પરપઝ હેલ્થ વર્કર**

અમદાવાદ શહેરમાં નેશનલ વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ પ્રોગ્રામની ગાઈડ લાઈન મુજબ મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા, ફાલ્સીપેરમ તથા ચીકનગુનિયા અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે તથા રોગચાળા નિયંત્રણ માટે ૩૦૦ જેટલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની નિમણુકં કરવામાં આવેલ છે. તેમના દ્વારા તથા લીક વર્કરો દ્વારા તાવના કેસોનુ સર્વે કરી મેલેરીયા રોગનું નિદાન અને સારવાર કરવામાં આવી રહેલ છે.

- **આર.ડી.ટી. - રેપીડ ડાયગ્નોસ્ટીક ટેસ્ટ કીટ, ઈન્ડોર રેસીડયુઅલ સ્પ્રે તથા નેપસેક સ્પેયર પમ્પનો ઉપયોગ**

ઝડપી નિદાન અને સારવાર માટે મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો તથા અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફ દ્વારા આર.ડી.ટી.-રેપીડ ડાયગ્નોસ્ટીક ટેસ્ટ કીટનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે. ઉપરાંત સને ૨૦૧૨-૧૩ મા રોગચાળો નાબુદીના સઘન અભિયાનમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે ના આધાર મુજબ ઈન્ડોર રેસીડયુઅલ સ્પ્રે તથા નેપસેક સ્પેયર પમ્પનો ઉપયોગ કરવાથી સપ્ટેમ્બર-૨૦૧૨ પછી ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા, ફાલ્સીપેરમ જેવા રોગોમાં સારો એવો ઘટાડો થયેલ છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા. ૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

અમદાવાદ શહેરમાં દૈનિક ધોરણે ૩૮૦૦ મેટ્રીક ટન ઘન કચરો એકત્ર કરી, વહન કરી, પ્રોસેસ કરી તેનો આખરી નિકાલ કરવામાં આવે છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની સિસ્ટમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા તેમજ ભવિષ્યના અસરકારક આયોજન માટે વર્ષ ૨૦૩૧ સુધીનો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રેકટીસીસનો માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. વિશ્વભરનાં વિકસતા દેશોમાં ઝીરો વેસ્ટ સ્ટ્રેટજી કોન્સેપ્ટ અપનાવનાર પ્રથમ શહેરો પૈકી અમદાવાદ આ સ્ટ્રેટજી અપનાવનાર શહેર બન્યુ છે. ભારતમાં તેમજ સમગ્ર એશિયામાં અમદાવાદ શહેર ઝીરો વેસ્ટ સ્ટ્રેટજી અપનાવનાર પ્રથમ શહેર બનેલ છે. અમદાવાદ શહેરમાં Zero Waste Strategy અંતર્ગત ૩ R (Reduce, Reuse and Recycle), Resource Efficiency અંતર્ગત કઈ રીતે સિસ્ટમ ડેવલોપ કરવી, કાયદાઓ ઘડવા, જનજાગૃતિ લાવવી, લોકોની વર્તણૂંકમાં સુધારો લાવવો વિગેરે નક્કી કરવામાં આવેલ છે. જે અંતર્ગત દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવા માટે તથા બીજા ૧૦૦૦ મેટ્રીક ટન ઘન કચરાને પ્રોસેસ કરી બે કંપનીઓને કામગીરી સોંપવામાં આવેલ છે. અને તેની કામગીરી ટૂંક સમયમાં ચાલુ થનાર છે.

અમદાવાદ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે પ્રાયોગીક ધોરણે અંદાજે ૨૦ લીટર કેપેસીટીના મિલકત દીઠ બે બીન લેખે કુલ ૧૨.૫૦ લાખ બીન પુરા પાડવા, દરેક મિલકત ધારકોને બે કચરાના બીન લીલા કચરાના તથા સુકા કચરા માટે અલગ-અલગ પુરા પાડી ઘરે ઘરે થી છુટો પાડેલ કચરો એકત્ર કરવા માટે વેસ્ટ પીકર્સને મેઈન સ્ટ્રીમ કરી કામગીરી કરાવવા અંગે આયોજન કરવામાં આવેલ છે.

➢ **ઘાટલોડીયા તથા વેજલપુર વોર્ડમાં પ્રાયોગિક પાયલોટ પ્રોજેક્ટ :**

ડોર/ગેટ ટુ ડમ્પ પધ્ધતિ હેઠળ ઘરે-ઘરેથી કચરો એકત્ર કરવાની વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા માટે પ્રત્યેક યુનિટને ભીનો કચરો તથા સુકો કચરો અલગ-અલગ રાખવા બે બીન આપી કચરો વીણવાવાળા બહેનોને સેવા સંસ્થા મારફતે મેઈનસ્ક્રીમમાં સામેલ કરી જૈવિક તથા બિન-જૈવિક કચરો અલગ કરવા કચરાની ઉત્પતિના સ્થળે જ અપગ્રેડેશન કરવા સફાઈ અભિયાનમાં સામેલ કરવા તથા ભીના કચરો પરિવહન કરી પ્રોસેસીંગ એકમોમાં લઈ જવા માટે નવા પશ્ચિમ ઝોનના ઘાટલોડીયા તથા વેજલપુર વોર્ડમાં પ્રાયોગિક ધોરણે કામગીરીનો પાયલોટ પ્રોજેકટ કરવા તેમજ તેનું મુલ્યાંકન કરી સમગ્ર શહેરમાં તે મુજબની વ્યવસ્થા અમલી બનાવવાનું આયોજન કરેલ છે. જેના કારણે પર્યાવરણને ફાયદો થશે તથા વાહનોની અવરજવર ઘટવાથી ટ્રાફીક સમસ્યા હળવી બનશે તથા વાહનોની કામગીરી રૂટમાં ફેરફાર થયેથી વાહનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવશે.

➢ **જી.પી.એસ. સિસ્ટમનું આયોજન :**

ઘનકચરાના કલેકશનની પરિવહનમાં ઉપયોગમાં લેવાતા વાહનોમાં જી.પી.એસ. સિસ્ટમ લગાવી ઘનકચરાના કલેકશનની કાર્યક્ષમતા વધારવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ **એનીમલ વેસ્ટ :**

આજના જમાનાના શહેરોમાં એનીમલ વેસ્ટનો યોગ્ય નીકાલ કરવો એ સળગતો પ્રશ્ન છે. આ બાબતે અમદાવાદ શહેરમાં દરરોજ ૫૦ ટન સુધી એનીમલ વેસ્ટનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે કાર્કસના પ્લાન્ટ દ્વારા ગ્યાસપુર ખાતે કરવામાં આવે છે.

➢ **ગ્યાસપુર તથા પીરાણા રોડ ઉપર આર.સી.સી. રોડ :**

ઘનકચરા / બિલ્ડીંગ ડેબ્રીજનું વૈજ્ઞાનિક ધોરણે પ્રોસેસીંગ કરી ફાઈનલ પ્રોડકટ તૈયાર કરવા ગ્યાસપુર ખાતે પ્રોસેસીંગ પ્લાન્ટ શરૂ કરવા કામગીરી સોંપવામાં આવેલ છે. જયાં વાહનોની અવર-જવરમાં સરળતા રહે તે માટે ગ્યાસપુર તથા પીરાણા રોડ ઉપર આર.સી.સી. રોડ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ **સને ૨૦૧૨-૧૩ માં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ માટે ખરીદેલ વાહનો તથા સાધનો :**

શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાને એકત્ર કરી, વહન કરી, પ્રોસેસ કરી તેનો આખરી નિકાલ કરવાની વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જેએનએનયુઆરએમ યોજના હેઠળ રૂ.૧૧૮.૮૪ કરોડના ખર્ચે સોલીડ

વેસ્ટ મેનેજમેન્ટનો પ્રોજેક્ટ અમલમાં મૂકેલ છે. સદરહુ પ્રોજેક્ટ અન્વયે ૭૫ નંગ ૭ સી.એમ.ટી. ડમ્પર પ્લેસર વાહનો, ૭ ક્યુ.મી. કેપેસીટીના ૨૧૧૬ નંગ કન્ટેઈનર્સ, ૧૧ નંગ હેવી ડ્યુટી ટ્રક માઉન્ટેડ રોડ વેક્યુમ સ્વીપીંગ મશીન, ૬ નંગ HCV કેબ ચેસીસ સાથે સ્કીપ લિફ્ટર યુનિટ, ૧૪ નંગ જેસીબી ટાઈપ મશીન, ૩૦ લીટર કેપેસીટીના ૨૦,૦૦૦ નંગ પી.ઈ. કન્ટેઈનર, હાથ લારીઓ માટે ૨૧,૫૦૪ નંગ પી.ઈ. બીન્સ, ૩૫૮૪ નંગ નવી ડિઝાઈનની હાથ લારીઓ, હેવી લોડેડ સાઈટ માટે ૨૪ નંગ રેફ્યુઝ કલેકટર, ૪૯ નંગ ટ્રીપર ટ્રક, ૨ નંગ ડેડ એનિમલ કલેકશન વાન, ૨ નંગ સોઈલ કોમ્પેકટર, ૩ નંગ એસ્કેવેટરની રૂ. ૧૯.૨૦ કરોડના ખર્ચે ખરીદી કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. કોરીડોર, બી.આર.ટી.એસ. ના મિક્ષ રસ્તા તથા મોડેલ રોડ ઉપર ૮ નંગ સ્વીપીંગ મશીન દ્વારા રાત્રી સફાઈ કરવામાં આવે છે.

➢ **આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ માટે વાહનો તથા સાધનો ખરીદવાનું આયોજન :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં સફાઈ સ્વચ્છતા અને સેવા સુવિધાઓને છેલ્લા કેટલાંક સમયથી ખુબ જ પ્રાધાન્ય અપાયેલ છે. આવી સેવા સુવિધાઓ પુરી પાડવા માટે અને નાગરીકલક્ષી જુદી જુદી કામગીરીઓ હાથ ધરવા માટે વાહનો સાધનો - મશીનરીઓની જરૂરીયાત રહેતી હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અગાઉનાં વર્ષોમાં ઉપલબ્ધ વાહનો - સાધનો વિગેરેની ઉપલબ્ધ સંખ્યા, આવા વાહનો સાધનોના વપરાશનું આયુષ્ય, તેની હાલની સ્થિતી વિગેરેને ધ્યાનમાં લઈને શહેરમાં પુરી પાડવાની થતી જુદી-જુદી અગત્યની, આવશ્યક કામગીરીઓને કોઈ અસર ન પડે અને સરળતાથી આવી કામગીરીઓ કરી શકાય તે હેતુસર આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દ્વારા ટીપર ટ્રક ૧૫, જીપ પ્રકારના વાહન ૧૦, દબાણ હટાવવાના વાહન ૬, વોટર ટેન્કર ૨૧, ટ્રેકટર ૮, મીટ વાન ૩, મોબાઈલ ટોઈલેટ ટ્રેઈલર ૫, એસ્કેવેટર ૧, સોઈલ કોમ્પેકટર ૧, બુલડોઝર મશીન ૧, વ્હીલ ડોઝર મશીન ૧, ડીવોટરીંગ પંપ સેટ ૧૫, રોડ રોલર ૩, લીટર બીન ૩૦૦૦, જેસીબી ૧૫, બોબકેટ પ્રકારનાં મશીન ૧૫, ટ્રક માઉન્ટેડ વેસ્ટ લીફટીંગ ૭, રેફ્યુઝ કોમ્પેકટર ૩૦, નાના રોલર મશીન ૭ અને ફલોટીંગ ટ્રેસ સ્કીમર ૧ ખરીદવામાં આવનાર છે. વધુમાં શહેરના વિવિધ રસ્તાઓ તથા નવા બનનારા બી.આર.ટી.એસ. કોરીડોર તેમજ મોડેલ રોડ ફેઝ-૨ ના રસ્તાઓની સઘન સફાઈ માટે રૂા.૫.૨૦ કરોડના ખર્ચે વધુ ૮ નંગ સ્વીપીંગ મશીનની ખરીદી કરવામાં આવશે.

સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૬૭.૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ :

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનું ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ ડીપાર્ટમેન્ટ જાહેર જનતાને વિના મુલ્યએ સેવા આપતુ ખાતુ છે અને જાહેર જનતા માટે સતત કાર્યરત રહે છે. તેઓ આગ-અકસ્માત, ભુકંપ, પૂર, વાવાઝોડુ , કોમી રમખાણો જેવી કુદરતી તેમજ માનવસર્જીત આપત્તિઓના સમયે બચાવ કામગીરી માટે ગંભીરતા, સાવચેતીથી ફરજ બજાવે છે.

➢ હાઇડ્રોલીક પ્લેટફોર્મ (સ્નોર સ્કેલ) :

હાઈડ્રોલીક પ્લેટફોર્મ (સ્નોર સ્કેલ) એક વાહન ૧૦૪ મીટર ઉંચાઈ સુધી પહોંચી શકે અને આશરે ૧૯ માળ સુધી રેસ્કયુ અને આગ - અકસ્માતના બનાવ વખતે કામગીરી શકાય તે પ્રકારનું વાહન છે, રેસ્કયુ કામગીરી કરતી વખતે વધારે માણસોને ઉતારવા માટે હાઈડ્રલીક પ્લેટફોર્મની ઉપરના ભાગે શ્યુટ (ટનલ જેવો ગોળાકાર ભાગ) આપવામાં આવેલ છે તેના દ્વારા માણસોને ઝડપથી ઉતારી શકાય, થર્મલ ઈમેજીંગ કેમેરા ધુમાડામાં જોવા માટે, ઓછા ફોકસમાં કેમેરાથી નીચેથી ઉપરના માળે ચાલતી ગતિવિધી જોઈ શકાય. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ ખાતામાં રેસ્કયુ વ્હીકલ વસાવવામાં આવેલ છે. ફાયર બ્રિગેડના વિવિધ સાધનો માટે ૨૦૧૩-૧૪ માં રૂા.૧૮.૩૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ :

આગામી વર્ષોમાં થલતેજ, ચાંદખેડા, મેમનગર, દાણાપીઠ, જમાલપુર તેમજ વસ્ત્રાલ અને નરોડા જી.આઈ.ડી.સી. ખાતે ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સનું રીનોવેશન, નવીનીકરણ હાથ ધરવામાં આવનાર છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૫.૬૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ઓપરેશન-મેઈન્ટેનન્સ :

કોર્પોરેશન દ્વારા હયાત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થિત મરામત અને નિભાવણી શહેરનાં નાગરિકને યોગ્ય પાયાની સુવિધા પૂરી પાડવા અત્યંત જરૂરી છે. જેથી આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વ્યવસ્થિત ઓપરેશન-મેઈન્ટેનન્સ થાય તે અંગે નાણાંકીય જોગવાઈ કરવી અત્યંત જરૂરી છે. અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસ અંગે શ્રીમતી ડો.ઈશર અહલુવાલિયાનાં અધ્યક્ષપદ હેઠળની ભારત સરકારની હાઈ-પાવર્ડ એક્ષપર્ટ કમિટી દ્વારા સેક્ટરવાઈઝ O&M માટે જરૂરી અભ્યાસ બાદ ખર્ચ અંગે તારણો આપવામાં આવેલ છે. જે-તે સ્વાયત સંસ્થા કે મહાનગરપાલિકાઓને કેપીટલ પ્રોજેક્ટસ પુર્ણ થયા બાદ તેની જાણવણી અર્થે ૩ થી ૮ વર્ષ દરમ્યાન તેની જાણવણી માટે તેની મુળ કિંમતના અંદાજે ૪૦ થી ૬૦ % ખર્ચ કરવો પડે છે. આવા ખર્ચાઓથી જે તે શહેરના શહેરીજનોને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે ભારત સરકારશ્રી દ્વારા પાણી, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર ડ્રેઈન તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સર્વિસ લેવલ બેન્ચમાર્ક નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પ્રાપ્ત કરવા માટે જુદા-જુદા કાર્યક્ષેત્રમાં રિફોર્મસ તથા અતિ આધુનિક ટેક્નોલોજીનો અમલ કરી શહેરીજનોને અપાતી સુવિધામાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવે છે. જે માટે પ્રાથમિક તબક્કામાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવા માટે વધુ ખર્ચ થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોમાં કેપીટલ પ્રકારના વિવિધ કામો હાથ ધરાયેલ છે. સદર કેપીટલ પ્રોજેક્ટના કામો પૂર્ણ થયા બાદ તેની જાળવણી માટે ૩ થી ૫ વર્ષમાં ઓપરેશન મેઈન્ટેનન્સમાં ખર્ચ કરવામાં આવે છે. જેને કારણે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. સને ૨૦૧૨-૧૩ માં રૂા.૧૪૫.૮૭ કરોડની સામે સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૬૬.૧૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જેથી શહેરીજનોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓનું સ્તર જળવાઈ રહે અને શહેરીજનોની સુખાકારીમાં વધારો થાય.

બ્રીજ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરમાં ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર મળીને કુલ અંદાજે ૧૭ લાખ જેટલા વાહનો છે. જેમાં દર વર્ષે ૩ થી ૪ લાખ જેટલા વાહનોનો વધારો થાય આ મુજબ ગણતરી કરતા શહેરના હયાત રસ્તાઓ ઉપર અવિરત વધતા ટ્રાફિકના ભારણને કારણે ટ્રાફિકની સમસ્યા વધે છે. અમદાવાદ શહેરના હયાત જંક્શનો માટે ભવિષ્યની જરૂરીયાતને અનુલક્ષીને અગામી ૧૦ વર્ષના આયોજન માટે ભારત સરકારની CRRI (સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ) ને જંક્શન ડેવલપમેન્ટ તથા બ્રિજની જરૂરીયાત અંગેનું કોમ્પ્રીહેન્સીવ સર્વેની કામગીરી સોપવામાં આવેલ.તેઓ દ્વારા અમદાવાદ શહેરના ૩૪ જેટલા મુખ્ય જંક્શનો નો સર્વે કરી અગામી ૧૦ વર્ષ દરમ્યાન પ્રાયોરીટી મુજબ બ્રિજની જરૂરીયાત મુજબ ભલામણ કરવામાં આવેલ.

પ્રથમ તબક્કામાં હેલ્મેટ જંકશન, અંજલી ચારરસ્તા, દિનેશ ચેમ્બર્સ, હાટકેશ્વર, ઈન્કમ ટેક્ષ તથા શ્યામલ ચાર રસ્તા ખાતે પ્રાયોરીટી મુજબના ૬ બ્રીજના કામો કરવાનું આયોજન સને ૨૦૧૩-૧૪ના બજેટમાં કરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૬૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ **બ્રીજ રિનોવેશન :**

અમદાવાદ શહેરમાં સાબરમતી નદી ઉપર કુલ ૬ બ્રીજની ફૂટપાથ, સેન્ટ્રલ વર્જ, કર્બ, પેરાપેટને કલર વિગેરેનું રીપેરીંગ અને રીનોવેશન કરી હયાત બ્રીજને નવિનીકરણ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. તે ઉપરાંત અમદાવાદની મધ્યમાં આવેલ શાહીબાગ રેલ્વે ઓવરબ્રીજ તથા પશ્ચિમ વિસ્તારમાં આવેલ જીવરાજ મહેતા રેલ્વે ઓવરબ્રીજ તથા પૂર્વ વિસ્તારના સોનીની ચાલ તથા ઠક્કરબાપાનગર ફ્લાય ઓવર બ્રીજની નીચેની જગ્યાનું પ્લાનીંગ કરી ડેવલપમેન્ટ કરવાથી આ જગ્યાનો પણ મહત્તમ ઉપયોગ થશે. સદર ઓવરબ્રીજ નીચે સ્પેસ ડેવલોપમેન્ટ કરવા માટે ફુડ કોર્ટ, પાર્કિંગ એરીયા, સ્ટેપ પ્લાઝા, પ્લેએરીયા, વેન્ડર પ્લેટફોર્મ, ટોઈલેટ બ્લોક, સાઈડ વોક, સર્વીસ રોડ તથા અન્ય સાઈટ ડેવલોપમેન્ટ જેવી કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામગીરી માટે સને ૨૦૧૩-૧૪ માં પ્રાયોગિક ધોરણે રૂા.૨.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

બ્રીજ પ્રોજેક્ટ માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧૧૬.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

મલ્ટી લેવલ કાર પાર્કિંગ :

શહેરમાં અંદાજીત ૧૪ લાખ વાહનો રજીસ્ટર્ડ છે. જેમાં ૬૦ ટકા એટલે કે ૮.૪ લાખ ટુ વ્હીલર છે. ૭૫,૦૦૦ રીક્ષાઓ છે અત્યારે ટ્રાન્સપોર્ટેશન સીસ્ટમ પ્રર્વતમાન રોડ નેટવર્ક ઉપર આધારિત છે. ટ્રાફિકની ગંભીર સમસ્યાના નિરાકરણ લાવવા તેમજ શહેરનાં મુખ્ય રસ્તાઓ ઉપર થતાં વાહન પાર્કીંગની જટીલ સમસ્યા દુર કરવા ગુજરાત રાજ્યના માન.મુખ્ય મંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના અંતગર્ત અંદાજીત રૂા.૨૮.૧૫ કરોડના ખર્ચે કાંકરીયા પરીસરની પાસે મલ્ટી સ્ટોરી ઓટોમેટીક પાર્કિંગ બનાવવાની કામગીરી પુર્ણતાને આરે છે. જ્યારે અમદાવાદ શહેરમાં અન્ય ત્રણ જગ્યાઓએ એટલેકે સી.જી.રોડ ઉપર

મ્યુનિસિપલ માર્કેટમાં, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે તેમજ વસ્ત્રાપુર તળાવ પાસે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી.) ધોરણે મલ્ટી લેવલ કાર પાર્કિંગ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

કાંકરિયા મેટલ ડેપો :

ચોમાસાના સમયગાળામાં ઉપરોકત કારણોસર તેમજ જુની હયાત યુટીલીટીઝમાં થતા લીકેજીસ તેમજ રિપેરીંગના કારણે અમદાવાદ શહેરના ઘણા રસ્તાઓ તુટી જાય છે. જેના માટે આ તુટી ગયેલ રસ્તાઓ ઉપર પેચવર્ક કરવુ ખુબ જ જરૂરી હોય છે. આ માટે હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેન્ડરો મંગાવી રોડ રીસરફેસની કામગીરી હાથ ધરવામાં આવે છે. કોન્ટ્રાકટર પર આધાર રાખવાને કારણે, કોન્ટ્રાકટરોના પ્લાન્ટ ચોમાસા દરમ્યાન તથા તહેવારો દરમ્યાન બંધ હોય ત્યારે રીસરફેસ કરવામાં ઘણી જ તકલીફ પડે છે. જેના કારણે શહેરીજનોને મુશ્કેલી પડે છે. વધુમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ઝોન દ્વારા જુદા-જુદા ટેન્ડરો મંગાવવામાં આવતા હોઇ રોડની ગુણવત્તા તથા ભાવોની એકરૂપતા જળવાતી નથી આ સમસ્યા નિવારવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરીયા મેટલ ડેપો ખાતે પોતાનો બેચમિકસ પ્લાન્ટ ઈરેકટ કરી શરૂ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

જે માટે આવા પ્લાન્ટ પરથી આકસ્મિક હોટમીકસ મટીરીયલની જરૂર પડે તો મટીરીયલ્સ સપ્લાય કરી આવી કામગીરી કરી શકાય. તેમજ વર્ષ દરમ્યાન વારંવાર આવતા જાહેર પ્રસંગ તથા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય વિભુતીઓ જયારે અમદાવાદ શહેરની મુલાકાતે આવે છે ત્યારે જે તે રૂટને તાકીદે રોડ રીસરફેસની કામગીરી આકસ્મિક કરવાની જરૂરીયાત ઉભી થાય છે. જે આ પ્રકારના પ્લાન્ટ પરથી કરી શકાય. સામાન્યતઃ ટેન્ડર અન્વયે કરવામાં આવતી કામગીરીમાં કોન્ટ્રાકટરો દ્વારા ચોમાસા પહેલા કામગીરી બંધ કરી દેવામાં આવે છે, જે કામોમાં ડીફેકટ લાયેબિલિટી પિરીયડ પુર્ણ થઈ ગઈ હોય તેવા કામો માટે આ પ્લાન્ટ ચોમાસા દરમ્યાન પણ જે દિવસોમાં સમય મળે તે પ્રમાણે ચાલુ કરી આ રીપેરીંગની કામગીરી હાથ ધરી ટ્રાફીકની સમસ્યાનુ નિવારણ લાવી શકાય તે હેતુથી કાંકરીયા મેટલ ડેપો ખાતે પાંચ વર્ષ માટે કોન્ટ્રાકટર દ્વારા બેચ મિકસ હોટમીકસ પ્લાન્ટ ઈરેકટ કરી રીસરફેસની તેમજ પેચવર્કની કામગીરી કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ડિઝાઈન સેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં વાર્ષિક રૂા.૮૦૦ થી ૧૨૦૦ કરોડ કેપીટલ કામો કરવામાં આવેલ છે. જેમાં હાલમાં જુદા જુદા વિભાગો જેવા કે પાણી, ડ્રેનેજ, રોડ, બ્રીજ, હોસ્પીટલ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, હેલ્થ, ફાયર, સ્કુલ, હાઉસીંગ વિગેરે વિભાગોના જુદા-જુદા કામો જેવા કે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન, પાણીનું નેટવર્ક, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, બ્રીજ, રોડ,સ્કુલ,અર્બન હેલ્થ સેન્ટર વિગેરે માટે જુદા-જુદા કન્સલ્ટન્ટને અલગ અલગ દરે નિમણૂંક કરી તેમની ડિઝાઈન અનુસાર પ્રોજેકટોના અમલીકરણ થાય છે. જેના કારણે કામોના

અમલીકરણ દરમ્યાન નાંણાકીય તેમજ તાંત્રિક બાબતે વિસંગતતાઓ ઉભી થાય છે આ ઉપરાંત અ.મ્યુ.કો. પર ઘણું મોટું આર્થિક ભારણ પડે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હયાત ઈજનેરોમાંથી જ સદર કામગીરીના અનુભવી ઈજનેરોની નિમણૂંક કરી ડિઝાઈન સેલ પ્રસ્થાપિત કરવાનું આયોજન હાથ ધરેલ છે. સદર સેલની કામગીરી જુદા-જુદા વિભાગોના તમામ કામો માટે એકસરખા સ્પેસીફીકેશન, સમાન ભાવો તથા ઈકોનોમીકલ ડિઝાઈન તેમજ હયાત સ્ટ્રકચરોના રીહેબીલીટેશન તથા અપગ્રેડેશનની કામગીરીની ડિઝાઈન તથા અંદાજો તૈયાર કરવાની મહત્વની જવાબદારી રહેશે.

સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ સીસ્ટમ (SCADA) :

શહેરના તમામ વોટર પંપીંગ સ્ટેશન તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર્ફોમન્સને લગતો જરૂરી તમામ ડેટા સરળતાથી ઉપલબ્ધ થાય તથા તેના ઉપયોગથી નિયમિત મોનીટરીંગ કરવા તથા પંપીંગ સ્ટેશનો અને ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોની કાર્યક્ષમતામાં વધારો કરવા અને નોન રેવન્યુ વોટર લોસીસને નિયંત્રણમાં લાવવા માટે ૧૪૦ વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશનો તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે ઈન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમેશન સાથે સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ સીસ્ટમ (SCADA) ના પ્રોજેક્ટ માટે રૂા. ૩૪.૩૯ કરોડના ખર્ચ તથા ૪૪ સુએજ પંપીંગ સ્ટેશનો તેમજ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે ઈન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમેશન સાથે સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ સીસ્ટમ (SCADA) ના પ્રોજેક્ટ માટે રૂા. ૨૫.૦૬ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૩-૧૪થી ત્રણ સ્ટેજમાં તબક્કાવાર કરવાનું આયોજન છે.

સાબરમતી રીવર ફ્રન્ટ :

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો અને દશ્યો ધરાવતી સાબરમતી રીવર ફ્રન્ટ અંતર્ગત નદીની સરેરાશ પહોળાઈ અંદાજે ૨૭૫ મીટર રાખી ડાઉનસ્ટ્રીમમાં આવેલ વાસણા બેરેજના કારણે નદીમાં કરી શકાતા જળસંગ્રહની નજીકમાં હરવા ફરવા માટે બંને કાંઠે ૬ થી ૧૧ મીટરની પહોળાઈના વૉક-વે તૈયાર કરી રીટેઈનીંગ વોલનું બાંધકામ કરી વિકાસ માટે પ્રાપ્ય જમીન ઉપર બંને બાજુ રોડનું બાંધકામ, મોટા પાયે બગીચા તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત બોટીંગ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે અને વોટર સ્પોર્ટસ એકટીવીટીનું આયોજન કરી તેની અમલીકરણની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. નદીના બંને કીનારા પર આવેલ અન્યત્ર વસાવવા પાત્ર ઝુંપડા/કુંટુંબોને ઈ.ડબલ્યુ.એસ. ના આવાસોમાં વસાવવાની કામગીરી પણ પુરી કરવામાં આવેલ છે.

➢ બગીચાઓનો વિકાસ :

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા પ્રાપ્ત કુલ રીક્લેમ્ડ લેન્ડ પૈકી ૨૮ હેકટર જમીન ઉપર બગીચાઓ વિકસાવવાનું આયોજન છે.હાલમાં ગાંધીઆશ્રમની સામેની બાજુ પૂર્વ કિનારે “આશ્રમબાગ” નું કામ મહદઅંશે પૂર્ણ થયેલ છે જ્યારે ઉસ્માનપુરા ગાર્ડનનું કામ હાલ પ્રગતિમાં છે.

➢ **અર્બન ફોરેસ્ટ્રી :**

વાસણા બેરેજથી પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસેના પ્રોજેકટ વિસ્તારમાં "અર્બન ફોરેસ્ટ્રી" બનાવવાનું આયોજન છે.

➢ **ટ્રેડ ફેર સેન્ટર :**

સાબરમતી રીવર ફ્રન્ટમાં ૧ લાખ સ્ક્વેર ફીટના વિસ્તારમાં ટ્રેડ ફેર સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે.

➢ **રોપ-વે બ્રીજ :**

સાબરમતી નદીના બંને કાંઠાને જોડતો રૉપ-વે બ્રીજ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

➢ **નદીના જળની સ્વચ્છતા :**

સાબરમતી નદીનું જળ સ્વચ્છ રહે તે માટે Bio Remediation પદ્ધતિ તથા મિકેનીકલ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે.

સાબરમતી રીવરફ્રન્ટ પ્રાજેકટને ઈ.સ. ૨૦૧૧ માં હુડકોનો "Innovative Infrastructure Development" એવોર્ડ તથા સીંગાપુર ખાતેથી જુલાઈ-૨૦૧૨ માં મળેલ વર્લ્ડ સીટીઝ સમીટ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "Lee Kaun Wew World City Prize" એનાયત પ્રાપ્ત થયેલ છે.

સને ૨૦૧૩-૧૪ માં રૂા.૨૨૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સંસ્કાર કેન્દ્ર-પાલડી :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું સંસ્કાર કેન્દ્ર ઈ.સ. ૧૯૫૪ માં જગવિખ્યાત ફ્રેંન્ચ આર્કિટેકટ લી. કાર્બુઝિયરે તૈયાર કરેલ ડીઝાઈન પ્રમાણે બંધાએલ હેરીટેજ મહત્વ ધરાવતું સ્મારક છે. મ્યુઝીયમનું નવેસરથી ડીસ્પ્લે, પતંગ મ્યુઝીયમનું નવીનીકરણ, નાનું ઓડીટેરીયમ, કાફેટએરીયા, સોવેનીયર સોપ, વોટરબોડીનું પુનઃનિર્માણ, નવા ટોઈલેટ બ્લોકસ, વેન્ડર સોપ તથા પ્લોટના વિકાસમાં એમ.પી. થીયેટર, એકઝીબીશન પ્લોટ તથા પાર્ટી પ્લોટ તરીકેના વિકાસ માટે કુલ રૂા.૭.૦૦ કરોડ અંદાજીત ખર્ચ થાય તેમ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

"SRFDCL Bhavan" અને "AJL Bhavan" નું નિમાર્ણ :

સંસ્કાર કેન્દ્ર-પાલડી ખાતે સાબરમતી રીવફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનની વહીવટીય કામગીરી તથા સરળતા માટે આધુનિક સમયને છાજે તેવું "SRFDCL Bhavan" આગામી વર્ષમાં બનાવવાનું નક્કી કરેલ છે તથા અમદાવાદ જનમાર્ગ લીમીટેડ માટે પણ "AJL Bhavan" નિર્માણ કરવાનું નક્કી કરેલ છે. સને ૨૦૧૩-૧૪ માં પ્રાથમિક ધોરણે રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે

સને ૨૦૧૩-૧૪ માં અમદાવાદના શહેરીજનો માટે બુક ફેર, મેરેથોન દોડ, સાઇકલોથોન, ફલાવર શો તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

મિલકત વેરા તેમજ વાહન વેરામાં સૂચિત વધારો :

અમદાવાદ શહેરના શહેરીજનોની સુવિધા તેમજ સુખાકારી માટે ઉપર જણાવેલ વિવિધ પ્રકારના વિકાસના કામો આગામી વર્ષમાં હાથ ધરવામાં આવનાર છે. સદર કામોના ખર્ચને પહોંચી વળવા નીચે જણાવ્યા મુજબ મિલકત વેરામાં તથા વાહન વેરામાં વધારો સૂચવવામાં આવે છે.

ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ ૨૦૧૩-૧૪ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે. સૂચિત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે. સને ૨૦૦૧-૦૨ના વર્ષમાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્ષ ૭૯/- હતો જે નવેમ્બર- ૨૦૧૨ માં ૧૬૯.૦૦ થયેલ છે તે અનુસાર સને ૨૦૦૧-૦૨ માં મિલકતવેરાના વાર્ષિક દર રહેણાંકની મિલકતો માટે રૂા.૧૦/- અને બિન રહેણાંકની મિલકતો માટે રૂા.૨૨/- હતાં તે વર્તમાન હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્ષની ફોર્મ્યુલા અનુસાર રહેણાંકની મિલકતો માટે વેરાનો વાર્ષિક દર રૂા.૨૪/- અને બિન-રહેણાંક મિલકતો માટે વેરાનો વાર્ષિક દર રૂા.૫૨/- થાય છે. પરંતુ શહેરીજનો ઉપર એક સાથે કરનું મોટું ભારણ ના આવે તે માટે સને ૨૦૧૩-૧૪ માં રહેણાંકની મિલકતો માટે વાર્ષિક દર રૂા.૨૦/- અને બિન-રહેણાંકની મિલકતો માટે વાર્ષિક દર રૂા.૩૨/- કરવાની બજેટ દરખાસ્ત કરવામાં આવે છે. પરંતુ વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષમાં કોઈપણ વધારો સૂચવવામાં આવતો નથી.

વધુમાં વાહન વેરામાં વાહનની બેઝીક કિંમતને અનુરૂપ વાહન વેરાના દરમાં સામાન્ય વધારો સૂચવવામાં આવેલ છે.

મિલકત વેરામાં સૂચિત વધારાથી રૂા.૨૧૧.૭૨ કરોડ તથા વાહન વેરામાં સૂચિત વધારાથી રૂા.૧૮.૨૪ કરોડની આવકનો વધારો થશે.

આમ, અમદાવાદ શહેરના સમતોલ તથા સર્વાંગી વિકાસ માટે સ્વર્ણિમ સિધ્ધિ વર્ષથી શરૂ કરવામાં આવેલા આંતરમાળખાકિય સુવિધાના કામો, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો, "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન" **(JnNURM)** યોજનાના વિકાસના ચાલતાં માળખાગત સુવિધાઓના તથા સામાજિક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓના કામો સહિત તમામ ઝોનલ પ્રાયોરિટી વર્કસનાં વિકાસ કાર્યોના સંકલિત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહીવટ સાથેના આગામી વર્ષના રૂા.૧૦૩૨.૨૫ કરોડ રેવન્યુ પુરાંત કેપિટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અંદાજિત રૂા.૨૪૭૦.૦૦ કરોડનાં વિકાસ કાર્યો સાથેનું નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ નું રૂા.૪૪૨૫.૦૦ કરોડનું અંદાજપત્ર રજુ કરતાં અત્યંત આનંદ અનુભવું છું.

૧. સને ૨૦૧૧-૧૨ના વર્ષની ખરેખર પરિસ્થિતિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સને ૨૦૧૧-૧૨ ના વર્ષના સુધારેલા અંદાજપત્ર સામે સને ૨૦૧૧-૧૨ ના વર્ષની ખરેખર આવક તથા ખર્ચમાં રહેલ છેવટની પરિસ્થિતિ તથા તેની વિગતો અને કેટલીક મુખ્ય હકીકતો નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

૧. રેવન્યુ એકાઉન્ટ

(રૂા. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૦-૧૧ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ	સને ૨૦૧૧-૧૨ ના વર્ષનો રીવાઈઝડ અંદાજ	વધ-ઘટ	સને ૨૦૧૧-૧૨ના વર્ષનું ખરેખર આવક/ ખર્ચ
આવક					
૧	ઉઘડતી સિલક	૦.૨૦	૦.૧૮	૦.૦૦	૦.૧૮
૨	રેવન્યુ આવક	૧૮૯૯.૫૭	૨૨૩૯.૬૮	-૯૭.૫૬	૨૧૪૨.૧૨
	કુલ	૧૮૯૯.૭૭	૨૨૩૯.૮૬	-૯૭.૫૬	૨૧૪૨.૩૦
ખર્ચ					
૧	રેવન્યુ ખર્ચ	૧૩૨૨.૭૯	૧૬૦૬.૨૭	-૪૨.૪૪	૧૫૬૩.૮૩
૨	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૫૭૬.૮૦	૬૩૩.૫૦	-૫૫.૨૦	૫૭૮.૩૦
૩	આખરી સિલક	૦.૧૮	૦.૦૯	૦.૦૮	૦.૧૭
	કુલ	૧૮૯૯.૭૭	૨૨૩૯.૮૬	-૯૭.૫૬	૨૧૪૨.૩૦

૧.૧ રેવન્યુ આવક :

સને ૨૦૧૧-૧૨ ના સુધારેલા અંદાજપત્ર અનુસાર રેવન્યુ આવક રૂ.૨૨૩૯.૬૮ કરોડ અંદાજવામાં આવેલી હતી જે સામે ખરેખર આવક રૂ.૨૧૪૨.૧૨ કરોડ થયેલ છે. આમ સુધારેલ અંદાજ કરતાં રૂ.૯૭.૫૬ કરોડની આવક ઓછી થવા પામેલ છે. પ્રોપર્ટી ટેક્ષ અને નોન ટેક્ષ આવકમાં ધારણા મુજબનો વધારો ન થવાને કારણે છે.

રેવન્યુ આવકનું પત્રક

(રૂ. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં થયેલ ખરેખર આવક	સને ૨૦૧૧-૧૨ ના વર્ષનો સુધારેલ અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં થયેલ ખરેખર આવક
	ઉઘડતી સિલક	૦.૨૦	૦.૧૮	---	૦.૧૮
૧.	ઓક્ટ્રોયને બદલે સરકારશ્રીની ગ્રાન્ટ	૮૨૬.૬૨	૮૨૬.૭૦	૦.૦૩	૮૨૬.૭૩
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૩૦૧.૯૩	૩૪૫.૦૨	-૩૨.૮૬	૩૧૨.૧૬
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૧૨૭.૦૯	૧૩૫.૦૦	૧.૮૧	૧૩૬.૮૧
૪.	પ્રોફેશનલ ટેક્ષ	૬૮.૮૩	૮૦.૦૦	૨.૩૭	૮૨.૩૭
૫.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૨૪૭.૦૧	૪૧૯.૩૨	-૮૪.૪૭	૩૩૪.૮૫
૬.	રેવન્યુ ગ્રાન્ટ, સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૨૪૧.૯૬	૩૩૯.૮૮	૧૮.૩૧	૩૫૮.૧૯
૭.	બીજી આવક	૮૬.૧૩	૯૩.૭૬	-૨.૭૫	૯૧.૦૧
	રેવન્યુ આવકનું કુલ	૧૮૯૯.૫૭	૨૨૩૯.૬૮	-૯૭.૫૬	૨૧૪૨.૧૨
	એકંદરે કુલ...	૧૮૯૯.૭૭	૨૨૩૯.૮૬	-૯૭.૫૬	૨૧૪૨.૩૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનો સૌથી મહત્ત્વનો સ્રોત મિલકતવેરામાં સને ૨૦૧૧-૧૨ માં જનરલ ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ/ચાર્જની આવક રૂા.૪૪૮.૯૭ કરોડ સામે સને ૨૦૧૦-૧૧ માં રૂા.૪૨૯.૦૨ કરોડની આવક થયેલ. જે સને ૨૦૧૦-૧૧ માં થયેલ આવક કરતા રૂા.૧૯.૯૫ કરોડ વધુ છે એટલે કે આશરે ૪.૬૫% જેટલો વધારો થયો છે. શહેરમાં આવેલ મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની ચાલુ વર્ષની રીકવરી તથા પાછલા વર્ષોના બાકી રીકવરી માટે કરવામાં આવેલ ઘનિષ્ઠ પ્રયાસોને કારણે પ્રોપર્ટી ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષની આવકમાં વધારો થયેલ છે.

નોન ટેક્ષ રેવન્યુની આવકના ગ્રુપમાં ભાડુ, સેવાઓનો ચાર્જ તથા ટી.ડી.ઓ.ની આવકમાં વધારો થતાં સને ૨૦૧૦-૧૧ ના વર્ષની રૂા.૨૪૭.૦૧ કરોડની સરખામણીમાં સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં રૂા.૮૭.૮૪ કરોડના વધારા સાથે રૂા.૩૩૪.૮૫ કરોડ થયેલ છે. જે ૩૫.૫૬% વધારો છે.

આમ સને ૨૦૧૧-૧૨ ના વર્ષના સુધારેલ અંદાજ રૂા.૨૨૩૯.૬૮ કરોડની સામે ખરેખર રેવન્યુ આવક રૂા.૨૧૪૨.૧૨ કરોડ થયેલ છે. જે રૂા.૯૭.૫૬ કરોડનો ઘટાડો સૂચવે છે તથા સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ખરેખર રેવન્યુ આવક રૂા.૧૮૯૯.૫૭ કરોડની સામે રૂા.૨૪૨.૫૫ કરોડનો વધારો થયેલ છે. જે ૧૨.૭૬% વધારો છે.

૧.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૧-૧૨ ના સુધારેલા અંદાજોમાં રેવન્યુ ખર્ચ રૂ.૧૬૦૬.૨૭ કરોડ અંદાજવામાં આવેલ. જે સામે વર્ષાન્તે ખરેખર ખર્ચ રૂ.૧૫૬૩.૮૩ કરોડ થયેલ છે. આમ અંદાજેલ ખર્ચ સામે ખરેખર થયેલ ખર્ચમાં રૂ.૪૨.૪૪ કરોડનો ઘટાડો થયેલ છે. રેવન્યુ ખર્ચના મુખ્ય સદર પ્રમાણે થયેલ ખર્ચની વિગત નીચે જણાવેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ	સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો સુધારેલો અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ	સને ૨૦૧૦-૧૧ ની સામે ૨૦૧૧-૧૨ માં ખરેખર ખર્ચમાં થયેલ વધ/ઘટ (%)
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૬૨૯.૯૯	૭૧૬.૪૭	૭.૫૨	૭૨૩.૯૯	૧૪.૯૨%
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૩૫.૫૪	૫૦.૯૪	-૯.૬૫	૪૧.૨૯	૧૬.૧૮%
૩	મરામત અને નિભાવ	૯૯.૦૫	૧૩૨.૯૭	-૧૧.૨૫	૧૨૧.૭૨	૨૨.૮૯%
૪	પાવર અને બળતણ	૧૨૫.૨૨	૧૨૯.૦૪	-૮.૨૮	૧૨૦.૭૬	-૩.૫૬%
૫	સર્વિસીસ તથા પ્રોગ્રામના ખર્ચા	૬૫.૫૬	૧૦૭.૨૬	-૧૮.૪૬	૮૮.૮૦	૩૫.૪૫%
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૩૫૪.૩૬	૪૩૦.૯૯	-૩.૫૭	૪૨૭.૪૨	૨૦.૬૨%
૭	લોન ચાર્જીસ	૧૨.૦૦	૩૪.૩૪	૨.૬૨	૩૬.૯૬	૨૦.૮%
૮	અન્ય ખર્ચ	૧.૦૭	૪.૨૬	-૧.૩૭	૨.૮૯	૧૭૦.૦૯%
	રેવન્યુ ખર્ચનું કુલ...	૧૩૨૨.૭૯	૧૬૦૬.૨૭	-૪૨.૪૪	૧૫૬૩.૮૩	૧૮.૨૨%
	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૫૭૬.૮૦	૬૩૩.૫૦	-૫૫.૨૦	૫૭૮.૩૦	
	આખરી સિલક ...	૦.૧૮	૦.૦૯	૦.૦૮	૦.૧૭	
	એકંદરે કુલ ...	૧૮૯૯.૭૭	૨૨૩૯.૮૬	-૯૭.૫૬	૨૧૪૨.૩૦	

- એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચમાં સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં સુધારેલ અંદાજ રૂ.૭૧૬.૪૭ કરોડની સામે ખરેખર રૂ.૭૨૩.૯૯ કરોડનો ખર્ચ થયેલ છે. જે સુધારેલ અંદાજની સામે રૂ.૭.૫૨ કરોડનો વધારો દર્શાવે છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા મ્યુનિસિપલ મિલકતોના મરામત-નિભાવની કામગીરી પાછળ સને ૨૦૧૦-૧૧ ની સરખામણીમાં સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં રૂ.૨૨.૬૭ કરોડનો વધારે ખર્ચ કરવામાં આવેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કુલ બોર્ડ, વી. એસ. હોસ્પિટલ, એમ. જે. લાયબ્રેરી તેમજ અન્યને આપવામાં આવતી ગ્રાન્ટના ખર્ચમાં સને ૨૦૧૦-૧૧ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં રૂ.૭૩.૦૬ કરોડનો વધારો થયેલ છે તથા સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચમાં સને ૨૦૧૦-૧૧ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં રૂ.૨૩.૨૪ કરોડનો વધારો થયેલ છે.

આમ, સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં થયેલ કુલ રેવન્યુ આવક રૂ.૨૧૪૨.૧૨ કરોડ સામે કુલ રેવન્યુ ખર્ચ રૂ.૧૫૬૩.૮૩ કરોડ થયેલ જેથી રૂ.૫૭૮.૩૦ કરોડની રકમ વિકાસના કામો માટે કેપીટલ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

૧.૩ કેપીટલ ખર્ચ :

સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં કેપીટલ એકાઉન્ટમાં વિકાસ કામો માટે કુલ રૂ.૧૨૨૬.૪૯ કરોડ ખર્ચ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. જેમાં મુખ્યત્વે મ્યુનિસિપલ ફંડમાંથી રૂ.૩૦૦.૩૫ કરોડ અને JnNURM હેઠળ રૂ.૪૧૦.૭૧ કરોડના અલગ-અલગ કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત એ.એમ.ટી.એસ., સાબરમતી રીવર ફ્રન્ટ કંપની, અમદાવાદ જનમાર્ગ લિ. તથા એ.એમ.સી. મેટને કુલ રૂ.૩૨૭.૪૯ કરોડ આપવામાં આવેલ છે.

(રૂ. કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૦-૨૦૧૧ નું ખરેખર	૨૦૧૧-૨૦૧૨નો સુધારેલ અંદાજ	૨૦૧૧-૨૦૧૨ નું ખરેખર
(ક)	મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો			
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૨૨૩.૭૦	૨૨૯.૪૨	૧૭૭.૦૫
૨.	રસ્તા	૩૨.૨૦	૧૭.૮૬	૧૨.૬૪
૩.	પુલો	૨૭.૨૫	૧૦.૩૫	૨.૨૩
૪.	પાણી પુરવઠો	૬૬.૨૬	૩૦.૬૬	૨૪.૫૯
૫.	ડ્રેનેજ	૨૩.૦૦	૪૦.૦૦	૩૧.૫૯
૬.	મકાન	૩૬.૦૩	૧૬.૮૫	૧૦.૨૫
૭.	જાહેર સ્થળો	૨૫.૦૨	૧૦.૦૦	૫.૦૬
૮.	સ્ટ્રીટ લાઈટ	૪.૮૪	૧૨.૫૫	૧૦.૫૨
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૭.૩૯	૪૩.૯૨	૩૮.૨૭
૧૦.	ઈ-ગવર્નન્સ	૩.૪૦	૧૧.૯૭	૧૧.૭૮
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૦૩	૭.૫૦	૪.૩૬
૧૨.	જમીન સંપાદન	૦.૬૩	૧૬.૯૭	૧૦.૬૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૦.૨૬	૬.૨૦	૦.૯૪
૧૪.	અન્ય	૦.૧૯	૦.૭૦	૦.૩૪
	(ક) નું કુલ	૪૫૦.૨૦	૪૫૪.૯૫	૩૪૦.૨૨
(ખ)	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર	૧૬૨.૦૨	૦.૦૦	૩૯.૮૭
	કોર્પોરેશન ફંડનું કુલ (નેટ) (ક-ખ)	૨૮૮.૧૮	૪૫૪.૯૫	૩૦૦.૩૫
(ગ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૩૮.૦૮	૧૫૩.૦૦	૧૫૨.૯૧
(ઘ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૧૦૫.૯૨	૧૬૬.૪૦	૧૫૭.૫૮

અ. નં.	વિગત	૨૦૧૦-૨૦૧૧ નું ખરેખર	૨૦૧૧-૨૦૧૨નો સુધારેલ અંદાજ	૨૦૧૧-૨૦૧૨ નું ખરેખર
(ચ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૧૨.૦૦	૬.૦૦	૧૭.૦૦
(છ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ (AJL)	૨.૦૦	૨.૦૦	૦.૦૦
(જ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૦.૦૦	૨.૦૦	૦.૦૦
(ઝ)	JnNURM ના કામો			
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૧૩૩.૦૨	૧૫૧.૪૦	૧૩૭.૮૯
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૨૦.૬૮	૬૩.૦૦	૧૦૪.૮૩
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૫૫.૪૩	૭.૦૦	૭.૫૪
૪.	EWS હાઉસીંગ	૯૦.૯૭	૫૩.૦૦	૫૧.૮૯
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૨૦.૪૫	૨૦.૦૦	૬.૯૬
૬.	પાણી પુરવઠાના કામો	૯.૪૦	૩.૯૧	૩.૩૮
૭.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૧૪.૬૯	૮૯.૦૦	૭૩.૮૨
૮.	વાસણા-પીરાણા સુઅરેજ પંપીંગ સ્ટેશન	૫.૭૭	૩.૦૦	૨.૪૪
૯.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૫.૪૨	૩૦.૦૦	૨૧.૦૨
૧૦.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૦૦	૦.૫૦	૦.૨૭
૧૧.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૦.૦૦	૧.૦૦	૦.૬૭
૧૨.	ઈ-ગવર્નન્સ	૦.૦૦	૩.૦૦	૦.૦૦
	(ઝ) નું કુલ	૪૫૫.૮૩	૪૨૪.૮૧	૪૧૦.૭૧
(ટ)	ગ્રાન્ટના કામો			
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૨૩૮.૧૭	૩૮૩.૬૫	૧૬૦.૭૯
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૧૪.૫૮	૧૨.૭૨	૧૦.૮૪
૩.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૮.૮૧	૧૨.૦૪	૯.૦૭
૪.	સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૫.૮૮	૯.૪૮	૬.૪૩
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૦.૦૦	૪.૨૫	૦.૩૧
૬.	અન્ય ગ્રાન્ટ	૦.૪૬	૦.૫૫	૦.૫૦
	(ટ) નું કુલ	૨૬૭.૯૦	૪૨૨.૬૯	૧૮૭.૯૪
	કુલ ખર્ચ(ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	૧૨૬૯.૯૧	૧૬૩૧.૮૫	૧૨૨૬.૪૯

૧.૪ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

વર્ષ આખરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બાકી દેવાની લોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

સને ૨૦૧૧-૨૦૧૨ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂ. કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૧ ના રોજ ઉઘડતી સિલક	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરેલ લોન	તા.૩૧-૩-૧૨ ના રોજની આખરની સિલક
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઇંગ)	૮.00	0.00	૮.00	૭.૯૦	0.૧૦
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫.૯૦	0.00	૧૫.૯૦	0.00	૧૫.૯૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૨૬.૯૦	0.00	૨૬.૯૦	0.00	૨૬.૯૦
૫.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૨૯.00	0.00	૧૨૯.00	૬.૫૬	૧૨૨.૪૪
કુલ		૨૫૯.૯૧	0.00	૨૫૯.૯૧	૧૪.૪૬	૨૪૫.૪૫

૨. સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો

સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો આ સાથેના રેવન્યુ આવક તથા રેવન્યુ ખર્ચના પત્રક મુજબ રાખવા યોગ્ય જણાયેલ છે.

૨.૧ રેવન્યુ આવક :

(રૂ. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૨-૧૩ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૨-૧૩ના વર્ષનો સુધારેલ અંદાજ
	ઉઘડતી સિલક...	૦.૦૯	૦.૦૮	૦.૧૭
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૯૦૯.૩૭	-૮૨.૩૭	૮૨૭.૦૦
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૪૫૧.૪૯	-૧૦૧.૪૯	૩૫૦.૦૦
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૨૧૧.૦૦	-૪૬.૦૦	૧૬૫.૦૦
૪.	પ્રોફેશનલ ટેક્ષ	૧૦૫.૦૦	-૫.૦૦	૧૦૦.૦૦
૫.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૭૩૯.૯૮	-૧૬૮.૯૦	૫૭૧.૦૮
૬.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૬૭.૯૩	-૫૨.૯૩	૪૧૫.૦૦
૭.	બીજી આવક	૧૫૯.૭૮	-૧૭.૧૫	૧૪૨.૬૩
	રેવન્યુ આવકનું કુલ...	૩૦૪૪.૫૫	-૪૭૩.૮૪	૨૫૭૦.૭૧
	એકંદરે કુલ	૩૦૪૪.૬૪	-૪૭૩.૭૬	૨૫૭૦.૮૮

સને ૨૦૧૨-૧૩ ના સુધારેલ અંદાજમાં ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ તેમજ વર્ષના શરૂઆતના છ માસની આવકોને ધ્યાને લઈ અંદાજીત કુલ રેવન્યુ આવક રૂ.૩૦૪૪.૫૫ કરોડ હતી જેમાં રૂ.૪૭૩.૮૪ કરોડનો ઘટાડો કરી સુધારેલ આવક રૂ.૨૫૭૦.૭૧ કરોડ અંદાજેલ છે. જે સને ૨૦૧૧-૧૨ ની ખરેખર રેવન્યુ આવક રૂ.૨૧૪૨.૧૨ કરોડ કરતાં ૨૦% વધુ અંદાજેલ છે.

૨.૨ રેવન્યુ ખર્ચ :

રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૨-૧૩ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૨-૧૩ના વર્ષનો સુધારેલ અંદાજ
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૭૩૨.૯૫	૩૮.૮૭	૭૭૧.૮૨
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૬૮.૫૪	-૧૮.૫૪	૫૦.૦૦
૩.	મરામત અને નિભાવ	૧૫૫.૯૬	-૧૦.૦૮	૧૪૫.૮૮
૪.	પાવર અને બળતણ	૧૩૮.૧૪	૨૩.૯૯	૧૬૨.૧૩
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૧૫૮.૧૩	૫૨.૬૦	૨૧૦.૭૩
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ, અને સબસીડી	૫૯૯.૫૨	-૧૬૧.૨૬	૪૩૮.૨૬
૭.	લોન ચાર્જીસ	૩૭.૬૩	૧.૪૦	૩૯.૦૩
૮.	અન્ય ખર્ચ	૧૩.૨૩	-૩.૩૪	૯.૮૯
	રેવન્યુ ખર્ચનું કુલ...	**૧૯૦૪.૧૦**	**-૭૬.૩૬**	**૧૮૨૭.૭૪**
	વિકાસના કાર્યોમાં ટ્રાન્સફર	**૧૧૪૦.૪૦**	**-૩૯૭.૪૦**	**૭૪૩.૦૦**
	આખરી સિલક...	**૦.૧૪**	**૦.૦૦**	**૦.૧૪**
	એકંદરે કુલ....	**૩૦૪૪.૬૪**	**-૪૭૩.૭૬**	**૨૫૭૦.૮૮**

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ જે સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનાં અંદાજમાં રૂ.૭૩૨.૯૫ કરોડ અંદાજવામાં આવેલ જે સુધારેલ અંદાજમાં રૂ.૭૭૧.૮૨ કરોડ (છઠ્ઠા પગારપંચના એરિયર્સ સાથે) થવાનો અંદાજ છે તેમ છતાં કુલ રેવન્યુ આવકના ૩૦.૦૨% થી વધવા દેવામાં આવેલ નથી. પાવર અને બળતણનો ખર્ચ સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનો અંદાજ રૂ.૧૩૮.૧૪ કરોડ અંદાજેલ. જે સુધારેલ અંદાજમાં રૂ.૧૬૨.૧૩ કરોડ થવાનો અંદાજ છે.

સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રેવન્યુ ખર્ચના રૂ.૧૯૦૪.૧૦ કરોડ ના અંદાજ સામે સુધારેલ અંદાજમાં રૂ.૧૮૨૭.૭૪ કરોડ અંદાજીને રૂ.૭૪૩.૦૦ કરોડ વિકાસના કામો માટે ટ્રાન્સફર કરવાનું અંદાજેલ છે. સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષની આખરે રેવન્યુ એકાઉન્ટમાં રૂ.૦.૧૪ કરોડની આખરી સિલક રહેવા અંદાજ છે.

૨.૩ વિકાસ કાર્યો :

સને ૨૦૧૨-૧૩ માં અંદાજેલ રૂ.૨૬૦૬.૯૧ કરોડના વિકાસ કાર્યોની સામે રીવાઈઝ અંદાજમાં રૂ.૧૮૧૫.૫૧ કરોડના કામો થવાનો અંદાજ છે.

(રૂા. કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૨-૧૩ નો અંદાજ	૨૦૧૨-૧૩નો સુધારેલ અંદાજ
(ક)	મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૮૨.૦૦	૨૩૬.૦૦
૨.	રસ્તા	૮૨.૫૦	૧૭.૦૦
૩.	પુલો	૬૪.૧૫	૫.૦૦
૪.	પાણી પુરવઠો	૯૫.૫૦	૨૧.૫૦
૫.	ડ્રેનેજ	૮૮.૮૮	૨૯.૦૦
૬.	મકાન	૮૨.૩૬	૧૬.૯૧
૭.	જાહેર સ્થળો	૫૪.૮૫	૧૩.૩૫
૮.	સ્ટ્રીટ લાઈટ	૩૧.૨૫	૧૦.૦૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૮૬.૨૦	૨૦.૦૦
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૧.૧૫	૮.૦૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૨.૭૭	૨.૫૦
૧૨.	જમીન સંપાદન	૫.૦૦	૫.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૩૬.૬૦	૫.૦૦
૧૪.	અન્ય	૧.૯૫	૧.૦૦
	(ક) નું કુલ	૧૦૨૫.૧૬	૩૯૦.૨૬
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૬૨.૬૦	૧૬૫.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૨૬.૦૦	૨૩૫.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૫.૦૦	૬.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ - (AJL)	૩.૦૦	૩.૦૦
(છ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૫.૦૦	૧.૦૦

અ. નં.	વિગત	૨૦૧૨-૧૩ નો અંદાજ	૨૦૧૨-૧૩નો સુધારેલ અંદાજ
(જ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચર	૧૭૮.૪૦	૧૭૯.૮૨
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૮૦.૦૦	૧૫.૭૧
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૩.૦૦	૫.૮૨
૪.	EWS હાઉસીંગ	૯૦.૦૦	૪૫.૦૦
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૨.૬૦	૨.૬૦
૬.	પાણી પુરવઠાના કામો	૦.૦૦	૦.૫૦
૭.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૮૦.૦૦	૪૫.૦૦
૮.	વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન	૧.૦૦	૧.૦૦
૯.	સોલીડવેસ્ટ મેનેજમેન્ટ	૩૫.૦૦	૪૩.૨૮
૧૦.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૦૦	૦.૧૮
૧૧.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૩.૦૦	૯.૦૯
૧૨.	ઇ-ગવર્નન્સ	૧૦.૦૦	૨.૦૦
	(જ) નું કુલ	૪૮૩.૦૦	૩૫૦.૦૦
(ઝ)	JnNURM અંતર્ગત વધારાના કામો	૧૫૦.૦૦	૦.૦૦
(ટ)	ગ્રાન્ટના કામો		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૫૦૦.૦૦	૪૫૮.૨૫
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૧૯.૯૪	૮.૨૫
૩.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૬.૧૦	૧૨.૦૦
૪.	સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૦.૦૦	૧૨.૫૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૯.૧૧	૧૩.૨૫
૬.	અન્ય ગ્રાન્ટ	૨.૦૦	૧.૦૦
૭.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો	૦.૦૦	૧૬૦.૦૦
	(ટ) નું કુલ	૫૪૭.૧૫	૬૬૫.૨૫
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	૨૬૦૬.૯૧	૧૮૧૫.૫૧

૨.૪ કેપીટલ આવક :

સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં કેપીટલ આવકનો સુધારેલ અંદાજ નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૨-૧૩ નો મૂળ અંદાજ	૨૦૧૨-૧૩ નો સુધારેલ અંદાજ
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૧૪૦.૪૦	૭૪૩.૦૦
૨.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૧૨.૦૭	૨૫૬.૪૬
૩.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૫૦૦.૦૦	૫૦૦.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ	૨૫૦.૦૦	૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૭૦.૩૬	૨.૭૩
૬.	સંસદસભ્ય/ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં વિકાસ કામો માટેની ગ્રાન્ટ	૧૧.૦૦	૧૦.૫૦
૭.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૫.૦૦	૮.૨૫
૮.	નાણાંપંચની ગ્રાન્ટ	૩.૦૦	૧૦.૦૦
૯.	ફાયર ટેક્ષની આવક	૧૨.૦૦	૧૨.૦૦
૧૦.	સફાઈ કામદાર માટે આવાસ યોજનાની ગ્રાન્ટ	૩.૦૦	૦.૦૦
૧૧.	અન્ય આવક	૫.૦૮	૫૪.૫૭
૧૨.	SRFDCL દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનની લોનની ચૂકવણી	૧૦૦.૦૦	૧૮.૦૦
૧૩.	EWS યોજના અન્વયે લાભાર્થીનો ફાળો	૬૦.૦૦	૦.૦૦
૧૪.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો અન્વયેની રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૦.૦૦	૨૦૦.૦૦
૧૫.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૫૦.૦૦	૦.૦૦
૧૬.	JnNURM અંતર્ગત વધારાના કામો અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૭૫.૦૦	૦.૦૦
	કુલ.....	૨૬૦૬.૯૧	૧૮૧૫.૫૧

૨.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૨-૧૩ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લોન વાઈઝ નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

સને ૨૦૧૨-૨૦૧૩ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂ. કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૨ ના રોજ ઉઘડતી સિલક	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરેલ લોન	તા.૩૧-૩-૧૩ ના રોજની આખરની સિલક
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઇંગ)	0.૧0	0.00	0.૧0	0.૧0	0.00
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫.૯0	0.00	૧૫.૯0	0.00	૧૫.૯0
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૨૬.૯0	0.00	૨૬.૯0	૮.૮૮	૧૮.૦૨
૫.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૨૨.૪૪	0.00	૧૨૨.૪૪	૮.૭૪	૧૧૩.૭0
	કુલ	૨૪૫.૪૫	0.૦૦	૨૪૫.૪૫	૧૭.૭૨	૨૨૭.૭૩

૩. સને ૨૦૧૩-૧૪ ના વર્ષનું અંદાજપત્ર :

☞ સામાન્ય વેરાના દર :

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(૬) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ ૨૦૧૩-૧૪ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે તેમજ તે અન્વયે નકકી કરેલ નિયમો ધ્યાને લેતા મિલકતવેરો નીચે મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ઉઘરાવવામાં આવશે.

મિલકતવેરા = સામાન્યવેરો + વોટરટેકસ + કોન્ઝરવન્સી ટેકસ

જેમાં સામાન્ય વેરો = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪) પ્રમાણે લેવામાં આવશે.

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

વર્ષ ૨૦૦૧-૦૨ થી કારપેટ એરીયા પદ્ધતિ આધારીત ટેક્ષ વસુલ કરવામાં આવે છે જેમાં રહેણાંક માટે વાર્ષિક વેરાનો દર રૂા.૧૦ પ્રતિ ચો.મિ. તથા બીન રહેણાંકની મિલકતો માટે રૂા.૨૨ પ્રતિ ચો.મિ. નક્કી કરવામાં આવેલ છે. સદર વાર્ષિક દરમાં છેલ્લા ૧૨ વર્ષમાં કોઈપણ વધારો કરવામાં આવેલ નથી. આ સમય દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનના રેવન્યુ અને કેપિટલ કામોમાં અસાધારણ વધારો થયેલ છે. ૨૦૦૧ ના વર્ષથી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય આવકનો સ્ત્રોત મિલકત વેરો તથા ઓક્ટ્રોઈની આવક હતી ત્યારબાદ તા.૧૫/૧૧/૨૦૦૭ થી ઓક્ટ્રોઈ નાબુદ કરવામાં આવેલ છે. હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રોપર્ટી ટેક્ષ આવકનો મુખ્ય સ્ત્રોત છે. કોર્પોરેશનના વિકાસના કામો, મરામત અને નિભાવ માટે મિલકત વેરાના દરમાં વધારો કરવો જરૂરી છે.

સામાન્ય રીતે સર્વગ્રાહી હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ કોઈપણ વધતા જતા ખર્ચનો સાચો અંદાજ આપે છે. વર્ષ - ૨૦૦૦ નો હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ ૭૯ હતો જે નવેમ્બર - ૨૦૧૨ માં ૧૬૯ થયેલ છે. તે મુજબ કોર્પોરેશનના તમામ ખર્ચમાં વધારોથયેલ છે. હયાત રહેણાંકની મિલકતોના વાર્ષિક દર રૂા.૧૦ હતો તથા બિન રહેણાંકની મિલકતો માટે રૂા.૨૨ હતો જેમાં નવેમ્બર - ૨૦૧૨ માં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ તથા ફોરમ્યુલા મુજબ રહેણાંકની મિલકતો માટે રૂા.૨૪ તથા બિન રહેણાંકની મિલકત માટે રૂા.૫૨ થાય છે પરંતુ જેના બદલે રહેણાંકની મિલકત માટે રૂા.૨૦ અને બિન રહેણાંકની મિલકતો માટે રૂા.૩૨ કરવા માટે ભલામણ કરવામાં આવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે સૂચિત વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:- પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા. ૨૦/-
બીન રહેઠાણની મિલકતો માટે	:- પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા. ૩૨/-

સામાન્ય વેરાના દરમાં વધારો કરવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વધારાની રૂા.૨૧૧.૭૨ કરોડની આવકનો અંદાજ છે.

New Rate (Budget Year)= Base Rate +1.2 × Base Rate × (Change in Wholesale Price Index)

$$\text{Where Change in wholesale Price Index} = \frac{[(\text{WPI (Budget Year)} - \text{WPI(Base Year)}]}{\text{WPI(Base Year)}}$$

Where Base Year = 2012-13

WPI (Base Year) = 169 (November, 2012)

WPI (Budget Year) = WPI (November of Previous Year of Budget)

Base Rate for Residential Building = Rs. 20 /sq. mtr/year

Base Rate for Other than Residential Building = Rs. 32 /sq. mtr/year

ઉપરોક્ત ફોર્મ્યુલા મુજબ મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ વર્ષ ૨૦૧૩-૧૪ માટે રહેણાંકની મિલકતો માટે રૂા.૨૦/- તેમજ બિન- રહેણાંકની મિલકતો માટે રૂા.૩૨/- રાખવા તેમજ ત્યારબાદના પ્રત્યેક વર્ષ માટે હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્ષ (W.P.I) ને ધ્યાને લઇ રહેણાંક અને બિન રહેણાંકની મિલકતો માટે દર વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન (બોર્ડ) વાર્ષિક દર નક્કી કરશે.

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે પાણીનો કર વસુલ કરવામાં આવશે.

વોટર ટેક્ષ

	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
રહેઠાણની મિલકતોના ફેકટરના દર	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતોના વપરાશ અંગેનો ફેકટર		
ફેકટર-૭	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૨	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૧	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%

વોટર ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (b) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે હલાલખોર કર વસુલ કરવામાં આવશે.

કોન્ઝરવન્સી ટેકસ (હલાલખોર કર)

	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
રહેઠાણની મિલકતોના ફેકટરના દર	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતોના વપરાશ અંગેનો ફેકટર		
ફેકટર-૭	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૨	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૧	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર) ના દરમાં વર્ષ ૨૦૧૩-૧૪ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

☞ વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ :

અર્બન એરીયાનો ચોક્કસ દિશામાં સર્વાંગી વિકાસ થાય તથા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી માળખાગત સેવાઓની બાબતમાં આર્થિક રીતે સ્વાયત્ત બને તે હેતુથી મ્યુનિસિપલ કોર્પોરેશનોને નાણાંકિય સહાય આપવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) નું ગઠન કરવામાં આવેલ છે. સદરહુ મીશનની શરતો મુજબ આગામી સાત વર્ષોમાં અમલી બનાવવાના થતાં વહીવટી સુધારણા તેમજ આર્થિક વ્યવસ્થાપનના ટાઈમ બાઉન્ડ રીફોર્મ એજન્ડા સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી વચ્ચે ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) કરવામાં આવેલ છે. જેમાં મિલકત વેરાનું માળખું તેમજ તેના દરો, મિલકત વેરાની વસુલાત તથા ફરિયાદ નિવારણ પદ્ધતિ, પાણી, ગટર, સફાઈ તથા પરિવહન સેવા પાછળ થતાં મહેસુલી ખર્ચની યુઝર ચાર્જીસ/ટેક્ષ દ્વારા વસુલાત, હિસાબી પદ્ધતિ, ઈ-ગવર્નન્સ, કોમ્યુનીટી પાર્ટીસીપેશન, પબ્લિક ડીસ્કલોઝર વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) અંતર્ગત કરવામાં આવેલ ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) મુજબ પાણી, ગટર તથા સફાઈ સેવા પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચની વસુલાત યુઝર ટેક્ષ/ચાર્જીસ મારફતે વર્ષવાઈઝ નીચે મુજબ કરવાની થાય છે.

વર્ષ	૨૦૦૫-૦૬	૨૦૦૬-૦૭	૨૦૦૭-૦૮	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
મહેસુલી ખર્ચ પૈકી વસુલાતના ટકા	૨૫	૩૫	૫૦	૬૫	૮૦	૯૦	૧૦૦

જેએનએનયુઆરએમ અંતર્ગત કરવામાં આવેલ ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ (MOU) માં કરવામાં આવેલ કમીટમેન્ટ મુજબ પાણી, ગટર અને સફાઈની સેવાઓ પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચની વસુલાત માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષથી સામાન્ય વેરાના ૩૦% લેખે વોટર ટેક્ષ અને સામાન્ય વેરાના ૩૦% લેખે કોન્ઝર્વન્સી ટેક્ષ લેવામાં આવતો હતો. સને ૨૦૧૨-૧૩ થી સુધારો કરેલ છે. જેની સામે મ્યુનિસિપલ હદમા વધારો થતાં પાણી, ગટર અને સફાઇ સેવાઓની જાળવણી પાછળ કરવામાં આવતા ખર્ચમા નોંધપાત્ર વધારો થયેલ છે.

હાલમાં લેવામાં આવતાં સામાન્ય વેરા પર વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષમાંથી પાણી, ગટર તથા સફાઈની સેવા પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચની પૂરેપુરી વસુલાત થઈ શકતી નથી. જેએનએનયુઆરએમ અંતર્ગત કરવામાં આવેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) મુજબ પૂરેપુરો યુઝર ચાર્જીસ વસુલ કરવો ખૂબ જ જરૂરી છે તેમજ જેએનએનયુઆરએમ અંતર્ગત ભારત સરકાર દ્વારા સમયાંતરે યુઝર ચાર્જીસ તેમજ અન્ય રિફોર્મ્સનું ઓડીટ કરવામાં આવે છે. તેમજ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવનાર જેએનએનયુઆરએમ ફેઝ-૨ માં રિફોર્મની યુઝર ચાર્જીસની શરતોનું પાલન કરવું મહત્ત્વનું રહેશે તે સંજોગોમાં સામાન્ય વેરાના દરોમાં વધારાની દરખાસ્તને કારણે વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષની આવકમાં વધારો થશે. જેને કારણે જેએનએનયુઆરએમની શરતો મુજબ યુઝર ચાર્જીસની વસુલાત થઈ શકશે.

☞ વાહનવેરો :

- વાહનવેરાની આવક

વર્ષ	આવક
૨૦૧૧-૧૨	રૂા.૩૦.૦૦ કરોડ
૨૦૧૨-૧૩ (તા.૧૮-૦૧-૨૦૧૩ સુધી)	રૂા.૩૧.૭૮ કરોડ માર્ચ અંતિત અંદાજીત રૂા.૪૦.૦૦ કરોડ
૨૦૧૩-૧૪	રૂા.૫૦.૦૦ કરોડ (સૂચિત દરના વધારા મુજબ અંદાજીત)

બીપીએમસી એક્ટની કલમ ૧૪૨(૧) મુજબ તથા ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬/૫/૦૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન વાહનવેરો વસુલવામાં આવે છે. તા.૦૧-૪-૨૦૧૨થી આજીવન વાહનવેરાના દર રાજ્ય સરકાશ્રીની મંજુરીની અપેક્ષાએ વસુલ કરવામાં આવે છે તથા આગામી વર્ષ માટે સૂચિત આજીવન વાહન વેરાના દર નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૩-૧૪ માટે સૂચિત વ્હીકલ ટેક્ષ (આજીવન વાહન વેરાનો દર)

અ. નં.	વાહનનો પ્રકાર	પ્રવર્તમાન વાહનવેરાના દર (બેઝીક પ્રાઈઝના)	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	૨.૫%	બેઝીક પ્રાઈસના ૨.૭૫% લેખે
૨	ઓટોરીક્ષા	૧%	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૩	લોડીંગ રીક્ષા	૧%	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૪	**મોટર કાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈસ)**		
(એ)	રૂા.૨,૯૯,૯૯૯ સુધી	૧%	બેઝીક પ્રાઈસના ૧% લેખે
(બી)	રૂા.૩,૦૦,૦૦૦ થી રૂા.૪,૯૯,૯૯૯ સુધી	૧%	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા.૯,૯૯,૯૯૯ સુધી	૧%	બેઝીક પ્રાઈસના ૨% લેખે
(ડી)	રૂા.૧૦,૦૦,૦૦૦ થી રૂા.૨૪,૯૯,૯૯૯ સુધી	૧%	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	રૂા.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	૧%	બેઝીક પ્રાઈસના ૨.૫% લેખ
૫	મેટાડોર - મીનીબસ	૧%	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	૧%	બેઝીક પ્રાઈઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

ઉપરોક્ત હયાત દરની જગ્યાએ સૂચિત દર મુજબ વધારો કરવાથી આજીવન વાહનવેરામાં પ્રતિવર્ષ રૂા.૧૮.૨૪ કરોડનો વધારો થશે.

☞ ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

વર્ષ	આવક
૨૦૧૧-૧૨	રૂા.૬૨.૪૦ લાખ
૨૦૧૨-૧૩ (તા.૧૮-૦૧-૨૦૧૩ સુધી)	રૂા.૧.૨૨ કરોડ માર્ચ અંતિત અંદાજીત રૂા.૧.૫૦ કરોડ

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા છે જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને આગામી તા.૦૧-૦૪-૨૦૦૮ થી એન.એ. થયેલા છે જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર સામાન્ય વેરો અગાઉની દરખાસ્ત મુજબ વસુલ લેવામાં આવે છે.

ગત ચાર વર્ષ દરમિયાન થયેલ ખરેખર આવક અને ખર્ચની સરેરાશને તથા ચાલુ વર્ષના આવકના પ્રવાહ તથા કરદરને તથા વસુલાતની પદ્ધતિને વધુ સુદૃઢતાને તથા વોટર અને કન્જર્વન્સી ટેક્ષના દરોમાં વધારાને ધ્યાનમાં લઈ આગામી ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રેવન્યુ આવક રૂા.૨૯૮૭.૩૧ કરોડ અંદાજવામાં આવેલ છે. કોર્પોરેશનના હયાત સ્રોતના કાર્યક્ષમ ઉપયોગ તથા ઉત્પાદક્તા અને ક્ષમતા વધારવાના અભિગમ સાથે ખર્ચમાં કરકસર કરી રેવન્યુ ખર્ચ રૂા.૧૯૫૫.૦૦ કરોડ અંદાજીને રૂા.૧૦૩૨.૨૫ કરોડ રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને આગામી વર્ષમાં રૂા.૨૪૭૦.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ ના નાણાંકીય વર્ષના અંતે રેવન્યુ એકાઉન્ટમાં રૂા.૦.૨૦ કરોડની સિલક રહેવાનો અંદાજ છે.

આગામી વર્ષ સને ૨૦૧૩-૧૪ નું અંદાજપત્ર નીચે મુજબ સૂચવવામાં આવે છે.

૩.૧ રેવન્યુ આવક :

રેવન્યુ આવકનું પત્રક

(રૂા. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૨-૧૩ના વર્ષનો સુધારેલ અંદાજ	સને ૨૦૧૩-૧૪ના વર્ષનો મ્યુનિ. કમિશ્નરશ્રી એ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
	ઉઘડતી સિલક...	૦.૧૭	૦.૧૪	
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૮૨૭.૦૦	૯૦૯.૩૭	૯.૯૬%
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૩૫૦.૦૦	૪૯૦.૦૦	૪૦.૦૦%
૩.	વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૧૬૫.૦૦	૨૧૦.૦૦	૨૭.૨૭%
૪.	પ્રોફેશનલ ટેક્ષ	૧૦૦.૦૦	૧૧૦.૦૦	૧૦.૦૦%
૫.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૫૭૧.૦૮	૬૫૦.૦૦	૧૩.૮૨%
૬.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૧૫.૦૦	૪૫૦.૦૦	૮.૪૩%
૭.	બીજી આવક	૧૪૨.૬૩	૧૬૭.૯૪	૧૭.૭૪%
	રેવન્યુ આવકનું કુલ...	૨૫૭૦.૭૧	૨૯૮૭.૩૧	૧૬.૨૧%
	એકંદરે કુલ...	૨૫૭૦.૮૮	૨૯૮૭.૪૫	



આવકના મુખ્ય સ્રોત ઓક્ટ્રોય નાબૂદ થતાં તેના બદલે સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ, મિલકતવેરા તથા વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષના દરમાં વધારાને ધ્યાનમાં રાખીને સને ૨૦૧૨-૧૩ ના સુધારેલ અંદાજમાં **૧૬.૨૧% વધારો** કરીને **રૂ.૪૧૬.૬૦ કરોડ**ની વધારાની આવક અંદાજેલ છે. આ સાથે સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં કુલ રેવન્યુ આવક **રૂ.૨૯૮૭.૩૧ કરોડ** અંદાજેલ છે.

આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૩-૧૪ માં રૂપિયાની આવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	આવક	૨૦૧૩-૧૪
૧	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૩૧ પૈસા
૨	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૧૬ પૈસા
૩	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૭ પૈસા
૪	પ્રોફેશનલ ટેક્ષ	૪ પૈસા
૫	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૨ પૈસા
૬	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૫ પૈસા
૭	અન્ય આવક	૫ પૈસા
	કુલ	૧૦૦ પૈસા


REVENUE INCOME
RS. IN CRORE
3500
3000
2500
2000
1500
1000
500
0
561.84
615.64
690.67
807.08
902.38
1196.04
1400.90
1554.17
1616.94
1899.58
2142.12
2570.71
2987.31
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13(RB)
2013-14(B)
YEAR

૩.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ખર્ચમાં રેવન્યુ ખર્ચનો અંદાજ રૂ.૧૯૫૫.૦૦ કરોડ અંદાજવામાં આવેલ છે. અંદાજીત રેવન્યુ ખર્ચનું પત્રક નીચે મુજબ છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૨-૧૩ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૩-૧૪ના વર્ષનો મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૭૭૧.૮૨	૮૧૮.૪૧	૬.૦૪%
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૫૦.૦૦	૬૦.૦૦	૨૦.૦૦%
૩.	મરામત અને નિભાવ	૧૪૫.૮૮	૧૬૬.૧૫	૧૩.૮૯%
૪.	પાવર અને બળતણ	૧૬૨.૧૩	૧૭૧.૭૫	૫.૯૩%
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૨૧૦.૭૩	૨૨૩.૬૪	૬.૧૩%
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૩૮.૨૬	૪૬૩.૦૦	૫.૬૫%
૭.	લોન ચાર્જીસ	૩૯.૦૩	૪૪.૦૫	૧૨.૮૬%
૮.	અન્ય ખર્ચ	૯.૮૯	૮.૦૦	-૧૯.૧૧%
	રેવન્યુ ખર્ચનું કુલ	૧૮૨૭.૭૪	૧૯૫૫.૦૦	૬.૯૬%
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૭૪૩.૦૦	૧૦૩૨.૨૫	
	આખરી સિલક	૦.૧૪	૦.૨૦	
	એકંદરે કુલ.....	૨૫૭૦.૮૮	૨૯૮૭.૪૫	



સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રેવન્યુ ખર્ચમાં સને ૨૦૧૨-૧૩ ના સુધારેલ અંદાજની સરખામણીમાં ૬.૯૬% જેટલો વધારો અંદાજેલ છે. આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટેના જરૂરી આવશ્યક ખર્ચાઓ કરવાના અભિગમ સાથે આગામી ૨૦૧૩-૧૪ ના વર્ષમાં **રૂ.૧૯૫૫.૦૦ કરોડ**નો રેવન્યુ ખર્ચ અંદાજેલ છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૩-૨૦૧૪ માં રૂપિયાની જાવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	ખર્ચ	૨૦૧૩-૧૪
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૭ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૬ પૈસા
૪	વિજળી અને બળતણ	૬ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૮ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૧૫ પૈસા
૭	લોન ચાર્જીસ	૧ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૫ પૈસા
	કુલ	૧૦૦ પૈસા


REVENUE EXPENDITURE
RS. IN CRORE
2500
2000
1500
1000
500
0
559.54
581.9
562.64
605.58
628.60
779.17
915.81
910.44
1155.99
1322.79
1563.83
1827.74
1955.00
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13 (RB)
2013-14(B)
YEAR


ESTABLISHMENT EXP.
RS. IN CRORE
900
800
700
600
500
400
300
200
100
0
235.23
237.71
245.27
246.74
269.40
310.81
378.39
350.74
512.96
629.99
723.99
771.82
818.41
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13 (RB)
2013-14(B)
YEAR


LOAN CHARGES
RS. IN CRORE
120
100
80
60
40
20
0
77.76
92.48
79.86
96.35
78.06
94.70
109.34
68.82
63.90
12.00
36.96
39.03
44.05
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13 (RB)
2013-14(B)
YEAR


TRANSFER TO CAP. A/C
RS. IN CRORE
1200
1000
800
600
400
200
0
0
37
128
201
275.00
416.00
485.50
644.00
461.00
576.80
578.30
743.00
1032.25
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13(RB)
2013-14(B)
YEAR

૩.૩ સને ૨૦૧૩-૧૪ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન :

સને ૨૦૧૨-૧૩ ના વર્ષના ચાલુ કામો તથા સને ૨૦૧૩-૧૪ ના નવા કામો સાથે સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રૂ.૨૪૭૦.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

(રૂ. કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૩-૧૪ ના વર્ષના વિકાસ કાર્યો માટે મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજી આવક
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૦૩૨.૨૫
૨.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૬૦.૩૭
૩.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન)	૨૦૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૨૨૦.૭૬
૬.	સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ	૧૨.૦૦
૭.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૮.૭૫
૮.	ફાયર ટેક્ષની આવક	૧૩.૦૦
૯.	અન્ય	૧૨.૮૭
૧૦.	EWS - યોજના અન્વયે લાભાર્થીનો ફાળો	૬૦.૦૦
૧૧.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૫૦.૦૦
૧૨.	JnNURM અંતર્ગત વધારાના કામો અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૦૦.૦૦
	કુલ ...	૨૪૭૦.૦૦

૩.૪ સને ૨૦૧૩-૧૪ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૨-૧૩ ના વર્ષના બજેટના ચાલુ કામો તથા સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં હાથ ધરવાના નવા કામો સાથે સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં **રૂ.૨૪૭૦.૦૦ કરોડ**ના વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂ. કરોડમાં)

અ. નં.	વિગત	સને ૨૦૧૨-૧૩ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૨૩૬.૦૦	૩૫૨.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૧૭.૦૦	૫૦.૦૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૫.૦૦	૬૫.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૨૧.૫૦	૧૦૦.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૨૯.૦૦	૧૦૦.૦૦
૬.	મકાન	૧૬.૯૧	૧૦.૦૦
૭.	જાહેર સ્થળો	૧૩.૩૫	૧૨.૧૫
૮.	સ્ટ્રીટ લાઇટ	૧૦.૦૦	૫.૦૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૨૦.૦૦	૩૭.૮૫
૧૦.	ઈ-ગવર્નન્સ	૮.૦૦	૧૫.૦૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૨.૫૦	૬.૦૦
૧૨.	જમીન સંપાદન	૫.૦૦	૧૦.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૫.૦૦	૨૦.૦૦
૧૪.	અન્ય	૧.૦૦	૨.૦૦
	(ક) નું કુલ	૩૯૦.૨૬	૭૮૫.૦૦
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૬૫.૦૦	૧૯૦.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૩૫.૦૦	૨૨૫.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૬.૦૦	૧૨.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ - (AJL)	૩.૦૦	૩.૦૦
(છ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૧.૦૦	૫.૦૦

અ. નં.	વિગત	સને ૨૦૧૨-૧૩ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(જ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૧૭૯.૮૨	૧૨૦.૦૦
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૧૫.૭૧	૧૧૦.૦૦
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૫.૮૨	૨.૦૦
૪.	EWS હાઉસીંગ	૪૫.૦૦	૫૧.૦૦
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૨.૬૦	૧.૦૦
૬.	પાણી પુરવઠાના કામો	૦.૫૦	૦.૦૦
૭.	ડ્રેનેજ પ્રોજક્ટ	૪૫.૦૦	૪૦.૦૦
૮.	વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન	૧.૦૦	૧.૦૦
૯.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૪૩.૨૮	૨૦.૦૦
૧૦.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૧૮	૦.૦૦
૧૧.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૯.૦૯	૨૦.૦૦
૧૨.	ઈ-ગવર્નન્સ	૨.૦૦	૧૦.૦૦
	(જ) નું કુલ	૩૫૦.૦૦	૩૭૫.૦૦
(ઝ)	JnNURM અંતર્ગત વધારાના કામો	૦.૦૦	૨૦૦.૦૦
(ટ)	ગ્રાન્ટના કામો		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૪૫૮.૨૫	૬૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૮.૨૫	૬.૭૭
૩.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૨.૦૦	૮.૦૦
૪.	સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૨.૫૦	૧૨.૫૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૧૩.૨૫	૨૦.૫૦
૬.	અન્ય ગ્રાન્ટ	૧.૦૦	૧.૦૦
૭.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો	૧૬૦.૦૦	૨૬.૨૩
	(ટ) નું કુલ	૬૬૫.૨૫	૬૭૫.૦૦
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	૧૮૧૫.૫૧	૨૪૭૦.૦૦

૩.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૩-૧૪ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લોન વાઈઝ નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

સને ૨૦૧૩-૧૪ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂ. કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૩ ના રોજ ઉઘડતી સિલક	નવી લોન	કુલ લોન	ભરપાઇ થનાર લોન	તા.૩૧-૩-૧૪ ના રોજની આખરની સિલક
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫.૯૦	0.00	૧૫.૯૦	૧૫.૯૦	0.00
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૧૮.૦૨	0.00	૧૮.૦૨	૮.૮૮	૯.૧૪
૪.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૧૩.૭૦	૧૫૦.00	૨૬૩.૭૦	૮.૭૪	૨૫૪.૯૬
૫.	ટેક્ષ ફ્રી બોન્ડ	0.00	૨૦૦.00	૨૦૦.00	0.00	૨૦૦.00
	કુલ	૨૨૭.૭૩	૩૫૦.૦૦	૫૭૭.૭૩	૩૩.૫૨	૫૪૪.૨૧

૧. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ સાથે અને તદઅન્વયે ઉપસ્થિત થતા પડકારોને તથા શહેરોની માળખાગત સુવિધાઓની જરૂરિયાતને પહોંચી વળવાના આશયથી રાજય સરકારશ્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯-૧૦ થી કરવાનું ઠરાવેલ છે.આ યોજનાનો આશય શહેરી સ્વરાજની સંસ્થાઓ સક્ષમ બને, તેમનો વહીવટ પારદર્શક તેમજ નાગરિક કેન્દ્રિત બને અને આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેઓની જરૂરિયાત મુજબની ઉડીને આંખે વળગે તેવી આંતર-માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને વિકાસ કાર્યોમાં સક્ષમ અને સહ-ભાગીદાર બનાવવાનો છે.

સદરહુ યોજના અંતર્ગત નાગરિકોને વિકાસની પ્રક્રિયામાં સાંકળી શહેરોની માળખાકીય સુવિધાઓને અગ્રતા આપવાની સાથે-સાથે ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં શહેરો સ્લમ ફ્રી સીટી બને અને શહેરોમાં **'નિર્મળ જમીન'**, **'નિર્મળ વાયુ'** અને **'નિર્મળ જળ'** ઉપલબ્ધ થાય તે મુજબની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

દેશ અને વિદેશમાં અમદાવાદ શહેરની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવા રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના પ્રોજેકટને પરિપૂર્ણ કરવા અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં રોડ, બ્રીજ,ફલાયઓવર, જળ વિતરણ વ્યવસ્થા, ગટર યોજના, શાળાઓનું આધુનિકરણ, સ્પોર્ટસ કોમ્પલેક્ષનો વિકાસ, અર્બન હેલ્થ સેન્ટરોનું નવિનીકરણ વિગેરે પ્રોજેકટની રૂ.૧૯૫૧.૦૦ કરોડની દરખાસ્ત મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કરવામાં આવેલ તે પૈકી ફેઝ-૧ માં **રૂ.૬૩૬.૦૦** કરોડના અંદાજીત રકમના ૭૯૬ કામો મંજુર થયેલ છે.રાજય સરકારશ્રી દ્વારા અત્યાર સુધીમાં આ માટે આપવામાં આવેલ **રૂ.૬૩૬.૦૦** કરોડની ગ્રાન્ટના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ અને ત્યાર પછીના આવનારા વર્ષો માટે ફેઝ-૨ માં રૂ.૧૦૦૦.૦૦ કરોડના કામો કરવાનું આયોજન કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

અ. નં.	પ્રોજેકટનું નામ	અંદાજીત રકમ (રૂા. કરોડમાં)	ફંડની જરૂરીયાત વર્ષવાર (રૂા. કરોડમાં)		
			૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
૧	અર્બન મોબીલીટી	૨૫૦.૩૯	૧૫૪.૦૦	૪૬.૩૯	૧૦.૦૦
૨	બેઝીક સીવીક એમીનીટી	૧૮૫.૦૦	૧૧૫.૦૦	૬૫.૦૦	૧૫.૦૦
૩	એફોર્ડેબલ હાઉસીગ	૪૦.૦૦	૨૨.૦૦	૩૦.૦૦	૫.૦૦
૪	સોશીયલ ઇન્ફ્રા એમીનીટીસ	૪૮૭.૬૧	૨૦૨.૦૦	૧૫૪.૬૧	૧૬૧.૦૦
૫	ઈ-ગવર્નન્સ	૩૦.૦૦	૫.૦૦	૨.૦૦	૩.૦૦
૬	સ્કીલ ડેવલપમેન્ટ	૭.૦૦	૨.૦૦	૨.૦૦	૩.૦૦
	કુલ	**૧૦૦૦.૦૦**	**૫૦૦.૦૦**	**૩૦૦.૦૦**	**૨૦૦.૦૦**

વર્ષ ૨૦૧૨-૧૩ના રૂા.૫૦૦.૦૦ કરોડના કામો પૈકી અત્યાર સુધીમાં રાજય સરકારશ્રી દ્વારા રૂા. ૩૬૫.૦૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા.૬૦૦.૦૦ કરોડની બજેટ ફાળવણી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૨-૧૩ ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં નીચે જણાવ્યા મુજબના કામો પ્રગતિમાં છે.

અ. નં.	ઘટક	કામની સંખ્યા	રકમ (રૂા. કરોડમાં)
૧	મોડેલ રોડ ફેઝ-૨	૧૯	૧૬૨.૦૦
૨	સરદાર પટેલ રીંગ રોડને જોડતા રોડ- પેવર રોડ	૨૫	૧૦૬.૦૦
૩	વોટર પ્રોજેકટના કામો	૦૪	૬૧.૦૦
૪	હોસ્પીટલ બિલ્ડીંગ	૧૩	૨૦૩.૦૦
૫	ફાયર સ્ટેશન	૩	૩૫.૦૦
૬	બ્રીજ	૧	૩૯.૦૦
૭	ગરીબ સમૃદ્ધિ યોજનાના કામો	૨૧	૫.૦૦
	કુલ	**૮૬**	**૬૧૧.૦૦**

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➢ **બ્રીજ અને ફ્લાય ઓવર :**

સદરહુ યોજના હેઠળ ફેઝ-૨ માં રૂા.૩૯.૦૦ કરોડના ખર્ચે આઈ.આઈ.એમ. ખાતે ફલાયઓવર બનાવવાનું કામ પ્રગતિમાં છે તથા નવા રાણીપથી જુના રાણીપને જોડતો રેલ્વે ઓવરબ્રીજ બનાવવા અને નરોડા પાસે રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

➢ મોડેલ રોડ :

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે, ટ્રાફિકના નિયમન અને નિયંત્રણ માટે સારા રસ્તા વિકસાવવાની જરૂરીયાત હોવાથી જે રસ્તાઓ ઉપર ટ્રાફિકનું ભારણ ખુબ જ મોટા પ્રમાણમાં રહે છે તથા જાહેર જનતા રોજ બરોજની કામગીરી માટે જે રસ્તાઓનો મહત્તમ ઉપયોગ કરે છે તેવા બી.આર.ટી.એસ, એસ.જી.હાઈવે, એસ.પી. રીંગ રોડ તથા શહેરનાં અગત્યનાં સ્થળો જેવા કે એરપોર્ટ વિગેરેને જોડતાં મુખ્ય રસ્તાઓને "મોડેલ રોડ" તરીકે વિકસાવવાનું નકકી કરવામાં આવેલ.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ પૈકી ૯૪.૩૦ કિ.મી. ના રસ્તાનો મોડેલ રોડ તરીકે વિકાસ પૈકી ફેઝ-૧ માં રૂા.૧૧૩.૦૦ કરોડના ખર્ચે ૪૫.૩૦ કિ.મી.લંબાઈના જુદા-જુદા ૮(આઠ) રસ્તાઓ મોડેલ રોડ તરીકે વિકાસ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

➢ મોડેલ રોડ ફેઝ-૨ :

ચાલુ વર્ષ તથા આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં મોડેલ રોડ ફેઝ-૨ અંતર્ગત રૂા.૧૬૧.૦૦ કરોડના ખર્ચે ૩૭.૪૦ કિ.મી.ના કુલ ૧૯ રસ્તાઓને મોડેલ રોડ તરીકે ડેવલપ કરવામાં આવશે. જેમાં ઉત્તરઝોનનાં ૪.૬૦ કિ.મીના રસ્તાઓ, દક્ષિણઝોનના ૫.૪૦ કિ.મી.ના રસ્તાઓ, પૂર્વઝોનનાં ૪.૬૦ કિ.મી.ના રસ્તાઓ, મધ્યઝોનના ૪.૦૫ કિ.મી.ના રસ્તાઓ, પશ્ચિમ ઝોનના ૧૫.૯૦ કિ.મી.ના રસ્તાઓ તથા નવા પશ્ચિમ ઝોનના ૨.૮૫ કિ.મી. ના રસ્તાઓ મળી કુલ ૩૭.૪૦ કિ.મી. લંબાઈના રસ્તાઓ ડેવલપ કરવાનું આયોજન છે. જેની વિગત નીચે મુજબ છે.

ક્રમ	રોડનું નામ	ઝોન	લંબાઈ (કિ.મી.)
૧	નેશનલ હાઈવેથી રાજીવ પાર્ક પંપીંગ સ્ટેશનથી ખારીકટ કેનાલથી બાપા સીતારામ ચોક સુધીનો રસ્તો	ઉતર ઝોન	૧.૬૫૦
૨	ઈન્ડીયા કોલોની ચાર રસ્તાથી ઠકકરનગર એપ્રોચ થઈ કેનાલ સુધીનો રસ્તો	ઉતર ઝોન	૧.૪૫૦
૩	રક્ષા યુનિવર્સિટીથી રામેશ્વર ચાર રસ્તા સુધીનો રસ્તો	ઉતર ઝોન	૧.૫૦૦
૪	પંડિત દિનદયાળ ખોખરા બ્રીજથી મચ્છીપીરનાં છાપરા થઈ કાંકરીયા ગેટ સુધીનો રસ્તો	દક્ષિણ ઝોન	૧.૪૫૦

ક્રમ	રોડનું નામ	ઝોન	લંબાઇ (કિ.મી.)
૫	કૃષ્ણબાગ ચાર રસ્તાથી કેનાલ સુધીનો રસ્તો	દક્ષિણ ઝોન	૧.૧૫૦
૬	દિવાન બલ્લુભાઇ સ્કુલથી વ્યાયામશાળા થઇ ફૂટબોલ ગ્રાઉન્ડથી અપ્સરા સિનેમા સુધીનો રસ્તો	દક્ષિણ ઝોન	૧.૧૦૦
૭	કાંકરીયા ગેટથી બીગ બજાર થી રાયપુર બી.આર.ટી.એસ. સુધીનો રોડ	દક્ષિણ ઝોન	૧.૭૦૦
૮	એસ.પી.ઓફીસથી વિરાટનગર ચાર રસ્તાથી રીંગ રોડ વાયા જુના ઓઢવ ઓક્ટ્રોય નાકા સુધીનો રસ્તો	પૂર્વ ઝોન	૪.૬૦૦
૯	નેહરૂ બ્રીજથી સીદી સૈયદની જાળીથી જીલ્લા પંચાયત ઓફીસથી એલીસબ્રીજને જોડતો રસ્તો	મધ્ય ઝોન	૧.૬૦૦
૧૦	આર.ટી.ઓ. સર્કલ થી સુભાષબ્રિજથી અંડરબ્રિજ સુધીનો રસ્તો	મધ્ય ઝોન	૧.૫૫૦
૧૧	દૂધેશ્વર બ્રીજથી દરિયાખાન ઘુમ્મટ થઇ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી સુધીનો રોડ	મધ્ય ઝોન	૦.૯૦૦
૧૨	પલ્લવ ચાર રસ્તાથી નારણપુરા ચાર રસ્તા થઇ ડો. અમીન જંકશન સુધીનો રોડ	પશ્ચિમ ઝોન	૨.૦૦૦
૧૩	સ્ટેડીયમ સર્કલથી એચ.એલ. કોમર્સ છ રસ્તા થઇ વિજય ચાર રસ્તા સુધીનો રસ્તો	પશ્ચિમ ઝોન	૧.૬૫૦
૧૪	જનપથ હોટેલથી મોટેરા ગામથી ગાંધીનગર હાઇવે સુધીનો રસ્તો	પશ્ચિમ ઝોન	૩.૨૫૦
૧૫	આશ્રમ રોડ - બાટા હાઉસ થી નવરંગપુરા રેલ્વે ક્રોસીંગ થી મીઠાખળી સર્કલ થઇ લો-ગાર્ડન થઈ ચિરાગ મોટર્સ ચાર રસ્તા થઇ પાલડી ચાર રસ્તા થઇ સરદાર પટેલ બ્રીજ સુધીનો રસ્તો	પશ્ચિમ ઝોન	૩.૪૫૦
૧૬	નહેરૂનગર(BRTS) થી એકસાઇઝ ચોકી થઇ પંચવટી થી ગુજરાત કોલેજ સુધીનો રસ્તો	પશ્ચિમ ઝોન	૨.૨૦૦
૧૭	નવરંગપુરા રેલ્વે ક્રોસીંગ થી સ્વતિક ચાર રસ્તા થઇ એચ.એલ.કોર્મસ કોલેજ સુધીનો રસ્તો	પશ્ચિમ ઝોન	૧.૩૫૦
૧૮	પંચવટી થી પરિમલ અન્ડરપાસ થઇ મહાલક્ષ્મી ચાર રસ્તા સુધીનો રસ્તો	પશ્ચિમ ઝોન	૨.૦૦૦
૧૯	એસ.જી.હાઇવેથી ગુણાતીતથી વિવેકાનંદ સ્ટેચ્યુથી હેલ્મેટ ચાર રસ્તા બી.આર.ટી.એસ. સુધીનો રસ્તો	નવા પશ્ચિમ ઝોન	૨.૮૫૦
	કુલ		**૩૭.૪૦૦**

આ "મોડેલ રોડ" બનાવવાની કામગીરીમાં નીચે મુજબની આઈટમોનો સમાવેશ કરવામાં આવેલ છે.

☆ **યુટીલીટી માટેના પાઈપ ડક્ટઃ-** જયા જરૂર જણાય ત્યાં ભવિષ્યમાં યુટીલીટી ક્રોસીંગ માટે રસ્તાનું ખોદાણ કરવું ન પડે તે માટે મહત્વનાં ચાર રસ્તા પર આર.સી.સી.એનપી-૩ પાઈપ તથા તેના બન્ને છેડા પર ચેમ્બર બનાવી રોડ ક્રોસ કરવાની કામગીરી કરવાનો સમાવેશ કરવામાં આવેલ છે.

☆ **કેચપીટ શીફટીંગ, નવી બનાવવીઃ-** વરસાદી પાણીના યોગ્ય નીકાલ માટે હયાત કેચપીટો જરૂર જણાયે ફુટપાથ સુધી શીફટ કરવાનું તથા જે સ્થળે ચોમાસામાં પાણી ભરાવાના પ્રશ્નો હોય તે જગ્યાએ ઝોન સાથે નકકી કરી નવી કેચપીટો બનાવવાનું પ્રોવીઝન કરવામાં આવેલ છે.

☆ **રોડ વાઈડનીંગનું કામઃ-** સદરહુ આઈટમ અન્વયે જ્યા રોડનો કાચો ભાગ છે ત્યાં ૪૦૦ મીમી ઉંડાઈમાં ખોદાણ કરી ૧૫૦ મીમી જીએસબી કરી તેના પર ૨૫૦ મીમી વેટમીક્ષ કરવાનું પ્રોવીઝન રાખવામાં આવેલ છે.

☆ **રોડ રીસરફેસઃ-** સદરહુ આઈટમ અન્વયે રોડની રાઈડીંગ ક્વાલિટી સુધારવા હયાત રોડ ઉપર ડી.બી.એમ. તથા બી.સી. દ્વારા હયાત રોડની પ્રોફાઈલ કરેકશન તથા કેમ્બર કરેકશન કરી રોડ રીસરફેસ કરવામાં આવશે.

☆ **સેન્ટ્રલ વર્જઃ-** મોડેલ રોડ ફેઝ-૨ માં તમામ સેન્ટ્રલ વર્જ આશરે ૧.૫ ફૂટ ઉંચી બનાવવાનું પ્લાનીંગ કરવામાં આવેલ છે.

☆ **ફૂટપાથઃ-** મોડેલ રોડ ફેઝ-૨ માં તમામ ફૂટપાથ નવેસરથી રબર મોલ્ડેડ ઈન્ટરલોકીંગ પેવર બ્લોક વાપરી તમામ રોડ માટે એક સરખી ડીઝાઈન કરવાનો સમાવેશ કરવામાં આવેલ છે.

☆ **વોટર ટેબલઃ-** વરસાદી પાણીનાં યોગ્ય નિકાલ માટે ફૂટપાથનાં કર્બ બ્લોક પાસે વોટર ટેબલ તરીકે ચીઝલ્ડ રફ કોટા સ્ટોન નાખવાનું આયોજન કરવામાં આવેલ છે.

☆ **ટ્રાફીકને લગતી આઈટમોઃ-**

- રોડ ઉપર વાહન ચાલકોને ટ્રાફિકની સુવિધા માટે તેમજ માર્ગદર્શન મળી રહે તે હેતું રેટ્રો-રીફલેકટીવ મટીરીયલનો ઉપયોગ કરી જુદા જુદા સાઈનેજીસ જેવા કે મેન્ડેટરી, ઈન્ફોર્મેટીવ, કોશનરી અને ડાયરેક્શન સાઈનેજીસ તેમજ કીપ - લેફટ બોલાર્ડ લગાવવામાં આવશે.

- વાહન ચાલકોને રોડ ઉપર લેનની માહિતી મળી રહે તે હેતુ થી હોટ એપ્લાઇડ થર્મોપ્લાસ્ટીક પેઈન્ટનો ઉપયોગ કરી કટ પટ્ટા, સેન્ટ્રલ વર્જની નજીકના એ જ લાઈન અને ફુટપાથની નજીક શોલ્ડર લાઇન પેઇન્ટ કરી રેટ્રો-રીફલેક્ટીવ કેટ-આઇ ફીક્ષ કરવામાં આવશે.

- "મોડેલ રોડ"માં આવરી લીધેલ તમામ રસ્તાઓ ઉપર આવતા સિગ્નલાઈઝડ જંક્શન ઉપર હોટ એપ્લાઇડ થર્મોપ્લાસ્ટીક પેઇન્ટનો ઉપયોગ કરી જંક્શન પેઈન્ટીગ જેવી કે સ્ટોપ લાઇન, લેન લાઇન, એરો, સ્ટોપ લખાણ વિગેરે કરવા તેમજ જંક્શન ઉપર રાહદારીઓ સરળતાથી રસ્તો ઓળંગી શકે તે માટે ઝીબ્રા ક્રોસીંગ પેઈન્ટીંગ કરવા તેમજ જંક્શન ઉપર સોલર કેટ-આઈ ફીક્ષ કરવામાં આવશે.

- "મોડેલ રોડ" ઉપર નિયમિત અંતરે અથવા તો જરૂર જણાય ત્યાં બેંચ મુકવા તથા આ રસ્તાઓ ઉપર સ્વચ્છતા જળવાય તે માટે ડસ્ટ બીન મુકવામાં આવશે.

- મોડેલ રોડ ઉપર શક્ય હોય તો અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસની મંજુરી મેળવી ઓન-રોડ પાર્કિંગની જગ્યા આપવામાં આવશે.

➢ આર.સી.સી. રોડ :

અમદાવાદ શહેરમાં હાલમાં તમામ રસ્તાઓ ફલેક્ષીબલ પેવમેન્ટ ટાઈપના એટલે કે ડામરના બનેલ રસ્તાઓ છે. સદર રસ્તાઓને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીરીયોડીકલ મેઈન્ટેનન્સના ભાગરૂપે આશરે ૬ થી ૭ વર્ષે તેની ઉપર રીસરફેસની કામગીરી કરવામાં આવે છે. સદર ડામરના રસ્તાઓની એકંદરે લાઈફ સાયકલ ૫ થી ૭ વર્ષની હોય છે. પરંતુ આ રસ્તાઓ ઘણી વાર ભારે અને સતત પડતા વરસાદના કારણે આ રસ્તાઓ ઘણીવાર સમય કરતાં વહેલાં તૂટી જવાની ઘટનાઓ બને છે. જેને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપર આર્થિક ભારણ વધે છે. તદ્ઉપરાંત નાગરિકોને હાલાકી પડે છે.

આ કારણે શહેરના રસ્તાઓની લાઈફ સાયકલ વધારવા અને પીરીયોડીકલ મેઈન્ટેનન્સ ખર્ચ ઘટાડવા માટે હાલમાં સુરત શહેરમાં તથા બી.આર.ટી.એસ. ના બસ શેલ્ટર્સ ની બસ લેનમાં કોંક્રીટ રોડ બનાવવામાં આવે છે, તે પ્રકારે રીજીડ પેવમેન્ટ ટેકનોલોજી થી એટલે કે સિમેન્ટ કોંક્રીટના રસ્તાઓ બનાવવા માટે આગામી વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે.

આ રસ્તાઓ ઉપરથી હયાત ડામર સપાટી દૂર કરી આ રસ્તાઓને સબ બેઝ લેવલથી ફિનીશ લેવલ સુધીની કામગીરીનો સમાવેશ કરવામાં આવશે. તદ્ઉપરાંત સદર રસ્તાઓ સેન્ટર લાઈનથી બંને બાજુએ ૭.૫૦ મી. પહોળાઈમાં રીજીડ પેવમેન્ટથી કરવામાં આવશે. જયારે રસ્તાની બાકી રહેતી પહોળાઈમાં રસ્તાની બંને બાજુ ૨ મીટર પહોળાઈમાં ફૂટપાથ કરવામાં આવશે તથા બાકી રહેલ ભાગમાં અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી જેવીકે પાણીની લાઈન, ગટરલાઇન, લાઈટ-ટેલીફોનના કેબલ વગેરે રસ્તાની ત્રીજી અથવા ચોથી લેનમાં મેઈન્ટેનન્સ પોઇન્ટ ઓફ વ્યુ ના ભાગરૂપે પેવર બ્લોક લગાવવામાં આવશે. અમદાવાદ શહેરમાં હાલમાં આશરે ૨૦.૦૦ કિ.મી. જેટલા રસ્તાઓ કે જે ૨૪ મીટરથી વધુ પહોળાઈના છે તેમાં બે લેન કોરીડોર રોડ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૫૦.૦૦ કરોડની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

➢ આઈ.આઈ.એમ. જંકશન ફ્લાય ઓવર :

૧૩૨ ફુટ રીંગ રોડ ઉપર શિવરંજનીથી હેલ્મેટ જંકશન તરફ બીઆરટી રૂટ પસાર થાય છે. આ જંકશન ઉપર કરવામાં આવેલ ટ્રાફિક સર્વે મુજબ પીક અવર્સ દરમ્યાન આ જંકશન ઘણોજ ટ્રાફિક રહે છે. પાંજરાપોળ થી વસ્ત્રાપુર તરફ આઇ.આઇ.એમ.જંકશન ઉપર ફલાયઓવર બનવાથી શિવરંજનીથી હેલ્મેટ તરફનો ટ્રાફિક ખુબ જ સરળતાથી પસાર થશે તેમજ બીઆરટીએસ બસ પણ સરળતાથી પસાર થશે. આ જંકશન ઉપર પાંજરાપોળ થી વસ્ત્રાપુરનો ટ્રાફિક ખુબ જ રહેતો હોઇ તે સદર ફલાયઓવર પરથી પસાર થશે. તે માટે કુલ ૧૩.૫ મીટર પહોળાઇના આશરે ૫૨૦ મીટર લંબાઇનો બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ ફલાયઓવર નીચે પબ્લીક સ્પેસ ડેવલપમેન્ટ તરીકે જંકશનથી પાંજરાપોળ અને વસ્ત્રાપુર બન્ને તરફ કુલ આશરે ૧૩૪૦ સ્કેવર મીટરની સ્પેસ ડેવલપ કરવાનું કામ ચાલુ છે.

➢ મલ્ટીલેવલ પાર્કિંગ :

કાંકરીયા વિસ્તારમાં અમદાવાદ શહેરનું પ્રખ્યાત ફરવા લાયક કાંકરીયા લેક આવેલ છે તેમજ નજીકમાં જ એસ.ટી. બસ સ્ટેન્ડ તેમજ રેલ્વે સ્ટેશન આવેલ હોવાથી અમદાવાદ શહેરમાં કાંકરીયા લેક ફ્રન્ટની સામે વ્યાયામશાળા પાસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મલ્ટી લેવલ ઓટોમેટીક પાર્કિંગ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. અંદાજે ૩૯૦૦૦ ચો.મી.ના પ્લોટમાં બેઝમેન્ટ + ગ્રાઉન્ડ + સાત

માળ સુધી અંદાજીત ૬૬૫૦ ચો.મી. બીલ્ટ અપ એરીયામાં ૨૫૦ નંગ કાર પાર્કિંગ અને ૨૫૦ ટુ વ્હીલર પાર્ક કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કામમાં ઓટોમેટીક પદ્ધતિથી વર્ટીકલ મુવમેન્ટ માટે ૨ નંગ લીફટ તથા હોરીઝોન્ટલ મુવમેન્ટ માટે ૨ નંગ શટલ - ૩ થી ૪ મિનિટમાં પાર્ક થયેલ કાર એન્ટ્રી સુધી લાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.તેમજ આ મલ્ટી લેવલ પાર્કિંગમાં ટ્રાફીક બેરીઅર્સ, ટીકીટીંગ મશીન, જે-તે માળે ખાલી પાર્કિંગની જગ્યા બતાવતાં ડિસ્પ્લેસાઇનેજ, ઓટોમેટીક પાર્કિંગ સિસ્ટમ જેવી કે સ્વાઈપ કાર્ડ/કાર્ડ રીડર વિગેરેનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ સમગ્ર કામનો રૂા.૨૮.૧૫ કરોડનો ખર્ચ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ છે.

➢ મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ (વી.એસ. હોસ્પિટલ) બિલ્ડીંગ :

શેઠ વાડીલાલ સારાભાઇ અને ચિનાઇ પ્રસુતિ હોસ્પિટલ ની સ્થાપના વર્ષ ૧૯૩૧ માં ૧૨૦ બેડ સાથે શરુઆત થઇ હતી. અમદાવાદ આસપાસના શહેરીજનોને તેમનાં સ્વાસ્થ્ય અંગેનાં રોગોના નિરાકરણ માટે ડોક્ટરો મળી રહે તે હેતુથી સને ૧૯૫૩ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હોસ્પિટલ સંલગ્ન શ્રીમતી એન. એચ.એલ. મ્યુ. મેડીકલ કોલેજની પણ સ્થાપના કરવામાં આવેલ છે. ઉત્તરોત્તર પ્રગતિ થતા આ હોસ્પિટલમાં હાલ ૧૧૫૫ બેડ ની સુવિધા ઉપલબ્ધ છે. હોસ્પિટલમાં ત્વરિત સારવાર (ટ્રોમા સેન્ટર) માટે ૮૮ બેડની સગવડ છે. સને ૨૦૦૮-૦૯ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી એ.એમ.સી. મેટ (AMC-MET) દ્વારા મેડીકલ અભ્યાસક્રમો ઘરઆંગણે મળી રહે તે હેતુથી રચાયેલ ટ્રસ્ટમાં શ્રીમતી એન.એચ.એલ. મ્યુ. મેડીકલ કોલેજને, મણીનગર મેડીકલ કોલેજને તેમજ સ્વર્ણિમ ડેન્ટલ કોલેજને આવરી લેવામાં આવેલ છે.

હાલમાં વી.એસ. હોસ્પિટલના અંદાજિત ૨૩ એકરનાં સંકુલમાં જનરલ ઓ.પી.ડી., ઈમરજન્સી / ટ્રોમા, રેડીયોલોજી, હાઇ એન્ડ લો ડાયગ્નોસ્ટીકલ, સેમ્પલ કલેક્શન, બ્લડ બેંક, ઓપરેશન થીએટર, ઓર્થોપેડીક, ન્યુરોલોજી, કાર્ડીયાક કેથ લેબ, આઇસીયુ વિગેરેની સેવાઓ સમગ્ર કેમ્પસમાં જુદા જુદા બિલ્ડીગમાં આપવામાં આવે છે. સમગ્ર કેમ્પસમાં પાર્કિંગ, મેડીકલ દવાઓ માટેની અવરજવરમાં ઘણો જ સમય જતો હોવાથી વી.એસ. હોસ્પીટલ સંકુલમાં

નવું મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશીઆલીટી હોસ્પીટલ (કુલ ૧૪૫૦ બેડ કેપેસીટી તથા ૧.૨૦ લાખ ચો.મી. બાંધકામ ધરાવતું) બિલ્ડીગ સ્ટ્રક્ચરલ સ્ટીલ અને તેના માટે જરુરી આર.સી.સી. થી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

સદર નવું મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીંગ (૩-ટાવર) અંદાજીત ૭૦ મીટર ની હાઇટ (બે- બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર તેમજ ઉપર ૧૬ ફલોર તેમજ અત્યંત ઇમરજન્સી માટે ટેરેસ ઉપર હેલીપેડ સહિત) નું ગ્રીન સસ્ટેઇનેબલ બિલ્ડીંગ નોર્મ્સ મુજબ બનનાર છે. આ નવાં બનનાર બિલ્ડીંગના ટાવર્સમાં જનરલ ઓ.પી.ડી., ઈમર્જન્સી/ટ્રોમા, રેડીયોલોજી, હાઈ એન્ડ લો ડાયગ્નોસ્ટીકલ, સેમ્પલ કલેક્શન, બ્લડ બેંક, ૩૬ - ઓપરેશન થીએટર, ઓર્થોપેડીક, ન્યુરોલોજી, કાર્ડીયાક કેથ લેબ, ૨૫૦ બેડ બર્થીંગ બેડ, પેડીયાટ્રીક ઈન્ટેન્સીવ, નીઓનેટલ વિગેરે સારવાર અર્થે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થશે. જેમાં ૯૦૦-જનરલ બેડ, ૨૨૨-સુપર સ્પેશીઆલીટી બેડ, ૧૨૮-આઇસીયુ બેડ તથા ૨૦૦-પેઇડ બેડ નો સમાવેશ થનાર છે.

➢ ડેન્ટલ કોલેજ કેમ્પસમાં સ્ટાફ રેસીડન્ટ ક્વાટર્સ તથા સ્ટુડન્ટસ હોસ્ટેલ :

ડેન્ટલ કોલેજ કેમ્પસમાં ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનાં નોર્મ્સ મુજબ ત્રીજા,ચોથા તેમજ પાંચમાં વર્ષના વિધાર્થીઓ માટે હોસ્ટેલની સવલત ઉભી કરવાની જરૂરિયાત છે અને તે માટે નવી બનાવેલ હોસ્ટેલ ઉપર વધારાનું બાંધકામ કરવા વધુ ૪ માળ બનાવવાનાં થાય છે. આમ સદર બિલ્ડીગ કુલ સાત માળની ઉંચાઇનુ બનશે. અગાઉ બનાવવામાં આવેલ ગ્રાઉન્ડ ફલોર + બે માળના સ્ટ્રકચરના ફાઉન્ડેશન તેમજ કોલમ-બીમ અને ફ્રેમ સ્ટ્રકચરની ડિઝાઇન ભવિષ્યમાં સાત માળ સુધીના બાંધકામની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે અને બાંધકામ પણ તે પ્રમાણે કરવામાં આવેલ છે. આ સંજોગોમાં સુચિત વર્ટીકલ એકસ્ટેન્શન માટે હયાત સ્ટ્રકચર ઉપયોગમાં લેવામાં આવશે. તદઉપરાંત ડેન્ટલ હોસ્પીટલના કમ્પાઉન્ડમાં કલાસ-૨ અને કલાસ-૪ ના સ્ટાફના રેસીડેન્સ કવાટર્સ બનાવવાની કામગીરી રૂા.૨૦.૧૬ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.

➢ શેઠ એલ. જી. હોસ્પીટલ ખાતે મલ્ટીસ્ટોરીડ હોસ્ટેલ બિલ્ડીંગ / ઓડીટોરીયમ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના AMC-MET દ્વારા એલ.જી.હોસ્પીટલ સંકુલમાં AMC-MET સંચાલીત મણીનગર મેડીકલ કોલેજ તથા ૭૦૦ બેડ કેપેસીટીની નવી આધુનિક મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ.જેમાં MCI નોર્મ્સ મુજબનું કોલેજનું પ્રથમ ૩ વર્ષનું કામ ૨૦૧૧ માં પુર્ણ થયેલ છે.જેના ભાગરૂપે સદર કેમ્પસમાં MCI નોર્મ્સ મુજબ કુલ ૫ વર્ષના ૬૦૦ વિધાર્થીઓ માટે ઓડીટોરીયમ અને હોસ્ટેલની સવલત પૂરી પાડવા નવી ૧૪ માળની યુ.જી. હોસ્ટેલ બિલ્ડીગ રૂા.૬૮.૨૦ કરોડના ખર્ચે કરવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

➢ હોસ્પીટલ અને એ.એમ.સી.-મેટ :

☆ શેઠ વા.સા. હોસ્પીટલ ખાતે મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના નોર્મ્સ અનુસાર રૂા.૧.૧૦ કરોડના ખર્ચે અદ્યતન પોસ્ટમોર્ટમ રૂમ અને મોર્ચ્યુરી (મૃતદેહ સાચવવાની સવલત) રૂમ સાથેની સવલત ધરાવતું બિલ્ડીંગ બનાવવાનું કામ ચાલુ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૦૯ થી ૨૦૧૨ કામોનો પ્રોગ્રેસ રીપોર્ટ :-

અ. નં.	ઘટક	સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ કામ				થયેલ ખર્ચ (રૂા. લાખમાં)
		કામની સંખ્યા	પૂર્ણ થયેલ કામ	ચાલુ કામ	મંજૂર થયેલ રકમ (રૂા. લાખમાં)	
૧	ગૌરવપથ - મોડેલ રોડ	૩	૦	૩	૧૧૩૦૦.૦૦	૬૯૦૯.૮૬
૨	મુખ્ય રસ્તા - પેવર રોડ	૧૫૪	૧૨૬	૨૮	૪૫૦૦.૦૦	૧૨૭૮૪.૦૦
૩	બ્રીજ- ઓવર બ્રીજ	૩	૩	-	૭૦૦૦.૦૦	૭૨૧૫.૨૩
૪	ટ્રાફિક સર્કલ	૧	-	૧	૧૯.૦૦	૧૯.૦૦
૫	જળસંચયના કામો	૧	૧	-	૧૨૦૦.૦૦	૮૭૧.૫૩
૬	ગટરના કામો	૧૯	૧૩	૬	૧૫૪૦.૦૦	૩૪૫૨.૮૪
૭	પાણી પુરવઠાના કામો	૩૭	૧૩	૨૪	૧૪૧૬૦.૦૦	૪૭૧૦.૪૪
૮	અન્ય કામો					
	૧. ફાયર સ્ટેશન	૨	૨	-	૨૫૦૦.૦૦	૬૧૦.૪૮
	૨. સ્વીમીંગ પુલ	૧	૧	-	૩૦૦.૦૦	૨૧૪.૭૫
	૩. સ્ટેડીયમ	૫	૫	-	૮૦૦.૦૦	૭૨૮.૧૫
	૪. હોસ્પીટલ/બિલ્ડીંગ	૪૧	૨૬	૧૫	૧૯૨૦૦.૦૦	૧૭૪૧૫.૬૪
	૫. જન સુવિધા કેન્દ્ર	૨	-	૨	-	૧૬૬.૭૧
	૬. સ્કુલ અપગ્રેડેશન	૬૯	૩૭	૩૨	૧૨૦૦.૦૦	૬૩૬.૪૬
	૭. મલ્ટી લેવલ પાર્કીંગ	૧	-	૧	૨૫૦૦.૦૦	૮૮૪.૯૯
	૮. કીડસ સીટી	૧	૧	-	૧૨૦૦.૦૦	૧૨૩૫.૯૧
	૯. ટ્રેઇન	૧	૧	-	-	૩૮૪.૯૨
	૧૦. ફાયર સર્વિસીસ	૮	૮	-	-	૨૮૦૬.૨૫
૯	ગરીબ સમૃદ્ધિ યોજનાના કામો					
	રસ્તા	૭૯	૨૩	૫૬		૨૫૯.૦૮
	પાણી	૯૫	૬૦	૩૫	૪૫૩૮.૦૦	૪૩૫.૪૧
	ગટર	૯૯	૬૩	૩૬		૭૦૯.૪૪

અ. નં.	ઘટક	સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ કામ				થયેલ ખર્ચ (રૂ. લાખમાં)
		કામની સંખ્યા	પૂર્ણ થયેલ કામ	ચાલુ કામ	મંજૂર થયેલ રકમ (રૂ. લાખમાં)	
૧૦	સ્લમ વિસ્તારમાં સામાજિક સેવાઓ સુદૃઢ બનાવવાના કામો			૫૦		
	આરોગ્યલક્ષી કામો	૭	૭		૧૦૦.૦૦	૧૧૭.૫૮
	શૈક્ષણિક સેવાઓ (આંગણવાડી)	૧૬૦	૧૧૦		૬૬૨.૦૦	૫૨૮.૩૦
	આરોગ્યલક્ષી કામો	૫	૫		-	૫૨૩.૩૬
૧૧	નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો	૨	૨	-	૧૨૦૦.૦૦	૧૨૮.૮૭
	કુલ	૭૯૬	૫૦૭	૨૮૯	૬૩૬૦૦.૦૦	૬૩૭૪૯.૨૦

૨૦૧૨-૧૩ ના કામોની વિગત

અ. નં.	કામનું નામ	કામની સંખ્યા	બુક થયેલ બજેટ	થયેલ ખર્ચ (રૂ.લાખમાં)
૧	મોડેલ રોડ ફેઝ-૨	૦૬	૧૬૧૮૨.૦૦	૦.૦૦
૨	પેવર રોડ	૨૫	૧૦૫૯૨.૦૦	૭૫૭.૫૬
૩	બ્રીજ	૦૧	૩૮૬૯.૦૦	૭૧૦.૭૩
૪	મોડેલ રોડ ફેઝ-૧ ટ્રાફીક	૦૮	૫૮૬.૪૩	૧૦૮.૭૪
૫	ડ્રેનેજ	૦૨	૯૭૫.૫૬	૨૨૫.૨૫
૬	પાણી	૦૪	૬૦૬૬.૮૬	૦.૦૦
૭	ફાયર સ્ટેશન	૦૩	૩૫૧૬.૭૪	૯૮.૫૭
૮	હોસ્પીટલ / બિલ્ડીગ	૧૩	૨૦૨૮૪.૮૭	૩૫૫.૭૧
૯	ગરીબ સમૃધ્ધિના કામો			
	રસ્તા	૧૧	૧૩૫.૫૭	૦.૫૧
	પાણી	૦૪	૩૦૮.૬૭	૦.૦૦
	ડ્રેનેજ	૦૬	૫૬.૦૦	૬.૪૧
૧૦	સ્લમ વિસ્તારના કામો	૦૨	૧૮૯.૬૧	૧૦૪.૮૫
	કુલ	૮૫	૬૨૭૬૩.૩૧	૨૩૬૮.૩૩

૨. "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના

ભારતની લગભગ ૩૦% વસ્તી શહેરમાં વસે છે. જે સને ૨૦૨૧ માં વધીને ૪૦% થવાની સંભાવના છે. દેશના સામાજીક અને આર્થિક વિકાસમાં શહેર અગત્યનો ભાગ ભજવે છે. અપૂરતી માળખાગત સુવિધાઓને કારણે દિન પ્રતિદિન વધતી જતી વસ્તીના કારણે તથા શહેરોના ઝૂંપડપટ્ટીના વધારાને કારણે શહેરોના જીવનની ગુણવત્તા ઘટી રહી છે. બીજી બાજુ કોઈ પણ રાષ્ટ્રની વિકાસ પ્રક્રિયામાં શહેરો ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. શહેરોનો સર્વાંગી આયોજનબદ્ધ ચોક્કસ દિશામાં વિકાસ થાય તે માટે ભારત સરકાર દ્વારા સને ૨૦૦૫ માં રિફોર્મ સાથે સંકળાયેલ શહેરી વિકાસ પ્રોગ્રામ "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JnNURM)" શરૂ કરેલ છે. સદરહુ મિશનમાં ૪ મિલિયનથી ઉપરની વસ્તીના ૭ મેગા સીટી તથા ૧ મિલિયનથી ઉપરના શહેરોનો સમાવેશ થાય છે.

જેએનએનયુઆરએમની માર્ગદર્શિકા અનુસાર આગામી વર્ષોમાં શહેરના સર્વાંગી વિકાસ માટે તેની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૫૧૧૧.૦૦ કરોડનો અને ઔડા વિસ્તારનો રૂા.૩૦૦૦.૦૦ કરોડ મળીને કુલ રૂા.૮૧૧૧.૦૦ કરોડનો સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરીને રાજય સરકારશ્રી મારફત કેન્દ્ર સરકારની મંજૂરી લેવામાં આવેલ છે.

સદરહુ યોજના હેઠળ અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ગવર્નન્સ (યુઆઈજી) પ્રોજેક્ટસ જેવા કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, માર્ગો અને પરિવહન સેવા વિગેરે માટે મંજૂર થયેલ પ્રોજેક્ટની રકમના ૩૫% પ્રમાણેની ગ્રાંટ કેન્દ્ર સરકારશ્રી દ્વારા તથા ૧૫% પ્રમાણેની ગ્રાંટ રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવી રહેલ છે, બાકીની રકમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભોગવવામાં આવી રહેલ છે. જ્યારે બેઝીક સર્વિસીસ ટુ અર્બન પુઅર (બી.એસ.યુ.પી.) પ્રોજેક્ટસ હેઠળ આર્થિક રીતે નબળા (શહેરી ગરીબો) વ્યક્તિઓના આવાસો માટે મંજૂર થયેલ પ્રોજેક્ટની રકમના ૫૦% પ્રમાણેની ગ્રાંટ કેન્દ્ર સરકારશ્રી દ્વારા, ૨૦% રાજ્ય સરકારશ્રી દ્વારા તથા બાકીની ૩૦% રકમ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા લાભાર્થી દ્વારા ભોગવવામાં આવી રહેલ છે. આ ઉપરાંત ટેન્ડર પ્રિમીયમ તથા ભાવ વધારાની રકમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભોગવવામાં આવે છે.

જેએનએનયુઆરએમ યોજના હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂા.૨૬૭૩.૯૪ કરોડના ૨૩ પ્રોજેક્ટો તથા ઔડાના રૂા.૫૫૫.૧૧ કરોડના ૧૦ પ્રોજેક્ટો મળીને અમદાવાદ શહેર માટે રૂા.૩૨૨૯.૦૫ કરોડના ૩૩ પ્રોજેક્ટો મંજુર થયેલ છે. જેની સેકટરવાઈઝ વિગતો નીચે મુજબ છે.

(રૂ.કરોડમાં)

અ. નં.	સેકટર	મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યા	સીએસએમસી દ્વારા મંજુર થયેલ રકમ	ફાળવેલ રકમ		કુલ (કેન્દ્ર સરકાર + રાજ્ય સરકાર)	થયેલ કુલ ખર્ચ (ડીસેમ્બર-૧૨ સુધી)
				કેન્દ્ર સરકાર	રાજ્ય સરકાર		
૧	બીઆરટીએસ	૦૩	૯૮૧.૪૫	૨૪૦.૮૧	૧૨૭.૮૭	૩૬૮.૬૮	૮૬૫.૩૨
૨	વોટર સપ્લાય અને નેટવર્ક	૦૧	૫૩.૮૩	૧૮.૮૪	૮.૦૮	૨૬.૯૨	૫૭.૯૪
૩	સુઅરેજ નેટવર્ક અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૦૬	૫૩૭.૦૨	૧૫૧.૩૬	૮૭.૭૨	૨૩૯.૦૮	૪૮૯.૮૧
૪	સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક	૦૪	૪૦૭.૬૦	૧૩૮.૯૮	૬૪.૮૦	૨૦૩.૭૮	૩૯૬.૩૬
૫	બ્રીજ	૦૯	૧૬૭.૧૩	૫૮.૪૪	૨૫.૦૭	૮૩.૫૧	૧૯૦.૯૯
૬	રોડ	૦૧	૫૦.૧૩	૧૭.૫૩	૭.૫૨	૨૫.૦૫	૫૬.૮૭
૭	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૦૧	૧૧૮.૮૬	૨૦.૮૦	૮.૯૧	૨૯.૭૧	૬૪.૭૮
૮	હેરીટેજ ડેવલપમેન્ટ	૦૧	૭૪.૩૯	૬.૫૧	૨.૭૯	૯.૩૦	૩.૪૪
૯	ઈડબલ્યુએસ હાઉસીંગ	૦૫	૫૬૭.૬૮	૨૫૯.૮૧	૧૦૩.૯૩	૩૬૩.૭૪	૬૧૩.૦૪
૧૦	બસ પ્રોક્યુરમેન્ટ	૦૧	૨૫૧.૯૯	૪૧.૦૯	૧૭.૬૧	૫૮.૭૦	૧૧૮.૧૭
૧૧	ઈ-ગવર્નન્સ	૦૧	૧૮.૯૭	૦.૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	કુલ	૩૩	૩૨૨૯.૦૫	૯૫૪.૧૭	૪૫૪.૩૦	૧૪૦૮.૪૭	૨૮૫૬.૭૨

જેએનએનયુઆરએમ યોજના હેઠળ મંજૂર થયેલ પ્રોજેક્ટ અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલ કરેલ ૨૩ પ્રોજેક્ટ પૈકી ૧૨ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. જ્યારે ઔડા દ્વારા અમલ કરાયેલ ૧૦ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. આમ ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં મંજૂર થયેલ કુલ ૩૩ પ્રોજેક્ટ પૈકી ૨૨ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલીકરણ કરવામાં આવતાં જેએનએનયુઆરએમ યોજના હેઠળના પ્રોજેક્ટની વિગતો નીચે મુજબ છે.

જનમાર્ગ - બી.આર.ટી.એસ. :

અમદાવાદ શહેરના નાગરિકોને વિશ્વસનીય, કાર્યક્ષમ, ઝડપી તથા વિશ્વના અન્ય શહેરોની જાહેર પરીવહન સેવા સાથે સરખામણી થઈ શકે તે પ્રકારની જાહેર પરિવહન સેવા માટે તથા શહેરમાં પ્રદૂષણની માત્રામાં ઘટાડો કરવા જેએનએનયુઆરએમ અંતર્ગત રૂ.૯૮૧.૪૪ કરોડના ૮૮.૮ કિ.મી. લંબાઈના કોરીડોરની બસ રેપીડ ટ્રાન્ઝિસ્ટ સિસ્ટમ (બી.આર.ટી.એસ.) યોજના શરૂ કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં નીચે મુજબના ૬૧ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

- ☆ આરટીઓ થી પીરાણા - ૧૨.૫ કિ.મી.
- ☆ પીરાણા થી કાંકરિયા - ૬ કિ.મી.
- ☆ કાંકરિયા-મણિનગર-દાણીલીમડા થી નારોલ સર્કલ - ૭.૫ કિ.મી.
- ☆ નારોલ સર્કલ થી નરોડા - ૧૩.૫ કિ.મી.
- ☆ ભાવસાર હોસ્ટેલ થી દિલ્હી દરવાજા - ૫.૫ કિ.મી.
- ☆ ઓઢવ થી સોનીની ચાલી - ૩.૫ કિ.મી.
- ☆ શિવરંજની થી ઈસ્કોન - ૨.૫ કિ.મી.
- ☆ આર.ટી.ઓ. થી વિસત - ૪ કિ.મી.
- ☆ એ.ઈ.સી. થી સોલા - ૪. કિ.મી.

હાલમાં બાકીના કોરીડોરની કામગીરી ચાલુ છે તે પૈકી ઈસ્કોન થી બોપલ, એલિસબ્રીજ થી કાલુપુર, નહેરૂનગર થી એલ.ડી. એન્જીનીયરીંગ સુધીના કોરીડોરની કામગીરી માર્ચ-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરીને કાર્યવન્ત કરવામાં આવશે.

ફેઝ-૨ ના બાકીના બી.આર.ટી.એસ. કોરીડોર એલ.ડી. એન્જીનીયરીંગ થી એલિસબ્રીજ, વિસત થી એસ. પી. રીંગ રોડ, કાલુપુર થી દિલ્હી દરવાજા, કાલુપુર થી નરોડા અને શાહઆલમ થી એલિસબ્રીજ સુધીના કોરીડોરની કામગીરી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં પૂર્ણ કરવામાં આવશે.

બી.આર.ટી.એસ. યોજનામાં ટ્રાફિકની સુવિધા માટે બી.આર.ટી.એસ. કોરીડોર ઉપર આવતાં મુખ્ય જંકશનો ઉપર ફ્લાય ઓવર બ્રિજ તથા રિવર બ્રીજ અને રેલ્વે બ્રીજ બનાવવામાં આવી રહેલ છે.

અ. નં	બ્રિજનું નામ	પ્રોજેક્ટની અંદાજીત રકમ (રૂા. કરોડમાં)	ભૌતિક સ્થિતિ
૧.	ઈસનપુર જંકશન ફ્લાય ઓવર	૨૪.૯૪	કામ પૂર્ણ
૨.	જશોદાનગર જંકશન ફ્લાય ઓવર	૨૮.૩૬	કામ પૂર્ણ
૩.	સીટીએમ જંકશન ફ્લાય ઓવર	૪૨.૯૩	કામ પૂર્ણ
૪.	સોનીની ચાલી જંકશન ફ્લાય ઓવર	૨૧.૮૪	કામ પૂર્ણ
૫.	ઠક્કરબાપાનગર જંકશન ફ્લાય ઓવર	૨૯.૭૦	કામ પૂર્ણ

અ. નં	બ્રિજનું નામ	પ્રોજેક્ટની અંદાજીત રકમ (રૂા. કરોડમાં)	ભૌતિક સ્થિતિ
૬.	શાહીબાગ-ગીરધરનગર રેલ્વે ઓવરબ્રીજ	૨૧.૫૫	કામ પૂર્ણ
૭.	વાડજ-દુધેશ્વરબ્રીજ રિવર બ્રીજ	૩૩.૪૮	કામ પૂર્ણ
૮.	ગુજરાત કોલેજ ફ્લાય ઓવર	૫૪.૭૫	૭૫%

➢ **ગુજરાત કોલેજ થી એમ.જે. લાયબ્રેરી થઈ સ્વામી વિવેકાનંદ પુલ સુધી બની રહેલ એલિવેટેડ કોરીડોર :**

જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ હેઠળ જનમાર્ગ (બી.આર.ટી.એસ.) વિભાગ દ્વારા ગુજરાત કોલેજથી એમ. જે. લાયબ્રેરી થઇ સ્વામી વિવેકાનંદ પુલ સુધી બી.આર.ટી.એસ. તથા મીક્સ ટ્રાફિક માટે એલીવેટેડ કોરીડોર બનાવવામાં આવી રહેલ છે. સદરહુ એલીવેટેડ કોરીડોરમાં ગુજરાત કોલેજથી એમ.જે. લાયબ્રેરી સુધીનો પોર્શન ત્રણ લેન તથા ત્યાર બાદ આશ્રમરોડથી સ્વામી વિવેકાનંદ (એલીસબ્રીજ) સુધીનો ભાગ ચાર લેનનો છે. આ એલીવેટેડ કોરીડોર બનવાને કારણે પશ્ચિમ ઝોનની મધ્ય, પૂર્વ તથા દક્ષિણ ઝોન સાથે સરળ કનેક્ટીવિટી થઇ જશે. જેને કારણે આશ્રમ રોડ તથા રેલ્વે ક્રોસિંગ પાસેના હેવી ટ્રાફિકની સમસ્યા હળવી થશે. આ એલીવેટેડ કોરીડોરની લંબાઇ ૧ કિ.મી.ની રહેશે.

૧. આ કામનો કુલ ખર્ચ રૂા.૬૦.૦૦ કરોડ અંદાજવામાં આવેલ છે.

૨. ગુજરાત કોલેજ પાસે આવતા રેલ્વે ક્રોસીંગના ભાગની કામગીરી રેલ્વે ઓથોરિટી દ્વારા હાથ ધરાયેલ છે.

૩. એમ. જે. લાયબ્રેરી પાસે આશ્રમરોડની નજીક એલીવેટેડ કોરીડોર ઉપર બી.આર.ટી.એસ. બસ શેલ્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી પેસેન્જર ત્યાંથી બી.આર.ટી.એસ. બસમાં બેસવા કે ઉતરવા ઉપયોગ કરી શકશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "Special Purpose Vehicle" તરીકે કંપની એકટ હેઠળ અમદાવાદ જનમાર્ગ લી. ની સ્થાપના કરી આંતરરાષ્ટ્રીય કક્ષાની બસ, બસ સ્ટેન્ડ, પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ, ઓટોમેટીક વ્હીકલ લોકેશન સિસ્ટમ જેવી આધુનિક સગવડો ધરાવતી બસ સેવા બી.આર.ટી.એસ. કોરીડોર ઉપર શરૂ કરવામાં આવેલ. જેમાં મુસાફરોની સગવડતા માટે સ્માર્ટ કાર્ડ શરૂ કરવામાં આવેલ છે. હાલમાં મંજૂર થયેલ ૮૮.૮ કિ.મી. બી.આર.ટી. કોરીડોર પૈકી પૂર્ણ થયેલ ૬૧ કિ.મી. ના બી.આર.ટી.એસ. કોરીડોરમાં બસ સેવા કાર્યરત છે. હાલમાં સમગ્ર રૂટ ઉપર પીપીપી ધોરણે ૧૧૭ બસો કાર્યરત છે. જેમાં દૈનિક ૧.૩૦ લાખ જેટલા નગરજનો મુસાફરી કરે છે તથા દૈનિક રૂા.૦.૧૧ કરોડ જેટલી આવક થાય છે.

શહેરી વિકાસ તથા પરીવહન ક્ષેત્રે જોડાયેલા તજજ્ઞો, અભ્યાસુઓ, શિક્ષણવિદો, વિધાર્થીઓ, રાજનીતિજ્ઞો, સંશોધકો માટે સીમાચિહન રૂપ બનેલા જનમાર્ગ બીઆરટીએસની મુલાકાતે દેશ-વિદેશમાંથી અનેક લોકો અભ્યાસ અર્થે મુલાકાત લઈ પરીવહન સેવાના ઉત્તમ પર્યાય બનેલા જનમાર્ગ બીઆરટીએસમાંથી પ્રેરણા લઈ પોતાના શહેરના વિવિધ પરીબળોને ધ્યાને લઈ બીઆરટીએસ સેવા શરૂ કરવા પ્રયત્નો કરી રહયા છે. અમદાવાદ બી.આર.ટી.એસ. એ અન્ય શહેરો માટે એક આગવું રોલ મોડેલ બનેલ છે. અમદાવાદ જનમાર્ગ લી.ને બીઆરટીએસ સેવા બદલ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય લેવલે મેળવેલ એવોર્ડસની વિગત નીચે મુજબ છે.

- ☆ "BEST MASS RAPID TRANSIT SYSTEM" નેશનલ કક્ષાએ એવોર્ડ
- ☆ ભારત સરકાર દ્વારા સને - ૨૦૦૯માં "Best Mass Transist System" નો રાષ્ટ્રીય એવોર્ડ
- ☆ સને - ૨૦૧૦માં વોશિંગ્ટન ખાતે "SustainableTransport-2010" નો આંતરરાષ્ટ્રીય એવોર્ડ
- ☆ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ દ્વારા ૨૦૧૦માં "Outstanding Innovation in Public Transport" એવોર્ડ
- ☆ ભારત સરકાર દ્વારા સને - ૨૦૧૦ માં "Award for Excellence" નો રાષ્ટ્રીય એવોર્ડ
- ☆ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ અને ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા "Daring Ambition" નો એવોર્ડ
- ☆ ભારત સરકાર દ્વારા સને - ૨૦૧૧ માં "Best ITS Project" નો રાષ્ટ્રીય એવોર્ડ
- ☆ યુનાઈટેડ નેશન્સ ૨૦૧૨ Light House Activities - Urban દ્વારા "Momentum For Change" નો ઈન્ટરનેશનલ એવોર્ડ

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં બી.આર.ટી.એસ. ઈન્ફ્રાસ્ટ્રકચર માટે અંદાજપત્રમાં રૂા.૧૨૦.૦૦ કરોડ તથા બસની ખરીદી માટે રૂા.૧૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

➢ બી.આર.ટી.એસ. ફેઝ-૩ :

જનમાર્ગ - બીઆરટીએસ ફેઝ -૧ નાં ૪૫ કિ.મી.ના કોરીડોરનું કામ પુરૂ થઈ હાલમાં ઓપરેશનમાં છે. તેમજ ફેઝ-૨ નાં કુલ ૪૪ કીમી નાં રૂટ ની કામગીરી પૈકી હાલમાં ૧૬ કિ.મી. કોરીડોરની કામગીરી પૂર્ણ કરી

ઓપરેશનમાં મૂકવામાં આવેલ છે. આમ, ફેઝ-૧ અને ફેઝ-૨ મળી કુલ ૬૧ કિ.મી. જેટલો બી.આર.ટી.એસ. રૂટ ઓપરેશનમાં છે. જેમાં ૯૧ બસ શેલ્ટર્સ આવેલ છે.

બી.આર.ટી.એસ. ફેઝ-૧ માં સમગ્ર બી.આર.ટી.એસ. રૂટની કામગીરી નેશનલ હાઈવેના નોર્મ્સ મુજબ ખોદાણ કરી GSB, WET Mix, DBM અને BC થી કરવામાં આવે છે. ત્યારબાદ ફેઝ-૨ માં બસ શેલ્ટર્સની આજુબાજુ કોંક્રીટ રોડ (PQC) કરવામાં આવેલ છે. જયારે હવે ફેઝ-૩ માં બી.આર.ટી.એસ. કોરીડોરમાં કોંક્રીટ રોડ તથા બાકીના મિક્સ ટ્રાફીક લેનમાં આસ્ફાલ્ટ રોડ બનાવવાની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

જેના માટે નવા રૂટનું સર્વેક્ષણ તથા પ્લાનીંગ હાથ ધરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના રૂટનો સમાવેશ થવા જાય છે.

- ☆ જશોદાનગર થી હાથીજણ રીંગ રોડ
- ☆ નરોડા - મુક્તીધામ - રીંગ રોડ
- ☆ ચાંદખેડા - રીંગ રોડ
- ☆ અખબારનગર - ગોતા
- ☆ સોલા ફલાય ઓવર થી સાયન્સ સીટી
- ☆ શિવરંજની થી સરખેજ એપીએમસી માર્કેટ
- ☆ વાડજ થી એપીએમસી માર્કેટ (આશ્રમ રોડ)

આમ, ઉપર મુજબના રૂટ મળી આશરે ૪૦.૦૦ કિ.મી. જેટલા નવા બી.આર.ટી.એસ. રૂટ તથા ૮૦ જેટલા નવીન બસ શેલ્ટર્સ બનાવવામાં આવશે. જેમાં શહેરના સરદાર પટેલ રીંગ રોડ, નારોલ - વટવા - નરોડા જી.આઈ.ડી.સી. સાથે તેમજ સાયન્સ સીટી તેમજ પૂર્વ અને પશ્ચિમના નવા વિસ્તારોની કનેક્ટિવિટી ધ્યાને લેવામાં આવેલ છે. આનાથી લોકોને ઝડપી પબ્લીક ટ્રાન્સપોર્ટેશનની સમયસરની સુવિધા મળતા મુખ્ય રસ્તા ઉપર ટ્રાફિકનું ભારણ ઓછું થશે અને પ્રદુષણમાં ઘટાડો થશે. આમ, નવા રૂટ મળી બી.આર.ટી.એસ. રૂટની કુલ લંબાઈ ૧૨૮ કિ.મી. થવા જાય છે. આ વધારાના રૂટ માટે જેએનએનયુઆરએમ ફેઝ-૨ માં જોગવાઈ કરવામાં આવશે.

સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુઅરેજ નેટવર્ક :

સને ૨૦૨૧ સુધીમાં થનાર સંભવિત સુએજ ઉત્પાદન ૧૦૭૫ એમ.એલ.ડી. માટેની ટ્રીટમેન્ટ ક્ષમતા ઉભી કરવા માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ રૂા.૫૩૭.૦૨ કરોડના ખર્ચે પિરાણા ખાતે ૧૮૦ એમ.એલ.ડી. તથા ૬૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વાસણા ખાતે ૩૫ એમ.એલ.ડી. તથા ૨૪૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને વિંઝોલ ખાતે ૭૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે.

શહેરની ૧૦૦% વસ્તીને ભૂગર્ભ ગટર યોજના હેઠળ આવરી લેવા માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ નવા સમાવિષ્ટ પૂર્વ વિસ્તારમાં રૂા.૭૭.૬૫ કરોડના ખર્ચે ૧૭૮ કિ.મી. લંબાઈની અને પશ્ચિમ વિસ્તારમાં રૂા.૨૩૫.૪૧ કરોડના ખર્ચે ૨૭૩ કિ.મી. લંબાઈનું સુઅરેજ નેટવર્ક બનાવવામાં આવી રહેલ છે. જે પૈકી ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં પૂર્વ વિસ્તારમાં ૧૩૧ કિ.મી. લંબાઈની તથા પશ્ચિમ વિસ્તારમાં ૨૨૭ કિ.મી. લંબાઈની સુઅરેજ નેટવર્ક લાઈન નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષમાં બાકીની સુઅરેજ લાઈન નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સુઅરેજ નેટવર્ક પ્રોજેક્ટમાં નાણાંકીય વર્ષ સને ૨૦૧૩-૧૪ માં રૂા.૪૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

જેએનએનયુઆરએમ યોજના હેઠળ શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાને એકત્ર કરી, વહન કરી, પ્રોસેસ કરી તેનો આખરી નિકાલ કરવાની વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂા.૧૧૮.૮૪ કરોડના ખર્ચે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો પ્રોજેક્ટ અમલમાં મૂકેલ છે. સદરહુ પ્રોજેક્ટ અન્વયે ૭૫ નંગ ૭ સી.એમ.ટી. ડમ્પર પ્લેસર વાહનો, ૭ ક્યુ.મી. કેપેસીટીના ૨૧૧૬ નંગ કન્ટેઈનર્સ, ૧૧ નંગ હેવી ડ્યુટી ટ્રક માઉન્ટેડ રોડ વેક્યુમ સ્વીપીંગ મશીન, ૬ નંગ HCV કેબ ચેસીસ સાથે સ્કીપ લિફ્ટર યુનિટ, ૧૪ નંગ જેસીબી ટાઈપ મશીન, ૩૦ લીટર કેપેસીટીના ૨૦,૦૦૦ નંગ પી.ઈ. કન્ટેઈનર, હાથ લારીઓ માટે ૨૧,૫૦૪ નંગ પી.ઈ. બીન્સ, ૩૫૮૪ નંગ નવી ડિઝાઈનની હાથ લારીઓ, હેવી લોડેડ સાઈટ માટે ૨૪ નંગ રેફ્યુઝ કલેકટર, ૪૯ નંગ ટ્રીપર ટ્રક, ૨ નંગ ડેડ એનિમલ કલેકશન વાન, ૨ નંગ સોઈલ કોમ્પેકટર, ૩ નંગ એસ્કેવેટરની ખરીદી કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પાંચ ઝોનમાં છ ટ્રાન્સફર સ્ટેશનો ઉભા કરવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. આ ટ્રાન્સફર સ્ટેશન ઉપર જે-તે ઝોનમાં નજીકની જગ્યાએથી વાહનો દ્વારા કચરો લાવી આ કચરો હેવી કેપેસીટીના કન્ટેઈનરો અને હાઈડ્રોલિક વાહનો દ્વારા જે-તે ઝોનમાંથી કચરાનું પરિવહન કરી સુએઝ ફાર્મ, પિરાણા રોડ ખાતે આવેલ ડમ્પીંગ સાઈટ ઉપર આખરી નિકાલ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૨-૧૩ માં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટમાં રૂા.૪૩.૨૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ સને ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

શહેરી ગરીબો માટે આવાસ યોજના (EWS) :

જેએનએનયુઆરએમ યોજના હેઠળ શહેરી ગરીબો માટે અંદાજીત રૂા.૫૬૭.૬૮ કરોડના ના ખર્ચે ૩૩૮૨૪ આવાસો બનાવવાના પ્રોજેકટને મંજુરી મળેલ છે. ૩૨૬૪૦ આવાસો પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૦૧૬૦ તથા ઔડા દ્વારા ૧૩૬૬૪ આવાસો બનાવવામાં આવી રહેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ૬.૭૨ લાખ ચો.મી. જમીનમાં જુદી-જુદી ૩૨ જગ્યાઓએ કુલ ૨૦૧૬૦ આવાસો બનાવવામાં આવી રહેલ છે. કુલ જમીન ૬.૭૨ લાખ ચો.મી. માં બંધ મીલોની મળેલી ૧.૭૧ લાખ ચો.મી. જમીનનો સમાવેશ થાય છે. આ આવાસો બે રૂમ, કીચન તેમજ ટોઈલેટ અને બાથરૂમ સહિત ૩૬.૫ ચો.મી. સુપર બીલ્ટઅપ અને ૨૬.૭૭ ચો.મી. કારપેટ એરીયાના છે. આ આવાસો મેસ્કોન એલ્યુમીનીયમ ફોમ વર્કની આધુનિક ટેકનોલોજીથી તમામ દિવાલો આર.સી.સી. ની અને આકર્ષક ફિનીશીંગ સાથે બનાવવામાં આવેલ છે. સદરહુ આવાસોમાં રોડ, પેવીંગ, કમ્પાઉન્ડ વોલ, ૨૪x૭ વોટર સપ્લાય, સુઅરેજ સિસ્ટમ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, સોલીડ વેસ્ટ કલેકશન અને ડીસ્પોઝલ વ્યવસ્થા તથા સ્ટ્રીટ લાઈટની માળખાકિય સુવિધાઓ ઉપરાંત ૫૦૦ થી વધારે આવાસો ધરાવતા દરેક પ્લોટમાં કોમન ઓપન સ્પેસ, રમત-ગમતના મેદાન, હેલ્થ સેન્ટર, આંગણવાડી જેવી સામાજીક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવતાં ૨૦૧૬૦ આવાસો પૈકી ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં ૧૬૬૭૨ આવાસો બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના આવાસો બનાવવાની કામગીરી ચાલુ છે. જે સને ૨૦૧૩-૧૪ દરમ્યાન પૂર્ણ કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેરી ગરીબો માટેની આવાસ યોજનાને ભારત સરકાર દ્વારા સને ૨૦૧૦ માં "Innovations in Services to Urban Poor (Housing) Award" નો રાષ્ટ્રીય એવોર્ડ તથા સને ૨૦૧૧ માં "Best City in implementation of BSUP" નો રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૨-૧૩ માં શહેરી ગરીબો માટે આવાસ યોજનામાં રૂા.૪૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૫૧.૦૦ કરોડનું બજેટ ફાળવવાનું આયોજન કરવામાં આવેલ છે.

ઈ-ગવર્નન્સ :

ભારત સરકારે દરેક રાજ્યના ઈ-ગવર્નન્સના અમલીકરણ માટે નેશનલ ઈ-ગવર્નન્સ એક્શન પ્લાન (NEGP) અમલમાં મૂકેલ છે. "નેશનલ મીશન મોડ પ્રોજેક્ટ" હેઠળ ભારત સરકારના JnNURM હેઠળની ગાઈડ લાઈન મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઈ-ગવર્નન્સનો ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી મે.પ્રાઈઝવોટર હાઉસકુપરને સોંપેલ છે. વર્ષ ૨૦૧૨ દરમ્યાન ભારત સરકાર દ્વારા રૂા.૧૮.૯૭ કરોડના ઈ-ગવર્નન્સના ડીપીઆર મંજુર કરેલ છે. જે અન્વયે તમામ નાગરિક સુવિધાઓ તેમજ જુદા-જુદા ખાતાઓની કામગીરી એક જ પ્લેટફોર્મમાં લાવી કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ અમલીકરણ આગામી વર્ષ ૨૦૧૩ દરમ્યાન કરવામાં આવશે તથા જીઓગ્રાફીક્સ ઈન્ફોર્મેશન સિસ્ટમ ટેકનોલોજી દ્વારા અમદાવાદ શહેરનો જીઆઈએસ મેપ મેળવી તમામ મિલકતોનો સર્વે કરી તેનું જીઆઈએસ મેપીંગ કરવામાં આવશે. જેથી તમામ પ્રકારની મિલકતની માહિતી લોકેશન આધારિત ઉપલબ્ધ થશે અને પ્રોપર્ટી ટેક્ષ વિભાગની તમામ માહિતી જીઆઈએસ આધારિત ઉપલબ્ધ બનશે જેનાથી પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષની આવક વધારવાના પ્રયત્ન કરવામાં આવશે.

સદરહુ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા દ્વારા વેન્ડર સિલકેટ કરી હાર્ડવેર/સોફ્ટવેર તથા દરેક મિલકતોનો સર્વે કરવામાં આવશે. ભવિષ્યમાં તમામ પ્રકારની અન્ડરગ્રાઉન્ડ યુટીલિટી જેવી કે પાણી, ગટર તથા સ્ટોર્મ વોટર લાઈન, સ્ટ્રીટ લાઈટ્સ તથા બિલ્ડીંગ પ્લાન પરમીશનને લગતી તમામ વિગતો જીઆઈએસ ટેકનોલોજીની મદદથી મેપીંગ કરવામાં આવશે અને અલાયદો ડેટાબેઝ જનરેટ કરી ભવિષ્યનું તમામ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવશે. વર્ષ ૨૦૧૨-૧૩ માં સદર કામગીરી માટે રૂા.૨.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે તથા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

હેરીટેજ ડેવલપમેન્ટ :

અમદાવાદ શહેરમાં ભદ્રનો કિલ્લો ઐતિહાસિક મહત્વ ધરાવે છે આ સમગ્ર વિસ્તારને નો-વ્હીકલ ઝોન તરીકે વિકસાવવા માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ રૂા.૭૪.૩૯ કરોડનો ડી.પી.આર. મંજૂર થયેલ છે. સદરહુ યોજના હેરીટેઝ કેટેગરીમાં આવતી હોવાથી A.S.I. સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં હેરીટેઝ ડેવલપમેન્ટ પ્રોજેકટમાં રૂા.૯.૦૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

જેએનએનયુઆરએમ યોજના હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂા.૨૬૭૩.૯૪ કરોડના ૨૩ પ્રોજેક્ટ મંજૂર થયેલ છે તે પૈકી ડીસેમ્બર-૨૦૧૨ સુધીમાં રૂા.૨૨૬૧.૯૧ કરોડનો ખર્ચ થયેલ છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૩૫૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા આગામી સને ૨૦૧૩-૧૪ માં રૂા.૩૭૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે તથા જેએનએનયુઆરએમ ફેઝ-૨ માટે આગામી સને ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના વિકાસ કાર્યો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વભંડોળ તેમજ પબ્લિક બોન્ડમાંથી નીચે મુજબના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરેલ છે.

૩.૧ ઝોનલ પ્રાયોરીટી વર્કસ :

સને ૨૦૦૪-૦૫ માં ઝોનવાઈઝ ફંડ ફાળવી શરૂ કરવામાં આવેલ વિકાસ કાર્યોની પરંપરામાં સને ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રથી સુધારો કરી તેને પ્રથમવાર વોર્ડ વાઈઝ કામો અગાઉથી નક્કી કરી તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ. આ પરંપરાને આગળ વધારતાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં કરવાના થતાં ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળના કામો માટે વોર્ડ વાઈઝ ગઠન કરવામાં આવેલ વોર્ડ કમિટીની બેઠક બોલાવી વોર્ડ વાઈઝ કરવાના થતાં વિકાસ કાર્યો નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. જેની ઝોન વાઈઝ - વોર્ડ વાઈઝ વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

ક્રમ	ઝોનનું નામ	ફાળવેલ રકમ	કેરી ફોરવર્ડ કામોની રકમ	નવા વિકાસના કામોની રકમ
૧	મધ્ય ઝોન	૪૦.૦૦	૫.૨૮	૩૪.૭૨
૨	પશ્ચિમ ઝોન	૫૦.૦૦	૨૦.૨૮	૨૯.૭૨
૩	ઉત્તર ઝોન	૬૨.૦૦	૧૯.૯૮	૪૨.૦૨
૪	પૂર્વ ઝોન	૬૦.૦૦	૩૦.૨૩	૨૯.૭૭
૫	દક્ષિણ ઝોન	૬૦.૦૦	૧૦.૬૩	૪૯.૩૭
૬	નવા પશ્ચિમ ઝોન	૮૦.૦૦	૨૦.૦૭	૫૯.૯૩
	કુલ	૩૫૨.૦૦	૧૦૬.૪૭	૨૪૫.૫૩

આગામી નાણાંકિય વર્ષમાં રૂા.૨૪૫.૫૩ કરોડના નવા ઝોનલ વિકાસ કાર્યો તથા પાછલા વર્ષોના ચાલુ રૂા.૧૦૬.૪૭ કરોડના વિકાસ કાર્યો મળી કુલ રૂા.૩૫૨.૦૦ કરોડ ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળ ફાળવવામાં આવેલ છે.

☞ મધ્ય ઝોન

- ☆ શાહપુરવોર્ડમાં વાસુદેવ ત્રિપાઠી હોલના રીનોવેશન તથા અપગ્રેડેશન માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૪૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ રાયખડ વોર્ડમાં લાલ દરવાજા ઈન્ડીયન એર લાઈન્સની ઓફીસની બાજુમાં આવેલા પ્લોટમાં રૂા.૬૦.૦૦ લાખનાં ખર્ચે સીવીક સેન્ટર બનાવવાનું આયોજન છે.
- ☆ ખાડીયા વોર્ડમાં નવા સમાવેશ કરેલ વિસ્તારોમાં મલ્ટી મીડીયા પ્રોજેકટ અન્વયે રૂા.૧.૧૭ કરોડનાં ખર્ચે ડ્રેનેજ નેટવર્ક સુધારવાનું આયોજન કરેલ છે.
- ☆ જમાલપુર સેન્ટ્રલ સ્ટોર્સ ઓફીસ બિલ્ડીગ રીનોવેશન માટે રૂા.૩૫.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે તથા સેન્ટ્રલ વર્ક શોપ ખાતે બિલ્ડીગ રીનોવેશન તથા અપગ્રેડેશન કરવા રૂા.૩૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ એ.પી.એમ.સી. માર્કેટ સામે સ્વ. અશોકભાઇ ભટ્ટ ફલાય ઓવર બ્રીજ નીચે દોઢ ફૂટ ઉંચા થડા બનાવવા રૂા.૧૫.૦૦ લાખની બજેટ ફાળવણી કરવામાં આવેલ છે.

☞ પશ્ચિમ ઝોન

- ☆ વાસણા વોર્ડમાં કોમ્યુનીટી હોલ રીનોવેશન માટે રૂા.૧૦.૦૦ લાખની બજેટ ફાળવણી.
- ☆ ચાંદખેડા-મોટેરા વોર્ડમાં રૂા.૧.૦૨ કરોડનાં ખર્ચે સબ ઝોનલ ઓફીસ બનાવવાનું આયોજન.
- ☆ નારણપુરા વોર્ડનાં જુદા જુદા રસ્તાઓ રી-સરફેસ કરવા રૂા.૨.૭૫ કરોડની બજેટ ફાળવણી.
- ☆ નવરંગપુરા વોર્ડમાં પાણીના જુદા જુદા કામો માટે રૂા.૩૦.૦૦ લાખની બજેટ ફાળવણી.
- ☆ જુના વાડજ વોર્ડમાં ડ્રેનેજના જુદા જુદા કામો માટે રૂા.૭૩.૦૦ લાખની બજેટ ફાળવણી.
- ☆ ઉસ્માનપુરા ઝોનલ ઓફીસના કોન્ફરન્સ હોલને અદ્યતન કરવા માટે રૂા.૧.૧૦ કરોડની ફાળવણી.
- ☆ આંબાવાડી વોર્ડમાં જીમ્નેશીયમ, ફીજીયોથેરાપી સેન્ટર માટે રૂા.૧.૨૦ કરોડની ફાળવણી.

☞ ઉત્તર ઝોન

- ☆ નોબલનગર વોર્ડમાં જુદા જુદા સ્મશાન ગૃહમાં જરૂરી સવલતો તથા સુશોભન માટે રૂા.૧૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ સૈજપુર વોર્ડમાં બંગલા એરિયા પાણીની ટાંકી પાસે આવેલ પ્લોટમાં રૂા.૩૫.૦૦ લાખનાં ખર્ચે સામાજિક કેન્દ્ર બનાવવાનું આયોજન છે. જે માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ નરોડા વોર્ડમાં આવેલ ચામુંડા સ્મશાન ગૃહમાં જરૂરી રીનોવેશન હાથ ધરવામાં આવનાર છે.
- ☆ કૃષ્ણનગર વોર્ડમાં સીનીયર સીટીઝન પાર્ક બનાવવા રૂા.૧૫.૦૦ લાખની બજેટ ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ સરસપુર વોર્ડમાં રેવાભાઇ ગાર્ડન રીનોવેશન કરવા રૂા.૧૫.૦૦ લાખની બજેટ ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ સરદારનગર, નોબલનગર, નરોડા, અસારવા, કુબેરનગર, સૈજપુર, કૃષ્ણનગર, સરસપુર, વોર્ડમાં આવેલ જુદી જુદી શાળાઓનું રીનોવેશન, કલરકામ, નવા રૂમોના એક્ષ્ટેન્શન માટે રૂા.૧.૭૮ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ ઠક્કરનગર વોર્ડમાં માન.સંસદ સભ્યશ્રીની બજેટ સહાય સાથે રૂા.૭૬ લાખના ખર્ચે રીડીંગ લાયબ્રેરી બનાવવાનું આયોજન છે.
- ☆ મ્યુનિસિપલ માલિકીના પ્લોટની કમ્પાઉન્ડ વોલ કરવા માટે રૂા.૮૨.૫૦ લાખનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ રૂા.૨૨.૦૦ લાખનાં ખર્ચે નરોડા ફાયર સ્ટેશન કવાર્ટસ તથા સ્ટેશનનું રીનોવેશન કરવાનું આયોજન કરેલ છે.
- ☆ હાઉસીંગ બોર્ડની વસાહતો, ચાલી, ઝુંપડામાં પાણી, ગટર, પત્થર પેવીંગ તથા અન્ય આવશ્યક સેવાઓ માટે રૂા.૭.૦૦ કરોડની બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ રૂા.૬૫.૦૦ લાખના ખર્ચે કૃષ્ણનગર વોર્ડ ઓફીસ બનાવવાનું આયોજન કરેલ છે.

☞ પૂર્વ ઝોન

- ☆ રામોલ હાથીજણ વોર્ડમાં જુદા જુદા સ્મશાન ગૃહ રીનોવેશન માટે રૂા.૮૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ નિકોલ વોર્ડમાં રૂા.૨૫.૦૦ લાખનાં ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન.
- ☆ બાપુનગર વોર્ડમાં જુદા જુદા રોડ રી-સરફેસ તથા પત્થર પેવીગ માટે રૂા.૧.૪૭ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ઓઢવ વોર્ડમાં રોડ રી-સરફેસ માટે રૂા.૧.૫૦ કરોડની ફાળવણી.
- ☆ નિકોલ વોર્ડમાં શહીદ મંગળ પાંડે ઓડીટોરીયમ હોલમાં જરૂરી રિનોવેશન માટે રૂા.૭૦.૦૦ લાખનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ વસ્ત્રાલ વોર્ડમાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે ડ્રેનેજ નેટવર્કનાં કામોનું આયોજન.
- ☆ રખિયાલ વોર્ડમાં મ્યુનિસિપલ શાળા નં.૧, ૨, ૩, ૪ માં જરૂરી રીનોવેશન માટે રૂા.૩૦.૦૦ લાખની બજેટ ફાળવણી.
- ☆ ઓઢવ વોર્ડમાં ટી.પી.-૧, એફ.પી.-૧૮૧ માં જૈન દેરાસર પાસેનાં ખુલ્લા પ્લોટને બગીચા તરીકે ડેવલપ કરવા રૂા.૬૪.૦૦ લાખની બજેટની ફાળવણી.
- ☆ નિકોલ વોર્ડમાં રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે સીટી સીવીક સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે.

☞ દક્ષિણ ઝોન

- ☆ બહેરામપુરા વોર્ડમાં ચંદન સોસાયટીની બાજુમાં ટી.પી.૧૩, એફ.પી.૨૫માં આવેલ ખુલ્લા પ્લોટમાં પાર્ટી પ્લોટ-કોમ્યુનીટી હોલ બનાવવા રૂા.૧.૦૦ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ બહેરામપુરા વોર્ડમાં આવેલ નવી વસાહતમાં જુદીજુદી જગ્યાએ રસ્તા ગ્રાઉટીંગ લેવલે પાકા કરવા રૂા.૫૦.૦૦ લાખના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.
- ☆ મણીનગરવોર્ડમાં જુદા જુદા ટી.પી રસ્તાને રીસરફેસ કરવાના તથા ફુટપાથ બનાવવાના કામ માટે ૨૫૦.૦૦ લાખનુ પ્રોવીઝન કરવામાં આવેલ છે.

- મણીનગર એલ.જી હોસ્પીટલમાં જુની જર્જરીત થઇ ગયેલ અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી રીપેરીંગ કરવાના કામ રૂ. ૨૦.૦૦ લાખનું પ્રોવીઝન રાખવામાં આવેલ છે.
- કાંકરીયા વોર્ડમાં જુદા જુદા ટી.પી રસ્તા ઉપર રીસરફેસ કરવા તથા ફુટપાથ બનાવવા રૂા. ૨૨૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- કાંકરીયા વોર્ડમાં મા. જે લાયબ્રેરી તરફથી દરેક ઝોનમાં બનાવવાની ઝોનલ લાયબ્રેરી અંગે સુચવ્યા સંદર્ભે દક્ષિણઝોનમાં કાંકરીયા વોર્ડમાં કાંતોડીયા લાયબ્રેરી બિલ્ડીગમાં જરૂરી રીપેરીંગ-રીનોવેશન કરી અધ્યતન ઝોનલ લાયબ્રેરી બનાવવાની થાય છે.આ સંદર્ભે કાંતોડીયા લાયબ્રેરીના રીનોવેશન માટે રૂા. ૭૫.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- કાંકરીયા વોર્ડમાં કાંકરીયા તળાવ ફરતેની અંદરની તરફની દિવાલ ઉપર પથ્થર ઉપર કાર્વિંગ તથા સ્ટીલની ફ્રેમ ઉપર લાઇટ સાથેના કટઆઉટ મુકીને ઇતિહાસ તથા વિકાસનું વર્ણન કરતા મ્યુરલ્સના બીજા ફેઝ માટેના કામ માટે રૂા. ૧.૦૦ કરોડનું બજેટમાં પ્રોવિઝન રાખવામાં આવેલ છે.
- બહેરામપુરા વોર્ડમાં જુદા જુદા ટી.પી. રસ્તા રીસરફેસ કરવા તથા ફુટપાથ બનાવા રૂા.૨૪૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- બહેરામપુરા વોર્ડમાં આવેલ નવી વસાહતમાં જુદી જુદી જગ્યાએ રસ્તા પાકા કરવા રૂા.૫૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- બહેરામપુરા આવેલ સી.એન.સી.ડી કચેરીના કાચા ભાગમાં ઇન્ટરલોકીંગ પેવિંગ કરવા રૂા.૧૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- દાણીલીમડા વોર્ડમાં જુદા જુદા ટી.પી રસ્તા રીસરફેસ કરવાના તથા ફુટપાથ બનાવવાના રૂા.૧૪૫.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- દાણીલીમડા વોર્ડમાં મસ્ટર સ્ટેશન તથા હેલ્થ ખાતાનું નવું બિલ્ડીગ બનાવવા રૂા.૮૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- દાણીલીમડા વોર્ડમાં ટી.પી ૩૭/૧, ફા. પ્લોટ.નં. ૫૨માં પીરકમાલ મસ્જીદની બાજુનાં પ્લોટમાં ગાર્ડન ડેવેલપ કરવા રૂા.૧૫.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ☆ દાણીલીમડા વોર્ડમાં પીરકમાલ મસ્જીદથી તીન બત્તી થઈને ધ્રુવનગર તરફ જતો રસ્તા તથા કનુભાઈની ચાલીથી ગીતાભારતીવાળો રોડ પાકો કરવા રૂા.૫૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ઘોડાસર વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા ટી.પી રીસરફેસ કરવા નવા ફુટપાથ બનાવવાના રૂા.૨૬૧.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ઘોડાસરવોર્ડમાં ઈસનપુર સ્મશાનગૃહમાં જરૂરી સીવીલ કામ તેમજ કંમ્પાઉન્ડ વોલ બનાવવાના કામ માટે રૂા.૪૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ઈન્દ્રપુરી વોર્ડમાં સને. ૨૦૧૩-૧૪ માં જુદા જુદા ટી.પી રસ્તા રીસરફેસ કરવા તથા ફુટપાથ બનાવવા રૂા.૩૨૫.૦૦ લાખનું પ્રોવિઝન ફાળવામાં આવેલ છે.
- ☆ ઈન્દ્રપુરી વોર્ડમાં એકસપ્રેસ હાઈવેની બાજુમાં ડાઉનસ્ટ્રીમ સાઈડે એપ્રોચ બ્રીજ બનવાનું અધુરુ કામ પૂર્ણ કરવા રૂા.૧.૬૪ કરોડનું પ્રોવિઝન રાખવામાં આવેલ છે.
- ☆ ખોખરા વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા રોડ રીસરફેસ તથા ફુટપાથ બનાવવા રૂા.૨૧૫.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ખોખરા વોર્ડમાં રૂક્ષ્મણીબેન હોસ્પિટલ પાસે આવેલ શ્યામા પ્રસાદ વસાવડા હોલનું નવ નિર્માણ કરવા આયોજન કરવામાં આવેલ છે.
- ☆ વટવા વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા રોડ રીસરફેસ તથા ફુટપાથ બનાવવા રૂા.૨.૧૩ કરોડનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ઈસનપુર વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા રોડ રીસરફેસ તથા ફુટપાથ બનાવવા રૂા.૩૫૪.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ ઈસનપુર વોર્ડમાં સ્વર્ણિમ બજેટ અંતર્ગત ટી.પી. ૫૪ માં રિઝર્વ પ્લોટમાં જીમ્નેસીયમ બનાવવાના રૂા.૫૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ લાંભા વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા રોડ રીસરફેસ તથા ફુટપાથ બનાવવા રૂા.૮૧૮.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ☆ નવા સમાવિષ્ટ વિસ્તાર લાંભા વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા વિસ્તારના પાણીના કામો માટે રૂા.૧૧૪.૫૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ નવા સમાવિષ્ટ વિસ્તાર લાંભા વોર્ડમાં સને ૨૦૧૩-૧૪ માં જુદા જુદા વિસ્તારમાં ડ્રેનેજ તથા સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો માટે રૂા.૧૬૩.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- ☆ લાંભા વોર્ડમાં નારોલ ગામમાં જુદા-જુદા ખાતા ના સ્ટોર્સ બનાવવા રૂા.૩૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

☞ નવા પશ્ચિમ ઝોન

- ☆ નવા પશ્ચિમ ઝોનમાં પી.વી.સી/આર.સી.સી /એ.સી. પ્રેસર લાઇનને બદલે ડી.આઇ. પાઇપ લાઇન નાખવાની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.જેની કામગીરી પુરી થયે પ્રેસરથી પાણી આપી શકાશે.તેમજ પોલ્યુશનના પ્રશ્નો હલ થાય તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.
- ☆ નવા પશ્ચિમ ઝોનમાં નવો વિકસીત વિસ્તાર હોઇ જે વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નથી તે વિસ્તારમાં ડ્રેનેજ લાઇનની સગવડ મળશે.જેનાથી તળાવ/ખુલ્લી નીકોમાં થતા ગંદા પાણીનો નિકાલ બંધ થાય અને આરોગ્યને ફાયદો થાય તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.
- ☆ નવા પશ્ચિમ ઝોનમાં જોધપુર વોર્ડમાં અદ્યતન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનુ આયોજન કરેલ જે હાલમાં કાર્યરત છે.અર્બન હેલ્થ સેન્ટરમાં સેલરમાં પાર્કીંગની વ્યવસ્થા,ગ્રાઉન્ડ ફલોર પર પીડીયા ટ્રીકસ,ફિઝીયોથેરાપી,મીની ઓપરેશન થીયેટર,ગાયનોકોલોજી વીથ ઓપરેશન થીયેટર,મેડીકલ સ્ટોર,ફર્સ્ટ ફલોરમાં કોન્ફરન્સ હોલ/મીટીંગ હોલ,જન્મ-મરણ માટેનો રજીસ્ટ્રેશન રૂમ અને તમામ વિભાગને લગતા ઓ.પી.ડી. રૂમની અદ્યતન સગવડ સાથેનું હાલમાં કાર્યરત છે તેમજ રાણીપ અને વેજલપુર વોર્ડમાં અદ્યતન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું કામ ચાલુ છે તે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨.૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- ☆ નવા પશ્ચિમ ઝોનમાં બોડકદેવ વોર્ડમાં કોમ્યુનિટી સેન્ટર બનાવવા માટેનું આયોજન કરેલ છે.જેનો અંદાજિત ખર્ચ રૂા.૩.૯૭ કરોડ છે.કોમ્યુનિટી સેન્ટરમાં અદ્યતન સુવિધા સાથે એ.સી. હોલ,સેલરમાં પાર્કીંગ,એક જ સાથે ૪૦૦ માણસો બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.તે કામગીરી હાલમાં ચાલુ છે તે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૮૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- ☆ નવા પશ્ચિમ ઝોનમાં કાળી વોર્ડમાં ઔડા ગાર્ડનના પાછળના ભાગમાં પાર્ટી પ્લોટ બનાવવા માટેનુ આયોજન કરેલ છે.જેનો અંદાજિત ખર્ચ રૂા. ૬૪.૬૦ લાખ છે.પાર્ટી પ્લોટ બનાવવાથી કાળી ગામ,ન્યુ રાણીપ,ડી-કેબીન ચેનપુર ગામના આશરે બે લાખ સ્થાનિક રહીશો પ્રસંગોપાત ઉપયોગ કરી શકશે.

- ☆ નવા પશ્ચિમ ઝોનમાં કાળી વોર્ડમાં ડી-કેબીન વિસ્તારમાં, જોધપુર વોર્ડમાં આનંદ નિકેતન સ્કુલ પાસેના પ્લોટમાં તથા ગોતા વોર્ડમાં સાયન્સ સીટી રોડ ઉપર ગાર્ડન ડેવલોપ કરવાનું આયોજન કરેલ છે. સદર ગાર્ડન ડેવલપ કરવાથી આ વિસ્તારના સ્થાનિક રહીશોને લાભ મળશે. તેમજ સ્વચ્છ પર્યાવરણથી સવાર-સાંજ સીનીયર સીટીઝનને હરવા-ફરવા અને બેસવાની સગવડ મળી શકશે તથા બાળકો માટે રમત ગમત તેમજ મનોરંજનના સાધનો મુકવામાં આવશે.

- ☆ નવા પશ્ચિમ ઝોનમાં ગોતા વોર્ડમાં રૂા. ૮૦ લાખના ખર્ચે નવી વોર્ડ ઓફિસ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.સદર વોર્ડ ઓફિસમાં સીવીક સેન્ટર, હેલ્થ, ઇજનેરના સ્ટાફની બેસવાની વ્યવસ્થા તથા કોન્ફરન્સ રૂમની વ્યવસ્થા કરવામાં આવનાર છે. જે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૦.૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

આગામી નાણાંકીય વર્ષમાં કરવાના થતાં ઝોનલ વિકાસ કાર્યોની વોર્ડ વાઈઝ ફાળવણી આ સાથે સામેલ પત્રકો મુજબ છે.

સને ૨૦૧૩-૧૪

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

મધ્ય ઝોન

(રૂા. કરોડમાં)

અ. નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/ અન્ય	કુલ
૧	૧૯	ગીરધરનગર	૧.૫૫	૦.૨૦	૦.૬૫	૦.૯૦	૩.૩૦
૨	૨૦	માધુપુરા	૧.૮૮	૦.૨૦	૦.૪૯	૧.૩૨	૩.૮૯
૩	૨૧	દુધેશ્વર	૧.૬૦	૦.૨૦	૦.૫૦	૧.૦૫	૩.૩૫
૪	૨૮	શાહપુર	૧.૬૫	૦.૩૦	૦.૮૦	૧.૦૦	૩.૭૫
૫	૨૯	દરિયાપુર	૨.૦૩	૦.૭૩	૧.૮૯	૦.૫૦	૫.૧૫
૬	૩૮	કાલુપુર	૧.૩૫	૦.૬૦	૧.૪૦	૦.૫૦	૩.૮૫
૭	૩૯	રાયખડ	૧.૨૭	૦.૨૩	૦.૬૦	૧.૨૩	૩.૩૩
૮	૪૪	જમાલપુર	૧.૧૬	૦.૪૦	૦.૬૨	૧.૧૫	૩.૩૩
૯	૪૫	ખાડિયા	૦.૬૫	૦.૨૦	૧.૫૨	૨.૪૦	૪.૭૭
કુલ			૧૩.૧૪	૩.૦૬	૮.૪૭	૧૦.૦૫	૩૪.૭૨

સને ૨૦૧૩-૧૪

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

પશ્ચિમ ઝોન

(રૂા. કરોડમાં)

અ. નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૪૦	પાલડી	૧.૭૫	૦.૭૫	૦.૧૫	૦.૨૩	૨.૮૮
૨	૪૧	વાસણા	૧.૧૨	૦.૪૫	૦.૨૮	૦.૪૨	૨.૨૭
૩	૨૬	આંબાવાડી	૧.૯૦	૦.૧૮	૦.૨૮	૦.૭૫	૩.૧૧
૪	૨૭	નવરંગપુરા	૧.૫૭	૦.૩૦	૦.૨૫	૨.૨૯	૪.૪૧
૫	૨૨	સ્ટેડિયમ	૨.૧૧	૦.૯૦	૦.૩૦	૦.૧૮	૩.૪૯
૬	૯	નારણપુરા	૨.૭૫	૦.૯૦	૦.૧૦	૦.૦૦	૩.૭૫
૭	૧૧	નવા વાડજ	૧.૦૫	૦.૪૧	૦.૦૭	૦.૩૯	૧.૯૨
૮	૧૦	જૂના વાડજ	૦.૯૦	૦.૪૩	૦.૭૩	૦.૩૩	૨.૩૯
૯	૫	સાબરમતી	૦.૭૫	૦.૮૦	૦.૨૫	૦.૨૦	૨.૦૦
૧૦	૪	ચાંદખેડા-મોટેરા	૨.૧૦	૦.૯૦	૦.૫૦	૦.૦૦	૩.૫૦
કુલ			૧૬.૦૦	૬.૦૨	૨.૯૧	૪.૭૯	૨૯.૭૨

સને ૨૦૧૩-૧૪

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

ઉત્તર ઝોન

(રૂા. કરોડમાં)

અ. નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૧૨	સરદારનગર	૧.૭૦	૦.૧૦	૦.૫૫	૦.૬૭	૩.૦૨
૨	૧૩	નોબલનગર	૪.૦૧	૦.૪૫	૦.૯૩	૦.૬૦	૫.૯૯
૩	૧૪	નરોડા	૧.૬૫	૦.૩૫	૦.૫૦	૦.૫૯	૩.૦૯
૪	૧૫	કુબેરનગર	૧.૭૦	૦.૨૦	૦.૨૩	૦.૫૦	૨.૬૩
૫	૧૬	સૈજપુર	૧.૬૭	૦.૪૦	૦.૩૨	૧.૪૧	૩.૮૦
૬	૧૭	મેઘાણીનગર	૧.૭૯	૦.૪૦	૦.૩૦	૦.૫૫	૩.૦૪
૭	૧૮	અસારવા	૧.૮૫	૦.૪૫	૦.૬૦	૦.૭૦	૩.૬૦
૮	૩૦	નરોડા રોડ	૧.૩૦	૦.૨૦	૧.૩૦	૧.૬૨	૪.૪૨
૯	૩૧	ઈન્ડીયા કોલોની	૧.૭૭	૦.૧૫	૦.૭૫	૦.૧૦	૨.૭૭
૧૦	૩૨	કૃષ્ણનગર	૧.૮૧	૦.૨૫	૦.૬૦	૦.૮૦	૩.૪૬
૧૧	૩૩	ઠક્કરનગર	૧.૭૦	૦.૧૫	૦.૬૫	૦.૮૫	૩.૩૫
૧૨	૩૭	સરસપુર	૧.૬૫	૦.૩૫	૦.૫૫	૦.૩૦	૨.૮૫
કુલ			૨૨.૬૦	૩.૪૫	૭.૨૮	૮.૬૯	૪૨.૦૨

સને ૨૦૧૩-૧૪

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

પૂર્વ ઝોન

(રૂા. કરોડમાં)

અ.નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૩૬	બાપુનગર	૧.૪૭	૦.૬૦	૦.૨૦	૦.૦૫	૨.૩૨
૨	૪૮	રખિયાલ	૧.૪૦	૦.૪૫	૦.૩૩	૦.૨૦	૨.૩૮
૩	૪૭	ગોમતીપુર	૦.૯૭	૦.૨૦	૦.૭૫	૦.૩૨	૨.૨૪
૪	૪૯	રાજપુર	૧.૨૪	૦.૧૮	૦.૬૪	૦.૪૦	૨.૪૬
૫	૫૬	અમરાઈવાડી	૧.૨૦	૦.૪૦	૦.૫૩	૦.૧૧	૨.૨૪
૬	૫૫	ભાઈપુરા	૧.૨૩	૦.૧૭	૦.૭૨	૦.૩૭	૨.૪૯
૭	૩૪	નિકોલ	૦.૮૦	૦.૫૬	૦.૫૭	૦.૬૩	૨.૫૬
૮	૫૧	ઓઢવ	૧.૫૦	૦.૧૭	૦.૪૬	૦.૩૬	૨.૪૯
૯	૫૨	વસ્ત્રાલ	૧.૧૧	૦.૪૩	૧.૦૦	૦.૦૦	૨.૫૪
૧૦	૫૪	મહાવીરનગર	૦.૪૦	૦.૨૫	૦.૬૮	૦.૩૫	૧.૬૮
૧૧	૩૫	વિરાટનગર	૦.૯૩	૦.૧૫	૦.૭૨	૦.૨૦	૨.૦૦
૧૨	૫૦	અર્બુદાનગર	૦.૯૫	૦.૩૦	૦.૫૭	૦.૨૫	૨.૦૭
૧૩	૬૪	રામોલ/હાથીજણ	૧.૦૦	૦.૫૦	૦.૪૦	૦.૪૦	૨.૩૦
કુલ			૧૪.૨૦	૪.૩૬	૭.૫૭	૩.૬૪	૨૯.૭૭

સને ૨૦૧૩-૧૪

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

દક્ષિણ ઝોન

(રૂા. કરોડમાં)

અ.નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૪૩	બેહરામપુરા	૨.૪૦	૦.૭૫	૧.૨૫	૧.૩૦	૫.૭૦
૨	૪૬	કાંકરિયા	૨.૨૦	૦.૩૮	૦.૫૫	૧.૦૫	૪.૧૮
૩	૫૩	ઈન્દ્રપુરી	૩.૨૫	૦.૪૦	૦.૭૭	૦.૪૩	૪.૮૫
૪	૫૭	ખોખરા	૨.૧૫	૦.૪૦	૦.૪૫	૦.૩૫	૩.૩૫
૫	૫૮	મણીનગર	૨.૫૦	૦.૧૮	૦.૪૨	૧.૧૫	૪.૨૫
૬	૫૯	દાણીલીમડા	૧.૪૫	૦.૫૬	૦.૭૩	૦.૦૫	૨.૭૯
૭	૬૦	લાંભા	૮.૧૮	૧.૧૫	૧.૬૩	૦.૪૫	૧૧.૪૧
૮	૬૧	ઈસનપુર	૩.૫૪	૦.૩૫	૦.૩૦	૦.૬૦	૪.૭૯
૯	૬૨	ઘોડાસર	૨.૬૧	૦.૧૫	૦.૩૫	૧.૧૦	૪.૨૧
૧૦	૬૩	વટવા	૨.૧૩	૦.૧૭	૧.૦૪	૦.૫૦	૩.૮૪
કુલ			૩૦.૪૧	૪.૪૯	૭.૪૯	૬.૯૮	૪૯.૩૭

સને ૨૦૧૩-૧૪

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

નવા પશ્ચિમ ઝોન

(રૂા. કરોડમાં)

અ.નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૨૩	બોડકદેવ	૩.૬૩	૧.૫૦	૦.૨૦	૦.૨૫	૫.૫૮
૨	૨	ચાંદલોડીયા	૩.૯૩	૦.૩૭	૦.૪૧	૦.૨૦	૪.૯૧
૩	૪૨	વેજલપુર	૩.૬૦	૧.૪૦	૦.૬૦	૦.૦૦	૫.૬૦
૪	૨૫	જોધપુર	૬.૬૦	૦.૩૦	૦.૧૮	૦.૫૦	૭.૫૮
૫	૩	કાળી	૪.૬૮	૧.૦૦	૦.૫૫	૦.૦૫	૬.૨૮
૬	૬	રાણીપ	૪.૩૦	૦.૨૫	૦.૩૦	૦.૦૦	૪.૮૫
૭	૨૪	સરખેજ	૩.૭૮	૧.૦૨	૧.૧૦	૦.૦૦	૫.૯૦
૮	૮	થલતેજ	૪.૭૦	૦.૭૫	૦.૭૦	૦.૨૦	૬.૩૫
૯	૭	ઘાટલોડીયા	૩.૧૦	૦.૫૦	૦.૮૦	૦.૦૦	૪.૪૦
૧૦	૧	ગોતા	૬.૨૦	૦.૯૫	૧.૩૩	૦.૦૦	૮.૪૮
કુલ			૪૪.૫૩	૮.૦૪	૬.૧૭	૧.૨૦	૫૯.૯૩

વોટર પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરમાં વોટર નેટવર્ક તથા ડિસ્ટ્રીબ્યુશનના નીચે જણાવ્યા પ્રમાણેના કામો આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં કરવા અંગે આયોજન કરવામાં આવેલ છે.

- ☆ અમદાવાદ શહેરની હયાત પાણી પૂરવઠાની યોજના માટે જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ૧૫ દિવસનાં પાણીની જરૂરીયાત માટે પોન્ડ બનાવવાની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણુક કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવી આનુષાંગિક કામગીરી હાથ પર ધરવામાં આવનાર છે.

- ☆ સંતરામ જળ શુધ્ધીકરણ પ્લાન્ટ ખાતે વધારાનો પાણી પુરવઠો મેળવવા માટે રાસ્કા વિયર ખાતે ઇન્ટેક વેલ/ નર્મદા કેનાલ માંથી પાણી મેળવવા માટે પાઇપ લાઇન નાખવાના કામનુ આયોજન કરવામાં આવનાર છે. જેનો ખર્ચ રૂા. ૭૦.૦૦ કરોડ અંદાજવામાં આવેલ છે.

- ☆ હાલમાં નર્મદા કેનાલ પરનાં એસ્કેપ મારફતે સાબરમતી નદીમાં પાણી ઠલવાય છે અને નદીમાંથી ઇનટેક વેલ મારફતે પાણી મેળવી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરવામાં આવે છે. જેમાં નદીનાં વિશાળ પટમાં પાણીનુ શોષણ થઇ પાણીનો મહત્તમ વ્યય થાય છે આથી ગત વર્ષનાં અનુભવને ધ્યાને લઇ નર્મદા કેનાલથી અન્ય એક વધારાની ગ્રેવીટી પાઇપલાઇન કોતરપુર વોટરવર્ક્સ સુધી લાવવાનુ આયોજન કરેલ છે.જેનાં કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને વિજ વપરાશમાં માસિક આશરે રૂા.૩૫.૦૦ લાખની બચત થશે.

- ☆ અમદાવાદ શહેરની પાણીની જરૂરીયાત અંગે કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦ MLD વધારવા અંગેનું આયોજન કરવામાં આવનાર છે. જેમાંથી નવા સમાવિષ્ટ ઉતર ઝોન તથા પુર્વ ઝોનના વિસ્તારોમાં નવા વો.ટ્રી. સ્ટેશનોમાં ટ્રીટેડ વોટર પુરૂ પાડી શકાશે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૫૦.૦૦ કરોડ થાય તેમ છે.

- ☆ હાલનાં વૈશ્વિક વાતાવરણમાં રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરી વીજ બચત કરવા માટે કોતરપુર ખાતે સૌર ઉર્જામાંથી વીજ ઉત્પાદન કરવાનુ આયોજન કરેલ છે.

- ☆ હયાત પાણીની જળવિતરણ વ્યવસ્થાનું જરૂરી નિયમન એક જ જગ્યાએથી થાય તેમજ તમામ જેવી કે પાણીનો જથ્થો, પ્રેશર, વિજવપરાશ તથા રેશીડયુઅલ કલોરીન વગેરે વિગતોનુ એકત્રીકરણ હાથ

ધરી શકાય તે માટે SCADA (Supervisory Control And Data Acquisition Systems) અમલીકરણ કરવાનુ આયોજન હાથ ધરેલ છે.

- શહેરીજનો દ્વારા પાણીનો વ્યય અટકાવી શકાય તે માટે પ્રાયોગીક ધોરણે જોધપુર વોર્ડ તથા છારોડી ખાતે મીટર સહીત ૨૪ x ૭ વોટર સપ્લાય સ્કીમ લાગુ કરવા અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેનાં અનુભવને ધ્યાને લઈ સમગ્ર શહેરમાં ૨૪ x ૭ વોટર સપ્લાય સ્કીમ અમલમાં લાવવામાં આવશે.

- શહેરીજનોને અપાતા પાણીપુરવઠાની ગુણવત્તા નિયમીત રીતે સુનિયોજીત ચકાસણી હાથ ધરી શકાય તે માટે દુધેશ્વર ખાતે સેન્ટ્રલ લેબોરેટરીનું નવું બિલ્ડીંગ બનાવવા, મોબાઈલ વાન અને અન્ય જરૂરી ચકાસણી માટેનાં સાધનો ખરીદવાનુ આયોજન હાથ ધરેલ છે.

- શહેરની હયાત પાણી પૂરવઠા યોજના અંતર્ગત એનર્જી એફિસિયન્સી વર્ક, એન્વાયર્મેન્ટ ઓડીટ વર્ક તથા વોટર ઓડીટ વર્કની કામગીરી માટે આયોજન કરેલ છે. જેના અંદાજીત ખર્ચ રૂા.૫.૦૦ કરોડ થાય તેમ છે.

- જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે હયાત ૨૭૫ એમ.એલ.ડી. ક્ષમતામાં વધારાનો ૧૨૫ એમ. એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ ચાલુ કરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૪૫.૦૦ કરોડ થાય તેમ છે. જે પુર્ણ થયેથી ભવિષ્યમાં નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં બનાવવામાં આવતા નવા વોટર ડ્રીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં ટ્રીટેડ વોટર પુરૂ પાડી શકાશે. જેથી નવા વિસ્તારમાં બોરના પાણીના બદલે નર્મદા નદીનું પાણી આપવામાં આવશે.

- સને ૨૦૧૩-૧૪ માં (૧) ઉત્તરઝોન ખાતે રૂા.૧૯.૦૦ કરોડના ખર્ચે નવા ૪ વો.ડ્રી.સ્ટેશન (૨) દક્ષિણ ઝોન ખાતે રૂા.૫૧.૦૦ કરોડના ખર્ચે નવા ૭ વો.ડ્રી.સ્ટેશન (૩) પુર્વ ઝોન ખાતે રૂા.૨.૦૦ કરોડના ખર્ચે નવા ૧ વો.ડ્રી.સ્ટેશન (૪) પશ્ચિમ ઝોન ખાતે રૂા.૧૭.૦૦ કરોડના ખર્ચે નવા ૩ વો.ડ્રી.સ્ટેશન (૫) નવા પશ્ચિમ ઝોન ખાતે રૂા.૬૭.૦૦ કરોડના ખર્ચે નવા ૧૦ વો.ડ્રી.સ્ટેશન બનાવવાનું આયોજન હાથ ધરેલ છે.

- તમામ કામો પુર્ણ થયેથી શહેરનાં હાલનાં ૯૦% વિસ્તારને તથા ૯૫% વસ્તીને સરફેસ વોટર સોર્સથી પાણી પુરવઠો પુરો પાડવાનું આયોજન કરેલ છે. તે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➢ અમદાવાદ શહેર માટે ૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ અમલીકરણ કરવાનું કામ

ભારત ભરમાં અમદાવાદ શહેર વિકાસ પામતું નામાંકિત શહેર છે. જેમાં આગામી ૨૫ વર્ષ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વીસીસ યોગ્ય રીતે અને વિકસિત દેશોની સરખામણીએ મળી રહે તેવા પ્રકારનાં વિવિધ પ્રોજેક્ટોનું આયોજન તથા તે અંગેની અમલીકરણ કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

શુધ્ધ પાણીને શહેરના તમામ વિસ્તારમાં પહોચાડવા માટે વોટર ટ્રન્ક મેઈન લાઈન કામો તેમજ જે તે વિસ્તારમાં જરૂરીયાત મુજબના વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાની કામગીરી હાથ ઉપર છે. જેથી શહેરના તમામ વિસ્તારને સરફેસ વોટર પુરૂ પાડી શકાય તથા ગ્રાઉન્ડ વોટરનો ઉપયોગ બંધ થઇ શકે.

એક જ સમયે બે કલાક માટે તમામ વિસ્તારને પાણી પુરૂ પાડવાની નીતી હોઇ, કેટલાક છેવાડાના વિસ્તારમાં પાણીના પ્રેશર તથા ઈક્વીટેબલ વોટર ડીસ્ટ્રીબ્યુશનના પ્રશ્નો રહે છે. વિશ્વના વિકાસશીલ દેશોના અનુભવને આધારે ૨૪ કલાક સતત પાણી સપ્લાય કરવામાં આવે તો સ્થાનિક સ્તરે પાણી સંગ્રહ કરવાની અને તેનો બગાડ થવાની શક્યતાઓ નહિવત રહે છે. શહેરના નાગરિકોને આખો દિવસ પાણી પુરુ પાડી શકાય તે માટે શહેરમાં તબક્કાવાર ૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ અમલમાં મુકવામાં આવશે. ૨૪X૭ વોટર સપ્લાય સ્કીમનો અમલ થવાથી વોટર કન્ટામીનેશન થવાની શક્યતા રહેતી નથી,પાણીમાં અશુધ્ધી ન ભળવાને કારણે પાણી જન્ય રોગો થવાની શક્યતા રહેતી નથી, સમગ્ર શહેરમાં ઈક્વિટેબલ પ્રેશરથી પાણી મળે તથા નોન રેવન્યુ વોટર ન્યુનત્તમ રહે તેવા ફાયદાઓ થાય છે. પ્રથમ તબક્કામાં કન્સલટન્ટની નિમણુક કરી તેઓ દ્વારા હયાત પાણીના ઈન્ફ્રાસ્ટ્રકચરનો અભ્યાસ કરવામાં આવશે. જેના દ્વારા સ્ટોરેજ ક્ષમતા, પંપીગ ક્ષમતા, પાણીની લાઈનની વહન ક્ષમતા તેમજ ગ્રાઉન્ડ લેવલે કન્ટુર સર્વેક્ષણ તેમજ નોન રેવન્યુ વોટરનો અભ્યાસ કરી હાઈડ્રોલીક મોડેલ તૈયાર કરી પાણીના DMA તૈયાર કરવામાં આવશે. જેથી શહેરીજનોને પુરતા પ્રેશરથી પુરતા જથ્થામાં પાણીનો જથ્થો ૨૪ કલાક, ૭ દિવસ એમ આખુ વર્ષ આપી શકાશે. પ્રથમ તબક્કામાં સર્વેક્ષણની કામગીરી સાથે સાથે નવા પશ્ચિમ ઝોનના છારોડી તથા જોધપુર વોર્ડમાં પાયલોટ પ્રોજેક્ટ અમલીકરણ કરવાનું આયોજન માટે સને ૨૦૧૩-૧૪માં રૂા.૧૫.૦૦ કરોડની જોગવાઈ કરેલ છે. તથા ૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ માટે મીટરીંગ સિસ્ટમ હોવી જરૂરી હોવાથી શહેરમાં નવી બંધાતી મિલ્કતોમાં તા.૦૧/૦૪/૨૦૧૩ પછી ફરજીયાત ધોરણે બી.યુ. પરમીશન વખતે મ્યુનિસિપલ કોર્પોરેશને નક્કી કરેલ વોટર મીટર મુકવાની નીતિ બનાવવામાં આવેલ છે.

- **૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ અમલમાં મુકવા અંગેના મુખ્ય હેતુ :-**
  - ☆ અમદાવાદ શહેરની ૧૦૦% વસ્તીને શુધ્ધ પાણી પુરૂ પાડવાનો સ્વર્ણીમ સંકલ્પ પુર્ણ કરવો.
  - ☆ અમદાવાદના શહેરીજનોને વિશ્વ સ્તરીય ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી પુરી પાડવી.
  - ☆ દિવસના ૨૪ કલાક પાણી, પુરતા પ્રેશરથી મળતું હોવાને કરાણે અમદાવાદના શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવો.

- ☆ પાણીના લીકેજના પ્રશ્નો તથા અપુરતા પ્રેશરની ફરીયાદોનુ સંપુર્ણ નિવારણ કરવું.
- ☆ નોન રેવન્યુ વોટરને ન્યુનત્તમ કરવુ.
- ☆ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારા થવાથી તથા સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવાને કારણે હાલના મેઈન્ટેનન્સ બજેટમાં ઘટાડો કરવો.
- ☆ લો-મેઈન્ટેનન્સ તથા સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થવાને કારણે આવનારા વર્ષોના રેવન્યુ તથા કેપીટલ બજેટમાં ઘટાડો કરવો.
- ☆ સ્લમમાં રહેતા લોકોને શુધ્ધ પાણી મિનીમમ ચાર્જીસથી પુરૂ પાડવું.

- **૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ અમલમાં મુકવાના ફાયદાઓ**

- ☆ વોટર કન્ટામીનેશન થવાની શક્યતા રહેતી નથી.
- ☆ પાણીમાં અશુધ્ધી ન ભળવાને કારણે પાણી જન્ય રોગો થવાની શક્યતા રહેતી નથી.
- ☆ સમગ્ર શહેરમાં ઈક્વિટેબલ પ્રેશરથી પાણી મળી રહે.
- ☆ ૨૪ કલાક પાણી મળતું હોવાથી પાણીના સંગ્રહ કરવાની જરૂરીયાત રહેતી નથી અને પાણીનો બગાડ કરવાની મનોવૃત્તી બંધ થાય છે.
- ☆ શહેરના રહીશોને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટીનો લાભ મળશે.
- ☆ નોન રેવન્યુ વોટર ન્યુનત્તમ રહે છે.

➢ અમદાવાદ શહેરમાં નવા બી.યુ. કનેકશનવાળી મિલકતોને તા.૦૧-૦૪-૨૦૧૩ થી મીટરથી પાણી આપવા બાબત :

અમદાવાદ શહેર ભારત ભરમાં ઝડપી વિકાસ પામતું નામાંકિત શહેર છે. જેમાં આગામી ૨૫ વર્ષ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર સર્વીસીસ યોગ્ય રીતે અને વિકસેલ દેશોની સરખામણીએ મળી રહે તેવા પ્રકારનાં વિવિધ પ્રોજેક્ટોનું આયોજન તથા તે અંગેની અમલીકરણ કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

હાલમાં અમદાવાદ શહેરની ૧૦૦% વસ્તીને શુધ્ધ પાણી પુરૂ પાડવાનો સ્વર્ણીમ સંકલ્પ કરવામાં આવેલ છે. જે મુજબ શહેર માટે હાલ ૧૧૨૫ એમ.એલ.ડી. ક્ષમતાના શુધ્ધીકરણ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે. જેના દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં બે કલાક પાણીનો સપ્લાય આપી માથાદીઠ ૧૪૦-૧૫૦ લીટર પ્રમાણે ૧૦૫૦ એમ.એલ.ડી. દૈનિક પાણીનું વિતરણ કરવામાં આવે છે. સદર પાણીની વિતરણ વ્યવસ્થામાં ૨૦% થી ૨૫% પાણી

નોન રવેન્યુ વોટર તરીકે વેસ્ટ જાય છે આથી વોટર ઓડીટ કરી નોન રેવન્યુ વોટરમાં ઘટાડો કરવો જરૂરી છે. દર વર્ષે મેળવવામાં આવતા સરફેસ રો વોટરની કિંમતમાં વધારો થાય છે જેથી નોન-રેવન્યુ વોટર ઘટે તો મ્યુનિસિપલ કોર્પોરેશનને આર્થિક ફાયદો થઈ શકે. વિશ્વના વિકાસશીલ દેશોના અનુભવને આધારે ૨૪ કલાક સતત પાણી સપ્લાય કરવામાં આવે તો સ્થાનિક સ્તરે પાણી સંગ્રહ કરવાની અને તેનો બગાડ થવાની શક્યતાઓ નહિવત રહે છે. આ બાબતોને ધ્યાને લઈને ૨૪X૭ વોટર સપ્લાય સ્કીમ તબક્કાવાર અમલમાં મુકવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિચારણા કરવામાં આવી રહેલ છે.

જેના અનુસંધાને વોટર ઓડીટની કામગીરી કરવી આવશ્યક છે જે માટે શહેરની તમામ મીલકતોમાં મીટરીંગ સીસ્ટમ હોવી જરૂરી છે. જે માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ તબકકામાં શહેરની નવી બંધાતી મીલ્કતોમાં તા.૦૧-૦૪-૨૦૧૩ થી ફરજીયાત ધોરણે બી.યુ પરમીશન વખતે મ્યુનિસિપલ કોર્પોરેશને નકકી કરેલ વોટર મીટર મુકવાનું સૂચન કરવામાં આવેલ છે. જેનો ખર્ચ બાંધકામ વાળી મીલકતના માલિકે ભોગવવાનો રહેશે. જેના લીધે ભવિષ્યમાં હાલના નોન-મીટર કનેકશનોમાં મીટર લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવે ત્યારે તા.૦૧-૦૪-૨૦૧૩ પછીના નવા બાંધકામોમાં મીટર લગાવવા ન પડે. હાલના તબકકે નવા બાંધકામોમાં મુકવામાં આવેલ મીટરથી તે મીલકતોમાં વાપરવામાં આવતા પાણીના જથ્થાની માહિતી મળશે તેમજ ૨૪X૭ વોટર સપ્લાય સ્કીમના અનુસંધાને વોટર ઓડીટની કામગીરી સરળ બને તેમજ ભવિષ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રેવન્યુ આવકમાં વધારો થશે. સમગ્ર કામગીરીનો હેતુ વોટર ઓડિટ કરી સમગ્ર શહેરીજનોને એકસરખા પ્રેશરથી સમાન જથ્થાની વહેંચણી કરી પાણીનો બગાડ અટકાવવાનો રહેશે.

➢ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના બોરવેલ બંધ કરી કોર્પોરેશન દ્વારા પાણી પૂરૂ પાડવાના આયોજન અંગે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૬૬ ચો.કિમી. વિસ્તારમાં નરોડા, વટવા, ઓઢવ, નારોલ, દાણીલીમડા તથા અન્ય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ આવેલ છે. આ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના તમામ યુનિટ દ્વારા જી.આઈ.ડી.સી તથા પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા બનાવવામાં આવેલ બોરવેલમાંથી ભૂગર્ભ જળનો વપરાશ પીવા માટે તથા ઉત્પાદન માટે કરવામાં આવે છે. વટવામાં આવેલા ૧૮૦૦ જેટલા યુનિટ દ્વારા ૪૫ એમ.એલ.ડી, નરોડા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ૧૩૦૦ યુનિટ દ્વારા ૩૦ એમ.એલ.ડી, ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ૪૦૦ યુનિટ દ્વારા ૮.૫ એમ. એલ.ડી. તથા નારોલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના અંદાજીત ૧૨૫ પ્રોસેસ હાઉસ સહિતનાં યુનિટ દ્વારા ૧૨૫ એમ.એલ. ડી. મળી કુલ અંદાજે ૨૦૮.૫ એમ.એલ.ડી ભૂગર્ભ જળ બોરવેલમાંથી ઉપયોગમાં લેવાય છે. બોરવેલનાં સતત વપરાશને કારણે જમીનમાં પાણીનું સ્તર નીચે ઉતરતું જાય છે,તેમજ તેની ગુણવત્તામાં બગાડ થાય છે, જેથી તમામ બોરવેલનો ઉપયોગ બંધ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદા-જુદા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટને માટે પીવા માટે જરૂરી

૩૭.૫ એમ.એલ.ડી. પોર્ટેબલ વોટર કોતરપુર વોટર વર્કસ/રાસ્કામાંથી તથા પ્રોડકશન માટે જરૂરી અંદાજીત ૧૭૧ એમ.એલ.ડી. ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનું પાણી એસ.ટી.પી.માંથી ટર્સરી ટ્રીટમેન્ટ કરી રિસાઇકલ કરી આપવા આયોજન હાથ ધરેલ છે.આ અંગે તમામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં હયાત બોરવેલ તથા જુદી-જુદી ઈન્ડસ્ટ્રીઝ માટે પોર્ટેબલ/ ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડના પાણીની કુલ જરૂરીયાત અંગે સર્વે કરવાની કામગીરી સ્ટેન્ડીંગ કમિટીની મંજુરી મેળવી અર્બન મેનેજમેન્ટ સેન્ટરને સોંપવામાં આવેલ છે. ૫૦૦ MLD સેકન્ડરી ટ્રીટેડ સુઅરેજનો જથ્થો પશ્ચિમ ભાગમાં વાસણા ખાતે પર્યાપ્ત છે. જે ધ્યાને લઇ ગુજરાત સરકારશ્રી દ્વારા અ.મ્યુ.કો. ને સદર જથ્થો ધોલેરા એસ.આઇ.આર. માટે ફાળવવા જણાવવામાં આવેલ છે.

હાલમાં સદર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટને પીવાના પાણી માટેના વિકલ્પો અન્વયે તાંત્રિક અભ્યાસ પ્રગતિ હેઠળ છે. તેમજ ઉત્પાદન અર્થે રીસાઈકલ વોટર માટે ત્રણ એજન્સી સાથે લોક-ભાગીદારીથી ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ પીરાણા ખાતે કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થયેથી સમગ્ર ઔદ્યોગિક વિસ્તારમાં હયાત બોરવેલ સીલ કરવાનું તથા નવા બોરવેલ બનાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે.

સદર કામગીરીને કારણે સમગ્ર વિસ્તારમાં ભૂગર્ભ જળનાં સ્તર ઉંચા આવશે તથા તેની ગુણવત્તામાં સુધારો થશે તેમજ રીસાઇકલ વોટરનો રિ-યુઝ કરવાથી પ્રદુષણ ઘટાડી શકાશે અને આવકનો સ્ત્રોત વધારી શકાશે.

ડ્રેનેજ પ્રોજેક્ટ :

શહેરમાં હાલ કુલ ૧૦૦૦ એમ.એલ.ડી. નો પાણીના જથ્થાની વહેંચણી થાય છે. જેના સ્વરૂપે કુલ ૮૦૦ એમ.એલ.ડી. સુએજ ઉત્પન્ન થાય છે. સદર સુએજને ગ્રેવીટી લાઈનનો ઉપયોગ કરી અને શહેરની ટોપોગ્રાફીને અનુરૂપ ઉત્તર ઝોનમાં ૮, દક્ષિણ ઝોનમાં ૧૦, પૂર્વ ઝોનમાં ૧૦, પશ્ચિમ ઝોનમાં ૪, મધ્ય ઝોનમાં ૬ તથા મુખ્ય ૭ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોમાંના કુલ ૧૯૨ પંપો વડે એકત્રીત થયેલ સુએજને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી લઈ જવામાં આવે છે.

આ ઉત્પન્ન થયેલ સુએજને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે નિર્ધારીત કરેલ ધારા-ધોરણ મુજબના માપ/ગુણવત્તા જળવાઈ રહે તે મુજબ જુદી જુદી ગ્રાન્ટ હેઠળ કુલ ૧૦૭૫ એમ.એલ.ડી. ક્ષમતાના ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવી સેકન્ડરી કક્ષા સુધી શુદ્ધ કરાયેલ સુએજ નદીમાં છોડવામાં આવે છે. સદર ટ્રીટમેન્ટ ક્ષમતા હાલની જરૂરિયાત કરતાં વધુ છે.

નવા સમાવિષ્ટ પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારમાં ડ્રેનેજની સુવિધા આપવા હાલમાં પૂર્વમાં રૂા. ૭૭.૭૪ કરોડના ખર્ચે ૧૩૮ કિ.મી.નું નેટવર્ક પૂર્ણ કરેલ છે અને રૂા.૧૪.૦૦ કરોડના ખર્ચે ૩૨ કિ.મી.ની કામગીરી પ્રગતી હેઠળ છે તથા પશ્ચિમ વિસ્તારમાં રૂા.૨૧૨.૦૦ કરોડના ખર્ચે ૨૨૮ કિ.મી.નું નેટવર્ક પૂર્ણ કરેલ છે અને રૂા.૪૩.૦૦

કરોડના ખર્ચે ૨૧૦ કિ.મી.ની કામગીરી પ્રગતી હેઠળ છે તેમજ મોટે ભાગે જ્યાં જ્યાં ડ્રેનેજ નેટવર્ક પૂર્ણ થયુ છે અને જે વિસ્તારમાં વરસાદી પાણી ભરાય છે તે વિસ્તારમાં સુનિશ્ચિત આયોજન કરી વરસાદી પાણીની લાઈન નાંખવામાં આવે છે. જે અંતર્ગત વેજલપુર, શ્રીનંદનગર વિસ્તારમાં બે પંપીંગ સ્ટેશન તથા સરખેજ રોજા, આંબલી, થલતેજ અને સોલા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે રૂા.૧૫.૦૦ કરોડના ખર્ચે ૩૫ કી.મી. પાઇપલાઈન નેટવર્કની કામગીરી પૂર્ણ કરેલ છે. રૂા.૩.૮૮ કરોડના ખર્ચે ભૈરવનાથ સ્ટોર્મ વોટર ડ્રેનેજ પંપીંગ સ્ટેશન પૂર્ણ કરી કાર્યરત કરેલ છે. હાલમાં ત્રિકમલાલ ચોકઠામાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે રૂા.૪.૮૦ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા રાઈઝીંગ પાઈપલાઈનની કામગીરી પ્રગતી હેઠળ છે.

નવા સમાવેલ વિસ્તારોમાં રૂા.૨૨૦.૦૦ કરોડનાં ખર્ચે ડ્રેનેજ/સ્ટ્રોમ વોટર લાઈનની સુવિધા આપવા માટે ડ્રેનેજ નેટવર્કનુ તથા ડ્રેનેજ પંપીંગ સ્ટેશનનું આયોજન આગામી વર્ષોમાં કરવામાં આવનાર છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની જૂની લિમીટના વિસ્તારોમાં જરૂરીયાત મુજબ નવું ડ્રેનેજ નેટવર્ક નાંખવાના, તેમાં સુધારા વધારા કરવાના, ડ્રેનેજ બેકીંગના પ્રશ્નનો દૂર કરવા માટે જરૂરી ડ્રેનેજ પપીંગ સ્ટેશન તથા રીલીફ સુઅર લાઈન નાંખવા અને હયાત પંપીંગ સ્ટેશનોની રાઈઝીંગ મેઈન લાઈન અપગ્રેડ કરવાના કામો ડ્રેનેજ પ્રોજેકટ ખાતેથી હાથ ધરાયેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નોબલનગર વોર્ડના ચીલોડા વિસ્તારમાં, અસારવા વોર્ડના મેઘાણીનગર છેલ્લા બસ સ્ટોપ આગળ અને હાથીજણ ગામમાં ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાની કામગીરી તેમજ અસારવા, મેઘાણીનગર, લાંભા, હાથીજણ તથા વિવેકાનંદનગરમાં ડ્રેનેજ નેટવર્ક, જોધપુરમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, વેજલપુરમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતા દ્વારા હાથ ધરાયેલ છે.

આ સાથે નવા સમાવેશ થયેલ અને ડ્રાફટ મંજુર થયેલ ટી.પી. ના વિવિધ વિસ્તારોમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ તથા ડ્રેનેજ નેટવર્કની કામગીરી કરવાનું આયોજન કરેલ છે. તમામ કામો પૂર્ણ થયેથી સને ૨૦૧૨-૧૩માં શહેરનાં ૯૦% વિસ્તારને ડ્રેનેજ સુવિધાથી સાંકળી લેવામાં આવશે.

➢ જૂની હયાત લાઈનોના ડીસીલ્ટીંગ તેમજ સ્ટ્રેન્થનીંગ કરવાની કામગીરી :

અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન વિસ્તારમાં વર્ષ-૧૯૮૦ થી જુદા જુદા સમયે નાંખવામાં આવેલ ડ્રેનેજ તથા વરસાદી ગટરોની મેઈન ટ્રંક લાઈનોમાં શીલ્ટ ભરાવાને લઈ ડ્રેનેજ / સ્ટોર્મ વોટર ડ્રેઈન લાઈનોની પાણી વહનની ક્ષમતામાં ઘણો મોટો ઘટાડો થયેલ છે. જેને લઈ ઉપરવાસના વિસ્તારોમાં ડ્રેનેજ ઉભરાવાનાં પ્રશ્નો ઉભા થાય છે તેમજ ચોમાસા દરમ્યાન પાણી ઉતરવામાં મહત્તમ સમય વ્યતિત થતો હોય છે. જેના કારણે શહેરીજનોને અવર-જવર તથા

આર્થિક નુકશાનીનાં પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જે નિવારવા અર્થે વર્ષો જુની ડ્રેનેજ / સ્ટ્રોર્મ વોટર ડ્રેઇન લાઇનોને વિશ્વમાં ઉપલબ્ધ આધુનીક ટેકનોલોજી આધારીત મશીનરી જેવી કે સીસીટીવી, હાઇફલો જેટીંગ, સુપર સકર (વેક્યુમ સીસ્ટમ) મશીન વિગેરેથી ડીસીલ્ટીંગ કરી લાઇનોની વહન ક્ષમતા વધારવા રૂા.૪૫.૦૦ કરોડનું આયોજન કરેલ છે. જે પૂર્ણ થયેથી ડ્રેનેજ બેકીંગ તથા વરસાદી પાણી ભરાવવાનાં પ્રશ્નો મહત્તમ રીતે હલ કરી શકાશે.

હાલમાં પૂર્વ અમદાવાદ વિસ્તારમાં નરોડાથી પીરાણા સુધી તથા પૂર્વ વિસ્તારના સરદાર પટેલ રીંગ રોડ ઉપરની ઔડા દ્વારા અગાઉ નંખાયેલ ડ્રેનેજ ટ્રન્ક લાઈન તથા નવા પશ્ચિમ વિસ્તારમાં ગોતા-ગોધાવી કેનાલથી ગોતા બ્રીજ સુધી તથા જગતપુર વિસ્તારમાં ડ્રેનેજ ટ્રન્કના ડીસીલ્ટીંગની કામગીરી આધુનિક મશીનરી વડે હાથ ધરવામાં આવેલ છે. પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારમાંથી પસાર થતી ડ્રેનેજ / સ્ટોર્મ વોટર ટ્રન્ક મેઈન લાઈનોનાં સફાઈનું આયોજન આગામી વર્ષમાં કરવામાં આવશે.

અમદાવાદ શહેરનો ૯૬ ચો.કીમી. થી વધી હાલ ૪૬૬ ચો.કિ.મી. નો વિસ્તાર થયેલ છે. શહેરનાં વિસ્તાર મુજબ તબક્કાવાર ડ્રેનેજ લાઇનોનુ અમલીકરણ હાથ ધરવામાં આવેલ. શહેરનાં જુના / ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોની વર્ષો જુની લાઈન તાંત્રીક રીતે બદલી શકાય તેવી પરિસ્થિતી હોતી નથી. જેથી તે વિસ્તારોમાં ડ્રેનેજ બેકીંગનાં તથા ડીસીલ્ટીંગ માટે મહત્તમ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેના નિવારણ અર્થે દુનિયાના મોટા શહેરોમાં હાથ ધરવામાં આવતી Trenchless techonology દ્વારા જુની પાઈપ લાઈનને નવિનીકરણ કરવાનું કામ અમદાવાદ શહેરમાં પણ હાથ ધરવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત હાલમાં પ્રાયોગીક ધોરણે દક્ષિણ ઝોન વિસ્તારમાં ભૈરવનાથથી બળવંત મહેતા હોલ સુધીની જૂની ડ્રેનેજ ટ્રન્ક લાઈનનું Trenchless techonology દ્વારા ડીસીલ્ટીંગ કરાવી સ્ટ્રેન્થનીંગ કરવાની કામગીરી રૂા.૬.૦૦ કરોડના ખર્ચે શરૂ કરાવેલ છે. તથા આગામી વર્ષોમાં રૂા.૩૫.૦૦ કરોડનાં ખર્ચે આ મુજબની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત આગામી વર્ષમાં નહેરૂનગરથી જ્હાનવી સુધીની ડ્રેનેજ ટ્રન્ક મેઈન લાઈન તથા એ.પી.એમ.સી. માર્કેટથી વાસણા ગુપ્તાનગરની ડ્રેનેજ ટ્રન્ક મેઈન લાઈનનું રિહેબિલિટેશન કરવાનું આયોજન કરેલ છે.

➢ ડિસીલ્ટીંગ મશીનરી તથા ડ્રેનેજ પંપીંગ સ્ટેશન અપગ્રેડેશનની કામગીરી :

એસ.ટી.પી. ખાતા દ્વારા શહેરનાં અલગ-અલગ વિસ્તારમાં ડ્રેનેજ લાઈનોનાં ડીસીલ્ટીંગની સમસ્યાનાં નિવારણ માટે નવા સુપર સકર મશીન, પોળ તથા ચાલીઓમાં કામ કરી શકે તેવા નાના સુપર સકર મશીન, પાવર રોડીંગ મશીન તથા લાઇનમાંથી ડીસીલ્ટીંગ કરવા માટે અદ્યતન ડીસીલ્ટીંગ મશીનને રૂા.૧૭.૯૫ કરોડનાં ખર્ચે ખરીદ કરવાનું આયોજન કરેલ છે.

એસ.ટી.પી. ખાતાના જુદા જુદા સુઅરેજ પંપીંગ સ્ટેશનોના એનર્જી ઓડીટ રીર્પોટ મુજબ અપગ્રેડેશનની કામગીરી અન્વયે ઓછી ક્ષમતાના પંપની જગ્યાએ વધુ ક્ષમતાવાળા પંપ રીપ્લેસમેન્ટની કામગીરી, સુએજના પાણી સાથે આવતા ઘનકચરાને રોકવા ઓટોમેટીક ઈમ્પોર્ટેડ સ્ક્રિન્સ, બોક્ષ ટાઈપ સ્ક્રિન્સ, કુવાનું લેવલ દર્શાવતાં લેવલ ઈન્ડિકેટર્સ, વરસાદી પાણીના નિકાલ માટેનાં પંપની ખરીદી તેમજ સુઅરેજ પંપીંગ સ્ટેશનો ખાતે ઈન્ટરનલ અને એક્ષટર્નલ લાઈટીંગની કામગીરી માટે અંદાજીત રૂા.૮.૪૦ કરોડની જોગવાઈ કરેલ છે.

➢ SCADA નું અમલીકરણ :

કુલ ૪૩ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા ૯ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટોનુ સરળતા પુર્વક તથા સક્ષમ રીતે મોનીટરીંગ કરી જરૂરી ડેટા મેળવી શકાય તેમાટે રૂા.૩૫ કરોડના ખર્ચે સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્વિઝીશન સિસ્ટમનુ અમલીકરણ કરવાનું ખાતા દ્વારા આયોજન કરેલ છે.

➢ રિસાઈકલીંગ તથા રી-યુઝ :

P.P.P. મોડેલ આધારે સેકન્ડરી સુઅરેજ ટ્રીટ કરી ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ સુધી રીસાઈકલ કરી રીયુઝ કરવા માટે ઈન્ડસ્ટ્રીઝ સાથે MOU કરેલ છે. રીસાઈક્લીંગ તથા રીયુઝ માટે સુઅરેજ ટ્રીટમેન્ટ કરવા માટે કુલ ૪ કંપનીઓ સાથે ૫૫૦ એમ.એલ.ડી કેપેસીટી માટે MOU કરેલ છે. જેના કારણે શુધ્ધ પાણી તેમજ વીજળીની બચત થશે અને જેના કારણે ભૂર્ગભ જળના પાણીનુ સ્તર ઉપર આવશે તથા તેની ગુણવત્તામાં સુધારો થશે.

➢ ડી-સેન્ટ્રલાઈઝ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) :

સમગ્ર શહેરનું ગંદુ પાણી ડ્રેઈન લાઈનમાં વહન કરી પીરાણા/ વાસણા STP માં લઈ જવાના બદલે નજીકના સ્થળો ઉપર જ નાના ક્ષમતાના પેકેજ ડી-સેન્ટ્રલાઈઝ STP ઉભા કરી તે મારફતે શુધ્ધિકરણ કરી તે વિસ્તારના બગીચાઓમાં અથવા પાસેની વોટરબોડીમાં રીયુઝ કરવાનું આયોજન કરેલ છે. જેનાથી પણ ડ્રેનેજ લાઈનની ક્ષમતા વધશે તથા ભૂર્ગભ જળ તથા સપાટી ઉપરના જળની બચત થશે.

➢ એનર્જી એફિસીયન્સી તથા એન્વાર્યમેન્ટલ ઓડીટ સેલ :

એનર્જી એફિસીયન્સી સેલની કામગીરી એનર્જી એફીસીયન્ટ યંત્રો તથા તેમની ટેકનીકનો ઉપયોગ કરી એનર્જીની બચત કરી વાતાવરણ પ્રદુષીત થતું અટકાવવાની છે. કોઈપણ પ્રોજેક્ટ અમલીકરણ કરતા પહેલાં વાતાવરણને સંલગ્ન તમામ યાંત્રીક પાસાઓની ચકાસણી કરવાની જવાબદારી એનર્જી એફિસીયન્સી તથા એન્વાર્યમેન્ટલ ઓડીટ સેલને સોંપવામાં આવેલ છે.

➢ ગેસમાંથી ઉત્પન્ન થતી ઊર્જા (Sludge to Energy) :

અમદાવાદ શહેરમાં રોજે-રોજ ઉત્પન્ન થતાં સુએજ (ગંદા) પાણીને શુધ્ધ કરી, તેનો પદ્ધતિસર નદીમાં નિકાલ કરવા પિરાણા, વાસણા તેમજ વિંઝોલ ખાતે જુદી-જુદી ક્ષમતા અને ટેકનોલોજી આધારીત કુલ ૯ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ બનાવવામાં આવેલ છે. આ તમામ પ્લાન્ટસની કુલ શુધ્ધીકરણ ક્ષમતા ૧૦૭૫ એમ.એલ.ડી. છે, જે અન્વયે દૈનિક ૭૦૦ એમ.એલ.ડી. સુએજનું શુધ્ધીકરણ કરી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે. આ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ પૈકીના ૫ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ, એ.એસ.પી. (એક્ટીવેટેડ સ્લજ પ્રોસેસ) ટેકનોલોજી આધારીત છે, જેમા બાય પ્રોડક્ટ તરીકે સ્લજ ઉત્પન્ન થાય છે. હાલમાં સદર સ્લજમાંથી ઉત્પન્ન થતા ગેસને ગેસ હોલ્ડરમાં લઇ હવામાં ફલેર કરવામાં આવે છે. જેથી ઉત્પાદિત ગેસનો કોઇ પણ પ્રકારે ઉપયોગ થઈ શકતો નથી.

આ સ્લજમાંથી છુટા પડતા બાયોગેસનો વિવિધ પ્રકારે ઉપયોગ કરી તેમાંથી વીજ ઉત્પાદન કરી શકાય છે તથા તેનો બળતણ તરીકે પણ ઉપયોગ થઇ શકે છે. વધુમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં એનએરોબીક ડાયજેસ્ટરમાંથી બાયોગેસ ઉત્પન્ન થાય છે. આ બાયોગેસમાં મુખ્યત્વે મીથેન તેમજ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધારે હોય છે. આ ગેસને જો સીધેસીધો હવામાં છોડી દેવામાં આવે તો તે પર્યાવરણ માટે જોખમી છે તેમજ ગ્લોબલ વોર્મીંગ માટે જવાબદાર છે. આ બાયોગેસમાંના મીથેન ગેસને ઉર્જામાં રૂપાંતરીત કરી તેનો ઉપયોગ કરી શકાય છે તેમજ તેના દ્વારા હવામાં ફેલાતુ પ્રદુષણ રોકી શકાય છે. મીથેન ગેસથી એન્જીન તેમજ ટર્બાઈન મારફતે ઈલેક્ટ્રીકસીટી ઉત્પન્ન કરી શકાય છે. આ ઈલેક્ટ્રીકસીટી એસ.ટી.પી.માં ચાલતી લાઈટોમાં વાપરી શકાય છે તેમજ વધારાનો પાવર ગ્રીડમાં વેચી શકાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક પીરાણા ખાતે ૧૦૬ એમ.એલ.ડી. તેમજ ૧૮૦ એમ.એલ.ડી. ખાતે હાલમાં આશરે ૨૪,૦૦૦ ઘન મીટર પ્રતિ દિવસ જેટલો ગેસ જનરેટ થાય છે જેમાંથી અંદાજીત વાર્ષિક ૧.૪૪ કરોડ યુનિટ ઈલેક્ટ્રિસીટી ઉત્પન્ન કરી શકાય. હાલના પ્રવર્તમાન પ્રતિ વીજ યુનિટના રૂા.૬.૦૦ મુજબ અંદાજીત કુલ રૂા.૮.૬૪ કરોડનું વીજ ઉત્પાદન થશે. આ ઈલેક્ટ્રિસીટી ઉત્પન્ન કરવા ૧૦૬ એમ.એલ.ડી. પ્લાન્ટ ખાતે ૫૦૦ કિ.વોટ તેમજ ૧૮૦ એમ.એલ.ડી. ખાતે ૧૨૦૦ કિ.વોટના ગેસ જનરેટરની જરૂર પડશે. આ ઉપરાંત એન્જીનમાંથી ઉત્પન્ન થતી ગરમીને રીકવર કરી પ્લાન્ટસમાં જુદી જુદી જગ્યાએ વાપરી શકાય છે. આ પ્રકારે એસ.ટી.પી. ને ઈલેક્ટ્રીકલ ઉર્જાની બાબતમાં 'સેલ્ફ સફીસીયન્ટ' બનાવી શકાય છે. માઈક્રો ટર્બાઈનના ઉપયોગ દ્વારા બાયોગેસમાંથી વધુ અસરકારક રીતે ઈલેક્ટ્રિકસીટી ઉત્પન્ન કરી શકાય છે. આ ઉપરાંત અન્ય નવા બનાવવામાં આવેલ ૪૦૫ એમ.એલ.ડી. ક્ષમતાના એસ.ટી.પી સંપુર્ણ કાર્યરત થવાથી, તેમાં પણ આ પ્રકારના જનરેટર લગાવી અંદાજીત વાર્ષિક ૧.૭૭ કરોડ યુનિટ ઈલેક્ટ્રિસીટી જનરેટ કરવાનું આયોજન કરવામાં આવશે. હાલના પ્રવર્તમાન પ્રતિ વીજ યુનિટના રૂા.૬.૦૦ મુજબ અંદાજીત કુલ રૂા.૧૦.૬૨ કરોડનું વીજ ઉત્પાદન થશે.

આ ઉપરાંત બાયોગેસને કોમ્પ્રેસ કરી તેને બોટલમાં ભરી શકાય છે તે સી.એન.જી. અને એલ.પી.જી.ની સમકક્ષ ગણાય છે. આ કોમ્પ્રેસ બાયોગેસ વાહનોમાં બળતણ તરીકે વાપરી શકાય છે તેમજ રસોઈમાં પણ તેનો ઉપયોગ કરી શકાય. હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક એસ.ટી.પી.માં આશરે દૈનિક ૨૧૦૦૦ ઘન મીટર જેટલો બાયોગેસ ઉત્પન્ન થાય છે. આ બાયોગેસનું બોટલીંગ કરવામાં આવે તો કોર્પોરેશનને વાર્ષિક આશરે રૂા.૩૫૦.૦૦ લાખની આવક થઈ શકે તેમ છે. આ બાયોગેસમાંથી જો ઈલેક્ટ્રીકસીટી ઉત્પન્ન કરવામાં આવે તો કોર્પોરેશનને આશરે વાર્ષિક રૂા.૬૦.૦૦ થી રૂા.૭૫.૦૦ લાખ સુધીની આવક થઈ શકે તેમ છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ડ્રેનેજ પ્રોજેકટ માટે રૂા.૧૦૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

રોડ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરના કુલ ૪૬૬ ચો.કી.મી.ના ક્ષેત્રફળમાં અંદાજીત ૨૧૫૦ કી.મી.લંબાઈના ટી.પી.રસ્તા આવેલા છે.શહેરના ઔધોગિક વિકાસની સાથે સાથે વસ્તી તથા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે. વાહનોની ગીચતાને કારણે શહેરમાં ટ્રાફિકના પ્રશ્નો પણ એટલા જ વિકટ બનતા જાય છે તથા શહેરના રસ્તાની બંને બાજુએ વોલ ટુ વોલ કાર્પેટીંગ કરવામાં ન આવેલ હોવાથી રસ્તાની બંને બાજુ સરફેઈસ નહી થયેલા ભાગમાંથી ધૂળ ઉડીને રસ્તા ઉપર જમા થવાથી રસ્તાઓ ગંદા દેખાતા હોય છે.આ માટે શહેરના હયાત રસ્તાઓમાં સુધારા-વધારા કરીને પહોળા કરવાની તથા વોલ ટુ વોલ કાર્પેટ કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં શહેરના છ ઝોનના કુલ ૪૨ કી.મી.ના મુખ્ય રસ્તાઓ રીગ્રેડ કરીને રી-સરફેઈસ કરવાનું આયોજન કરેલ છે.

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે, ટ્રાફિકના નિયમન અને નિયંત્રણ માટે સારા રસ્તા વિકસાવવાની જરૂરીયાત હોવાથી અમદાવાદ શહેરના મુખ્ય રસ્તાઓ જેવા કે બી.આર.ટી.એસ, એસ.જી.હાઈવે, એરપોર્ટ વિગેરેને જોડતાં મુખ્ય રસ્તાઓને "મોડેલ રોડ" તરીકે વિકસાવવાનું વિચારણા હેઠળ છે. શહેરના એવા રસ્તાઓ કે જેના ઉપર ટ્રાફિકનું ભારણ ખુબજ મોટા પ્રમાણમાં છે, જુદા જુદા વિસ્તારોને જોડતાં મુખ્ય રસ્તાઓ છે, જાહેર જનતા દ્વારા તેઓની રોજ-બરોજની કામગીરી માટે જે રસ્તાઓનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે તેવા રસ્તાઓને મોડેલ રોડમાં સમાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે રોડ પ્રોજેકટ દ્વારા શહેરનાં કુલ ૪૪.૭૦ કી.મી.લંબાઈના મુખ્ય ૭ રસ્તાઓને વર્ષ ૨૦૧૨-૧૩ માં "મોડેલ રોડ" ફેઝ-૧ અંતર્ગત તરીકે વિકસાવવામાં આવેલ છે.

આ ઉપરાંત આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં મોડેલ રોડ ફેઝ-૨ અંતર્ગત કુલ ૩૭.૪૦ કી.મી.લંબાઇના શહેરનાં મુખ્ય કુલ ૧૯ રસ્તાઓને વિકસાવવાનું પણ આયોજન કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૧૩-૧૪ માં શહેરનાં અન્ય ૨૦ કી.મી.લંબાઇના રોડને આર.સી.સી.રોડ તરીકે ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે રૂા.૫૦.૦૦ કરોડનું બજેટ પ્રોવીઝન કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત શહેરમાં આવેલ પીરાણા ડમ્પીંગ સુધીનો રોડ તેમજ લેન્ડફીલ સાઇટના રોડને પણ આર.સી.સી. રોડ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

બ્રીજ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરની વસ્તી દિન પ્રતિદિન વધતી જાય છે. તે સાથે અમદાવાદ શહેરમાં ટ્રાફીકના પ્રશ્નો પણ એટલાં જ વિકટ બનતા જાય છે. અમદાવાદ શહેર ઔધોગિક દ્રષ્ટિએ ખૂબજ મહત્વનું હોઈ, બહારથી પણ ઘણા લોકો અવરજવર કરતાં હોય છે. આ કારણે રાહદારીઓનો તથા વાહનોનો ટ્રાફીક ઘણો જ વધી ગયો છે. અમદાવાદ શહેરના વધતા જતાં ટ્રાફીકના પ્રશ્નોનાં ઉકેલ માટે શહેરના ખૂબ જ ગીચ અને અગત્યના જંકશન, ટ્રાફીક જંકશન આગળ રાહદારીઓની સુવિધા, સગવડ અને સલામતી ખાતર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સાબરમતી નદી પર રીવર બ્રીજ બનાવવા, શહેરની જુદી જુદી જગ્યાઓએ ફલાયઓવર તથા અન્ડરપાસ કરવાના આયોજન અંગેની કામગીરી બ્રીજ વિભાગ તરફથી કરવામાં આવે છે.

➢ બ્રીજના સર્વે માટે CRRI (સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ) દ્વારા કરવામાં આવેલ સર્વે :

અમદાવાદ શહેરમાં સમાવિષ્ટ કુલ વિસ્તાર ૪૬૬ ચો.કીમી માં હાલમાં આશરે ૬૫ લાખ જેટલી વસ્તી થવા પામેલ છે. અમદાવાદ શહેરમાં ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર મળીને કુલ અંદાજે ૧૭ લાખ જેટલા વાહનો છે. જેમાં દર વર્ષે ૩ થી ૪ લાખ જેટલા વાહનોનો વધારો થાય છે. આ મુજબ ગણતરી કરતા શહેરના હયાત રસ્તાઓ ઉપર અવિરત વધતા ટ્રાફિકના ભારણને કારણે ટ્રાફિકની સમસ્યા વધે છે. અમદાવાદ શહેરના હયાત જંક્શનો માટે ભવિષ્યની જરૂરીયાતને અનુલક્ષીને અગામી ૧૦ વર્ષના આયોજન માટે ટ્રાફિક સર્વે કરાવવો ખુબજ જરુરી બનશે. આ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભારત સરકારની **CRRI** (સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ) ને જંક્શન ડેવલપમેન્ટ તથા બ્રિજની જરૂરીયાત અંગેના કોમ્પ્રીહેન્સીવ સર્વેની કામગીરી સોપવામાં આવેલ. આ કામગીરીમાં તેઓ દ્વારા,

(૧) અમદાવાદ શહેરની ટ્રાફિકની લાક્ષણિક્તા અને ટ્રાફિકના જથ્થાનો અભ્યાસ કરવામાં આવેલ.

(૨) આગામી ૧૦ વર્ષમાં વધનાર ટ્રાફિકના અંદાજ કાઢવો અને તેનું વિસ્તરણ કેવી રીતે કરવું તે નક્કી કરેલ.

(૩) નક્કી કરવામાં આવેલ જંક્શનોના રીવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન આપેલ.

આ માટે તેઓ દ્વારા અમદાવાદ શહેરના ૩૪ જેટલા મુખ્ય જંક્શનો નો સર્વે કરી અગામી ૧૦ વર્ષ દરમ્યાન પ્રાયોરીટી મુજબ બ્રિજની જરૂરીયાત મુજબ ભલામણ કરવામાં આવેલ. જેની પ્રથમ પ્રયોરીટી મુજબના ૬ બ્રીજના કામો કરવાનું આયોજન સને ૨૦૧૩-૧૪ના બજેટમાં કરવામાં આવેલ છે.

- હેલ્મેટ જંકશન
- અંજલી ચાર રસ્તા
- દિનેશ ચેમ્બર્સ
- હાટકેશ્વર
- ઈન્કમ ટેક્ષ
- શ્યામલ ચાર રસ્તા

➢ જૂના રાણીપ અને નવા રાણીપને જોડતા રેલ્વે ઓવરબ્રીજ :

અમદાવાદ વિરમગામ બ્રોડ-ગેજ રેલ્વે લાઈન ઉપર જી.એસ.ટી. ક્રોસીંગ પાસે રેલ્વેફાટક વારંવાર બંધ થતું હોવાથી સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જી. એસ. ટી. ક્રોસીંગ પાસે રેલ્વે ઓવરબ્રીજ બનાવવાથી ટ્રાફિક/વાહનોની અવરજવર સરળતાથી થશે. આ રેલ્વે ઓવરબ્રીજની લંબાઈ ૭૯૦ મીટર અને પહોળાઇ ૧૮ મીટરની રહેશે તેમજ રેલ્વે ટ્રેક ઉપરનો સ્પાન સ્ટીલ ગર્ડરનો બનાવાશે તેમજ પબ્લિકની અવરજવર માટે આ સ્પાનમાં ફુટપાથનું આયોજન કરવામા આવેલ છે.

➢ નરોડા નેશનલ હાઈવે નં.૮ ઉપર રેલ્વે ઓવરબ્રીજ :

અમદાવાદ - હિમંતનગર રેલ્વે લાઈન ઉપર રેલ્વેક્રોસીગ નં.૯ ઉપર રેલ્વેફાટક ઉપર ટ્રેઈનની અવરજવર વધારે હોવાથી રેલ્વેફાટક વારંવાર બંધ થતું હોવાથી રેલ્વે ક્રોસીંગ ઉપર સીક્સ-લેન રેલ્વે ઓવરબ્રીજ બનાવવાથી ટ્રાફીક/વાહનોની અવરજવર સરળતાથી થશે. આ રેલ્વે ઓવરબ્રીજની લંબાઇ આશરે ૮૦૦ મીટર અને પહોળાઇ ૨૩ મીટરની રહેશે. તેમજ રેલ્વે ટ્રેક ઉપરનો સ્પાન સ્ટીલ ગર્ડરનો બનાવાશે તેમજ પબ્લીકની અવરજવર માટે આ સ્પાનમાં ફુટપાથનું આયોજન કરવામા આવેલ છે. નરોડા પાટીયા થી નાના ચીલોડા તરફ જતાં રૂટ ઉપર થનાર બી.આર.ટી.એસ. કોરીડોર રેલ્વે ક્રોસીંગ ઉપરથી પસાર થતો હોવાથી આ રેલ્વે ઓવરબ્રીજ બનાવવાથી બી.આર. ટી.એસ બસ તેમજ નેશનલ હાઈવેના ટ્રાફીકની સરળતાથી અવરજવર થઇ શકશે.

➢ નદી ઉપર આવેલ બ્રીજનું નવિનીકરણ :

અમદાવાદ શહેરમાં સાબરમતી નદી ઉપર કુલ ૬ બ્રીજની ફૂટપાથ, સેન્ટ્રલ વર્જ, કર્બ, પેરાપેટને કલર વિગેરેનું રીપેરીંગ અને રીનોવેશન કરવા માટે ઈજનેર બ્રીજ પ્રોજેકટ ખાતા દ્વારા કુલ ૬ બ્રીજના સર્વે કરી હયાત બ્રીજને નવિનીકરણ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. બ્રીજના નવિનીકરણ માટે નીચે મુજબની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

- ☆ બ્રીજમાં જરૂરીયાત મુજબના રીપેરીંગ કરવામાં આવશે.
- ☆ બ્રીજની આર.સી.સી.પેરાપેટ રીપેર કરી નવીન પેઈન્ટ કરવો.
- ☆ બ્રીજની હયાત કર્બને તોડી નવી ડેકોરેટીવ કર્બ બનાવી કલરકામ કરવું.
- ☆ જૂની સેન્ટ્રલવર્જને બદલે નવીન કાસ્ટ ઈન સીટુ સેન્ટ્રલ વર્જ બનાવી કલરકામ કરવું.
- ☆ બ્રીજની રેલીંગને ડયુકો પેઈન્ટ કરવો.
- ☆ હયાત ફૂટપાથનું પેવમેન્ટ દૂર કરી નવું પેવીટ વીટ્રીફાઇડ ટાઈલ્સ લગાવી પેવમેન્ટ કરવું.
- ☆ બ્રીજમાં સ્ટ્રીટ લાઈટના પીલરને કલેડીંગ કરવું.

આમ ઉપરોકત સમગ્ર કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે જેના માટે સાબરમતી નદી ઉપર આવેલ ૬ બ્રીજ આંબેડકરબ્રીજ, સરદારબ્રીજ, વિવેકાનંદબ્રીજ, નહેરૂબ્રીજ, ગાંધીબ્રીજ તથા સુભાષબ્રીજનો સમાવેશ કરવામાં આવેલ છે જેના માટે અંદાજે રૂા.૨.૦૦ કરોડ જેટલો ખર્ચ થનાર છે.

➢ બ્રીજ અન્ડર સ્પેસ ડેવલપમેન્ટ :

અમદાવાદ શહેરમા આવેલા ઓવર બ્રીજ નીચેની જગ્યાઓનો નાગરીક સુવિધાના કામ માટે યોગ્ય રીતે ઉપયોગ થઈ શકે તે માટે આ જગ્યાઓનું પ્લાનીંગ કરી ડેવલપમેન્ટ કરવાનું નક્કી થયેલ છે. હાલના તબક્કે જીવરાજ મહેતા, શાહીબાગ, સોનીની ચાલ તેમજ ઠકકરબાપાનગર ઓવરબ્રીજ નીચેની સ્પેસ તથા એરીયા ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. હાલમાં આ ફલાયઓવર નીચેની જગ્યાનો યોગ્ય ઉપયોગ થતો નથી તથા લોકો દ્વારા કચરો નાખી ગંદકી કરવામાં આવે છે. અમદાવાદના પુર્વ વિસ્તારના સોનીની ચાલ તેમજ ઠક્કરબાપાનગર ફલાયઓવર નીચેની જગ્યાને યોગ્ય પ્લાનીંગ કરીને ડેવલપ કરવાથી સદર જંકશન પાસેથી પસાર

થતા બી.આર.ટી.એસ. - જનમાર્ગ કોરીડોરની સુંદરતામાં પણ વધારો થશે તેમજ સદર ફલાયઓવર નીચેની જગ્યાનો વધુમાં વધુ તથા સારી રીતે ઉપયોગ થઈ શકશે. આ જ પ્રમાણે અમદાવાદની મધ્યમાં આવેલ શાહીબાગ રેલ્વે ઓવરબ્રીજ તથા પશ્ચિમ વિસ્તારમાં આવેલ જીવરાજ મહેતા રેલ્વે ઓવરબ્રીજ નીચેની જગ્યાનું પ્લાનીંગ કરી ડેવલપમેન્ટ કરવાથી આ જગ્યાનો પણ મહત્તમ ઉપયોગ થશે. સદર ઓવરબ્રીજ નીચે સ્પેસ ડેવલપમેન્ટ કરવા માટે ફુડ કોર્ટ, પાર્કિંગ એરીયા, સ્ટેપ પ્લાઝા, પ્લેએરીયા, વેન્ડર પ્લેટફોર્મ, ટોઈલેટ બ્લોક, સાઈડ વોક, સર્વીસ રોડ તથા અન્ય સાઈટ ડેવલપમેન્ટ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. ઓવરબ્રીજ નીચેના છેવાડાના ગાળા કે જયાં ઓછી હાઈટ મળે છે તે ગાળાનો ડેવલપમેન્ટમાં ઉપયોગ થઇ શકે તેમ ન હોવાથી આ ગાળામાં કચરો નાંખી લોકો દ્વારા ગંદકી ન કરવામાં આવે તે માટે દીવાલ બનાવી બંધ કરવામાં આવશે.

બ્રીજ પ્રોજેકટ માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૬૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

નાગરિકોમાં જાગૃતિ માટે માહિતી, શિક્ષણ તેમજ પ્રચાર-પ્રસારની પ્રવૃતિઓ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સામાન્ય જનતામાં સ્વચ્છ, કચરાની ટ્રીટમેન્ટ તેમજ કચરાના નિકાલ બાબતે જાગૃતિ કેળવવા IEC (Information, Education and Communication - માહિતી, શિક્ષણ અને પ્રચાર-પ્રસાર) સ્વરૂપે સર્વગ્રાહી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રવૃતિઓમાં સમિતિઓની રચના, જુદા જુદા વોર્ડઝમાં જૂથ બેઠકો, લઘુ ફિલ્મો બનાવવા, ટેલિવિઝન ચેનલ્સ / સ્થાનિક કેબલ નેટવર્કના માધ્યમથી પ્રચાર, અખબારોમાં જાહેરખબરો, ચોપાનિયાઓનું વિતરણ, બેનર્સ લગાડવા, થિયેટર્સમાં ઓડિયો વિઝયુઅલ સ્લાઈડઝ દર્શાવવી, શેરી નાટકો ભજવવા, શાળાના બાળકો તેમજ કોલેજના વિધાર્થીઓને સામેલ કરી રેલીઓ કાઢવી વગેરેનો સમાવેશ થાય છે.

અમદાવાદ શહેરમાં હાલ આશરે ૬૫ લાખની વસ્તી, ૪૬૬ ચો. કી.મી. વિસ્તાર, ૬ ઝોન અને ૬૪ વોર્ડ અંતર્ગત દૈનિક ધોરણે ૩૫૦૦ થી ૩૮૦૦ મેટ્રીક ટન ઘન કચરો એકત્ર કરી, વહન કરી, પ્રોસેસ કરી તેનો આખરી નિકાલ કરવામાં આવે છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમની કામગીરીને વધુ સદ્રઢ બનાવવા સારૂ તેમજ ભવિષ્યના અસરકારક આયોજન માટે વર્ષ ૨૦૩૧ સુધીનો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રેક્ટિસીસનો Master Plan બનાવવાની કામગીરી Urban Management Centre ને સોપવામાં આવેલ છે. આ માસ્ટર પ્લાનમાં અમદાવાદ શહેરના વિસ્તૃત પરિચય, અમદાવાદમાં હયાત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રણાલી, ઘન કચરાની લાક્ષણિકતાઓ, હાલની (અગત્યની) ઘન કચરાના વ્યવસ્થાપનની પધ્ધતિઓ, અમદાવાદમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે વ્યૂહરચના તથા

વિકલ્પો, "Zero Waste" મેનેજમેન્ટ પ્રણાલી માટેનું આયોજન, સંસ્થાકિય માળખું શક્તિશાળી બનાવવું અને તાલીમ આપવી, મૂડીરોકાણનું આયોજન તેમજ દેખરેખ અને મૂલ્યાંકન માટેની આવશ્યકતાનો સમાવેશ કરવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં સફાઈ સ્વચ્છતા અને સુવિધાઓને છેલ્લા કેટલાંક સમયથી ખુબ જ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. આવી સુવિધાઓ પુરી પાડવા અને નાગરીક-લક્ષી જુદી જુદી કામગીરીઓ હાથ ધરવા માટે આધુનિક વાહનો સાધનો - મશીનરીઓની જરૂરીયાત રહેતી હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અગાઉનાં વર્ષોમાં ઉપલબ્ધ વાહનો - સાધનો વિગેરેની ઉપલબ્ધ સંખ્યા, આવા વાહનો સાધનોના વપરાશનું આયુષ્ય, તેની હાલની સ્થિતી વિગેરેને ધ્યાનમાં લઈને શહેરમાં પુરી પાડવાની થતી જુદી-જુદી અગત્યની, આવશ્યક કામગીરીઓને કોઈ અસર ન પડે અને સરળતાથી આવી કામગીરીઓ કરી શકાય તે હેતુસર આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીચે જણાવેલ વાહનો - સાધનો - મશીનો ખરીદ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

અ.નં.	વાહનનું નામ	વાહનની સંખ્યા
૧	ટીપર ટ્રક	૧૫
૨	જીપ પ્રકારના વાહન	૧૦
૩	દબાણ હટાવવાના વાહન	૦૬
૪	વોટર ટેન્કર	૨૧
૫	ટ્રેકટર (પાવડી વાળા)	૦૮
૬	મીટ વાન	૦૩
૭	મોબાઈલ ટોઈલેટ ટ્રેઈલર	૦૫
૯	ટ્રક માઉન્ટેડ સ્વીપીંગ મશીન	૦૪
૧૦	એસ્કેવેટર્	૦૧
૧૧	સોઈલ કોમ્પેકટર	૦૧
૧૨	બુલડોઝર મશીન	૦૧
૧૩	વ્હીલ ડોઝર મશીન	૦૧
૧૪	ડીવોટરીંગ પંપ સેટ	૧૫
૧૫	રોડ રોલર	૦૩
૧૬	લીટર બીન	૩૦૦૦
૧૭	જેસીબી પ્રકારનાં મશીન	૧૫

અ.નં.	વાહનનું નામ	વાહનની સંખ્યા
૧૮	બોબકેટ પ્રકારનાં મશીન	૧૫
૧૯	ટ્રક માઉન્ટેડ વેસ્ટ લીફટીંગ	૦૭
૨૦	રેફ્યુઝ કોમ્પેકટર	૩૦
૨૧	નાના રોલર મશીન	૦૭
૨૨	ફલોટીંગ ટ્રેસ સ્કીમર	૦૧

સને ૨૦૧૩-૧૪ માં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની વિવિધ કામગીરી તથા ઉપર જણાવ્યા મુજબના વાહનો ખરીદવા માટે રૂા.૫૭.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

➢ ઘન કચરાના નિકાલ સારૂ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાંચ ઝોનમાં દરેક લગભગ ૪૦૦ મેટ્રીક ટન ક્ષમતાનું એક એવા ૬ ટ્રાન્સફર સ્ટેશનની બનાવવાની કામગીરી હાલમાં કરવામાં આવી રહેલ છે. આ દરેક ટ્રાન્સફર સ્ટેશન બે સ્થાયી કોમ્પેકટર્સ તથા ૧૦ વિશાળ કન્ટેઈનર્સ (૨૦-૨૫ સીએમટી ક્ષમતાના, જે ૧૦ થી ૧૨ મે. ટન મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ સમાવી શકે), અર્થાત કુલ ૧૨ સ્થાયી કોમ્પેકટર્સ, ૬૦ કન્ટેઈનર્સ તેમજ ૧૦ લાર્જ હૂક લોડર વાહનોના કાફલાથી સજ્જ રહેશે. આ ટ્રાન્સફર સ્ટેશન્સ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘન કચરાનાં નિકાલના અંગે થતાં પરિવહનમાં ખર્ચ બચત કરવા, પ્રદૂષણ ઘટાડવા તેમજ ટ્રાફિકની ગીચતા ઘટાડવામાં પણ મદદરૂપ બનશે.

➢ બગીચાઓના/હરીયાળીના કચરાનો પણ પ્રભાવશાળી ઉપયોગ :

શહેરમાં આવેલ વિવિધ બગીચાઓ તથા ખાણી-પીણીના સ્થળેથી ઉત્પન્ન થતો ફુડ વેસ્ટ, પાંદડા, ડાળા-ડાખરા, જેવા વેસ્ટમાંથી ખાતર બનાવવા વેસ્ટ કન્વર્ટર મશીન મુકી લો-ગાર્ડન ખાતે લોકભાગીદારી ધોરણે બે માસ માટે પાઈલોટ પ્રોજેકટ કરવામાં આવેલ. જેમાં નાગરીકો દ્વારા આપવામાં આવતા કચરાની સામે ખાતર ઈકો ફ્રેન્ડલી ક્લબ મારફતે આપવામાં આવે છે. શહેરમાં આવેલા અન્ય બગીચાઓ, ખાણી-પીણીના સ્થળો, ફ્રુટ માર્કેટ, શાક માર્કેટ વિગેરે સ્થળેથી ઉત્પન્ન થતા ઓર્ગેનિક વેસ્ટ માટે દરેક ઝોનમાં ૧ એમ ૬ ઝોન માટે વધુ ૬ મશીનો આગામી સમયમાં મુકવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી દુર્ગંધયુક્ત આ કચરાનો પદ્ધતિસર નિકાલ જે-તે ઝોનમાં થાય.

➢ ઈ-વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ), ૨૦૧૧ :

ભારત સરકારનાં વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ અને અમલમાં મૂકવામાં આવેલ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ-૨૦૧૧ અંતર્ગત ઈ-વેસ્ટના અસરકારક એકત્રીકરણ, સંગ્રહ,

પરિવહન, ટ્રીટમેન્ટ અને આખરી નિકાલ અંગેની કાર્યવાહી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવી ફરજીયાત અને જરૂરી હોઈ અમદાવાદ શહેરમાં આ કાયદાનાં પ્રભાવશાળી અમલ માટે Ernest & Young Pvt. Ltd. નાં સહાયથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોક-ભાગીદારી ધોરણે ઈ-વેસ્ટ યોજના તૈયાર કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવેલ છે.

➢ બાંધકામ તેમજ તોડાયેલા બાંધકામોના કચરાનો વૈજ્ઞાનિક ધોરણે નિકાલ :

અમદાવાદ શહેરમાં ઉત્પન્ન થતાં દૈનિક ૩૦૦ મેટ્રીક ટન બિલ્ડીંગ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટને એકત્ર કરી, વહન કરી, વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરી તેમાંથી ઇંટ, હોલો બ્લોક, પેવર બ્લોક, કર્બ સ્ટોન, રેતી, ગ્રીન રેડી મીક્ષ કોન્ક્રીંટ, એગ્રીગેટસ્ વિગેરે જેવી ફાયનલ પ્રોડકટસ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાંથી બિલ્ડીંગ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટને એકત્ર કરવા સારૂ જુદા-જુદા ઝોનમાં મળી કુલ ૧૬ જગ્યાઓ નકકી કરવામાં આવેલ છે.

➢ મરેલા પ્રાણીઓના મૃતદેહ તેમજ કત્લખાના, મચ્છી માર્કેટ, મટન માર્કેટ વિગેરેનાં કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ :

આ કામગીરી સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ૧૦ - ૧૫ મેટ્રીક પ્રોસેસીંગની કામગીરી સારૂ લોક-ભાગીદારી ધોરણે ૩૦ વર્ષની મુદ્દત માટે પ્લાન્ટ નાંખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરનાં લોકોમાં ઘન કચરાનાં નિકાલ અંગે જાગૃતિ લાવવા સારૂ તથા સ્વચ્છ અને સુંદર બનાવવા સારૂ રોટરી કલબ ઓફ અમદાવાદ - પ્રહલાદનગર અને અમદાવાદની અન્ય ૧૯ રોટરી કલબનાં સહયોગથી **એડોપ્ટ એ સ્ટ્રીટ (એક વિસ્તાર દત્તક લો)** કાર્યક્રમ હેઠળ અમદાવાદની સ્વચ્છ અને હરિયાળા શહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમ અંતર્ગત રોટરી કલબ રહેવાસીઓને સ્વૈચ્છિક ધોરણે એક વિસ્તાર દત્તક લેવા આમંત્રણ આપશે. નોંધાયેલા સ્વયં સેવકો તે વિસ્તારની સાર સંભાળ રાખશે અને વિસ્તારની સ્વચ્છતાની તકેદારી લેશે તેમજ આ વિસ્તારનાં સ્થાનિક રહેવાસીઓમાં સફાઈની કામગીરી પ્રત્યે જાગૃતિ આવે તે અંગે લોકજાગૃતિ અંગે કામગીરી કરશે. વધુમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘન કચરાનાં નિકાલ અંગે ગોઠવેલ વ્યવસ્થા અંગે શહેરનાં નાગરિકોને જાણકારી આપવામાં મદદ કરશે તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

➢ ઘન કચરાને પ્રોસેસ કરવાની કામગીરી :

હાલમાં દૈનિક ધોરણે ૩૮૦૦ મેટ્રીક ટન ઘન કચરાને એકત્ર કરી, વહન કરી, તેનો આખરી નિકાલ કરવામાં આવે છે. હાલમાં ૭૫૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી ખાતર અને ઈંધણ બનાવવામાં આવે છે અને ૧૩૦૦ મેટ્રીક ટન ઘન

કચરાને પ્રોસેસ કરવાના પ્લાન્ટના બાંધકામની કામગીરી હાલમાં ચાલુ છે. જે અંર્તગત દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવા માટે તથા દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ટન ઘન કચરાને પ્રોસેસ કરવા માટેની કામગીરી સોંપવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩ - ૧૪ માં કરવામાં આવનાર કામગીરી

અમદાવાદ શહેરમાં હાલ આશરે ૬૫ લાખની વસ્તી, ૪૬૬ ચો. કિ.મી. વિસ્તાર, ૬ ઝોન અને ૬૪ વોર્ડ અંતર્ગત દૈનિક ધોરણે ૩૮૦૦ મેટ્રીક ટન ઘન કચરો એકત્ર કરી, વહન કરી, પ્રોસેસ કરી તેનો આખરી નિકાલ કરવામાં આવે છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની સિસ્ટમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા તેમજ ભવિષ્યના અસરકારક આયોજન માટે વર્ષ ૨૦૩૧ સુધીનો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રેકટીસીઝનો માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. વિશ્વરભરનાં વિકસતા દેશોમાં ઝીરો વેસ્ટ સ્ટ્રેટજી અપનાવનાર પ્રથમ શહેરો પૈકી અમદાવાદ આ સ્ટ્રેટજી અપનાવનાર શહેર બન્યુ છે. ભારતમાં તેમજ સમગ્ર એશિયામાં અમદાવાદ શહેર ઝીરો વેસ્ટ સ્ટ્રેટજી અપનાવનાર પ્રથમ શહેર બનેલ છે. અમદાવાદ શહેરમાં Zero Waste Strategy અંતર્ગત હાલમાં પ્રતિ વ્યક્તિ દીઠ દરરોજ ૬૦૦ ગ્રામ જેટલો સોલીડ વેસ્ટ ઉત્પન્ન થાય છે. જેને એકત્ર કરી, પરિવહન કરી, આખરી નિકાલ સારૂ સુએઝ ફાર્મ ઓપન ડમ્પ સાઈટ ખાતે અથવા પ્રોસેસિંગ પ્લાન્ટોને આપવામાં આવશે. જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીચે મુજબનું આયોજન વર્ષ ૨૦૧૩-૧૪ માં કરવામાં આવેલ છે.

➢ ઘર દીઠ બે બીન ઈસ્યુ કરી ઘરે ઘરેથી છૂટા પાડેલ કચરાનું એકત્રીકરણ :

અમદાવાદ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા અમદાવાદ શહેરમાં આવેલ રહેઠાણની મિલકતો આશરે ૧૩ લાખ, બિન રહેઠાણની મિલ્કતો આશરે ૪ લાખ તથા અન્ય ૩ લાખ મિલ્કતો મળી કુલ ૨૦ લાખ મિલ્કતો પૈકી પ્રાયોગીક ધોરણે અંદાજે ૨૦ લીટર કેપેસીટીના મિલકત દીઠ બે બીન લેખે કુલ ૧૨.૫૦ લાખ બીન પુરા પાડવા, દરેક મિલ્કત ધારકને બે કચરાના બીન લીલા કચરાના તથા સુકા કચરા માટે અલગ અલગ પુરા પાડી ઘરે ઘરે થી છુટો પાડેલ કચરો એકત્ર કરવા માટે વેસ્ટ પીકર્સને મેઈન સ્ટ્રીમમાં સામેલ કરી કામગીરી કરાવવા અંગે આયોજન કરવામાં આવનાર છે. આ માટે પ્રાયોગિક ધોરણે નવા પશ્ચિમ ઝોનનાં ઘાટલોડીયા તથા વેજલપુર વોર્ડમાં કામગીરીનો પાયલોટ પ્રોજેકટ કરવા તેમજ તેનું મુલ્યાંકન કરી સમગ્ર શહેરમાં તે મુજબની વ્યવસ્થા અમલી બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના કારણે વાહનોની અવર જવર ઘટશે જેથી ટ્રાફીક તથા પર્યાવરણના પ્રદુષણની સમસ્યાઓ હળવી બનશે.

➢ **નાઈટ સોઈલ તેમજ ફુડ વેસ્ટમાંથી બાયો ગેસ બનાવવો :**

વિવિધ ઝોનમાં જુદા-જુદા સ્થળોએ આવેલ ગાર્ડનનો ગ્રીન વેસ્ટ, હોટલ / રેસ્ટોરન્ટને કિચન વેસ્ટ, પબ્લીક ટોઈલેટ અને પે એન્ડ યુઝ ટોઈલેટનાં નાઈટ સોઈલને પ્રોસેસ કરી તેમાંથી બાયો ગેસ બનાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

મલ્ટીલેવલ કાર પાર્કિંગ :

☆ અમદાવાદ શહેરનું ઔદ્યોગિકરણ અને શહેરીકરણ થવાને કારણે શહેરની વસ્તી હાલમાં ૬૫ લાખથી પણ વધુ થઈ ગયેલ છે. શહેરનો કુલ વિસ્તાર ૪૬૬ ચો.કિ.મી. થયેલ છે. અમદાવાદ શહેર, એકસપ્રેસ વે (અમદાવાદ-વડોદરા) અને નેશનલ હાઈવે, બ્રોડગેજ તેમજ મીટરગેજ રેલ્વે અને ઈન્ટરનેશનલ એરપોર્ટ થી સુંદર રીતે જોડાયેલ છે. અમદાવાદ શહેરમાં હાલમાં અંદાજીત ૩૫૦૦ કિ.મી. રોડ નેટવર્ક છે.

☆ શહેરમાં અંદાજીત ૧૪ લાખ વાહનો રજીસ્ટર્ડ છે. જેમાં ૬૦ ટકા એટલે કે ૮.૪ લાખ ટુ વ્હીલર છે. ૭૫,૦૦૦ રીક્ષાઓ છે અને ૨૦૦૦ જેટલા વાહનો (૮ સીટર વ્હીકલ્સ) શટલ સર્વિસ આપે છે. તદ્ઉપરાંત ૩ લાખ જેટલી સાયકલ વપરાશમાં છે.

☆ શહેરનાં મુખ્ય રસ્તાઓ ઉપર થતાં વાહન પાર્કીંગની જટીલ સમસ્યા દુર કરવા ગુજરાત રાજ્યના માન.મુખ્ય મંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના અંતગર્ત અંદાજીત રૂા.૨૮.૧૫ કરોડના ખર્ચે કાંકરીયા પરીસરની પાસે મલ્ટી સ્ટોરીડ ઓટોમેટીક પાર્કિંગ બનાવવાની કામગીરી પુર્ણતાને આરે છે. જ્યારે અમદાવાદ શહેરમાં અન્ય ત્રણ જગ્યાઓએ એટલેકે

સી.જી.રોડ ઉપર મ્યુનિસિપલ માર્કેટમાં, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે તેમજ વસ્ત્રાપુર તળાવ પાસે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી.) ધોરણે મલ્ટી લેવલ કાર પાર્કિંગ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

- **મીકેનીકલ પાર્કિંગ :-** સદર પાર્કિંગ અત્યંત આધુનિક બનાવવાનું આયોજન છે જેમાં કાર પાર્કિંગ ઓટોમેટીક પદ્ધતિથી થશે. એટલે કે સદર પાર્કિંગમાં વર્ટીકલ મુવમેન્ટ માટે બે નંગ લીફટ મૂકવામાં આવનાર છે જે પાર્ક થવા આવનાર ગાડીઓને મુખ્ય એન્ટ્રી પાસેથી જે-તે માળે લઇ જવા ઉપયોગ કરી શકાશે. જ્યારે આ પાર્કિંગમાં બે નંગ શટલ મુકવાના છે. જે જે-તે ફલોર ઉપર આવેલ કારને હોરીઝોન્ટલ મુવમેન્ટ કરી નિશ્ચિત કરેલ પાર્કિંગ જગ્યાએ પાર્ક કરશે. વધુમાં સદર ટેકનોલોજીમાં મીકેનીકલ પાર્ટસને એવા પ્રકારે ડિઝાઇન કરવામાં આવેલ છે કે જેથી ટ્રાવેલીંગ સ્પીડ વધી શકે. નિયત જગ્યાએ પાર્ક થયેલ ગાડીઓને વધુમાં વધુ ત્રણ થી ચાર મીનીટમાં મુખ્ય એન્ટ્રી સુધી પાછી લાવી શકશે.

- **કન્વેન્શનલ પાર્કિંગ :-** આ પ્રકારના પાર્કિંગમાં વાહન ચાલક પોતે જાતે જ ખાલી પડેલ જગ્યા ઉપર પાર્કિંગ કરી શકે તે મુજબનું બિલ્ડીંગ બનાવી શકાય.

એનર્જી સેવીંગ્સ એન્ડ કન્ઝર્વેશન :

અમદાવાદ શહેરમાં વધતાં જતાં સ્ટ્રીટ લાઈટના વીજ વપરાશના બીલમાં વીજ બચત કરવાના હેતુસર ચાલુ નાણાંકીય વર્ષમાં નવા પશ્ચિમ ઝોનમાં થાંભલાઓ ઉપર આધુનિક પ્રકારના ૪૦૦ એલ.ઇ.ડી. લાઇટ તથા ૧૨૦૦ T-5 લગાવવામાં આવેલ છે. જેના લીધે સદર સ્ટ્રીટલાઈટોના વીજ બીલમાં અંદાજે ૩૦% થી ૩૫% જેટલી બચત થશે. આ જ પ્રમાણે સને ૨૦૧૩-૧૪ માં નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- અ.મ્યુ.કો. ના પૂર્વ તથા ઉત્તર ઝોનમાં આવેલ જુદી-જુદી પહોળાઈના રસ્તા પર કરવામાં આવેલ સ્ટ્રીટલાઈટોમાં હયાત ૭૦ વોટ, ૧૫૦ વોટ, ૨૫૦ વોટતથા ૪૦૦ વોટના હાઈ પ્રેશર સોડિયમ વેપર લેમ્પ ધરાવતાં સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સની જગ્યાએ એસ્કો ધોરણે આધુનિક પ્રકારના ૩૫ વોટ, ૬૦ વોટ, ૯૦ વોટ તથા ૧૩૫ વોટના લાઈટ એમીટીંગ ડાયોડ (એલ.ઈ.ડી.) ધરાવતાં સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સ લગાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. બન્ને ઝોનમાં મળીને કુલ ૧૦૦૦૦ થાંભલાઓમાં એલ.ઇ.ડી. લાઇટ લગાવવામાં આવશે. જેના લીધે સદર સ્ટ્રીટલાઈટોના વીજ બીલમાં અંદાજે ૩૦% થી ૩૫% જેટલી બચત થશે.

- વધુમાં પૂર્વ તથા ઉત્તર ઝોનમાં આવેલ સ્ટ્રીટલાઈટોમાં હયાત ૪૦ વોટ ફ્લોરોસેન્ટ ટયુબલાઈટ ધરાવતાં સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સની જગ્યાએ આધુનિક પ્રકારના ૨૮ વોટ T-5 પ્રકારની ટયુબલાઈટ ધરાવતાં ૨૦૦૦ સ્ટ્રીટલાઈટ ફીટીંગ્સ લગાવવાનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે જેનો

ખર્ચ અંદાજે રૂા.૩.૦૦ કરોડનું થશે. જેના લીધે સદર સ્ટ્રીટલાઈટોના વીજ બીલમાં અંદાજે ૨૦% થી ૨૫% જેટલી બચત થશે.

ઉપરોક્ત કામગીરી માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૨૦.૦૦ કરોડનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

➢ **સોલર સિસ્ટમ :**

અમદાવાદ શહેરમાં વધતા જતા વીજ વપરાશના બીલમાંવીજ બચત કરવાના હેતુસર બીન પરંપરાગત ઉર્જા સ્ત્રોતનો ઉપયોગ કરવાના હેતુસર લાઇટ ખાતા દ્વારા આગામી વર્ષના બજેટમાં નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો. ની દાણાપીઠ ખાતે આવેલ મુખ્ય કચેરી તેમજ અ.મ્યુ.કો. ની ઉસ્માનપુરા તથા મણીનગર ખાતે આવેલ ઝોનલ કચેરીમાં સૌર ઉર્જા આધારિત વીજ ઉત્પાદન કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે માટે નીચે મુજબની વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતાં પ્લાન્ટ લગાવવાનું આયોજન હાથ ધરેલ છે. જે ૩૧ માર્ચ-૨૦૧૩ સુધીમાં પુરુ કરવામાં આવશે.

૧. અ.મ્યુ.કો. ની મુખ્ય કચેરી, દાણાપીઠ	- ૨૫ કિ.વો. રૂા.૨૨ લાખના ખર્ચે
૨. અ.મ્યુ.કો. ની ઝોનલ કચેરી, મણીનગર	- ૨૦. કિ.વો. રૂા.૧૮ લાખના ખર્ચે
૩. અ.મ્યુ.કો. ની ઝોનલ કચેરી, ઉસ્માનપુરા	- ૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૪. મેમ્કો સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ઉત્તરઝોન	- ૨૦૦ કિ.વો. રૂા.૨.૫ કરોડના ખર્ચે
૫. સરદાર પટેલ સ્ટેડીયમ, પશ્ચિમ ઝોન	- ૨૦૦ કિ.વો. રૂા.૨.૫ કરોડના ખર્ચે

આગામી વર્ષે,

૧. કોતરપુર પંપીગ સ્ટેશન પ્લાન્ટમાં	- ૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૨. ટાગોર મેમોરીયલ હોલ, પાલડી ખાતે	- ૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૩. શેઠ મંગળદાસ ટાઉન હોલ, એલીસબ્રીજ ખાતે	- ૧૦ કિ.વો. રૂા.૧૧ લાખના ખર્ચે
૪. નવાપશ્ચિમ ઝોન, ઝોનલ ઓફિસ ખાતે	- ૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે
૫. સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે	- ૧૫ કિ.વો. રૂા.૧૪ લાખના ખર્ચે

સોલર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરવાનું આયોજન છે. જેનાથી વીજ બીલમાં ૭૦% જેટલી બચત થવાની સંભાવના છે.

સ્કાડા (Supervisary Control and Data Acsess System - SCADA) :

અમદાવાદ શહેરમાં હાલમાં ૪ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ૧૪૦ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે દૈનિક ૧૦૦૦ એમ.એલ.ડી. પાણીના જથ્થાની માથાદીઠ ૧૪૦-૧૫૦ લિટર મુજબ વહેંચણી કરવામાં આવે છે. હાલમાં સમગ્ર કામગીરીનું મોનીટરીંગ અને નિયંત્રણ માનવીય (Manually) રીતે થાય છે. જેને કારણે માનવીય ભૂલને કારણે પાણીના વિતરણમાં ભૂલ થવાની સંભાવના રહે છે. તેમજ ચોકકસ પધ્ધતિ ન હોવાને કારણે Water Audit કરી શકાતું નથી. જે માટે SCADA-Supervisary Control and Data Acsess System સીસ્ટમનું અમલીકરણ કરવાનું આયોજન કરેલ છે જે અંતર્ગત શહેરના જુદા જુદા ઝોનમાં કાર્યરત ૧૪૦ વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશનો તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસનાં ડે ટુ ડે ઓપરેશનમાં વધુ પારદર્શીતા લાવી શકાય તે માટે આ બધાં જ વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશનો તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે ઇન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમાઈઝેશન સાથે સ્કાડા સીસ્ટમના અમલીકરણથી નીચે જણાવ્યા મુજબનાં ફાયદાઓ થશે.

- ☆ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસના ઇનકમીંગ વોટર અને આઉટ ગોઈંગ વોટરની ક્વોન્ટિટી તથા ક્વોલિટી-(ટર્બીડીટી, P.H., ક્લોરીન, એસ.એસ. વગેરે) વિષે માહિતી પ્રાપ્ત કરી શકાશે.
- ☆ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસના ઓપરેશન મેઈન્ટેનન્સમાં મેન પાવર, એનર્જી, કેમીકલ વપરાશ જેવી માહિતીનું મોનીટરીંગ કરી યોગ્ય દિશામાં પગલા લઇ કોસ્ટ મિનીમાઈઝ કરી શકાશે.
- ☆ વોટર પ્રોડકસન યુનિટથી જે-તે વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશન સુધીની ટ્રન્ક મેઈન લાઈનના જોઈન્ટ લીકેજ લોસીસ તથા થેફટ લોસીસ-Non Revenue water Losses ની ચોકકસ માત્રા જાણી શકાશે તથા તેને નિયત્રંણમાં લાવવા માટે યોગ્ય પગલા ભરીને Non Revenue water Losses ઓછા કરી શકાશે. હાલમાં ખાતાની યાંત્રિક ગણતરી પ્રમાણે સદર લોસીસ અંદાજે ૨૫ થી ૩૦ ટકા જેટલા છે.
- ☆ વોટર પ્રોડકશન યુનિટના સતત ચાલતા પંપોની કાર્યક્ષમતા બાબતે Energy Audit ની ચોકકસ માહીતી મળશે જેને કારણે પંપોમા જરૂરી રેકટીફીકેશન-રીપ્લેસમેન્ટની કામગીરી કરાવવાથી પંપોની કાર્યક્ષમતામાં સુધારો કરી શકાશે જેથી વીજ વપરાશમાં બચત થશે.
- ☆ દરેક વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશન દ્વારા સપ્લાય દરમ્યાન કેટલુ પાણી પમ્પીંગ કરીને શહેરીજનોને આપવામાં આવ્યુ તેની Water Audit - Energy Audit વિશેની ચોક્કસ માહીતી મળશે.

- ☆ વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીગ સ્ટેશન તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનુ ઓપરેશન પારદર્શક બનશે.
- ☆ વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીગ સ્ટેશનોનું નિયમિત અને પારદર્શક મોનીટરીંગ કરી શકાશે.જેથી પ્રેશરની ફરીયાદ મહદઅંશે હલ થઇ શકશે.
- ☆ અમદાવાદ શહેરના દરેક નાગરીકોને સરખી માત્રામાં (140-LPCD) પાણી મળે તે મુજબનુ આયોજન તથા જરૂરી Monitoring કરી શકાશે.
- ☆ ૧૪૦ ટાંકીઓમાં સવારે ૬ થી ૮ ના વોટર સપ્લાય માટે જરૂરી પાણીનો જથ્થો નિયમિત રીતે એક જ સ્થળેથી મોનીટરીંગ કરીને તથા ઈમરજન્સી ટીમના સંપર્કમાં રહીને ટાંકી ઓવર ફલો થવાની કે ઓછી ભરાવાની શક્યતા નિવારી શકાશે તથા Non Revenue water- Waste Water થતાં અટકાવી શકાશે.

શહેરના જુદા જુદા ઝોનમાં કાર્યરત ૪૪ સુએજ પંપીંગ સ્ટેશનો દ્વારા ડ્રેનેજનાં ગંદા પાણીનો પંપીંગ કરીને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસમાં શુધ્ધીકરણ કર્યા બાદ નદીમાં નિકાલ કરવામાં આવે છે. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસના તથા સુએજ પંપીંગ સ્ટેશનોના ડે ટુ ડે ઓપરેશનમાં વધુ પારદર્શીતા લાવી શકાય તે માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ અને સુએજ પંપીંગ સ્ટેશનો ખાતે ઈન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમાઈઝેશન સાથે સ્કાડા સિસ્ટમના અમલીકરણથી નીચે જણાવ્યા મુજબના ફાયદા થશે.

- ☆ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસના ઈનકમીંગ સુએજ અને આઉટ ગોઈંગ સુએજની ક્વોન્ટીટી તથા ક્વોલિટી- (બી.ઓ.ડી, સી.ઓ.ડી તથા એસ.એસ. વગેરે) વિષે માહિતી પ્રાપ્ત કરી શકાશે તથા જી.પી.સી.બી.ના સ્ટાન્ડર્ડ એચીવ કરવા માટે જરૂરી સુધારા પ્લાન્ટમાં કરી શકાશે.
- ☆ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસના ઓપરેશન મેઈન્ટેનન્સમાં મેન પાવર, એનર્જી, કેમીકલ વપરાશજેવી માહિતીનું મોનીટરીંગ કરી યોગ્ય દિશામાં પગલા લઈ કોસ્ટ મિનીમાઈઝ કરી શકાશે.
- ☆ સુએજ પંપીગ સ્ટેશનોનું નિયમિત અને પારદર્શક મોનીટરીંગ કરી શકાશે. જેથી બેકીંગની ફરીયાદ મહદ્અંશે હલ થઈ શકશે.
- ☆ સુએજ પંપીંગ સ્ટેશનોનું લેવલ બેઝ ઓટોમેશન કરવાથી વીજ વપરાશ અને મેન પાવર કોસ્ટ મિનીમાઈઝ કરી શકાશે.

☆ સુએજ પંપીગ સ્ટેશનોનાં સતત ચાલતા પંપોની કાર્યક્ષમતા બાબતે Energy Audit ની ચોકકસ માહીતી મળશે જેને કારણે પંપોમા જરૂરી રેકટીફીકેશન-રીપ્લેસમેન્ટની કામગીરી કરાવવાથી પંપોની કાર્યક્ષમતામાં સુધારો કરી શકાશે જેથી વીજ વપરાશમાં બચત થશે.

સદરહુ ૧૪૦ વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશનો તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે ઈન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમેશન સાથે સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ સીસ્ટમ (SCADA) ના પ્રોજેક્ટ માટે રૂા. ૩૪.૩૯ કરોડના ખર્ચ તથા ૪૪ સુએજ પંપીંગ સ્ટેશનો તેમજ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે ઈન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમેશન સાથે સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ સીસ્ટમ (SCADA) ના પ્રોજેક્ટ માટે રૂા. ૨૫.૦૬ કરોડના ખર્ચે વર્ષ ૨૦૧૩-૧૪થી ત્રણ સ્ટેજમાં તબક્કાવાર કરવાનું આયોજન છે.

સંસ્કાર કેન્દ્ર - મ્યુઝીયમ સંકુલ વિકાસ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું સંસ્કાર કેન્દ્ર ઈ.સ. ૧૯૫૪ માં જગવિખ્યાત ફ્રેંન્ચ આર્કિટેકટ લી. કાર્બુઝિયરે તૈયાર કરેલ ડીઝાઈન પ્રમાણે બંધાએલ હેરીટેજ મહત્વ ધરાવતું સ્મારક છે. આ સ્મારકમાં કર્ણાવતી શહેરના અતીતની ઝાંખી, પતંગ મ્યુઝિયમ, આર્ટ ગેલેરી અને સંસ્કાર કેન્દ્ર પ્લોટ સહિત સમગ્ર મ્યુઝિયમ સંકુલના હેરીટેજ મહત્ત્વ ને ધ્યાનમાં રાખી સમ્રગ સંકુલનું રીનોવેશન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમા મ્યુઝીયમ બીલ્ડીંગનું સીવીલ વર્ક, ઈલેકટ્રીકલ રેટ્રોફીટીંગ વર્ક, મ્યુઝીયમનું નવેસરથી ડીસ્પ્લે, પતંગ મ્યુઝીયમનું નવીનીકરણ, નાનું ઓડીટેરીયમ, કાફેટેરીયા, સોવેનીયર સોપ, વોટરબોડીનું પુનઃનિર્માણ, નવા ટોઈલેટ બ્લોકસ, વેન્ડર સોપ તથા પ્લોટના વિકાસમાં એમ.પી. થીયેટર, એકઝીબીશન પ્લોટ તથા પાર્ટી પ્લોટ તરીકેના વિકાસ માટે કુલ રૂા.૭.૦૦ કરોડ અંદાજીત ખર્ચ થાય તેમ છે. શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક મહત્વ ધરાવતા આ સંકુલ તથા પાટી પ્લોટના વિકાસ સાથે નવા રંગરૂપ આપવાથી કલા જગતની વિવિધ પ્રવૃતિને વેગ મળશે. આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડની બજેટ ફાળવણી કરવામાં આવેલ છે.

ટાગોર હોલનું નવિનીકરણ :

પશ્ચિમ ઝોનના પાલડી વોર્ડમા આવેલ ટાગોર હોલ જે અમદાવાદ શહેરનો મુખ્ય સાંસ્કૃતિ હોલ છે. આ હોલ આશરે ૫૦ વર્ષ જુનો હોલ છે. આ હોલમાં કોઈ મોટું સ્ટ્રકચરલ રીપેરીંગ કરેલ નથી. આ હોલને વ્યવસ્થિત કરવા રીપેરીંગ-રીનોવેશન કરવું જરૂરી છે. આ ઉપરાંત આ હોલમાં પીથોરા પેઈન્ટીંગ, ખાદી પેઈન્ટીંગ, કમલકરી

પેઈન્ટીંગ, વીરાલી પેઈન્ટીંગ, રોગન પેઈન્ટીંગ, મુરલ આર્ટ,રીલીફ આર્ટ તેમજ અન્ય પ્રકારના આર્ટવર્ક કરી આ હોલ વધારે સુંદર દેખાય તે પ્રકારનું કામ કરવામાં આવનાર છે. હોલને રીપેરીંગ, રીનોવેશન તેમજ બ્યુટીફીકેશન કરવા માટે રૂા.૯.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જે માટે સને ૨૦૧૨-૧૩ માં રૂા.૧.૨૫ કરોડ તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૩.૦૦ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

SRFDCL Bhavan તથા AJL Bhavan નું નિર્માણ :

સંસ્કાર કેન્દ્ર-પાલડી ખાતેના સંકુલમાં સાબરમતી રીવફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનની વહિવટીય કામગીરી તથા સરળતા માટે આધુનિક સમયને છાજે તેવું "SRFDCL Bhavan" આગામી વર્ષમાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે તથા અમદાવાદ જનમાર્ગ લીમીટેડ માટે પણ "AJL Bhavan" નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

જાહેર સ્થળો :

➢ કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ :

સને ૨૦૦૬ માં કાંકરિયા લેકનાં નવનિર્માણની કાર્યવાહી શરૂ કરવામાં આવી. અંદાજે રૂા.૩૬.૦૦ કરોડના ખર્ચે કાંકરિયા લેક ફ્રન્ટનું નવનિર્માણ કાર્ય કરવામાં આવ્યું. નવનિર્માણ પામેલ કાંકરિયા લેક ફ્રન્ટ પર તા. ૨૫ થી ૩૧ ડિસેમ્બર-૨૦૦૮ દરમ્યાન ભવ્ય અને અવિસ્મરણિય કાંકરિયા કાર્નિવલ સને ૨૦૦૮ ના આયોજન બાદ જાન્યુઆરી સને ૨૦૦૯ માં કાંકરિયા લેક ફ્રન્ટને જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું.

ચાર વર્ષ જેટલા ટૂંકા સમયગાળામાં ૧.૯૩ કરોડ સહેલાણીઓએ કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લીધેલ છે અને ૩૮.૭૮ લાખ સહેલાણીઓએ અટલ એક્સપ્રેસ ટ્રેન અને સ્વર્ણિમ જયંતી એક્સપ્રેસ ટ્રેનનની સફર માણેલ છે. કિડ્સ સિટી ખાતે બે વર્ષથી પણ ટુંકા સમયગાળામાં બાળકો અને વાલીઓ સહિત ૧.૬૦ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધેલ છે. જ્યારે બલુન સફારી પ્રોજેક્ટના સપ્ટેમ્બર-૨૦૧૦માં લોકાર્પણ બાદ ૩.૩૦ લાખથી પણ વધુ બાળકો અને વયસ્કોએ બલુન સફારી રાઈડનો આનંદ માણેલ છે.

દર વર્ષે તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન કાંકરિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોક નૃત્ય, હોર્સ અને ડોગ શો, યોગને લગતી કસરત, વોટર અને એડવેન્ચર સ્પોર્ટસ, રંગોળી સ્પર્ધા, ભવ્ય આતશબાજી, શસ્ત્રપ્રદર્શન, લેઝર શો અને આવા અનેક સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વળી મુખ્ય આકર્ષણોમાં ચિલ્ડ્રન બુક ફેસ્ટિવલ, ચિલ્ડ્રન ટોય ફેસ્ટિવલ, ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ, આર્મ એક્ઝિબિશન,

બોન્સાઈ ટ્રી એક્ઝિબિશન, વોલ પેઈન્ટિંગ, કોઈન એક્ઝિબિશન, ઈસ્ટમેન ફોટોગ્રાફી - કટઆઉટ, મોબાઈલ ફિલ્મ કોમ્પિટીશન, બાયોસ્કોપ, અમદાવાદ મેરેથોન, પ્રોશેસન, ભારત ભક્તિ, રોક બેન્ડ્સ, એક્ટિવીટી બેઈઝ્ડ લર્નિંગ, સ્કુબા ડાઈવિંગ, સેગ-વે પોલો, પેરા સેઈલીંગ, થીમ પેવેલીયન, યોગા, સૂર્યનમસ્કાર, વિવિધ સાંસ્કૃતિક અને સંગીત કાર્યક્રમો, કાંકરિયા તળાવની પાળે રંગોળી નિદર્શન, આતશબાજી, થીમ લાઈટીંગ, મલ્ટી કલર લેઝર શો વિગેરેનો સમાવેશ થાય છે. નીચે જણાવવામાં આવેલ રાઈડસ / રમતો પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે રૂા.૫.૦૦ કરોડનાં ખર્ચે ઉભી કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન ડિસેમ્બર-૨૦૧૨ માં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ છે.

કાંકરિયા લેક ફ્રન્ટ સંકુલમાં શહેરીજનોના મનોરંજન માટે નીચે જણાવ્યા મુજબની વિવિધ પ્રકારની એક્ટિવીટી હાથ ધરવામાં આવનાર છે.

વન ટ્રી હિલ ગાર્ડન ખાતે ટાર્ગેટ આર્ચરી

એક્વા કાર્ટિંગ

સેગ-વે

મિરર મેઝ

એડવેન્ચર ટ્રી વૉક

એડવેન્ચર મિનિએચર ગોલ્ફ

બટર ફ્લાય પાર્ક

એમ્યુઝમેન્ટ પાર્ક-૧ અને પાર્ક-૨ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે રૂા.૬૨.૦૦ કરોડનાં ખર્ચે બનાવવા માટે તેનું ખાત મુહુર્ત ડિસેમ્બર-૨૦૧૨ માં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ છે.સદર પ્રોજેક્ટમાં કોર્પોરેશનનું કોઈ જાતનું મુડી રોકાણ થયેલ નથી.

➢ **કાંકરિયા લેક ફ્રન્ટ સંકુલમાં બાલવાટિકા ખાતે એમ્યુઝમેન્ટ પાર્ક-૧ :**

રિંગ ઓફ ફાયર

વર્ટીકલ સ્વિંગ

બ્લેક ફ્લેશ / મુવરીક

ડિસ્કવરી

➢ **કાંકરિયા લેક ફ્રન્ટ સંકુલમાં પિકનિક હાઉસની પાછળના પ્લોટમાં એમ્યુઝમેન્ટ પાર્ક-૨ :**

મેગા ડીસ્ક-ઓ

રોલર કોસ્ટર

ફ્લિપીંગ આર્મ

ટાવર રાઈડ



કેરોઝલ

કિડ્સ ઝોન અને પેઈન્ટ બોલ

➢ પ્રાણી સંગ્રહાલય (ઝુ) નો વિકાસ :

સેન્ટ્રલ ઝુ ઓથોરીટીના સુચન મુજબ નોકટરનલ હાઉસ બનાવવાનું છે. તેથી નોકટરનલ હાઉસમાં દિવસ દરમિયાન રાત્રિનું વાતાવરણ રાખવુ પડે તેથી આખુ નોકટરનલ હાઉસ બંધ ટાઈપ બનાવવાનું છે. હાલમાં ઓપન ટાઈપ બટરફ્લાય પાર્ક બનાવવાની કામગીરી ચાલુ છે. સને ૧૯૫૬ માં બાલવાટિકા શરૂ થયેલ હોવાથી બાલવાટિકાનાં વિભાગોનું રીનોવેશન કરવા માટે આયોજન કરેલ છે. સેન્ટ્રલ ઝુ ઓથોરીટીના નવા અમલમાં આવેલ નિયમ મુજબ અમદાવાદ ઝુ લાર્જ કેટેગરીમાં આવતુ હોઇ ઇન્સીનરેટર (મૃત પ્રાણીઓના ડેડ બોડીને બાળવાનું મશીન) કાંકરીયા ઝુ માં વસાવવું ફરજીયાત હોવાથી રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે ખરીદવાનું આયોજન કરેલ છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૨.૧૩ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ હેરીટેજ :

અમદાવાદ શહેર વર્લ્ડ હેરીટેજનો દરજ્જો મેળવવા આગળ વધી રહેલ છે. ૬૦૦ વર્ષ જુનું અમદાવાદ શહેર ઐતિહાસિક શહેર છે. ૬૦૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં શિલ્પ અને સ્થાપત્ય કલાની નમુનારૂપ અદભૂત ઈમારતો તેમજ જગ્યાઓ ડેવલપ થયેલ છે. અમદાવાદ શહેરમાં પ્રવાસીઓને આકર્ષીત કરે તેવી જગ્યાઓની આજુબાજુ તે જગ્યાઓના લેન્ડસ્કેપ તેમજ તે વિસ્તારમાં પબ્લીક યુટીલીટી પ્રવાસીઓને અનુરૂપ ડેવલપ કરવી જરૂરી છે, જેથી વધારે અને વધારે પ્રવાસીઓ જગ્યાની મુલાકાત લે. આ માટે રૂા.૫૫.૬૯ કરોડના ખર્ચે ગુજરાત ટુરીઝમ ડીપાર્ટમેન્ટના ૫૦% ફાળાથી વિકાસ કરવા એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે અને આગામી બે વર્ષમાં આવી ઐતિહાસિક પાંચ જગ્યાઓ ડેવલપ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૧) લો ગાર્ડન
(૨) સિદ્દી સૈયદની જાળી
(૩) હઠીસીંગનું મંદિર
(૪) સરખેજ રોઝા
(૫) ઝુલતા મીનારા

તદ્ઉપરાંત જેએનએનયુઆરએમ અંતર્ગત વર્ષો જુના ઐતિહાસિક ભદ્રના કિલ્લાનો જીર્ણોધ્ધાર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે માટે સને ૨૦૧૨-૧૩ માં રૂા.૯.૦૯ કરોડ તથા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

શહેરમાં આવેલ ઐતિહાસિક ફોર્ટ વૉલના જરૂરી રીપેરીંગનું આયોજન કરેલ છે. જે માટે સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫૦.૦૦ લાખ નું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ તળાવનો વિકાસ :

અમદાવાદ શહેરમાં આવેલ તળાવોમાંના ઘણા તળાવો કુદરતી સ્વરૂપે હોઇ તેનો વિકાસ કરવો અત્યંત જરૂરી જણાય છે. તળાવો વિકસાવવાથી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે તથા રસ્તાઓ, વિસ્તારોમાં પાણી ભરાવાનાં પ્રશ્નો હલ કરી શકાશે. વરસાદી પાણી સંગ્રહ થવાથી ભુગર્ભનાં પાણીના સ્તર રીચાર્જ થવાથી ભુગર્ભ પાણીનાં સ્તર ઉંચા આવી શકે છે. તળાવોનો વિકાસ કરી વિસ્તારને લોક મેળાનું સ્થળ બનાવી લોકોને મનોરંજન પુરૂં પાડી શકાય છે. તળાવોની આજુબાજુ વૃક્ષારોપણ કરી આજુબાજુનાં વિસ્તારનું પ્રદુષણ ઓછું કરી જાહેર આરોગ્ય સુધારી શકાય છે તેમજ વિસ્તારની સુંદરતા વધારી શકાય છે.

ગત વર્ષોમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જુદા-જુદા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે જેએનએનઆરયુએમ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક નાંખવાના કામ માટે કુલ રૂા.૩૫૦ કરોડનો ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ મંજુર કરાવી કુલ ૧૩ પેકેજો અંતર્ગત ૨૫૦ કિ.મી. લંબાઇની સ્ટોર્મવોટર લાઇનો નાંખી દરેક તળાવોમાં સરખી સપાટીમાં જળસંચય થઇ શકે તે માટે નીચે મુજબના તળાવોને વરસાદી પાણીની પાઈપો દ્વારા ઈન્ટરલીંક કરેલ છે.

ઉત્તર ઝોનઃ સૈજપુર તળાવ, નરોડા તળાવ અને અસારવા તળાવ

દક્ષિણ ઝોનઃ લાંભા તળાવ, નારોલ તળાવ, ઈસનપુર તળાવ, વટવા ગામ તળાવ, વટવા મહાલક્ષ્મી તળાવ, ઘોડાસર તળાવ અને લાંભા તળાવ

પૂર્વ ઝોનઃ લાલબહાદુર શાસ્ત્રી તળાવ (બાપુનગર) અને નિકોલ ગામ તળાવ

પશ્ચિમ ઝોનઃ આર.એમ.એસ.(મેમનગર) તળાવ, મલાવ તળાવ, સરખેજ રોઝા તળાવ અને વસ્ત્રાપુર તળાવ

આ તળાવોના વિકાસની કામગીરીમાં તળાવોને ઉંડા કરી, કમ્પાઉન્ડવોલ / ફેન્સીંગ ઉભી કરી, તળાવ ફરતે રસ્તા / જોગીંગ માટે વૉક-વે , બાગબગીચા તથા લાઈટીંગની વ્યવસ્થા કરી આરામથી બેસી શકાય તેવી બેઠક વ્યવસ્થા, વરસાદી પાણી ભરવા માટે સ્ટૉર્મવોટર લાઈનના ઈનલેટ અને આઉટલેટો ઉભા કરવા, પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા, રીચાર્જ કુવા બનાવવા વિગેરે કામગીરી આવરી લેવામાં આવશે.જેમાં વટવા, મોટેરા, ચંડોળા, થલતેજ, આર.એમ.એસ. (મેમનગર), તથા અમદાવાદના નવા સમાવિષ્ટ વિસ્તારોના તળાવોનો સમાવેશ કરવામાં આવેલ છે.તળાવ વિકાસ કામગીરી માટે આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૩૫.૫૦ કરોડનું આયોજન કરેલ છે.

➢ હરીયાળું અમદાવાદ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું તથા સુંદર બનાવવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શહેરીજનોની આરોગ્ય, સુખાકારી જળવાઈ રહે તથા પર્યાવરણ સુરક્ષા હેતુસર કોર્પોરેશન દ્વારા નવા બગીચાઓ બનાવવામાં આવી રહ્યા છે.

શહેરના જુદા-જુદા મોડેલ રોડ પર સેન્ટ્રલ વર્જમાં કરેલ તથા બોગનવેલ પ્લાન્ટેશન લગાવીને શહેરની સુંદરતામાં વધારો કરેલ છે. ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજે ૨,૮૩,૦૦૦ રોપાઓનું બગીચા ખાતા દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં બગીચા વિભાગ દ્વારા જુદા જુદા ઝોનમાં ૧૭ નવા બગીચાઓ બનાવવા, જુદા જુદા ઝોનમાં ૯ બગીચાઆનું રી-ડેવલપમેન્ટ, જુદા જુદા ઝોનમાં ૪ નવી સેન્ટ્રલ વર્જ ડેવલોપમેન્ટ, જુદા જુદા ઝોનમાં ૭ મોડલ રોડ પરની સે.વર્જનાં ડેવલોપમેન્ટ, જુદા જુદા ઝોનમાં ૩ સેન્ટ્રલ વર્જનુ રી-ડેવલોપમેન્ટ, બગીચાઓની કામગીરી માટે આધુનિક યાંત્રીક સાધનોની ખરીદી, વૃક્ષને પાણી આપવા તમામ ઝોનમાં અલાયદી નવી વોટર ટેન્કરની ખરીદી, બગીચાઓમાં બાળકોનાં મનોરંજન માટે અદ્યતન રમત-ગમતનાં સાધનોની ખરીદી, રોડ સાઈડ પર વૃક્ષોનાં રક્ષણ માટે નવા ટ્રી-ગાર્ડની ખરીદી, જાહેર બગીચાઓમાં સ્વચ્છતા જાળવવા આધુનિક ડસ્ટબીન મુકવા, ઈન-હાઉસ વૃક્ષ ઉછેર માટે દરેક ઝોનમાં નર્સરી ઉભી કરવી તેમજ શહેરમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આગામી વર્ષમાં આવનારા ચોમાસામાં શહેરના વિવિધ વિસ્તારોમાં ૩,૬૫,૦૦૦ રોપાઓનું બગીચા ખાતા દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવશે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦.૨૧ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

➢ ઓડીટોરીયમ :

નવા પશ્ચિમઝોન અમદાવાદનો સૌથી વધુ વિકસતો ઝોન છે. આ ઝોનમાં હાલમાં એક પણ ઓડીટોરીયમ બિલ્ડીંગ નથી. તથા વિસ્તારના લોકોની પણ ઘણાં સમયથી માંગણી હોઈ આ પ્રકારનાં ઓડીટોરીયમ માટેની જગ્યા શોધી તેની પર ૧૦૦૦ બેઠકની ક્ષમતાવાળું અત્યાધુનિક ઓડીટોરીયમ અંદાજે રૂા.૩૯૯૨.૦૭ લાખના ખર્ચે

બનાવવાનુ નક્કી કરવામાં આવેલ હતું. જે અન્વયે નવા પશ્ચિમ ઝોન બોડકદેવ વોર્ડમાં ટી.પી.૫૦ એફ.પી.૩૮૨ રાજપથ ક્લબની પાછળ કેન્સવીલા ગોલ્ફ ક્લબની સામેનો પ્લોટ આશરે ૭૨૦૨.૦૦ ચો.મી. નો મળેલ હતો. આ સ્થળે ઓડીટોરીયમ બિલ્ડીંગમાં પાર્કિંગ, શો-રૂમ, દુકાન, અત્યાધુનિક ઓડીટોરીયમ હોલ તથા રેન્સ્ટોરન્ટ (ફુડ કોર્ટ) વિગેરે સુવિધાઓ રાખવાનુ આયોજન કરેલ છે તેમજ જરૂરીયાત મુજબ દુકાનોમાં ઈન્ટરનલ ફેરફાર કરી શકાય તે મુજબનુ પણ આયોજન કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.બોડકદેવ તથા તેની આસપાસનાં વિસ્તારનાં મધ્યમ વર્ગનાં લોકોને પોષાય તેવો હોલ સમાજ ઉપયોગી પ્રસંગો / કાર્યક્રમો માટે બોડકદેવમાં જ હાલમાં નાનો કોમ્યુનીટી હોલ બનાવવાનું ચાલુ છે જે વર્ષના અંત સુધીમાં જાહેર જનતા માટે ખુલ્લો મુકી શકાશે તેમજ જરૂરીઆત મુજબ દુકાનોમાં ઈન્ટરનલ ફેરફાર કરી શકાય તે મુજબનુ પણ આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૨.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ :

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો અને દશ્યો ધરાવતી સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટની યોજના ઝડપથી, સરળતાથી તથા અસરકારક રીતે સાકાર કરવાના હેતુસર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન મારફતે સને ૧૯૯૭ માં કંપનીધારા ૧૯૫૬ હેઠળ S.R.F.D.C.L. સ્વાયત કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે. જેના દ્વારા નદીકાંઠાનો વિકાસ કરવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત રેલ્વેબ્રીજથી વાસણા બેરેજ સુધીના ૧૧.૫ કિ.મી. લંબાઈમાં બંને કાંઠાનો વિકાસ કરવાનું કામ પુરઝડપે ચાલુ છે.

આ પ્રોજેકટ અંતર્ગત નદીની સરેરાશ પહોળાઇ અંદાજે ૨૭૫ મીટર રાખી ડાઉનસ્ટ્રીમમાં આવેલ વાસણા બેરેજના કારણે નદીમાં કરી શકાતા જળસંગ્રહની નજીકમાં હરવા ફરવા માટે બંને કાંઠે ૬ થી ૧૧ મીટરની પહોળાઇના વૉક-વે તૈયાર કરી રીટેઇનીંગ વોલનું બાંધકામ કરી વિકાસ માટે પ્રાપ્ય જમીન ઉપર બંને બાજુ રોડનું બાંધકામ, મોટા પાયે બગીચા તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત બોટીંગ ફેસીલીટી

ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે અને વોટર સ્પોર્ટ્સ એકટીવીટીનું આયોજન કરી તેની અમલીકરણની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. નદીના બંને કીનારા પર આવેલ અન્યત્ર વસાવવા પાત્ર ઝુંપડા/કુંટુંબોને ઈ.ડબલ્યુ.એસ. ના આવાસોમાં વસાવવાની કામગીરી પણ પુરી કરવામાં આવેલ છે.

સદરહુ પ્રોજેકટ માટે જરૂરી મૂળભૂત કોમ્પોનેન્ટસનાં કામો પૂર્ણતાના આરે છે જેમાં સ્કાવર પ્રોટેકશન માટે જરૂરી આર.સી.સી.ડાયાફ્રામ વોલનાં કામ નદીનાં બંને કિનારા તરફ પૂર્ણ થયેલ છે. નદીની બંને તરફની રીટેઇનીંગ વોલનું કામ અપ્રોચ અને અંડરપાસ માટે જરૂરી જગ્યા રાખીને પૂર્ણ થયેલ છે તથા જરૂરી ઘાટ અને નીચેના વોક-વે લેવલે પહોંચવા માટે જરૂરી સીડીઓ તથા રેમ્પનાં કામો પૂર્ણ થયેલ છે. રીટેઇનીંગ વોલની પાછળ અર્થ ફીલીંગનું કામ પણ પૂર્ણતાનાં આરે છે. નદીના બંને તરફ નદીના પટમાં આવેલ વસાહતીઓને નામદાર ગુજરાત હાઇકોર્ટની ડાયરેકશન મુજબ પુનઃવસનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત નદીના પટમાં આવેલ આગવુ મહત્વ ધરાવતા ગુર્જરી બજારનું વૈકલ્પિક વ્યવસ્થા રૂપે રીવરફ્રન્ટ માર્કેટ તથા નદી કિનારાના પરંપરાગત ધોબીઘાટની સુઆયોજીત લોન્ડ્રી કેમ્પસની વૈકલ્પિક વ્યવસ્થાની કામગીરી પણ પ્રગતિમાં છે. સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટની રીક્લેમ્ડ લેન્ડના લેન્ડયુઝ પ્લાનની નામદાર રાજ્ય સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. પ્રોજેકટના વોક-વે લેવલે રેલીંગ સીટીંગ કરી અંતિમ ઓપ આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તથા હાલમાં કામગીરી પ્રગતિમાં છે.

ઉપર દર્શાવેલ છે તે સુવિધાઓ સિવાય સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ અંતર્ગત નીચે મુજબની સુવિધાઓ ઊભી કરવામાં આવનાર છે.

➢ ઈન્ટર સેપ્ટર લાઈન :

નદીનાં બંને બાજુએ આવેલ સ્ટોર્મ વોટર આઉટલેટસમાંથી બારે માસ આવતા સુએઝને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા જરૂરી ઈન્ટસેપ્ટર લાઇન જંકશન ચેમ્બર અને વાસણા બરાજ ડાઉન સ્ટ્રીમ સુધીનાં આર.સી.સી. ડકટ અને પાઇપ લાઇનનાં અને ઈન્ટરમીડીએટ તથા ટર્મીનલ સુએઝ પમ્પીંગ સ્ટેશનો દ્વારા સુએઝ ડાયવર્ઝન સીસ્ટમને મહદંશે કાર્યરત કરવામાં આવેલ છે.

➢ બગીચા :

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ દ્વારા પ્રાપ્ત કુલ રીક્લેમ્ડ લેન્ડ પૈકી ૨૮ હેકટર જમીન ઉપર બગીચાઓ વિકસાવવાનું આયોજન છે.હાલમાં ગાંધીઆશ્રમની સામેની બાજુ પૂર્વ કિનારે "આશ્રમબાગ"નું કામ મહદઅંશે પૂર્ણ થયેલ છે જ્યારે ઉસ્માનપુરા ગાર્ડનનું કામ હાલ પ્રગતિમાં છે.વાસણા બેરેજથી પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસેના પ્રોજેકટ વિસ્તારમાં "અર્બન ફોરેસ્ટ્રી" બનાવવાનું આયોજન છે.

➢ **રસ્તા :**

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટના પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારમાં નદીને સમાંતર એપ્રોચ રોડનું કામ હાલ પ્રગતિમાં છે.આ રોડ નેટવર્કને પરીણામે શહેરના ઉત્તર તથા દક્ષિણ વિસ્તારની કનેકટીવીટી વધશે તથા શહેરના ટ્રાફીકની સમસ્યા પણ હળવી બનશે. કુલ રીક્લેમ્ડ લેન્ડ પૈકી ૪૫ હેકટર જમીન ઉપર રસ્તાઓનું કન્સ્ટ્રકશન કરવામાં આવશે.

➢ **વોટર સ્પોર્ટસ :**

સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટ અંતર્ગત શહેરના નાગરીકોના મનોરંજન તથા આનંદ-પ્રમોદ સારૂ સાબરમતી નદીની અંદર વોટર સ્પોટર્સ પ્રવૃતિઓ જેવીકે મોટરાઈઝડ બોટીંગ, નોન મોટરાઈઝડ બોટીંગ, એમ્ફીબીયસ બસ, ઝીપ લાઈન વગેરેનું આયોજન કરવામાં આવનાર છે. હાલમાં પશ્ચિમ કિનારે વલ્લભ સદન તથા સરદારબ્રીજ ખાતે બોટીંગની સુવિધા ચાલુ છે જેનો અબાલવૃદ્ધ સૌ આનંદ માણી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં નદીના એક કિનારાથી બીજા કિનારે વ્યકિતને લઈ જતી રોમાંચક ઝીપ લાઈન ફેસીલીટી શરૂ કરવામાં આવશે.

વધુમાં સાબરમતી રીવર ફ્રન્ટ ખાતે ૧ લાખ સ્ક્વેર ફીટનો એરિયા ધરાવતું આંતરરાષ્ટ્રીય કક્ષાનું ટ્રેડ ફેર સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે તથા નદીના બે કિનારાઓને જોડતો રોપ-વે બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે.

સાબરમતી રીવરફ્રન્ટ પ્રાજેકટને ઇ.સ. ૨૦૧૧ માં હુડકોનો "Innovative Infrastructure Development" એવોર્ડ એનાયત થયેલ છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૨૩૫.૦૦ કરોડ તથા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૨૨૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

કાંકરીયા મેટલ ડેપો :

અમદાવાદ શહેરમાં નવા વિસ્તારનો સમાવેશ થયા બાદ તેનુ ક્ષેત્રફળ ૪૬૬ ચો. કિ.મી જેટલુ થવા પામેલ છે. નવા વિસ્તારમાં સમાવેશ થયા બાદ અમદાવાદના નવા વિસ્તાર નો વિકાસ ખુબ જ ઝડપથી થઇ રહેલ છે. શહેરમાં હાલમાં નવા વિસ્તારો ખુબ જ મોટા પાયે પ્રાથમિક સુવિધાઓ સાથે ડેવલપમેન્ટ થઇ રહેલ છે. જે માટે

ડ્રેનેજ પ્રોજેકટ હેઠળ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાંખવાની કામગીરી ચાલુ છે. તેમજ ડ્રેનેજ લાઈન તથા વોટર પ્રોજેકટ તેમજ જે તે ઝોનના ઈજનેર ખાતા દ્વારા પણ પાણીની લાઈન તથા અન્ય યુટીલીટીઝ જેવી કે A.E. Co., Gas pipe line, વિગેરે ની કામગીરી પણ મોટાપાયા પર ચાલુ હોઈ તેમજ શહેરના ઘણા મુખ્ય રસ્તાઓ વરસાદને કારણે નુકશાન થવા પામેલ છે. જેના માટે આ તુટી ગયેલ રસ્તાઓ ઉપર પેચવર્ક કરવુ ખુબ જ જરૂરી હોય છે. પરંતુ ઘણી વખત કોન્ટ્રાકટર પર આધાર રાખવાને કારણે ,કોન્ટ્રાકટરોના પ્લાન્ટ ચોમાસ દરમ્યાન તથા તહેવારો દરમ્યાન બંધ હોય ત્યારે રીસરફેસ કરવામાં ઘણી જ તકલીફ પડે છે. વધુમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા-જુદા ઝોન દ્વારા જુદા જુદા ટેન્ડરો મંગાવવામાં આવતા હોઈ રોડની ગુણવત્તા તથા ભાવોની એકરૂપતા જળવાતી નથી આ સમસ્યા નિવારવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરીયા મેટલડેપો ખાતે પોતાનો બેચમિકસ પ્લાન્ટ ઈરેકટ કરી શરૂ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેથી જે તે રૂટને તાકીદે રોડ રીસરફેસની કામગીરી આકસ્મિક કરવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે આ પ્રકારના પ્લાન્ટ પરથી કરી શકાય. જેના માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ગ્રીન બિલ્ડીંગ :

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા શહેરમાં જુદા જુદા નવા બિલ્ડીગો જેવાં કે શાળા, અર્બન હેલ્થ સેન્ટર, વોર્ડ ઓફિસ, લાયબેરી, જીમ્નેશિયમ હોલ, મેરેજ હોલ તથા સાંસ્કૃતિક હોલ બનાવવામાં આવે છે.તેમજ જુના હયાત બિલ્ડીંગોનું નવિનીકરણ કરવામાંઆવે છે. સદર તમામ બિલ્ડીંગો ગ્રીન બિલ્ડીંગ કોન્ટ્રાકટથી કરાવવા માટે તેના આયોજન તથા અમલીકરણ માટે જરૂરી ડિઝાઈન સર્વે કન્સલટન્ટ/આર્કિટેકની પેનલ બનાવવાનું આયોજન હાથ ધરી બેસતી નિમણુક કરેલ છે. ગ્રીન બિલ્ડીંગના મહત્વના પાસા નીચે મુજબ છે.

- ☆ બિલ્ડીંગનું આયોજન એ રીતે કરવામાં આવે છે કે વીજ -ઉપકરણના વપરાશ વિના જ બિલ્ડીંગમાં પુરતો કુદરતી પ્રકાશ તથા હવાનું પ્રમાણ નિયમિત રીતે મેળવી શકાય.
- ☆ એનવાર્યમેન્ટ ફ્રેન્ડલી બિલ્ડીંગ મટીરીયલનો ઉપયોગ કરી વાતાવરણનું પ્રદૂષણ ઘટાડી શકાય.
- ☆ સુએજ વોટરનું રીસાયકલીંગ કરી તે જ બિલ્ડીંગમાં ઉપયોગ કરવાથી શુદ્ધ પાણીનો બચાવ કરી શકાય.
- ☆ વરસાદી પાણીના સ્ટોરેજ ટાંકી બનાવી તે પાણીનો ઉપયોગ અન્ય પ્રવૃતિઓમાં કરી પાણીની બચત થાય તેમજ રીચાર્જીંગ વેલ બનાવી વરસાદી પાણીની જમીનમાં ઉતારી શકાય. જેથી ભૂર્ગભ જળના સ્તર ઉપર આવે તેમજ તેની ગુણવત્તામાં સુધારો કરી શકાય.

ડિઝાઈન સેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગત વર્ષોમાં વાર્ષિક રૂા.૮૦૦ થી રૂા.૧૨૦૦ કરોડના કેપીટલ કામો કરવામાં આવેલ છે. જેમાં હાલમાં જુદા જુદા વિભાગો જેવા કે પાણી, ડ્રેનેજ, રોડ, બ્રીજ, હોસ્પીટલ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, હેલ્થ, ફાયર, સ્કુલ, હાઉસીંગ વિગેરે વિભાગોના જુદાજુદા કામો જેવા કે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન, પાણીનું નેટવર્ક, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, બ્રીજ, રોડ,સ્કુલ,અર્બન હેલ્થ સેન્ટર વિગેરે માટે જુદા-જુદા કન્સલ્ટન્ટને અલગ અલગ દરે નિમણૂંક કરી તેમની ડિઝાઈન અનુસાર પ્રોજેકટોના અમલીકરણ થાય છે. જેના કારણે કામોના અમલીકરણ દરમ્યાન નાંણાકીય તેમજ તાંત્રિક બાબતે વિસંગતતાઓ ઉભી થાય છે આ ઉપરાંત અ.મ્યુ.કો. પર ઘણું મોટું આર્થિક ભારણ પડે છે.

જે નિવારવા અર્થે અ.મ્યુ.કો.માં નિમણૂંક થયેલ ઈજનેરો પૈકી સદર કામગીરીનું ભણતર તથા અનુભવ હોય તેવા ઈજનેરોનો એક સેલ બનાવી તમામ કામોનું ડિઝાઈન સદર સેલ દ્વારા થાય તો કામની ગુણવત્તા તથા નિયત સમય મર્યાદામાં કામગીરી કરી કામમાં એકસૂત્રતા લાવી નાંણાકીય ખર્ચમાં ઘટાડો કરી શકાય તેમ છે. જેથી અ.મ્યુ.કો.ના હિતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હયાત ઈજનેરોમાંથી જ સદર કામગીરીના અનુભવી ઈજનેરોની નિમણૂંક કરી ડિઝાઈન સેલ પ્રસ્થાપિત કરવાનું આયોજન હાથ ધરેલ છે. સદર સેલની કામગીરી જુદા-જુદા વિભાગોના તમામ કામો માટે એકસરખા સ્પેસીફીકેશન, સમાન ભાવો તથા ઈકોનોમીકલ ડિઝાઈન તેમજ હયાત સ્ટ્રકચરોના રીહેબીલીટેશન તથા અપગ્રેડેશનની કામગીરીની ડિઝાઈન તથા અંદાજો તૈયાર કરવાની મહત્વની જવાબદારી રહેશે.

વેસ્ટ વોટર રિસાઈકલીંગ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં ૧૦૦૦ એમ.એલ.ડી.નો પાણીનો જથ્થો શહેરીજનોને પૂરો પાડવામાં આવે છે. જે પૈકી ૮૦% એટલે કે ૮૦૦ એમ.એલ.ડી. સુએજ તરીકે ઉત્પાદિત થાય છે. જેને પૂર્વ ભાગમાં કુલ ૫ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ-ક્ષમતા ૫૮૦ એમ.એલ.ડી. તથા પશ્ચિમ ભાગમાં કુલ ૪ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ક્ષમતા ૪૭૭ એમ.એલ.ડી. સુએજ સેકન્ડરી ટ્રીટ કરી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે. સદર સેકન્ડરી ટ્રીટેડ સુએજને રીસાયકલ કરી ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનું પાણી તૈયાર કરી તેનો ઉપયોગ ઈન્ડસ્ટ્રીઝમાં ઉત્પાદન અર્થે થાય તે માટે જુદી જુદી ૪ એજન્સીઓ સાથે વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ અંતર્ગત એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા. જે પૈકી પૂર્વમાં આવેલ નરોડા, નારોલ, વટવા તથા ઓઢવ ખાતેની ઈન્ડસ્ટ્રીઝ માટે ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ વોટર આપવા માટે ૩ એજન્સીને સેદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા ધોલેરા એસ.આઈ.આર. ઈન્ડસ્ટ્રીયલ વિકાસનું આયોજન છે. સદર ધોલેરા એસ. આઈ.આર. ખાતે જુદી-જુદી ઈન્ડસ્ટ્રીઝના ઉત્પાદન અર્થે અંદાજીત ૫૦૦ એમ.એલ.ડી. ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ વોટરની જરૂરીયાત છે જે માટે સદર ૫૦૦ એમ.એલ.ડી. સેકન્ડરી ટ્રીટેડ સુએજનો જથ્થો પશ્ચિમ ભાગમાં વાસણા ખાતે પર્યાપ્ત છે. જે ધ્યાને લઈ અ.મ્યુ.કો. દ્વારા સદર જથ્થો ધોલેરા એસ.આઈ.આર. માટે ફાળવવામાં આવનાર છે. જે અંતર્ગત અ.મ્યુ.કો. દ્વારા સેકન્ડરી ટ્રીટેડ સુએજનો ભાવ રૂ. ૪.૩૦ પ્રતી કિલો લિટર તથા જમીન જંત્રી ભાવે અથવા દર વર્ષે જંત્રીના ૨૦% મુજબ ભાડું અ.મ્યુ.કો. ને ચૂકવે તે મુજબની દરખાસ્ત સરકારશ્રીને સાદર કરેલ છે.

સદર કામગીરીને કારણે નીચે મુજબના ફાયદાઓ થવાની સંભાવના છે.

- ☆ શુધ્ધ ભૂગર્ભ જળનો બચાવ થશે.
- ☆ વીજ વપરાશમાં બચત થશે.
- ☆ બચત થયેલ ભૂગર્ભ જળને કારણે આજુબાજુના વિસ્તારોમાં ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવશે.
- ☆ અ.મ્યુ.કો.ને આવક થવાને કારણે ઓપરેશન અને મેન્ટેનન્સનું આર્થિક ભારણ ઓછું કરી તમામ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સ્વનિર્ભર કરી શકાશે.
- ☆ સાબરમતીના જળની ગુણવત્તામાં સુધારો થશે તેમજ એકવેટીક લાઈફ અને ઈકોલોજીકલ સાયકલમાં સુધારો થશે.

ઈ-ગવર્નન્સ :

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી સુધારણાના ભાગરૂપે અને હયાત માળખમાં પારદર્શિતા લાવવા હાલની કોમ્પ્યુટર ટેકનોલોજીનો વ્યાપકપણે ઉપયોગ કરી મોટા ભાગની તમામ મ્યુનિસિપલ સેવાઓને નાગરિકોના ઘર આંગણે પહોચાડવા સીવિક સેન્ટરો ઉભા કરવામાં આવેલ છે. હાલમાં જુદા-જુદા ઝોનમાં કુલ ૫૦ જેટલા સીવિક સેન્ટરો કાર્યરત છે આગામી વર્ષ ૨૦૧૩ ના અંત સુધીમાં બીજા ૧૪ જેટલા સેન્ટરો નવા શરૂ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

આયોજનઃ

- ☆ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પિટલોમાં, બી.આર.ટી.એસ., એ.એમ. ટી.એસ., બ્રીજ તથા બગીચામાં નાગરિક સુવિધા અને સલામતી ખાતર પોલીસ વિભાગના પરામર્શમાં રહી સિકયુરીટીની વ્યવસ્થા સુદ્રઢ કરવા સીસીટીવી કેમેરાની સર્વેલન્સ સીસ્ટમ કાર્યાન્વિત કરવાનું આયોજન કરેલ છે.

➢ જીઓગ્રાફિકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ :

✰ આગામી નાણાંકીય વર્ષમાં જીઓગ્રાફીકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ ટેકનોલોજી દ્વારા અમદાવાદ શહેરનો જીઆઈએસ મેપ મેળવી તમામ મિલકતોનો સર્વે કરી તેનું જીઆઈએસ મેપીંગ કરવામાં આવશે. જેથી તમામ પ્રકારની મિલકતની માહિતી લોકેશન આધારીત ઉપલબ્ધ થશે અને પ્રોપર્ટી ટેક્ષ વિભાગની તમામ માહિતી જીઆઈએસ આધારીત ઉપલબ્ધ બનશે જેનાથી પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષની આવક વધારવાનાં પ્રયત્ન કરવામાં આવશે.

સદરહુ કામગીરી માટે ટેન્ડર પ્રકીયા દ્વારા વેન્ડર સિલેકટ કરી હાર્ડવેર/સોફ્ટવેરથી દરેક મિલકતોનો સર્વે કરવામાં આવશે. ભવિષ્યમાં તમામ પ્રકારની અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી જેવી કે પાણી, ગટર તથા સ્ટોર્મ વોટર લાઈન, સ્ટ્રીટ લાઈટસ તથા બિલ્ડીંગ પ્લાન પરમીશનની તમામ વિગતો જીઆઈએસ ટેકનોલોજીની મદદથી મેપીંગ કરવામાં આવશે અને અલાયદો ડેટાબેઝ જનરેટ કરી ભવિષ્યનું તમામ પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવશે.

➢ કોમ્પ્રીહેન્સીવ કમ્પલેઈન્ટ રીડ્રેસલ સિસ્ટમ (CCRS) :

✰ નાગરિક ફરિયાદ નિવારણ માટે વોર્ડ દીઠ ઓનલાઈન નવી કોમ્પ્રીહેન્સસીવ કમ્પલેઈન્ટ રીડ્રેસલ સીસ્ટમ (CCRS) નું અમલીકરણ આગામી વર્ષમાં સંપૂર્ણ કાર્યરત કરવાનું આયોજન હાથ ધરેલ છે. જેમાં તમામ પ્રકારની વિભાગ/ખાતાઓની ફરિયાદનો યુનિક આઈ.ડી. સ્વરૂપે જનરેટ થશે તથા તેના નિકાલની નાગરિકોને જાણ થાય તે પ્રકારનું આયોજન કરેલ છે. દરેક ફરિયાદનું સંલગ્ન અધિકારી લેવલે નિકાલ થાય તથા મોનીટરીંગ થાય તેવું આયોજન હાથ ધરેલ છે. આ માટે અલાયદો અદ્યતન સુવિધા સભર કોલ સેન્ટર પણ કાર્યરત કરવામાં આવશે.

આરોગ્યલક્ષી સેવાઓ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે તથા શહેરી ગરીબોને આરોગ્યલક્ષી સેવાઓ ઘરની નજીક મળે તે મુજબનું આયોજન આગામી વર્ષમાં કરવામાં આવેલ છે.

✰ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ખાતા હસ્તક હાલમાં ૫૭-અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. નવા ઈલેકશન વોર્ડ મુજબ દરેક વોર્ડમાં એક મુજબ કુલ ૬૪ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત કરવાનું આયોજન છે. દર વર્ષે આશરે ૧૧ લાખ જેટલા દર્દીઓને ઓ.પી.ડી. સેવાઓ આપવામાં આવે છે.

- રાણીપ, વેજલપુર, નોબલનગર, બહેરામપુરા, ઈસનપુર, દાણીલીમડા વોર્ડનું નવીનીકરણ સાથેનું નવુ મકાનનું બાધકામ હાલ ચાલુ છે.
- તદઉપરાંત ૩-રેફરલ હોસ્પિટલ, ૨-સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૧૦-મેટરનીટી હોમ, ૧-ચેપીરોગ હોસ્પિટલ કાર્યરત છે. નવા વાડજ, અર્બુદાનગર અને જોધપુર વોર્ડમાં નવું ફીઝીયોથેરાપી સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર તરફથી અમલમાં મૂકાયેલ ચિરંજીવી યોજના તથા જનની સુરક્ષા યોજના, બાલ સખા, શાળા આરોગ્ય કાર્યક્રમ જેવી રાષ્ટ્રિયકૃત યોજના મુજબ લાભાર્થીઓને લાભ આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.
- પ્રસુતિગૃહો ખાતે નોર્મલ ડીલીવરી તથા સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે સામાન્ય- માઈનોર ઓપરેશન ડીલીવરીની સુવિધા.
- જનની શીશુ સુરક્ષા યોજના તા.૧૫-૯-૨૦૧૨થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતગર્ત મ્યુનિ.કોર્પોરેશનની તમામ હોસ્પિટલો,પ્રસુતિગૃહો તથા સામુહીક આરોગ્ય કેન્દ્રો દ્વારા સામાન્ય પ્રસુતિઓ તથા સીઝેરીયન વિગેરે તમામ સેવાઓ નિઃશુલ્ક કરવામાં આવેલ છે. આ અંગે રાજય સરકાર દ્વારા એન.આર.એચ.એમ. અંતર્ગત ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.
- સને ૨૦૧૨ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૧,૦૪,૬૪૯ બાળકોની તપાસ કરવામાં આવેલ. તે પૈકી ૫૨૨ બાળકોને હદય, કિડની, કેન્સર જેવા રોગો માટે વધુ તપાસ માટે જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.
- ''મુખ્યમંત્રી અમૃત્તમ યોજના'' અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને તબીબી સારવાર પાછળ, પોતાની આવકનો મોટો ભાગ ખર્ચતા હોય છે, તેઓને ગંભીર બિમારીઓ જેવી કે હદય, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગોની સારવાર લેવાની જરૂર પડે ત્યારે બી.પી.એલ.લાભાર્થીઓને ઓચિંતાનું ખર્ચ કરવાની જરૂરીયાત પડતી હોય છે. ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,ગુજરાત રાજય દ્વારા માનનિય **''મુખ્યમંત્રી અમૃત્તમ યોજના''** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના પાંચ વ્યકિતઓને મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂા.૨.૦૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરવાની યોજના છે.

- શહેરમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના બી.પી.એલ.લાભાર્થીઓ તરીકે નોંધાયેલ કુલ ૨,૨૨,૬૯૦ લોકો આ યોજનાનો લાભ મેળવી શકશે. આ અંગે નકકી થયેલ એજન્સીઓ દ્વારા શહેરના સિટી સિવીક સેન્ટરો ખાતેથી નવા કાર્ડ ઇસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- થેલેસેમીયા રોગ એ નવા જન્મેલા બાળકોને થતો આનુવંશિક રોગ છે. આ રોગ ઘાતક છે. ગુજરાતમાં રાજ્યમાં અંદાજીત ૧૦ હજારથી વધુ થેલેસેમીયાગ્રસ્ત બાળકો છે. ગુજરાત રાજયમાં દર વર્ષે આશરે એક હજાર જેટલા થેલેસેમીયા મેજર તરીકે બાળકો નવા જન્મે છે. અમદાવાદમાં હાલ કુલ ૧૨૦૦ જેટલા બાળકો થેલેસેમીયાગ્રસ્ત છે અને દર વર્ષે આશરે ૧૦૦ બાળકો ઉમેરાય છે. થેલેસેમીયા મેજર બાળકને વર્ષે આશરે ૧૦ થી ૧૨ જેટલા બ્લડ ટ્રાન્સફ્યુઝન આપવા પડે છે. તેમજ લાંબા ગાળે થતા કોમ્પલીકેશનની દવા પણ ઘણી મોંઘી છે તથા આવા બાળકોનું આયુષ્ય ઓછું હોય છે.

- થેલેસેમીયા રોગગ્રસ્ત બાળકોના જન્મનું પ્રમાણ કાબુમાં આવે તે દિશામાં મ્યુનિ.કોર્પોરેશન દ્વારા જરૂરી પ્રયત્નો હાથ ધરી ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત બ્રાન્ચના સહયોગથી માહે-જુન-૨૦૧૧થી દરેક અર્બન હેલ્થ સેન્ટરમાં નોંધાતી સગર્ભા માતાઓના વિના મુલ્યે થેલેસેમીયા ટેસ્ટની શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધીમાં ૨૪ હજાર માતાઓના બ્લડ ટેસ્ટ કરવામાં આવેલ છે. જેમાંથી ૯૦૦ જેટલી માતાઓ થેલેસેમીયા માઇનર પોઝીટીવ આવેલ છે. તેઓના પતિઓનું પણ ટેસ્ટીંગ કરવામાં આવતા કુલ ૬૪ જેટલા પતિઓ થેલેસેમીયા માઇનર પોઝીટીવ આવેલ. આ ૬૪ માતાઓના ગર્ભનું પરીક્ષણ કરતાં તેમાંથી ૧૮ જેટલા બાળકો થેલેસેમીયા મેજર પોઝીટીવ આવેલ. જેમનું કાઉન્સેલીંગ કરી આ ૧૮ માતાઓનું લીગલ એબોર્શન કરાવવામાં આવેલ છે. આમ આ પ્રોજેકટથી થોડા જ સમયમાં ૧૮ જેટલા થેલેસેમીયા મેજર બાળકોનો જન્મ થતો અટકાવવામાં સફળતા મેળવેલ છે. જે આ પ્રોજેકટ હેઠળ ઘણી મોટી સિધ્ધી પ્રાપ્ત કરેલ છે.

- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા સ્ટે.કમિટી ઠરાવ નં.૧૧૪૬, તા.૧૭-૯-૨૦૧૨થી મળેલ મંજૂરી અનુસાર સ્કુલ બોર્ડમાં અભ્યાસ કરતા સમાજના ગરીબ વર્ગના આશરે ૧.૬૦ લાખ વિદ્યાર્થીઓને થેલેસેમીયા સીકલસેલ એનેમીયા તેમજ અન્ય હીમોગ્લોબીનોપથી ટેસ્ટીંગ કરવાનો ઠરાવ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અલગ અલગ સ્વૈ.સંસ્થાઓનો આર્થિક તેમજ અન્ય પ્રકારના સહયોગ મેળવી જનભાગીદારીથી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- હાલમાં દરેક ઝોનમાં એક મુજબ ૬ મોબાઇલ ડીસ્પેન્સરીમાં વધારો કરી કુલ ૧૨ મોબાઇલ ડીસપેન્સરી અલગ અલગ વિસ્તારોમાં ઘર આંગણે સારવાર આપવાની સુવિદ્યા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

- ☆ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં અલગ અલગ વોર્ડમાં કુલ ૩૦ મહિલા અને બાળ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળા દરમ્યાન ૩૫,૦૦૦ જેટલા દર્દીઓ તપાસેલ છે અને ૨૦૨૭ દર્દીઓને વધુ તપાસ માટે જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

➢ મેલેરીયા વિભાગની કામગીરી :

- ☆ અમદાવાદ શહેરમાં નેશનલ વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ પ્રોગ્રામની ગાઇડ લાઇન મુજબ મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા, ફાલ્સીપેરમ તથા ચીકનગુનિયા અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે તથા રોગચાળા નિયંત્રણ માટે ૩૦૦ જેટલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની નિમણુકં કરવામાં આવેલ છે. તેમના દ્વારા તથા લીક વર્કરો દ્વારા તાવના કેસોનુ સર્વે કરી મેલેરીયા રોગનું નિદાન અને સારવાર કરવામાં આવી રહેલ છે. ઝડપી નિદાન અને સારવાર માટે મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો તથા અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફ દ્વારા આર.ડી.ટી.-રેપીડ ડાયગ્નોસ્ટીક ટેસ્ટ કીટનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે. ઉપરાંત સને ૨૦૧૨-૧૩ મા રોગચાળો નાબુદીના સઘન અભિયાનમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે ના આધાર મુજબ ઈન્ડોર રેસીડયુઅલ સ્પ્રે તથા નેપસેક સ્પેયર પમ્પનો ઉપયોગ કરવાથી સપ્ટેમ્બર-૨૦૧૨ પછી ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા, ફાલ્સીપેરમ જેવા રોગોમાં સારો એવો ઘટાડો થયેલ છે. સને ૨૦૧૨-૧૩ ના રિવાઈઝ બજેટમાં રૂા.૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તથા સને ૨૦૧૩-૧૪ માં રૂા. ૫.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.
- ☆ આગામી દિવસોમાં કુલ ૬૦૦ જેટલા મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની નિમણુંક કરી શહેરના તમામ વિસ્તાર આવરી લેવાનું આયોજન કરેલ છે.
- ☆ રોગચાળાની મોનીટરીગ માટે ૧૬૫ જેટલી પ્રાઇવેટ હોસ્પિટલમાંથી રોગચાળાની માહીતી એકત્ર કરી જરૂરી પગલાં લેવામાં આવી રહેલ છે.

અગ્નિશમન સેવાઓનું આધુનિકરણ :

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનું ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ ડીપાર્ટમેન્ટ જાહેર જનતાને વિના મુલ્યએ સેવા આપતુ ખાતુ છે અને જાહેર જનતા માટે સતત કાર્યરત રહે છે. તેઓ આગ-અકસ્માત, ભૂકંપ, પૂર, વાવાઝોડુ , કોમી રમખાણો જેવી કુદરતી તેમજ માનવસર્જીત આપત્તિઓના સમયે બચાવ કામગીરી માટે ગંભીરતા, સાવચેતીથી ફરજ બજાવે છે.

➢ હાઈડ્રોલીક પ્લેટફોર્મ :

આ પ્રકારનું એક વાહન ૫૫ મીટર ઉંચાઈ સુધી પહોંચી શકે અને આશરે ૧૯ માળ સુધી રેસ્કયુ અને આગ - અકસ્માતના બનાવ વખતે કામગીરી કરી શકાય તે પ્રકારનું વાહન છે, રેસ્કયુ કામગીરી કરતી વખતે વધારે માણસોને ઉતારવા માટે હાઈડ્રલીક પ્લેટફોર્મની ઉપરના ભાગે શ્યુટ (ટનલ જેવો ગોળાકાર ભાગ) આપવામાં આવેલ છે તેના દ્વારા માણસોને ઝડપથી ઉતારી શકાય, થર્મલ ઈમેજીંગ કેમેરા ધુમાડામાં જોવા માટે, ઓછા ફોકસમાં કેમેરાથી નીચેથી ઉપરના માળે ચાલતી ગતિવિધી જોઈ શકાય. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ ખાતામાં રેસ્કયુ વ્હીકલ વસાવવામાં આવેલ છે.

T T L ટર્ન ટેબલ લેડર ૫૫ મીટર ઉંચાઇના : આ પ્રકારનું એક વાહન ૧૦૪ મીટર ઉંચાઈ સુધી પહોંચી

શકે રેસ્કયુ અને આગ - અકસ્માતના બનાવ વખતે કામગીરી કરી શકાય તે પ્રકારનું વાહન છે, ઝડપથી કામગીરી કરવા માટે લેડરની પાછળના ભાગે એક લીફટ આપવામાં આવેલ છે, જેનાથી રેસ્કયુ વખતે માણસોને ઝડપથી ઉપરથી ઉતારી શકાય.

જુદા જુદા પ્રકારનાં અગ્નિશામક સાધનો વસાવવા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧૮.૩૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

વધુમાં આગામી વર્ષોમાં થલતેજ ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ, ચાંદખેડા ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ, મેમનગર ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ, દાણાપીઠ ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ, જમાલપુર ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ, વસ્ત્રાલ અને નરોડા જી.આઈ.ડી.સી. ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સનું રીનોવેશન, નવીનીકરણ હાથ ધરવામાં આવનાર છે.

સદર કામગીરી માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ મા રૂા.૧૦.૯૪ કરોડ તથા આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૧૫.૬૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

ઓપરેશન-મેઈન્ટેનન્સ ખર્ચમાં થયેલા વધારા સામે શહેરીજનોને આપવામાં આવેલ સુવિધા બાબત :

અમદાવાદ મ્યુ.કોર્પો. નાં ૪૬૬ ચો.કિ.મી. વિસ્તારમાં અન્ય મહાનગરપાલિકાઓના કાર્યક્ષેત્રની સરખામણીએ સુરક્ષા સિવાયની તમામ કામગીરી જેવી કે વોટર સપ્લાય, સુએજ નિકાલ, હેલ્થ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, રોડ-બ્રીજ, ટ્રાન્સપોર્ટેશન, ટ્રાફિક, સ્ટ્રીટલાઇટ, શિક્ષણ, ફાયરબ્રિગેડ, હોસ્પિટલ વિગેરે અ.મ્યુ.કો. દ્વારા સંભાળવામાં આવે છે. આ તમામ કામગીરી માટે જરૂરી કેપીટલ કામો તથા મરામત-નિભાવનાં કામો કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે.

કોર્પોરેશન દ્વારા હયાત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થિત મરામત અને નિભાવણી શહેરનાં નાગરિકને યોગ્ય પાયાની સુવિધા પૂરી પાડવા અત્યંત જરૂરી છે. જેથી આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વ્યવસ્થિત ઓપરેશન-મેઈન્ટેનન્સ થાય તે અંગે નાણાંકીય જોગવાઇ કરવી અત્યંત જરૂરી છે.

અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસ અંગે શ્રી ડો.ઈશર અહલુવાલિયાનાં અધ્યક્ષપદ હેઠળની ભારત સરકારની હાઇ-પાવર્ડ એક્ષપર્ટ કમિટી દ્વારા સેક્ટરવાઈઝ O&M માટે જરૂરી અંદાજી ખર્ચ નીચે મુજબ દર્શાવેલ છે. તેમજ તેની સરખામણીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ખર્ચની વિગતો પત્રકમાં દર્શાવેલ છે.

અ.નં.	સેક્ટર	% અંદાજી ખર્ચ	AMC દ્વારા % અંદાજી ખર્ચ
૧	વોટર સપ્લાય	૩૦.૧૨	૨૭.૫૯
૨	સુએજ	૧૩.૦૭	૯.૧૧
૩	સોલિડ વેસ્ટ	૧૫.૧૧	૩૦.૪૧
૪	રોડ	૨૦.૭૦	૩.૮૨
૫	સ્ટોર્મ વોટર	૧.૯૧	૦.૨૭
૬	ટ્રાન્સપોર્ટ	૧૬.૮૦	૨૨.૯૪
૭	ટ્રાફિક	૨.૦૨	૦.૦૭
૮	સ્ટ્રીટલાઇટ	૦.૨૬	૫.૮૦
કુલ		**૧૦૦**	**૧૦૦**

ભારત સરકારશ્રી દ્વારા પાણી, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર ડ્રેઈન તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સર્વિસ લેવલ બેન્ચમાર્ક નિર્ધારીત કરવામાં આવેલ છે.જે પ્રાપ્ત કરવા માટે જુદા-જુદા કાર્યક્ષેત્રમાં રિફોર્મ્સ તથા અતિ આધુનિક ટેક્નોલોજીનો અમલ કરી શહેરીજનોને અપાતી સુવિધામાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવે છે. જે માટે પ્રાથમિક તબક્કામાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવા માટે વધુ ખર્ચ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અપાતી જુદી-જુદી સેવાઓના કાર્યક્ષેત્રમાં થયેલ મહત્વની કામગીરી નીચે મુજબ છે. જેનો સીધો ફાયદો અમદાવાદના શહેરીજનોને થાય છે.

➢ વોટર સપ્લાય :

- ☆ રાસ્કા ટ્રીટમેનટ પ્લાન્ટ તથા જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યાન્વિત કરી નાગરીકોને નર્મદાનું પાણી આપવાનું શરૂઆત થતાં અપાતા પાણીની ગુણવત્તામાં સુધારો થયેલ છે. ઉપરાંત બે ટાઈમ સપ્લાય કરી કુલ ૧૦૪૫ MLD પાણી પૂરૂ પાડવામાં આવે છે સરફેસ વોટરનો મહત્તમ ઉપયોગ કરી બોરવેલનો વપરાશ ઓછો થતાં એનર્જીમાં પણ બચત થયેલ છે તેમજ સારી પાણીની ગુણવત્તાને કારણે શહેરીજનોનાં સ્વાસ્થ્યમાં સુધારો થયેલ છે તેમજ પાણીજન્ય રોગમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઘટાડો થયેલ છે.
- ☆ નર્મદા કેનાલથી KWW સુધી ગ્રેવીટી પાઇપલાઇન નાંખી ૬૫ MGD જેટલું નર્મદાનું પાણી KWW ખાતે લેવામાં આવેલ છે. જેને કારણે વાર્ષિક ૫ થી ૬ કરોડ રૂપિયા એનર્જી વપરાશમાં બચત થયેલ છે.
- ☆ જુદા-જુદા પંપીગ સ્ટેશનમાં એનર્જી ઓડિટ રીપોર્ટના આધારે અંદાજી રૂા.૨.૨૦ કરોડનાં ખર્ચે ૨૨ પંપ બદલવામાં આવેલ છે. જેને કારણે નાગરીકોને મળતા પાણીમાં પ્રેશર સુધરેલ છે તથા એનર્જીમાં પણ બચત થયેલ છે.
- ☆ પંપીગ સ્ટેશનમા ૨૫ થી ૩૦ વર્ષ જુના વધુ લોસીસવાળા ટ્રાન્સફોર્મર બદલવાની તથા પંપીગ અપગ્રેડેશનની કામગીરી ચાલુ કરેલ છે જેને કારણે એનર્જી વપરાશમાં બચત થશે.
- ☆ એનર્જી ઓડિટ રીપોર્ટના આધારે પાવરફેક્ટર ઇમ્પ્રુવમેન્ટ કરી ૦.૯૫ થી વધુ રાખવા કેપેસીટર પેનલ અપગ્રેડેશનની કામગીરી હાથ ધરેલ છે. જેને કારણે રાષ્ટ્રીય ઉર્જા બચત થશે તથા એનર્જી બિલમાં પણ ફાયદો થશે.
- ☆ હાલમાં જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઓગમેન્ટેશનની તથા ૨૫ નવા પંપીગ સ્ટેશન બનાવવાની કામગીરી ચાલુ છે જેને કારણે આઇસોલેટેડ બોરવેલ બંધ કરી શકાશે, એનર્જી વપરાશમાં બચત થશે, નાગરીકોને અપાતા પાણીની ગુણવત્તામાં તથા જથ્થામાં સુધારો થશે.

➢ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

- ☆ ૨૨ સુએજ પંપીગ સ્ટેશનમાં ૪૭ પંપ રૂા.૩.૫ કરોડ ના ખર્ચે બદલવામાં આવેલ છે.

- ૫ સુએજ પંપીંગ સ્ટેશન તથા ૨ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં રૂા.૧.૫ કરોડના ખર્ચે ટ્રાન્સફોમર્સ અને એચ.ટી. બ્રેકર્સ બદલવામાં આવેલ છે.
- ૯ સુએજ પંપીંગ સ્ટેશન તથા ૨ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં એનર્જી ઓડીટ આધારીત પાવર ફેકટર ઈમ્પ્રુવમેન્ટ માટેની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. પાવર ફેકટર ૦.૯ થી વધુ મેઈન્ટેન થવાથી મે. ટોરેન્ટ પાવર લી. દ્વારા પેનલ્ટી થતી નથી.
- ઉપરોકત તમામ કામગીરી પુર્ણ થવાથી અંદાજીત વાર્ષિક રૂા.૪.૩૨ કરોડની બચત થશે.

➢ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

- કોર્પોરેશન લિમિટમાં કચરાપેટીની સંખ્યા ૭૦૦ માંથી વધારી ૮૦૦ કરવામાં આવેલ છે તથા તમામ જગ્યાએ કચરાપેટીની નીચેની બાજુ RCC પ્લેટફોર્મ બનાવવામાં આવેલ છે. જેથી કચરાપેટીની આજુ-બાજુ પણ હાલ ચોખ્ખાઈ જોવા મળે છે.
- તમામ ૧૦૦૦ કન્ટેઈનર દૈનિક ધોરણે એકવાર ખાલી થાય તે મુજબ સિસ્ટમ ગોઠવવામાં આવેલ છે.
- અગાઉ દરરોજ ૧૨૦૦-૧૩૦૦ MT કચરાનો નિકાલ કરવામાં આવતો હતો તે ડોર ટુ ડોર સિસ્ટમ સ્ટ્રેન્ધન કરી તથા કન્ટેનર લિફટીંગની કાર્યક્ષમતા વધારી દૈનિક ૧૭૦૦-૧૮૦૦ MT કચરાનો નિકાલ હાલ કરવામાં આવે છે.
- MSW Rules ૨૦૦૦ નું સુયોગ્ય પાલન થાય છે.
- ૨૦૩૧ સુધીમાં અમદાવાદ શહેરને "Zero Waste" બનાવવાનાં ધ્યેય અંતર્ગત વ્યૂહાત્મક આયોજન હાથ ધરેલ છે.
- હાલમાં ૨૦૦૦ મેટ્રીક ટન ઘન કચરાને પ્રોસેસ કરી તેમાંથી ખાતર અને RDF બનાવવામાં આવે છે. નજીકના ભવિષ્યમાં વધુ ૨૦૦૦ મે.ટન કચરામાંથી ખાતર, આર.ડી.એફ. અને વિજળી PPP ધોરણે ઉત્પાદન કરવાનું કામ હાથ ધરેલ છે.
- ૩૦૦ ટન બિલ્ડીંગ ડેબ્રીજ ભેગી કરી જુદી-જુદી પ્રોડક્ટ બનાવવાની કામગીરી હાથ ધરેલ છે.

➢ બી.આર.ટી.એસ. મેઈન્ટેનન્સ :

છેલ્લા ત્રણ વર્ષમાં બી.આર.ટી.એસ વિભાગ તરફથી કુલ ૮૮ કિ.મી. રૂટ પૈકી ૬૧ કિ.મી.ના રૂટની કામગીરી પૂર્ણ કરી જનસેવા માટે બી.આર.ટી. કોરીડોર ઓપરેશનમાં મૂકેલ છે.

જનમાર્ગ - બીઆરટીએસ નાં હાલમાં ઓપરેશનલ રૂટ ઉપર કુલ ૬૧ બસ શેલ્ટર બનાવવામાં આવેલા છે. આ ઉપરાંત ચંડોળા ખાતેનાં વર્કશોપ અને ડેપોમાં ૫૫ બસો ની પાર્કીંગની સુવિધા રાખવામાં આવેલ છે.તેમજ કુલ ૭ બસોના રીપેરીંગ માટેની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આ ઉપરાંત બસોને ધોવા માટે વોશિંગ રેમ્પ અને પેઇન્ટીગ એરિયા રાખેલ છે. બસોનાં ઈંધણ માટે ફીલીગની વ્યવસ્થા સ્ટેશન કરવામાં આવેલ છે.

જનમાર્ગ - બી.આર.ટી.એસ.માં હાલમાં ચાલુ કામોની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	વિગત	અંદાજીત રકમ રૂા.(કરોડમાં)
૧	ફેઝ- ૨; પેકેજ-૧ પૂર્વ વિસ્તારના કામો	૧૧૬.૭૪
૨	ફેઝ-૨; પેકેજ ઈ-૧ પૂર્વ વિસ્તાર ૨૩ બસ શેલ્ટર બનાવવાનું કામ	૨૧.૯૭
૩	ફેઝ-૨; પેકેજ ઈ-૨ પૂર્વ વિસ્તાર ૧૯ બસ શેલ્ટર બનાવવાનું કામ	૧૯.૧૭
૪	ફેઝ- ૨; પેકેજ-૨ પશ્ચિમ વિસ્તારના કામો	૧૨૯.૨૨
૫	ફેઝ-૨; પેકેજ-૧ પશ્ચિમ વિસ્તાર ૧૭ બસ શેલ્ટર બનાવવાનું કામ	૧૭.૦૭
૬	ફેઝ-૨; પેકેજ-૨ પશ્ચિમ વિસ્તાર ૨૧ બસ શેલ્ટર બનાવવાનું કામ	૨૧.૧૮

➢ ટ્રાફિક :

- ☆ હયાત રોડ જંકશનો ઉપર, બમ્પ ઉપર તેમજ લેન માર્કીગ(રોડ તથા બ્રીજ ઉપર), એરો માર્કીગ અને સ્ટોપ લખાણ પેઈન્ટીંગમાં થર્મોપ્લાસ્ટીક પેઇન્ટ વર્ક ૧,૩૮,૦૦૦ ચોરસ મીટરમાં રૂા.૩.૨૫ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.
- ☆ હયાત રોડનાં બમ્પ ઉપર ,મોડલ રોડ ઉપર તેમજ બ્રીજ ઉપર ૭૦,૦૦૦ નંગ કેટ આઈ લગાવવાનું કામ રૂા.૨.૦૩ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે.
- ☆ હયાત રોડનાં જંકશનો ઉપર ડીવાઇડરના ગેપમાં, બ્રીજ ઉપર તેમજ મોડલ રોડ ઉપર સ્વીસ ટાઇપ નાના બોલાર્ડ તેમજ સ્વીસ ટાઈપ જમ્બો બોલાર્ડ કુલ ૬૨૫ નંગ બોલાર્ડ રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે લગાવવામાં આવેલ છે.
- ☆ ઝોન તેમજ ટ્રાફીક પોલીસની માંગણી મુજબ જુદા જુદા રસ્તાઓ ઉપર તેમજ મોડલ રોડ ઉપર કુલ ૨૦૬૮ નંગ મેન્ડેટરી, કોશનરી તેમજ ઈન્ફર્મેટીવ બોર્ડ લગાવવાનું કામ રૂા.૫૫.૦૦ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.

- ☆ જુદા-જુદા જંકશનો ઉપર તેમજ મોડલ રોડ ઉપર કુલ ૨૫૪ નંગ ડાયરેક્શનલ બોર્ડ રૂા.૫૫.૦૦ લાખના ખર્ચે કરવામાં આવેલ છે.
- ☆ કાંકરીયા તળાવની ફરતે તેમજ મોડલ રોડ ઉપરની ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જ ઉપર ૭૫,૨૦૦ ચોરસ મીટરમાં રૂા.૪૦.૦૦ લાખના ખર્ચે એનેમલ પેઈન્ટીંગનું કામ કરવામાં આવેલ છે.

શહેરના સ્લમ અને ચાલી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓનું આયોજન :

➢ નાઈટ શેલ્ટર (રેન બસેરા) :

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન અનુસંધાને શહેરમાં કુલ ૪૫ જગ્યાએ નાઇટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. જે જુદા-જુદા એન.જી.ઓ. દ્વારા કાર્યરત છે. નાઇટ શેલ્ટર્સમાં રસ્તા ઉપર સૂતા લોકોને રાત્રિ આશ્રય આપવામાં આવે છે. નાઈટ શેલ્ટર્સમાં ગાદલા-ઓશીકું, ધાબળા, ચાદર વગેરેની સગવડ પૂરી પાડવામાં આવેલ છે તેમજ કોઈપણ પ્રકારના ચાર્જ લેવામાં આવતો નથી. નાઈટ શેલ્ટર્સમાં સૂવા માટેની તેમજ શૌચાલયની સુવિધા આપવામાં આવેલ છે. શહેરમાં બીજા કુલ ૯ નાઈટ શેલ્ટર્સ બનાવવામાં આવનાર છે. નાઈટ શેલ્ટર્સ નવા બાંધવા તેમજ સંચાલન માટે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૬.૦૦ કરોડનું પ્રોવિઝન કરેલ છે.

➢ શહેરના ઝૂંપડાઓના પુનઃ વસન અને પુનઃ વિકાસ :

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (જે-તે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટે વિનિયમો-૨૦૧૦ની નીતિ મુજબ અમલીકરણ કરવામાં આવનાર છે. સદરહુ નીતિ મુજબ જે સ્લમ રહેવાસી દસ વર્ષથી જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ પાકું મકાન ૨૫ ચો.મી.નું આપવાનું (ગ્રાઉન્ડ + ત્રણ માળ કે તેથી વધારે) નક્કી કરવામાં આવેલ છે. તેનું અમલીકરણ ખાનગી ડેવલપરની પ્રપોઝલ મુજબ રાજ્ય સરકારશ્રીમાં હાલમાં ૬ દરખાસ્તો મંજૂરી માટે મોકલેલ છે તેમજ હાલમાં ૨૪ વિસ્તારમાં ડેવલપર દ્વારા કાર્યવાહી ચાલુ છે. સદરહુ પ્રપોઝલ પી.પી.પી. મોડલ યોજના અંતર્ગત હોઈ ડેવલપરને તેના બાંધકામના બદલામાં એફ.એસ.આઈ. આપવાની થાય છે.

➢ સ્લમ ફ્રી સિટી ડેવલપમેન્ટ (રાજીવ આવાસ યોજના - RAY) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરમાં રહેતા સ્લમ વિસ્તારના લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવા તેમજ પાયાની સુવિધાઓ અને આવાસો તમામ સ્લમ રહેવાસીઓને મળી રહે, તે મુજબ શહેરને સ્લમ ફ્રી સિટી બનાવવાનું આયોજન કરેલ છે. સ્લમ ફ્રી સિટી આયોજનના ભાગરૂપે શહેરની જાણીતી સંસ્થા સેપ્ટને ડી.પી.આર. બનાવવાની

કામગીરી સ્લમ નેટવર્કીંગ સેલ સાથે રહીને શરૂ કરવાનુ સોંપવામાં આવેલ છે. સદરહુ ડી.પી.આર. બનાવવા શહેરમાં આવેલ સ્લમ વિસ્તારનો ટોટલ સ્ટેશન સર્વે તેમજ સોશીયો ઈકોનોમિક સર્વે કરવામાં આવેલ છે અને નવા ઉમેરાયેલ વિસ્તાર માટે ટોટલ સ્ટેશન અને સોશીયો ઈકોનોમિક સર્વેની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

ચાલુ વર્ષમાં સ્લમ રીલોકેશન તેમજ સ્લમના મકાનોમાં ઈન સીટુ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન તેમજ હયાત આવાસો અપગ્રેડેશનની કામગીરી પ્રથમ તબક્કામાં ડી.પી.આર. મંજૂર થયેથી શરૂ કરવામાં આવશે. સદરહુ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો નાણાંકીય ફાળો કુલ ૭૦% મુજબ રહેશે અને બાકીના ૩૦% લાભાર્થીએ/ યુએલબીએ ભોગવવાનો રહેશે.

સદરહુ યોજના અંતર્ગત ચાલુ વર્ષે ૨૫૨.૬૬ કરોડનો ડી.પી.આર. સબમીટ કરેલ છે. જેમાં ૩૩૯૨ નવા આવાસો બનાવવા માટે રૂા.૧૪૩.૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. વધુમાં ૩૫૯૦ જૂના આવાસોને રિડેવલપમેન્ટ તથા ઈન્ફ્રાસ્ટ્રકચરલ સુવિધા પૂરી પાડવાનું આયોજન કરેલ છે.

➢ પે એન્ડ યુઝ :

જે સ્લમ વિસ્તારમાં જગ્યાના અભાવે વ્યક્તિગત શૌચાલય બનાવી શકાય તેમ ન હોય તેવી જગ્યાએ સામૂહિક શૌચાલય (પે એન્ડ યુઝ) બનાવવાની કામગીરીનું આયોજન છે. જેમાં મહિલાઓ તેમજ બાળકો પાસેથી કોઈ ચાર્જ વસુલ કરવામાં આવતો નથી. આમ, શહેરને સંપૂર્ણ ઓપન ડેફિકેશન થી મુક્ત કરી શહેરની પ્રજાને સ્વચ્છ વાતાવરણ પૂરૂ પાડવાનું આયોજન છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂા.૬૬.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

➢ વ્યક્તિગત શૌચાલય :

શહેરને ઓપન ડેફિકેશનથી સંપૂર્ણ રીતે મુક્ત કરવાના આયોજન પૈકી નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં જી.એમ.એફ.બી. (ગુજરાત સરકાર) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી વિના મૂલ્યે વ્યક્તિગત શૌચાલય બનાવી આપવામાં આવે છે આ અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ ૩૮૪૦૦ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે.

જ્યારે આગામી વર્ષમાં આશરે ૧૨૦૦૦ જેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવાના છે. જેમાં લાભાર્થીને કોઈપણ પ્રકારનો ફાળો આપવાનો ન થાય તે માટે રાજ્ય સરકારશ્રીની સ્કીમ મુજબ લાભાર્થીનો ફાળો મ્યુનિસિપલ કોર્પોરેશન ભોગવશે અને વ્યક્તિગત શૌચાલય વિના મૂલ્યે બનાવી આપશે જે માટે રૂા.૪.૬૮ કરોડનું બજેટ પ્રોવિઝન વર્ષ ૨૦૧૩-૧૪ માં કરવામાં આવેલ છે.

થડા (ઓટલા) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જમાલપુર એ.પી.એમ.સી. માર્કેટની બહારના રોડ પર શાકભાજી વેચનાર ફેરિયાઓને કારણે રોડ ઉપર થતા દબાણ તેમજ ગંદકીના નિકાલ અર્થે એ.પી.એમ.સી. માર્કેટની સામે આવેલ સ્વ. અશોકભાઈ ભટ્ટ ફલાય ઓવર બ્રીજની નીચેના ભાગે ૧.૫ ફુટ ઉંચા થડા (ઓટલા) બનાવી ત્યાં શાકભાજી વેચનાર ફેરિયા બેસી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. જે થવાથી હાલમાં રોડ ઉપર થતું દબાણ તેમજ ગંદકી દુર કરી શકાશે. જે અંગે સને ૨૦૧૩-૧૪ માં રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

આંગણવાડી :



શહેરમાં જુદા જુદા ઝોનમાં જુદી જુદી ૫૦ જગ્યાઓએ નાના બાળકો માટે રાજય સરકારની યોજના અન્વયે આંગણવાડી બનાવવાની થાય છે અને તે માટે રાજય સરકાર દ્વારા નિશ્ચિત થયેલ ડિઝાઈનની આંગણવાડીના મકાન રૂા.૨.૬૪ કરોડના ખર્ચે પ્રિ-કાસ્ટ આર.સી.સી. પ્રકારનું બાંધકામ કરી બનાવવા સેન્ટ્રલાઈઝડ ટેન્ડર હાઉસીગ પ્રોજેકટ મારફતે મંગાવી મંજુર કરાવેલ છે અને દરેક ઝોન દ્વારા કામગીરી કરવામાં આવનાર છે. સને ૨૦૧૩-૧૪ માં રૂા.૫.૧૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ઉમ્મીદ તાલિમ કાર્યક્રમ (યુવા કૌશલ્ય કેન્દ્રો) :

રાજય સરકારશ્રીએ શહેરી ગરીબોના આર્થિક ઉત્થાન તેમજ તેઓનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે શહેરી ગરીબી સમૃધ્ધિ યોજના અંતગર્ત "ઉમ્મીદ" તાલીમ રોજગાર કાર્યક્રમ હેઠળ શહેરી ગરીબ કુટુંબોના યુવાનો કે જેઓ કોઈપણ કારણસર અભ્યાસ પૂરો કરી શકેલ નથી. તેવા યુવાન યુવક / યુવતીઓને તુર્ત જ રોજગાર ઉપલબ્ધ થાય તેવા પ્રકારના જુદા જુદા તાલીમવર્ગો ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ હાથ ધરેલ છે. જે અનુસંધાને અમદાવાદ મ્યુ.કોર્પોરેશન વિસ્તારનાં જુદા જુદા વોર્ડ વિસ્તારમાં સ્થાનિક શહેરી ગરીબ કુટુંબના યુવાનોને આ પ્રકારની તાલીમ રાજય સરકાર ધ્વારા નક્કી થયેલ ધોરણો મુજબ ૪ સંસ્થા મારફત હાથ ધરવામાં આવે છે.

સદરહુ યોજના અંતર્ગત ઓગષ્ટ-૨૦૧૦ સુધીમાં આ કાર્યક્રમ હેઠળ કુલ ૧૮૮૮૮ તાલીમાર્થીઓ એનરોલ્ડ થયેલ તે પૈકી ૧૫૯૬૩ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ અને તે પૈકી ૧૨૫૨૮ તાલીમાર્થીઓનું પ્લેસમેન્ટ થયેલ છે. વર્ષ ૨૦૧૦ થી ઉપરોકત યોજનાનું વિકેન્દ્રિકરણ થતાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં જીયુડીએમ

ધ્વારા પેનલ થયેલ ૬ સંસ્થાઓ મારફત નવેમ્બર-૨૦૧૦થી જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન ઉમ્મીદ તાલીમ કાર્યક્રમ હેઠળ ૬૫૮૦ તાલીમાર્થીઓ એનરોલ્ડ થયેલ તે પૈકી ૬૩૬૯ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ અને ૪૬૫૩ તાલીમાર્થીઓનુ પ્લેસમેન્ટ થયેલ છે.

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ડિસેમ્બર-૧૨ સુધી સદર યોજના હેઠળ ૨૦૨૨ તાલીમાર્થીઓ એનરોલ્ડ થયેલ છે તે પૈકી ૧૫૯૪ તાલીમાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ છે. ૨૦૧૨-૧૩માં આ યોજના હેઠળ ૧૧૦૦૦ તાલીમાર્થીઓને એનરોલ્ડ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી ૧૦ પસંદ થયેલ સંસ્થાઓ મારફત નવા ૨૧ ઉમ્મીદ તાલીમ (યુવા કૌશલ્ય) કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે.

સફાઈ કામદારો માટે આવાસ યોજના :

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સહાય સાથે સફાઇ કામદારો માટે શહેરમાં જુદી-જુદી જગાએ સફાઈ કામદારો માટે ૩૬.૫૦ ચો.મી.ના બીલ્ટઅપ એરીયાના ૧૯૮૪ આવાસ બનાવવા આયોજન થયેલ છે. જે પૈકી ૧૬૯૬ આવાસ તૈયાર કરી લાભાર્થીઓને ફાળવણીનો ડ્રો કરવામાં આવેલ છે. જયારે ૨૮૮ આવાસ બનાવવાના કામ માટે અગાઉ ફાળવેલ પ્લોટ-જમીન માટે વિવાદ ઊભા થવાને કારણે અન્ય પ્લોટ-જમીન હાલમાં ફાળવવામાં આવતા નવા પ્લોટ-જમીન ઉપર કોન્ટ્રાકટર દ્વારા કામ ચાલુ કરી દેવામાં આવેલ છે. જે અંગે સને ૨૦૧૩-૧૪ માં રૂા.૬.૭૭ કરોડની બજેટ ફાળવણી કરવામાં આવેલ છે.

સમાપના

સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્ર અંતર્ગત હાથ ધરવામાં આવેલ તેમજ સને ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ વિકાસ કાર્યોની યોજનાઓ ઝડપી અમલીકરણ દ્વારા સમય મર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ કરી જાહેર સુખાકારીમાં અને અમદાવાદ શહેરની બ્રાન્ડ ઈમેજમાં વધારો કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અધિકારી અને કર્મચારી ગણ કટિબદ્ધ છે. તે બાબતની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

સુદૃઢ, સુનિયોજીત, સંકલિત અને સાતત્યપૂર્ણ માળખાગત સુવિધાઓના કારણે આપણા શહેરની સરખામણી માત્ર દેશના જ નહિ પરંતુ વિદેશના શહેરો સાથે પણ થવા લાગી છે જે ગર્વની બાબત છે. આગામી વર્ષમાં પ્રાથમિકતા તથા નાણાંકિય આયોજનને અનુલક્ષીને વિકાસના કાર્યો શરૂ કરવામાં આવશે. જેમાં સફાઈ, પાણી, ગટર, રસ્તા, બ્રીજ, જાહેર આરોગ્ય, જાહેર પરિવહન સેવા, શહેરી ગરીબો માટે માળખાગત સુવિધાના કામો તેમજ સાંસ્કૃતિક વારસાની જાળવણીને પ્રાધાન્ય આપી સમગ્રપણે નાગરિક સેવાઓનું સ્તર મેગાસીટીના સ્તર મુજબનુ થાય અને તેની કાળજી લેવામાં આવશે.

બી.આર.ટી.એસ., કાંકરિયા લેક ફ્રન્ટ તથા સાબરમતી રીવર ફ્રન્ટ દ્વારા સમગ્ર ભારતનું તથા સમગ્ર વિશ્વના દેશોનું ધ્યાન આકર્ષાયુ છે તથા આવા કારણોસર ભારતના તથા વિશ્વના મોટા ઔદ્યોગિક ગૃહો, નાણાંકીય સંસ્થાઓ વગેરેને અમદાવાદની સાથે કદમ મિલાવવાની હોંશ છે. એ નિર્વિવાદ વાત છે કે અમદાવાદ શહેરનો સર્વાંગી વિકાસ થઈ રહેલ છે. ગુજરાતમા આવી રહેલ મૂડીરોકાણથી અમદાવાદ શહેરની આગવી ઓળખ વૈશ્વિક સ્તરે ઉભી થયેલ છે. જેની જાળવણી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ કર્મચારીગણની પ્રતિબદ્ધતા બાબતની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, અખબારો તથા મિડીયાના મિત્રો તેમજ અધિકારી-કર્મચારીગણ દ્વારા અત્યાર સુધી મહાનગર સેવા સદનના સંચાલનમાં જે સાથ અને સહકાર મળેલ છે તેને હું બિરદાવું છું અને ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું.

શહેર માટે જરૂરી માળખાગત સુવિધાઓના વિકાસ તથા વિસ્તાર માટેના નાણાંકીય આયોજનના ભાગરૂપે અંદાજપત્રમાં સૂચવેલ દરખાસ્તો મંજૂર કરી શહેરના ઝડપી વિકાસ અને માળખાગત સુવિધાઓના સુદૃઢીકરણમાં આપ સૌ સહભાગી થશો તેવી અપેક્ષા સહ....

ડો.ગુરૂપ્રસાદ મહાપાત્ર
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

તા.૨૧-૦૧-૨૦૧૩

પરિશિષ્ટ - ૧

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ ૨૦૧૩-૧૪ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે તેમજ તે અન્વયે નકકી કરેલ નિયમો ધ્યાને લેતા મિલકતવેરો નીચે મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ઉઘરાવવામાં આવશે.

મિલકતવેરા = સામાન્યવેરો + વોટરટેકસ + કોન્ઝરવન્સી ટેકસ

જેમાં સામાન્ય વેરો = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪) પ્રમાણે લેવામાં આવશે.

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

વર્ષ ૨૦૦૧-૦૨ થી કારપેટ એરીયા પદ્ધતિ આધારીત ટેક્ષ વસુલ કરવામાં આવે છે જેમાં રહેણાંક માટે વાર્ષિક વેરાનો દર રૂા.૧૦ પ્રતિ ચો.મી. તથા બીન રહેણાંકની મિલકતો માટે રૂા.૨૨ પ્રતિ ચો.મી. નક્કી કરવામાં આવેલ છે. સદર વાર્ષિક દરમાં છેલ્લા ૧૨ વર્ષમાં કોઈપણ વધારો કરવામાં આવેલ નથી. આ સમય દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનના રેવન્યુ અને કેપિટલ કામોમાં અસાધારણ વધારો થયેલ છે. ૨૦૦૧ ના વર્ષથી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય આવકનો સ્ત્રોત મિલકત વેરો તથા ઓક્ટ્રોયની આવક હતી ત્યારબાદ તા.૧૫/૧૧/૨૦૦૭ થી ઓક્ટ્રોય નાબુદ કરવામાં આવેલ છે. હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રોપર્ટી ટેક્ષ આવકનો મુખ્ય સ્ત્રોત છે. કોર્પોરેશનના વિકાસના કામો, મરામત અને નિભાવ માટે મિલકત વેરાના દરમાં વધારો કરવો જરૂરી છે.

